# સંતબાલજી શ્રુત સેવા દર્શન

- ગુણવંત બરવાળિયા























## જ્ઞાનધારા-૨૧

# સંતબાલજી શ્રુત સેવા દર્શન


સંપાદન :

ગુણવંત બરવાળિયા



પ્રકાશક :

પ્રમુખ : મગનલાલ હરિલાલ દોશી

વિશ્વવાત્સલ્ય અને સંતબાલજી એવોર્ડ ફાઉન્ડેશન

ભાલનળ કાંઠા પ્રાયોગિક સંઘ - સંતબાલ આશ્રમ-ગુંદી

તા. ધોળકા, જિલ્લો-અમદાવાદ

**Santbalji Shrut Seva Darshan**
**Gyandhara-21**

**Editied by - Gunvant Barvalia**
**25/03/2020**

**સંતબાલજી શ્રુત સેવા દર્શન**

સંપાદન : ગુણવંત બરવાળિયા

મૂલ્ય રૂા. ૨૦૦/-

માર્ચ - ૨૦૨૦

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

*વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવૉર્ડ ફાઉન્ડેશન*

C/o. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ

માતૃસમાજ, કામાલેન, કીરોલ, ઘાટકોપર (વેસ્ટ)

મુંબઇ-૪૦૦૦૮૬

ફોન : ૦૨૨-૨૫૧૩૫૪૪૪

વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન
Adm. Office C/o. Chandravadan Shah
9/C, Medicare Building, Near M. J. Libarary
Ashram Road, Elisbridge, Ahmedabad-380006

S. K. P. G. Jain Centre - Arham Spiritual Centre,
Ghatkopar Mumbai
**Email : gunvant.barvalia@gmail.com**
Mo. 9820215542, 022-25000900

મુદ્રણ વ્યવસ્થા : **નીતિન બદાણી**

અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ - ઘાટકોપર (મો. ૯૨૨૩૪૩૦૪૧૫)

# સંપાદકીય

વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવૉર્ડ ફાઉન્ડેશનના વિવિધ ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ સંતબાલજીના સાહિત્ય અને પૂજ્યશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ સંસ્થાઓની જનહિત, ધર્મ, અધ્યાત્મ અને લોકકલ્યાણની સાત્વિક પ્રવૃત્તિઓનો પ્રચાર-પ્રસાર કરવો. આ ઉદ્દેશ્ય અંતર્ગત ૨૪ અને ૨૫ માર્ચ, ૨૦૨૦ના (ગુડી પડવા) મુનિશ્રીના ૩૮મા સ્વર્ગારોહણ સમારોહ નિમિત્તે મુનિશ્રીની કર્મભૂમિ મહાવીરનગર ચીંચણીમાં **''સંતબાલજી શ્રુત સેવાદર્શન''** નામે જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં અલગ અલગ ક્ષેત્રના વિદ્વાનોએ મુનિશ્રીનાં વિવિધ સાહિત્ય સર્જન પર તે સાહિત્યનો સ્વાધ્યાય કરી નિબંધો-શોધપત્રો તૈયાર કર્યા. પ્રસ્તુત શોધપત્રોને ગ્રંથસ્થ કરી **''સંતબાલજી શ્રુત સેવાદર્શન''**ના નામે પ્રકાશિત કરતાં આનંદ થાય છે.

વિદ્વાનોની શોધપત્રોની પ્રસ્તુતિ ઉપરાંત આ કાર્યક્રમમાં મુનિશ્રીની પ્રેરણાથી તેમની વિચારધારા પ્રમાણે ચાલતી સંસ્થાઓનો પરિચય પણ કરાવવામાં આવ્યો.

આ કાર્યમાં શ્રી મગનભાઈ દોશી, શ્રી રામજીભાઈ ગાલા, શ્રી ચંદ્રવદન અંબુભાઈ શાહ અને શ્રી ગંગારામભાઈ ઓઝાએ ખૂબ રસ લીધો હતો.

જ્ઞાનસત્રમાં પ્રમુખસ્થાને પધારવા બદલ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો આભાર.

સંચાલન માટે ડૉ. અભય દોશી અને ડૉ. સેજલબહેન શાહનો આભાર માનું છું.

શોધપત્રો-નિબંધો પાઠવનાર દરેક વિદ્વાન મિત્રોનો આભાર.

સમગ્ર જ્ઞાનસત્રની વ્યવસ્થાની જવાબદારી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિલ ઍન્ડ લીટરરી રીસર્ચ સેંટર દ્વારા સંભાળવા માટે સર્વશ્રી યોગેશભાઈ બાવીશી, ખીમજીભાઈ છાડવા, અનિલભાઈ પારેખ, પ્રકાશભાઈ શાહ અને ચંદ્રકાંતભાઈ લાઠિયાનો આભાર માનું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પ્રરુપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં.

માર્ચ, ૨૦૨૦

gunvant.barvalia@gmail.com — **ગુણવંત બરવાળિયા**

M : 9820215542

## અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | વિષય | લેખક | પૃ. |
|---|---|---|---|
| ૧. | ઉમદા ગુણોનો ભંડાર : મુનિશ્રી સંતબાલજી | - ડૉ. પૂ. નિરંજનમુનિ મ.સા. | ૭ |
| ૨. | યુગસર્જક : મુનિશ્રી સંતબાલજી | - રાષ્ટ્રસંત પરમગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. | ૧૧ |
| ૩. | આગમ એક અદ્‌ભુત જીવનકલા | - પૂ. ડૉ. તરુલતાજી સ્વામી | ૧૪ |
| ૪. | જૈન આગમ ગ્રંથો પરત્વે મુનિશ્રી સંતબાલજીનું ચિંતન | - પૂ. સાધ્વી ઊર્મિલાજી | ૧૭ |
| ૫. | મુનિશ્રી સંતબાલજી વિવૃત્તશ્રીભગવતી સૂત્રમાં તત્ત્વજ્ઞાનની ઝલક | - પૂ. ડૉ. સાધ્વી આરતીજી | ૨૪ |
| ૬. | વિશ્વબંધુત્વનું આકાશ | - પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૮ |
| ૭. | એક સેવભાવીની અનુભવગાથા : મુનિશ્રી સંતબાલજી સાથેનાં ૨૫ વર્ષ | - ડૉ. અભય દોશી | ૩૨ |
| ૮. | સંતબાલજીની કવિતામાં સરળતા-સહજતાનો માનવીય પ્રકાશ | - ડૉ. સેજલ શાહ | ૩૮ |
| ૯. | ઉત્તરાધ્યયન સૂત્રના વિવેચનમાં સંતબાલજીનું તત્ત્વચિંતન | - ડૉ. પાર્વતીબહેન ખીરાણી | ૪૬ |
| ૧૦. | સંતબાલજીની દૃષ્ટિએ ભગવદ્‌ગીતા | - સુરેશ ગાલા | ૫૧ |
| ૧૧. | સાધુતાની પગદંડી ... વિહારયાત્રાનાં જીવંત શબ્દચિત્રો | - ડૉ. રતનબહેન છાડવા | ૬૦ |
| ૧૨. | ૐ મૈયાના આરાધક, વિશ્વવાત્સલ્યના સંદેશવાહક ક્રાંતદૃષ્ટા મુનિશ્રી સંતબાલજી | - ડૉ. મધુબહેન બરવાળિયા | ૬૫ |
| ૧૩. | મુનિશ્રી સંતબાલજીનો ભાલનળકાંઠાનો પ્રયોગ ગાંધીવિચારના અનુસંધાનમાં હતો | - જેસંગભાઈ ડાભી | ૭૫ |
| ૧૪. | 'દાર્શનિક દૃષ્ટા'નું આછેરું દર્શન | - ભરત પ્રા. ઠાકર | ૮૦ |
| ૧૫. | ધર્મઆધારિત સમાજરચના | - ગુણવંત બરવાળિયા | ૮૪ |
| ૧૬. | સિદ્ધિનાં સોપાનમાં આત્મવિકાસનું વિશિષ્ટ નિરૂપણ | - ડૉ. રશ્મિ ભેદા | ૮૮ |
| ૧૭. | સંતબાલજીએ ઉજાગર કરી દીવાદાંડી નામે લોંકાશાહ | - ખીમજીભાઈ છાડવા | ૯૭ |
| ૧૮. | જીવનબાગમાં સૌરભ પ્રસરાવતો પૂ. સંતબાલજીનો પ્રાણવાયુ-'સાધક સહચરી' | - જિતેન્દ્ર મ. કામદાર | ૧૦૧ |
| ૧૯. | પૂ. શ્રી સંતબાલજીના અભિનવ દીક્ષિત નારીરત્ન સેવાપરાયણ મૂર્તિ પૂ. શ્રી કાશીબા | - મૂળવંત ઉ. સંઘાણી | ૧૦૬ |
| ૨૦. | સંતબાલજીની પત્રસરિતામાં વ્યક્ત થતું સાંપ્રત ચિંતન | - ડૉ. ઉત્પલા મોદી | ૧૧૧ |

| ક્રમ | વિષય | લેખક | પૃ |
|---|---|---|---|
| ૨૧. | પૂ. સંતબાલજી, પત્રકારની ભૂમિકામાં | - મણિલાલ ગાલા | ૧૧૭ |
| ૨૨. | માનવતાનું મીઠું જગત : કવિવર્ય નાનચંદ્રજી મ.સા.ની વિચારસૃષ્ટિ | - ડૉ. મધુબહેન બરવાળિયા | ૧૨૧ |
| ૨૩. | ગાંધીવિચાર ક્ષેત્રે મુનિશ્રી સંતબાલજીનું પ્રદાન | - ડૉ. પાર્વતીબહેન એન. ખીરાણી | ૧૨૯ |
| ૨૪. | સંતબાલજી પત્રસુધામાં શ્રીમદ્ રાજચંદ્રજી અંગે વ્યક્ત થતું તત્ત્વચિંતન | - મીતેશભાઈ એ. શાહ | ૧૩૮ |
| ૨૫. | જૈન ધર્મના સંદર્ભે મુનિશ્રી સંતબાલજીના જીવનમાં સેવાભાવનું દર્શન | - ગુણવંત બરવાળિયા | ૧૪૩ |
| ૨૬. | સંતબાલજીની જીવનસાધના | - રમેશભાઈ દોશી | ૧૫૦ |
| ૨૭. | મુનિશ્રી સંતબાલજીની સર્વોદય ભાવના | - ડૉ. ગીતાબહેન મહેતા | ૧૬૦ |
| ૨૮. | સર્વધર્મ સમભાવથી સર્વધર્મ ઉપાસના: મુનિશ્રી સંતબાલજી, સંત વિનોબાજી અને મહાત્મા ગાંધીજી સંદર્ભે | - ડૉ. પૂર્ણિમા મહેતા | ૧૬૬ |
| ૨૯. | મુનિશ્રી સંતબાલજીનું સર્વધર્મ ચિંતન | - ડૉ. રસિકભાઈ મહેતા | ૧૭૦ |
| ૩૦. | મુનિશ્રીનું ગૃહસ્થ ધર્મચિંતન | - નયનાબહેન એન. મોદી | ૧૭૩ |
| ૩૧. | વિશ્વવાત્સલ્ય ધ્યેયે અનુબંધ વિચાર તથા કાર્યના દૃષ્ટા મુનિશ્રી સંતબાલજી | - હરજીવનભાઈ એમ. મહેતા | ૧૮૦ |
| ૩૨. | મુનિશ્રી સંતબાલજી : સાક્ષાત જૈનત્વ | - ડૉ. કાંતિભાઈ બી. શાહ | ૧૮૭ |
| ૩૩. | અનુબંધ વિચારધારા | - યોગેશભાઈ બાવીશી | ૧૯૦ |
| ૩૪. | ગાંધી વિચારના અનુસંધાનમાં સંતબાલજીના પ્રયોગ | - ડૉ. શોભનાબહેન આર શાહ | ૧૯૪ |
| ૩૫. | સંતબાલજી એક અનોખા સંત | - રમેશભાઈ ગાંધી | ૧૯૮ |
| ૩૬. | ગાંધીવિચાર ક્ષેત્રે પ્રદાન કરનાર સંત કવિવર્ય પૂ. નાનચંદ્રજી મ.સા. | - ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૨૦૦ |
| ૩૭. | મુનિશ્રી સંતબાલજી સાથેના પ્રેરક પ્રસંગ | - પ્રભાબહેન અજમેરા | ૨૦૭ |
| ૩૮. | મુનિશ્રી સંતબાલજીના સાથીઓ અને અંતેવાસીઓ | - ચંદ્રકાંત લાઠિયા | ૨૧૧ |
| ૩૯. | શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો- અહિંસક પ્રતિકાર શક્તિનું દર્શન | - ગુણવંત બરવાળિયા | ૨૨૯ |
| ૪૦. | મુનિશ્રીની વિશિષ્ટ રચનાઓ | | ૨૩૩ |
| | **મુનિશ્રી સંતબાલજી પ્રેરિત સેવા સંસ્થાઓ** | | |
| ૪૧. | વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ | - મગનલાલ હરિલાલ દોશી | ૨૩૭ |
| ૪૨. | શ્રી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ સંચાલિત મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર-ચીંચણી | - રામજીભાઈ ડાહ્યાલાલ ગાલા | ૨૪૩ |
| ૪૩. | ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ | - દાજીભાઈ ફલજીભાઈ ડાભી | ૨૪૬ |
| ૪૪. | વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવૉર્ડ ફાઉન્ડેશન | - ચંદ્રવદન અંબુભાઈ શાહ | ૨૫૦ |
| ૪૫. | ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ - રાણપુર | - ગોવિંદસંગ દાજીભાઈ ડાભી | ૨૫૫ |
| ૪૬. | મુનિશ્રીના ચાતુર્માસની નોંધ | - | ૨૫૯ |
| ૪૭. | મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી સંસ્થાઓ | - | ૨૬૧ |

# ૧ ઉમદા ગુણોનો ભંડાર : મુનિશ્રી સંતબાલજી

— પૂ. ડૉ. નિરંજનમુનિ મ.સા.

*"સમાજોને છોડી સાધનાની સફર ખેડે તેને સંત કહેવાય,*
*જૂના પાદડાંની જગ્યાએ નવા પાંદડાં લાવે તેને વસંત કહેવાય.*
*ગાદી પર નસીન થઈ સ્વ-પરનું કલ્યાણ કરાવે તે મહંત કહેવાય.*
*બહારના નહિ પરંતુ અંતરના દુશ્મનોને હણે તે અરિહંત કહેવાય"*

માનવજીવન મળ્યું. સાધના કરવા, સાધનો ભેગાં કરવાં નહિ એ અનુસાર મોરબી તાલુકામાં આવેલા 'ટોળ' નામના ગામમાં બહુરત્ના વસુંધરા સમાન એક સંસ્કારી દંપતી એવા નાગજીભાઈ તથા મોતીમાતાના પનોતા પુત્ર જેનું નામ શિવલાલ. યુવાન વયમાં કવિવર્ય ગુરુદેવ શ્રી નાનચંદ્રજીસ્વામીના સત્સંગમાં આવ્યા ને સમજાયું, રાગ અને વીરાગનો પરિચય થયો. સાધનો અને સાધનાનો વિવેક

જાગૃત થયો. અંતરની અટારીએથી અવાજ આવ્યો ને પહોંચ્યા પૂ.ગુરુદેવ પાસે. પોતાના મનની ભાવના બતાવી. પૂ. ગુરુદેવે પ્રેમપૂર્વક સાથે રાખી શિલ્પીનું કામ કર્યું, કુંભારનું કામ કર્યું, રંગારાનું કામ કર્યું, સુથારનું કામ કર્યું કે શિવલાલનું જીવન જ બદલાઈ ગયું.

મોરબીમાં પરિવર્તનની હારમાળા શરૂ થઈ. સંવત ૧૯૮૫, પોષ વદ ૮, શુક્રવાર, ૧૮૮૧/૧૯૨૯ના ભાગવતી દીક્ષા અંગીકાર કરી. પૂ. ગુરુદેવે શિવલાલમાંથી ''સૌભાગ્યચન્દ્રજી બનાવ્યા, પરંતુ પૂ. સંતબાલજીના નામે પ્રસિદ્ધ થયા. સાધનાનો પ્રારંભ થયો. સાધનાની સફરે આગળ વધ્યા અનેક ગુણો જીવનમાં પ્રાપ્ત થયા. પૂજ્યશ્રીએ જે ગુણો આત્મસાત્ કર્યા હતા તે આ પ્રમાણે છે.

૧) વિજ્ઞાનતા ૨) કરુણા પરાયણતા ૩) સેવા-પરાયણતા ૪) નિયમિતતા ૫) સમયપાલનતા.

* **વિજ્ઞાનતા :** વિજ્ઞાનતા એટલે વિશેષ જ્ઞાન. જેમ જેમ અધ્યયનમાં આગળ વધવામાં આવે તેમ તેમ વિજ્ઞાન વધતું જાય છે. જ્ઞાન વધે તો વિવેક પ્રાપ્ત થાય છે. સાર-અસારનો ખ્યાલ આવે. એ જ વિજ્ઞાન એમના જીવનમાં ઉપયોગી બન્યું. જીવનમાં વૈરાગ્યનો સંચાર થતાં રાગ ઉપર વિજય મેળવ્યો. માતાએ શિવલાલનું વેવિશાળ નક્કી કર્યું હતું એ જ કન્યા પાસે જઈને શિવલાલે દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી અને દિવાળીબહેનને વીરપસલીની સાડી ભેટ આપી અને બહેને ગોળની ગાંગડી ખવડાવી વીતરાગના પંથની શુભેચ્છા આપી.

આ છે સાચી સમજ-જ્ઞાન. જ્ઞાન આવતાં જ અંધકાર દૂર થઈ જાય છે. જ્ઞાન આવતાં નમ્રતા આવતી જાય છે. પૂજ્યશ્રીના જીવનમાં પણ એવી જ નમ્રતા રહેલી હતી. સહુ પ્રત્યે આદરભાવ રહેલો હતો. ઊંચ-નીચના ભેદભાવથી મુક્ત હતા.

નાસિકમાં અવધાની પ્રયોગ લાકો સમક્ષ કર્યા. ત્યારે સહુ દંગ થઈ ગયા. સહુ આને ચમત્કાર માનવા લાગ્યા. લોકૈષણાના વમળમાં ફસાઈ જવાનો, અહંકાર ઉત્પન્ન થવાનો લાગતાં આ પ્રયોગો બંધ કરી દીધા. બસ, આ વિજ્ઞાન છે.

* **કરુણા - પરાયણતા :** કરુણા, દયા સબળી હોવી જોઈએ. એ નબળી ન હોવી જોઈએ. દયા વાંઝણી ન હોવી જોઈએ. કોઈને દુઃખી જોઈને વાતો કરીએ, પરંતુ એને જે દુઃખ છે એનો અનુભવ થવો જોઈએ. એ ક્યારે થાય કે જ્યારે મારો આત્મા છે એવો જ એનો આત્મા છે. આ દૃષ્ટિ આવી જાય તો કરુણા

સબળી થઈ જાય, કરુણા કે દયાની વાતો કરીએ એ અલગ વાત છે અને દુઃખ અનુભવવું એ પણ અલગ વાત છે.

અમદાવાદના ડચુ નામના અંગ્રેજ કલેક્ટર અને તેમના મહેમાનો નળસરોવરનાં પક્ષીઓનો શિકાર કરવા આવ્યા હતા. બંદૂકનો અવાજ સાંભળી પૂ. સંતબાલજી કલેક્ટર પાસે પહોંચી ગયા. એને સંભળાવ્યું કે, શિકારના શોખ માટે આ નિર્દોષ પક્ષીઓની હત્યા થઈ રહી છે તે અયોગ્ય છે. મોટા અમલદાર પાસે આ વાત કરવી એ નીડરતા માગી લે છે. દલીલો ચાલી. આડેધડ ગોળીબાર કરતાં પક્ષીઓ બચી ગયાં. લોકોમાં આનંદ ફેલાયો. ચમત્કાર માનવા લાગ્યા અને મહારાજશ્રી જાદુઈશક્તિ ધરાવે છે તેવો પ્રચાર કરવા લાગ્યા. આખરે પક્ષીઓનો શિકાર કરવાની પ્રથા બંધ થઈ તેનો સહુને આનંદ થયો.

જે વ્યક્તિ કરુણાશીલ હોય એ બીજાનાં દુઃખને જોઈ શકતી નથી. આ કરુણા પરાયણતા હોય તો જ સહુમાં પોતાપણાના દર્શન થાય... મારા-તારાનો ભેદભાવ મટી જાય છે. સહુ મૈત્રીના મંડપમાં દાખલ થઈ જાય છે. એનું મિથ્યાત્વ દૂર થાય છે અને સમ્યક્ત્વનો સ્પર્શ થાય છે. તો આવી કરુણા આપણા સહુમાં પણ હોવી જોઈએ.

* **સેવા પરાયણતા :** સેવા એ આભ્યંતર તપ છે. સેવા જે પુણ્યશાળી હોય અને જ કરવાનો મોકો મળે છે. માટે **सेवाधर्मो परमगहनो योगीनामापि अगम्यः**। યોગીઓને પણ સેવા કરવાનો મોકો મળવો મુશ્કેલ છે. ''જે કરે સેવા એને મળે મેવા''. સેવા કરે એને જ મેવા મળે છે.

* વીરમગામમાં કૉલેરા ફાટી નીકળ્યો. પૂ. સંતબાલજી રોજ સવારે ઝોળીમાં રાખ ભરી ગામની શેરીએ શેરીએ અને પોળે પોળે જતા. જ્યાં ગંદકી જુએ ત્યાં રાખ કાઢીને ગંદકીને ઢાંકી દેતા હતા. આ જોઈ બીજા પણ જોડાઈ ગયા. ગંદકી દૂર થઈ ને રોગ નાબૂદ થઈ ગયો. સહુ આનંદિત થઈ ગયા, આવી હતી સેવાપરાયણતા. જેને સેવા કરવી છે એને ગમે ત્યાંથી મોકો મળી જતો હોય છે. આવા સેવાના ભેખધારી હોવાના કારણે ભાઈઓ તથા બહેનો પણ એવાં મળ્યાં કે જેઓ છેલ્લા સુધી સેવા કરતાં રહ્યાં.

***નિયમિતતા :** દરેક કાર્યમાં નિયમિતતા હોવી જોઈએ. કાર્યમાં નિયમિતતા હશે તો વચનમાં આવશે અને વચનમાં હશે તો મનમાં આવશે. નિયમિતતા આવવાથી ચલાવી લેવાની વૃત્તિ દૂર થઈ જાય છે. દરેક કાર્ય નિયમિત એટલે કે

એક સમયે થાય તો પ્રમાદ પણ દૂર થઈ જાય છે. કાર્ય કરવામાં સરળતા થઈ જાય છે.

જે વસ્તુ જ્યાંથી લીધી હોય એ વસ્તુ ત્યાં જ મૂકવી. જે સમયે જે કાર્ય કરતા હોઈએ તે સમયે ગમે તેવાં કાર્ય તે પડતાં મૂકીને પણ નિયમિતતા જાળવવી જોઈએ. વ્યાખ્યાન સમયે પાટ ઉપર બિરાજમાન થઈ જવા કોઈની પણ રાહ જોયા વગર સમય થાય ને વ્યાખ્યાન ચાલુ કરી દેતા. વ્યાખ્યાનમાં સંખ્યા નહીં પણ નિયમિતતાને માન આપતા હતા.

આવી નિયમિતતા પૂજ્યશ્રીના દરેક કાર્યમાં જોવા મળતી હતી.

* **સમયપાલનતા :** પૂ. શ્રી સંતબાલજીના ઉમદા ગુણો સહુ કોઈએ સ્વીકારવા જેવા છે.

સમયપાલનના તેઓ ચુસ્ત આગ્રહી રહ્યા હતા. સમયનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઈએ. સમય નકામો ન જવો જોઇએ. સમયને ઓળખે એ જ આત્માને ઓળકી શકે છે. સમયનું મૂલ્ય જેને સમજાય એ જ ક્ષણને ઓળખી શકે.

એક દવસ સવારની પ્રાર્થનાનો સમય થઈ ગયો. રોજ વહેલા ઊઠી, નિત્યક્રમ પતાવી બરાબર નિયત સમયે પ્રાર્થના માટે પાટ પર બેસી જતા. તે દિવસે ઊઠવામાં મોડું થયું તેથી ઊઠીને પ્રાર્થના શરૂ કરી દીધી. પ્રાર્થના બાદ પશ્ચાત્તાપ કર્યો. અજાગૃતતા માટે ખેદ વ્યક્ત કર્યો. પ્રાયશ્ચિત્ત તરીકે તે દિવસે ઉપવાસ કર્યો. આ છે એમની સમયપાલનતા.

આવા ગુણોના ધારક આજે દેહરૂપે આપણી પાસે નથી પરંતુ ગુણોથી આપણી પાસે છે.

આવા ગુણો આપણા જીવનમાં આવી જાય તો આપણું કામ થઈ જાય.

(લીમડી અજરાઅમર સંપ્રદાયના પૂ. ડૉ. નિરંજનમુનિએ ''જૈન જૈનેતરમાં તપશ્ચર્યા એક તુલનાત્મક અધ્યયન'' એ વિષય પર શોધ પ્રબંધ રચી Ph.D. મેળવી છે. પૂજશ્રીની પ્રેરણાથી 'જ્ઞાનાંજન' માસિક પ્રગટ થાય છે. ''જૈન તત્ત્વસાર'' તપશ્ચર્યા સહિત તેમણે આઠ પુસ્તકો લખ્યાં છે.

# ૨ યુગસર્જક : મુનિશ્રી સંતબાલજી

**— રાષ્ટ્રસંત પરમગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**

પૂજ્ય મુનિશ્રી સંતબાલજીએ કોઈ પણ જાતના ભેદભાવ વગર સૌને આવકાર્યા, સાંભળ્યા અને સંસ્કારનું વાવેતર કર્યું. તેવા મહાપુરુષની ધરતી પર આપણે સહુ ભેગા થયા છીએ. જે ઘરમાં, પરિવારમાં, સંસ્થામાં પ્રાર્થના થતી હોય, ત્યાં પ્રેમમય વાતાવરણ હોય છે. પ્રાર્થના માનવીના મૂલ્યો અને નૈતિકતાને બદલાવી શકે છે. પૂજ્ય સંતબાલજીને દરેક પ્રાણીમાત્ર પર પ્રેમ હતો. પ્રેમ પીડા ન જોઈ શકે, પતન ન જોઈ શકે અને તેથી તેમણે દરેકને સ્વમાનભેર જીવન, નૈતિકતા સાથે કેમ જીવી શકાય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપેલ. પોતે પૂજ્ય ગુરુદેવની વિચારધારા આગળ વધારવા કટિબદ્ધ છે. અત્યારના સાધુ-સંતો શહેર પસંદ કરે છે. પૂજ્ય સંતબાલજીએ વિશ્વશાંતિ માટે ગામડાં પસંદ કર્યાં અને તેમની આ તપોભૂમિમાં અમને આવતાં જબરદસ્ત સ્પંદનોનો અનુભવ થાય છે. લાખ પુરુષોમાં એક મહાપુરુષ જન્મ લે છે. પૂજ્ય સંતબાલજી એક એવા મહાપુરુષ હતા.

સંતબાલજી ! એમનું વ્યક્તિત્વ, એમનાં વિચારો, એમની આંતરિક ચેતનાઓ... ઘણાંએ એમને જોયા, સાંભળ્યા, પરંતુ... તેઓશ્રી જ્યારે પોતાના કોઈ વિચારને વ્યક્ત કરતા હતા ત્યારે જેમને એમના માટે પ્રેમ હતો તે અમલ કરતા હતા. જેટલા પણ અંતેવાસી બન્યા, એમણે એમના મિશનને ફેલાવવામાં, જગતવ્યાપી બનાવવામાં, સર્વવ્યાપી બનાવવામાં, સર્વ ક્ષેત્રમાંથી ઉપકારક વિચારોને પહોંચાડવામાં સહાયક બન્યા અને ગુરુદેવના યોગક્ષેત્રની પણ જવાબદારી લીધી.

સંત જ્યારે સમાજની વચ્ચે હોય ત્યારે સંતના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું, એમની કેર કરવી... એક મહાપુરુષ, એક દીપક જ્યારે જગતને પ્રકાશ આપવા માટે નીકળ્યો હોય ત્યારે એના ફરતે એક ગ્લાસ મૂકવો. જેનાથી, દીપકની જ્યોતની કેર થાય, અને આ કામ કર્યું હતું અંતેવાસીઓએ ! એ અંતેવાસીઓને જ્યારે વાંચ્યા ત્યારે થાય કે... અંતેવાસી વધારે પૂજનીય ?

સમાજનું પોતાનું કાર્ય થતું હોય એટલે સમાજ હંમેશાં ગુરુદેવની આસપાસમાં હોય પણ એમણે ગુરુની કે કરી, એમણે જો કેર ન કરી હોત તો ગુરુ ક્યારેય સમાજની કેર ન કરી શક્યા હોત !

યુગની અસર હંમેશાને માટે યુવા ઉપર હોય. પૂજ્ય સંતબાલજીનો એક મોટામાં મોટો ગુણ... એ પરિવર્તનને પચાવતા હતા. એ પરિવર્તનને ચાવતા ન હતા, ચગળતા ન હતા, પણ પચાવતા હતા. માટે જ તો એ યુગસર્જન કરી શક્યા.

અંબુભાઈ કે મણિભાઈ કેટ જેટલા પણ લોકોએ કામ કર્યું એ પ્રેમના આધારે કર્યું, વેતનના આધારે નથી કર્યું. એમને જે કંઈ પણ સેવા આપી, જે પણ ભોગ આપ્યો એ એમનો 'પ્રેમ' હતો. પ્રેમમાં શું થાય ? જ્યારે આપણા પ્રેમ - શાંતિ - કરુણા - અનુકંપા - વાત્સલ્ય - માનવતાના ભાવો હોય, જ્યારે આપણામાં પ્રેમ હોય ત્યારે આપણી આસપાસમાં એક વ્હાઈટ ઓરા હોય છે. અને... વ્હાઈટ ઓરાવાળી વ્યક્તિ કોઈ પણ ફિલ્ડમાં જાય, કોઈ પણ ક્ષેત્રમાં જાય... તો તેઓ જે વિચારે તેવું જ થવા લાગે. કહેવું ન પડે અને થવા લાગે. શુભ વ્યક્તિ જ્યારે શુભ ધારે છે ત્યારે ઓટોમેટિક શુભ્રતા ફેલાવા લાગે છે, કરવી નથી પડતી.

કોઈ પણ ક્ષેત્રમાં ક્યારેય પણ... તેનું છે તેમ માનીને જો કરશો તો કામ બગડશે. આપણું જ છે એમ માનીને કરશો તો કામ સફળ થશે. સમર્પણતા વિકાસને સાધે છે. સમર્પણતાને કારણે આપણો અહમ્ જાય છે, પરંતુ યાદ રાખવું કે...આપણા વિચાર આપણને ફીટ થઈ શકે એટલા ફ્લેક્સિબલ હોય તો વાંધો નથી. પણ જો આપણને ફીટ થાય એ જ સામેવાળાને પહેરાવવા જઈએ તો શું થાય !!!

વ્યક્તિત્વની સુધારણા એ પૂજ્ય સંતબાલજીનું આંતરિક મિશન હતું. ગુરુદેવને સમજવા માત્ર બહારની આંખા કામ નથી કરતી પણ એની માટે અંદરની આંખ જોઈએ છે.

સંતબાલજી પોતે પરમાત્માના ભાવોનું એક એવું મિશન હતા કે એની અંદરથી ઘોલન થઈને સહજ રૂપે ભાલનળકાંઠા પ્રયોગ સંઘ, રાણપુર ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ જેવી સંસ્થાઓ ઊભી થતી હતી.

પરમ ચૈતન્યની ક્ષણની દૃષ્ટિ પડે એટલે દરેક વ્યક્તિને એમ થાય કે, મારે આ જ દિશામાં જોડાઈ જવું છે. એટલે કે એમનું મિશન ચેતના સર્જવાનું હતું.

પૂજ્ય સંતબાલજીના શબ્દો એમની અંતરની શુદ્ધિમાંથી નીકળતા અને સામેવાળાના અંતર સુધી પહોંચી જતા અને સહુની વિચારશુદ્ધિ, ભાવશુદ્ધિ અને આંતરિકશુદ્ધિ કરાવનાર હતાં.

ખેડૂતનું મિશન બીજ વાવીને ફળ સુધીનું હોય છે, પણ બીજનું મિશન ફળ નહીં... નવા બીજનું હોય છે. સંતબાલજીમાંથી સંતબાલ સર્જાય તો સંતબાલજીનું જીવન સાર્થક છે. સંસ્થાઓ સર્જાય એ તો ફળ છે.

સંતબાલજીના વિરોધીઓને પણ અંદરમાંથી પ્રતીતિ હતી કે સંતબાલજીમાં જે છે તે અમારામાં નથી. જે સંતબાલજીએ આપ્યું છે એ અમે આપી શકતા નથી. જે સંતબાલજીએ પ્રગટાવ્યું છે એ અમે નથી પ્રગટાવી શક્યા. જે ચેતના સંતબાલજીએ અનુભવી છે, એ ચેતનાને અમે પણ અનુભવી શક્યા નથી. પૂ. સંતબાલજીને જેમ જેમ વાંચીએ એમ એમ રિયલાઈઝ થાય, અનુભવમાં આવે, ખ્યાલમાં આવે કે તેઓ દૃશ્યક્રિયા શક્તિઓ કરતાં પણ અદૃશ્ય ભાવે શક્તિઓના સ્વામી હતા. આવી પ્રતિભા જ યુગસર્જક બની શકે.

(રાષ્ટ્રસંત પરમગુરુદેવ પૂજ્ય શ્રી નમ્રમુનિ મ.સા.ના ચીંચણમાં ૨૦૧૧ના ચાતુર્માસ વેળાએ મુનિશ્રીના ૧૦૮મા જન્મદિવસ નિમિત્તે આપેલા પ્રવચનના અંશો.)

(રાષ્ટ્રસંત પરમગુરુદેવ નમ્રમુનિજી મ.સા. પ્રાણ પરિવારના તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા.ના શિષ્ય છે. તેમની પ્રેરણાથી દેશ-વિદેશમાં Look-N-Learn જૈન જ્ઞાનધામમાં હજારો બાળકો જૈન શિક્ષણ લઈ રહ્યા છે. અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા વિવિધલક્ષી પ્રવૃત્તિઓ થાય છે. પારસધામ, પવિત્રધામ, પરમધામ, પાવનધામ જેવા સંકુલોમાં તેમની પ્રેરણાથી ધાર્મિક, આધ્યાત્મિક, માનવસેવા અને જીવદયાની પ્રવૃત્તિઓ થાય છે. જૈન વિશ્વકોશ, આગમ મિશન, સંબોધિ સત્સંગ વગેરે પચ્ચીસ જેટલાં મિશન કાર્યરત છે). ▣

# ૩ આગમ એક અદ્ભુત જીવનકલા

— **પૂ. ડૉ. તરુલતાજી મ.સ.**

જૈન દર્શનનો પ્રાણ આત્મા છે. જૈનાગમોમાં પ્રરૂપિત વિવિધ તત્ત્વોના કેન્દ્રમાં આત્મા છે - અધ્યાત્મ છે. તેથી જ સર્વ વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યાનું સ્થાન સર્વોપરી છે, કારણ કે અધ્યાત્મવિદ્યા સિવાય અન્ય કોઈ પણ લોકવિદ્યાની પાસે શાશ્વતસુખની ગૅરંટી નથી.

લોકવિદ્યાથી જે કાંઈ પ્રાપ્ત થાય છે, તે બધું જ આત્માની પરિધિથી બહાર છે. તેથી આત્મા તેનો ઉપભોગ કરી શકે જ નહીં. તેથી જ લોકવિદ્યા પાસે આત્મશાંતિનો કોઈ ઉપાય છે જ નહિ. આત્મશાંતિ અધ્યાત્મવિદ્યાનો સર્વથા સુરક્ષિત અધિકાર છે અને એ અધ્યાત્મવિદ્યાનો પ્રારંભ થાય છે તત્ત્વજ્ઞાનથી.

આ તત્ત્વજ્ઞાન એટલે જ આગમ... જે સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર પરમાત્માના શ્રીમુખેથી પ્રસ્ફૂટિત થઈ; ગણધરો દ્વારા વિસ્તરિત થાય છે.

તીર્થંકર પરમાત્મા, પ્રથમ દેશનામાં ચૌદપૂર્વના સારરૂપ ત્રિપદી પ્રકાશે છે.

*'ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવ્વેઈ વા.'* આ રહસ્ય પુરિત ત્રણ સૂત્રો કર્ણપટ દ્વારા અંતરમાં ઊતરી, જ્ઞાનનો પારાવાર ક્ષયોપશમ થઈ, દ્વાદશાંગી રૂપ વિસ્તાર જેના માનસમાં ઉભરે છે, તેવા મહાસામર્થ્યવાન આત્માઓ ગણધરપદનું બિરુદ પામે છે, ત્યાં દ્વાદશાંગી રચાય છે, ચૌદપૂર્વોનું જ્ઞાન તેમાં સમાવિષ્ટ હોય છે. આ રીતે તીર્થંકર પરમાત્મા માનવજાતના હિતના કારણે ગૂઢ ખજાનો ખોલી આપે છે તેને 'આગમ' કહો કે 'તત્ત્વજ્ઞાન'.

તત્ત્વજ્ઞાન સર્વ સમસ્યાઓનાં સમાધાનની એક અદ્‌ભુત જીવનકળા છે, એ જ જીવનનું સર્વપ્રથમ કર્મ અને સર્વપ્રથમ ધર્મ છે. તેના વિનાનું જીવન અપાર વૈભવની વચ્ચે પણ દરિદ્ર અને અશાંત છે. કિંતુ તત્ત્વજ્ઞાનની હાજરીમાં સર્વ જગતનાં વૈભવ વિના પણ તે એકલો પરમેશ્વર છે.

તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ શક્તિ આત્માને માટે જ છે; કારણ કે તે ખરેખર આત્માની જ પરિશુદ્ધ બોધાવસ્થા છે. તે આત્માના અનંત કષ્ટોનાં કારણોનું નિદાન કરી જીવનના શાંતિ નિકેતનનું ઉદ્‌ઘાટન કરે છે.

તે કહે છે કે, 'આત્મા સદા અવિનાશી, અનંત શાંતિનિધાન, પરમ વીતરાગ, સર્વથી ભિન્ન, અનંત શક્તિપૂંજ, એક સંપૂર્ણ ચૈત્યન્ય સત્તા છે, પણ પોતે સ્વયં અનંત મહિમાવાન હોવા છતાં આત્માને પોતાના ગૌરવનો વિશ્વાસ અને બોધ નથી. માટે જ અનાદિથી તે દેહ અને દેહની આસપાસ અગણિત જડ પદાર્થોમાં પોતાની પ્રાણપ્રતિષ્ઠા કરતો રહ્યો છે !

એ કારણે જ અનંતકાળથી દુઃખોને ભોગવી રહ્યો છે. તત્ત્વજ્ઞાન આગમ એક એવી શક્તિ છે કે જે આ દુઃખોના સદંતર પરિહારનો પથ પ્રદર્શિત કરે છે. આગમ કહે છે કે, 'સુખ અને શાંતિ આત્માનું સ્વરૂપ છે. તેથી અન્ય કોઈ પદાર્થ તથા ઇન્દ્રિય ભોગોને શાંતિનું સાધન માનીને પદાર્થોની સંગ્રહ કરવાની ચેષ્ટા કરવી તે મહામૂર્ખતાપૂર્ણ અપરાધ છે. આ કારણે જ ભૌતિક ભાવોમાં ભમતો જીવ દુઃખ-પીડા તેમ જ કષ્ટ વેઠે છે.'

તત્ત્વદષ્ટા જીવને દેહ હોય છે અને દેહની આસપાસ અગણિત ઇન્દ્રિય વિષયોનું સાંનિધ્ય પણ હોય છે. એટલું જ નહીં, ક્યારેક વિષયોનું મનગમતું પરિણમન પણ થાય, પરંતુ સ્વ-પરના યથાર્થ ભેદ-વિજ્ઞાનના કારણે તે તત્ત્વદષ્ટા આ પરિસ્થિતિઓથી પ્રભાવિત થતો નથી.

તત્ત્વજ્ઞાન તત્ત્વદર્શીની પ્રયોગશાળા છે. તે આત્મા સાથે જોડાયેલ વિજાતીય

પડોનું X-RAYનાં કિરણોની જેમ ત્યાં સુધી ભેદન કરતો રહે છે કે જ્યાં સુધી તેને આનંદનિધાન ચૈતન્યનાં દર્શન ન થાય. કાયા અને કર્મની માયામાં તો તેનાં ચરણ રોકાતાં જ નથી; કારણ કે તેમાં તેને ચૈતન્યનો આભાસ પણ નથી મળતો. જડ-ચૈતન્યની અત્યંત વિભિન્નતાનું ભાન, તત્ત્વદર્શીને કાયમ હાજર હોય જ છે. તેથી આત્મા એ અનુભવમાં આળોટતો રહે છે.

જીવનમાં જેટલા સંયોગ-વિયોગ ચાલ્યા કરે છે, તેના વિષયમાં આગમ કહે છે કે, 'તે આત્માના પુરુષાર્થથી ઊભા થયેલા નથી, પરંતુ કર્મ સાપેક્ષ છે. દૃષ્ટિશૂન્ય અજ્ઞાનીએ પોતે પ્રાપ્ત કર્યા છે, એવી અસત્ માન્યતામાં રાચે છે અને તેથી જ પોતાનું સારુંયે જીવન સંયોગોની સુરક્ષામાં નષ્ટ કરે છે, પણ જે તત્ત્વજ્ઞાની છે, તે ગમે તેવા સંજોગ-વિયોગમાં સમરસ જીવન જીવે છે.'

તત્ત્વજ્ઞાન કષાયનાં શિખરો પર ઉલ્કાની જેમ પડે છે, જેના કારણે વ્યક્તિનાં પાપાચરણોની પરતોનો ધ્વંશ થઈ જાય છે. આજ સુધી ભયંકર પાપો દ્વારા આત્મા પર કર્મોના ગંજ ખડકાયા હતા, તે સાફ થઈ જાય છે અને વ્યક્તિ તત્ત્વજ્ઞાન દ્વારા આત્મવિશુદ્ધિની સ્થાયી સંપત્તિનો સ્વામી બને છે.

આ રીતે આગમ કહો કે તત્ત્વજ્ઞાન કહો તે ચરમ પતનથી ચરમ ઉત્કર્ષ સુધી લઈ જવા માટેનો પ્રશસ્ત માર્ગ છે. મુનિશ્રી સંતબાલજીના ગ્રંથ 'ભગવતી સૂત્ર'નો સ્વાધ્યાય સર્વ માટે કલ્યાણકારી બની રહેશે.

જૈન કુળમાં જન્મ મળવાના કારણે આપણને સહજતા અને સરળતાથી પ્રાપ્ત થયેલા આ આગમોનાં ઊંડાં મર્મોને સમજી પ્રયોગમાં ઉતારીએ. આત્માથી આત્માનો અનુભવ કરીએ...!!!

(અધ્યાત્મયોગિની પૂ. બાપજીના સુશિષ્યા વિદુષી પૂ. તરુલતાજીએ શ્રીમદ્ રાજચંદ્રજી આનંદઘનજી અને બનારસીદાસના જીવન અને સાહિત્ય પર મહાનિબંધ લખીને Ph.D. પ્રાપ્ત કરી છે. તેમના છ ગ્રંથો પ્રગટ થયા છે, જેમાં ''હું આત્મા છું'' બહુ જ લોકપ્રિય ગ્રંથ છે. ચીંચણીના ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ મુનિશ્રી સંતબાલજીના અપ્રગટ સાહિત્યનું સંશોધન પ્રકાશન કરવામાં ઘણો જ રસ લીધો હતો.)

# ૪ જૈન આગમ ગ્રંથો પરત્વે મુનિશ્રી સંતબાલજીનું ચિંતન

— પૂ. સાધ્વી ઉર્મિલાજી

વિરાટ વિશ્વના પ્રાંગણમાં ભારતીય આર્યસંસ્કૃતિ વિધવિધ ધર્મરંગોથી સજાવેલી રંગોળી છે ... આગમો, વેદો, પુરાણો, ધર્મગ્રંથો એ એમની અનોખી સજાવટ છે. તે સજાવટને માણનારા જીવો, આત્મશાંતિ, આત્માનંદ, આત્મવૈભવને પામી શકે, તેમાં તદાકાર બની સાચી આત્માનુભૂતિ કરી શકે.

પુરાણોની પૌરાણિકતા, આગમોની આગમિકતા, વેદોની વૈદિકતા, ધર્મશાસ્ત્રોની ધાર્મિકતા, ધર્મગ્રંથોની પવિત્રતાને નિહાળવા આંતર્દષ્ટિ જોઈએ, જાણવા જ્ઞાન જોઈએ, અનુભૂતિ કરવા તન્મયતા જોઈએ, કારણ કે વેદો, પુરાણો, આગમો, ધર્મશાસ્ત્રો કે ધર્મગ્રંથોના પ્રેરક, પ્રરૂપક, સ્વયં પામેલા મહત્પુરુષો હોય છે, જેઓ

એ માત્ર શબ્દોના જ સાથિયા નથી પૂર્યા, પરંતુ સાધના, આરાધના, ઉપાસના, પર્યુપાસના દ્વારા સ્વયં કષ્ટ વેઠી, કર્મક્ષય કરી પવિત્રતાને પામી અનુભૂતિના સ્તરે પહોંચ્યા. અનુભવની એરણ પર કસીને સત્ય, તથ્ય પામ્યા. આવા પરમાર્થી સંતો, મહંતો, ભગવંતો માત્ર સ્વકેન્દ્રિત હોતા નથી. ''મારું'' જ નહિ, સૌનું કલ્યાણ થાય એવા ભાવથી પરમાર્થ માટે જીવન ધરતા હોય છે. ''થોર પુરુષ જગસંપદા''. એમાં પણ આગલા ત્રીજા ભવથી ''સવિ જીવ કરું શાસનરસી'' આવા ભાવનું રસાયણ ઘૂંટતા ઘૂંટતા તીર્થંકરત્વને વરેલા તીર્થંકરોની આત્મસંપદા, જ્ઞાનાનુભૂતિનો ખજાનો તે ''આગમ''. દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવની તુલા પર તોળી તોળીને બોલાયેલી જિનવાણી તે ''આગમ''.

તે આગમો સાંગોપાંગ જાણવા, સમજવા, આત્મગમત કરવા, બુદ્ધિના સ્તરે જીવનારા છદ્મસ્થોની હેસિયત છે જ નહીં.

શ્રીમદ્ રાજચંદ્રજી જેવા પામેલા મહાપુરુષ કહી ગયા છે કે,

*''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો*
*તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો*

પરમાત્માએ કેવળ-જ્ઞાન દ્વારા જે જાણ્યું તેનો અનંતમો ભાગ વાણીરૂપે કહી શક્યા. તે આગમોના શબ્દો, ભાવો સમજવા કઠિન જ નહીં, કઠિનતમ છતાં વિશ્વની કેટલીક વિરલવિભૂતિઓ આગમના અતલ ઊંડાણ સુધી પહોંચવા પુરુષાર્થશીલ હોય છે. મરજીવા બની આગમમોતી પામતા હોય છે.

''**बहुरत्ना वसुंधरा**'' આ પૃથ્વી પર એવા મહાન સંતો, સાધકો, આગમના ઉપાસકો રૂપી રત્નો ઘણાં પાક્યા છે. ખોજીદષ્ટિના ધારક, મહાપુરુષો આગમવાણીને માત્ર સમજવાના સ્તર પર જ નહિ, પણ તેનું તાત્પર્ય શું છે? તે સમજવા પણ આત્મમંથન કરતા હોય છે. આગમમાં કઈ વાત, કયા સ્થાને, કયા સમયે, કેવા ભાવથી કહ્યું તે પણ જાણવાની કોશિષ કરતા હોય છે.

એવા ક્રાંતિકારી સંત, જનજનના માનસમાં છવાયેલા શ્રી સંતબાલજી ! કવિવર્ય નાનચંદ્રજી મ.સા.ના શિષ્ય ! જેઓએ જીવત્વને શિવત્વમાં કન્વર્ટ કરવા જન્મથી જ શિવલાલ નામ ધારણ કર્યું. ભાગ્યને ખીલવવા સૌભાગ્યમુનિ બન્યા. તેઓ માત્ર સાધુ નહિ, ખરા અર્થમાં ''સંત'' બન્યા.

*હે... નથી મફતમાં મળતા રે, એના મૂલ ચૂકવવા પડતા રે*
*સાધુને સંતપણા રે, જગમાં નથી મફતમાં મળતા ... (૨)*

માનવતાના મસીહા, ગાંધીવિચારધારાના હિમાયતી, ભગવદ્ ગીતાના ભવ્ય ભાવો અને આગમોનો સમન્વય સાધનારા, યુગદૃષ્ટા, ક્રાંતિકારી સંત શ્રી સંતબાલજીએ તીર્થંકર પ્રરૂપિત આગમોનો તલસ્પર્શી અભ્યાસ કરી, આગમના અર્થ, ભાવાર્થ, ગૂઢાર્થ સમજી જનસમાજની ધર્મવિષયક માન્યતાઓમાં પરિવર્તન લાવી, ધર્મના મર્મ સમજાવવા ધરખમ પુરુષાર્થ કર્યો. પરિણામ સ્વરૂપે આપણા સામે મૌજુદ છે ૩૨ આગમો માંહેલા ત્રણ આગમો ... એ ત્રણ આગમોની પસંદગી પણ કવી છે? જુઓ ! ભગવાન મહાવીરની પ્રારંભિક પ્રરૂપણા શ્રી આચારાંગ સૂત્ર અને ઉત્તરાધ્યયન એ બે આગમ વચ્ચે મહાસાગર સમાન લહેરાતું ભગવતી સૂત્ર. આ ત્રણ આગમ વિષયક શ્રી સંતબાલજીનું ચિંતન આત્માર્થના સાધક માટે દીવાદાંડી સમાન છે અને લોકકલ્યાણ, સમાજ સુધારણા, સર્વધર્મ સમાનતા માટે ખૂબ ઉપયોગી છે.

## (૧) શ્રી આચારાંગ સૂત્ર

આચાર=આચરણ ... વર્તન ... બિહેવીયર.

વિચાર, ઉચ્ચાર અને આચાર આ ત્રણમાં મહત્વભર્યું સ્થાન આચારને જ આપી શકાય. ''**आचारः प्रथमो धर्मः**'' પ્રથમ અને મુખ્ય ધર્મ આચાર જ છે. આગમોક્ત અનુષ્ઠાનો યા વિધાનો યથાર્થ સમજ્યા વિના, ક્રિયાને જ પ્રાધાન્ય આપનાર ક્રિયાચુસ્ત સમાજને શ્રી સંતબાલજીએ ધર્મની વાસ્તવિકતા અને યથાર્થતા સમજાવીને સન્માર્ગે લાવવાનો પ્રયાસ કર્યો.

શ્રી આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ છે. તેમાં પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયનો છે. તેમાંનું * **પ્રથમ અધ્યયન :** ''શસ્ત્ર પરીજ્ઞા'' - શસ્ત્ર = હિંસા અને પરીજ્ઞા = જાણવું. હિંસા શું ? તેની વાસ્તવિકતા જાણવી. સત્ય જણાય તો વિવેક જાગે. ''**पढमं नाणं तओ दया**''= પ્રથમ જ્ઞાન પછી દયા. શ્રી દશવૈકાલિક સૂત્રના સૂચનાનુસાર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ જીવોનું સ્વરૂપ, ઓળખ કરાવી તેની દયા (અહિંસા)નું આ અધ્યયનમાં કથન છે.

* **બીજું અધ્યયન ''લોક વિજય''** લોક = લૌકિક સંર્વસંબંધો, વિજય = તેના પ્રત્યે થતા રાગદ્વેષને જીતવા. આપણા જિનેશ્વરો ''**रागद्वेष विजेतारम्**'' છે. રાગદ્વેષ પર વિજય મેળવવા એ જિન ધર્મનું હાર્દ છે. ઋણાનુબંધ કે વેરાણુબંધથી જે વ્યક્તિ સાથે સંબંધ હોય કે પુણ્ય-પાપના ઉદયે વસ્તુનો યોગ થતો હોય તે સર્વ પ્રતિ ગમો કે અણગમો કર્યા વિના સંગ છતાં અસંગ દશા કેળવવી.

* **ત્રીજું અધ્યયન ''શીતોષ્ણીય''** - શીત અને ઉષ્ણ વિરોધી છે. આખું

વિશ્વ દ્વન્દ્વયુક્ત છે. સુખ-દુઃખ, જન્મ-મરણ, લાભ-અલાભ, સંયોગ-વિયોગ આ દ્વન્દ્વ સૂચવે છે કે આજે જે સુખ લાગે છે... ક્યારેક એ જ દુઃખમાં પરિણમી જાય ... માટે સર્વ સ્થિતિમાં અનાસક્તિ કેળવો.

* **ચોથું અધ્યયન : ''સમ્યક્ત્વ''** – સવળી દૃષ્ટિ તે સમ્યક્ત્વ, સમભાવ તે સમ્યક્ત્વ, સચ્ચાઈ તે સમ્યક્ત્વ. અહિંસા વિના સમ્યક્ત્વ સંભવી જ ન શકે. ''**आत्मवत् सर्वभूतेषु**'' આ ભાવના સંયમ ... તપને પ્રગટાવે. સંયમ અર્થાત્ આવશ્યકતાઓ ઘટાડવી તે તપનું પ્રાગ્સ્વરૂપ છે.

* **પાંચમું અધ્યયન : ''લોકસાર''** – આખા લોકમાં સારભૂત ધર્મ જ છે. ધર્મનો સાર જ્ઞાન, જ્ઞાનનો સાર સંયમ, સંયમનો સાર નિર્વાણ અને નિર્વાણનો સાર આનંદ છે. માટે સદાકાળ આનંદમાં રહેવું.

* **છઠ્ઠું અધ્યયન : ''ધૂત''** – ધોઈ નાખવું, મલિનતાને ખંખેરી નાખવી. વિષયો, કષાયો, માન્યતાઓ, પૂર્વગ્રહો, હઠાગ્રહોને ખંખેરી નાખો.

* **''મહાપરીજ્ઞા''** નામ ૭મું અધ્યયન ઉપલબ્ધ નથી.

* આઠમું - ''**विमोअ**'' = ત્યાગ - છોડવું. ૧. બાહ્ય વસ્તુ ત્યાગ ૨. કુસંગ ત્યાગ ૩. પ્રલોભન ત્યાગ ૪. રસાસ્વાદ ત્યાગ, ૫. આત્માધિત્યાગ.

* **નવમું અધ્યયન** – ઉપધાન = તપશ્ચર્યા. ભગવાન મહાવીરે સાધનાકાળમાં ૧૨ાા વર્ષ અને એક પખવાડિયામાં માત્ર ૩૪૯ પારણા કર્યા. ભગવાન મહાવીરનો અનાર્ય દેશનો વિહાર ઉપસર્ગો વખતે ભગવાન મહાવીરની સમતા. જંગલી કૂતરાઓ ભગવાન તરફ છોડવામાં આવતા વિહારના સ્થાનો : પાણીની પરબો, લુહારની કોઠ, સ્મશાન, શૂન્યઘર વિ... ''**शठं प्रति सख्यम्**''નો નિયમ ભગવાને આપનાવ્યો.

ઉપરોક્ત આચારાંગ સૂત્રનો ભગવદ્ ગીતા સાથે સમન્વય પણ સંતબાલજીએ કર્યો છે.

## (૨) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

**ઉત્તરાધ્યયન :** ઉત્તર = પાછળનું - છેલ્લી દેશનામાં શ્રી દુઃખવિપાકના ૫૫ અધ્યયનો અને શ્રી સુખવિપાકનાં ૫૫ અધ્યયનો ફરમાવ્યા બાદ લાસ્ટમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનો ફરમાવ્યા.

ઉત્તર = ઉત્તમ - શ્રેષ્ઠ અધ્યયનો. ચતુર્વિધ શ્રી સંઘને અંતિમ દેશનામાં છેલ્લી શિખામણના રૂપમાં આ શ્રેષ્ઠ અધ્યયનો કહ્યા –

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ચારેય અનુયોગોથી નિરૂપણ છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર એવો જાજરમાન, વૈભવયુક્ત આગમ મહેલ છે - તેમાં પ્રવેશ પામવા ચાર અનુયોગના ચાર દરવાજા છે - અ ચાર દરવાજાએથી પ્રવેશ પામનાર કયા કયા અધ્યયનો છે - અર્થાત્ ૩૬ અધ્યયનોનું ચાર અનુયોગમાં વિભાજન પ્રાયઃ આ રીતે થઈ શકે.

(૧) **દ્રવ્યાનુયોગ** દરવાજેથી પ્રવેશ પામનાર : (૧) ચાર અંગની દુર્લભતાને સમજનારા, ૪ જીવનની ક્ષણભંગુરતાને સ્વીકારનારા, ૫ અકામ નહીં, સકામમરણ માટે તત્પર, ૬ અશરણભાવના યુક્ત, ૭ ભોગના ત્યાગી, ૧૦ ક્ષણમાત્રનો પ્રમાદ ન કરનારા, સ્વ-પરના સત્ય સ્વરૂપને સમજનારા, ૨૮ મોક્ષમાર્ગના જ્ઞાતા, ૨૯ સમ્યક્ પરાક્રમ ફોરવનારા, ૧૧-બુહશ્રુત આત્માઓ.

(૨) **ગણિતાનુયોગ**ના દરવાજેથી પ્રવેશ પામનારા - ૩૨ પ્રમાદસ્થાનોના ત્યાગી, ૩૩ કર્મસિદ્ધાન્તને સમજનારા, ૩૪ અશુભ લેશ્યા છોડી શુભ લેશ્યામાં ઝુલનારા, ૩૬ જીવતત્ત્વ, અજીવતત્ત્વને જાણી ભેદજ્ઞાન કરનારા -- તદુપરાંત જે જે અધ્યયનોમાં સંખ્યાની ગણતરી છે તે સર્વ ગણિતાનુયોગ --

(૩) **ધર્મકથાનુયોગ**ના દરવાજેથી પ્રવેશ પામનારા :- ૮-કપિલની જેમ લોભત્યાગી, ૯-નમિરાજર્ષિની જેમ સર્વ સંગાત્યાગી, ૧૨ હરિકેશી જેવું તપ કરનારા, ૧૩-ચિત્તસંભૂતિ જેવા ૧૪-ઇક્ષુકારરાજા વિ. છ જીવો જેવા, ૧૮ સંયતિરાજાની જેમ ગૃહત્યાગી, ૧૯-મૃગાપુત્ર જેવા દઢવૈરાગી, ૨૦-નિર્ગ્રંથ જેવા અશરણ ભાવનાયુક્ત, ૨૧-સમુદ્રપાલ જેવા ત્યાગી, ૨૨- રહનેમિની જેમ બોધ પામનારા, ૨૩-કેશીગૌતમની જેમ પ્રશ્નોત્તરથી જ્ઞાન મેળવનારા, ૨૭-ગર્ગાચાર્ય જેવા અનાસક્ત.

(૪) **ચરણકરણાનુયોગ**થી પ્રવેશ પામનારા : ૧- વિનયવંત, ૨- પરિષહોને જીતનાર, ૧૫- સાચા ભિક્ષુ, ૧૬- બ્રહ્મચારી, ૧૭- પાપશ્રમણત્ત્વ છોડનારા, ૨૪ સમિતિઓ ના ધારક, ૨૬-સાધુ સમાચારીના પાળનારા, ૩૦- તપમાર્ગે આગળ વધનારા, ૩૧- હેય-જ્ઞેય-ઉપાદેયના વિવેક સાથે ચારિત્રવાન્, ૩૫- સમણોડહમ્ = હું સાધુ છું એવી સતત જાગૃતિવાળા.

મેં મારી અલ્પમતિ કે અલ્પક્ષયોપશમાનુસાર ઉપરોક્ત ચાર અનુયોગમાં ૩૬ અધ્યયનોને વિભક્ત કર્યા -- ટૂંકમાં - દ્રવ્યની, તત્ત્વની બોધક સમજવા જેવી વાતો તે દ્રવ્યાનુયોગ. જ્યાં જ્યાં સંખ્યાની ઘટના કથારૂપે કહેવાય તે **ધર્મકથાનુયોગ.** પ્રાયઃ સાધુ-સાધ્વીજીઓના નિયમો, વ્રતો, અનુષ્ઠાનો, ક્રિયાઓ વિધિ-નિષેધ રૂપે કહેવાય

તે ચરણકરણાનુયોગ.

## (૩) શ્રી ભગવતીજી સૂત્ર

૩૨ આગમોમાં જે કદ અને કસમાં સૌથી મોટુ, સૌથી શ્રેષ્ઠ, મહત્ત્વભર્યું સ્થાન ધરાવે છે તે છે મહાસાગર સન્માન લહેરાતું, હિલોળા લેતું શ્રી ભગવતી સૂત્ર. જેમાં ભગવાન મહાવીરના અંતેવાસી પ્રથમ ગણધર ગુરુ ગૌતમસ્વામીએ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નો, એના ઉત્તર આપનાર પ્રભુ મહાવીરના ૩૬૦૦૦ ઉત્તરો.

અહો ! જગતના સર્વ જિજ્ઞાસુઓના અંતરમાં ઉઠતા પ્રશ્નો ગુરુ ગૌતમસ્વામીએ વિશાળ શ્રુતજ્ઞાન દ્વારા જાણીને પ્રભુને વિનયભાવે પૂછ્યા, અને પરમાત્માએ એમની જિજ્ઞાસાને સંતોષવા સમાધાન કર્યા. આવો ગુરુશિષ્યના પ્રશ્નોત્તર જ્ઞાનનો લહેરાતો સાગર તે ભગવતીજી સૂત્ર, જે ૪૧ શતકમાં વિભક્ત છે. ૪૧ શતકના ઉદ્દેશાઓ (ચેપ્ટરો) ૧૦ હજાર ૧૫૭૫૨ શ્લોક પ્રમાણ છે.

પ્રસ્તુત સૂત્રને ''વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'' યાને ''વિવાહ પ્રજ્ઞપ્તિ'' = વિધવિધ અલગ અલગ અનેક પ્રકારનાં કથનોની પ્રજ્ઞપ્તિ-પ્રરૂપણા જેમાં છે તે સૂત્ર. જ્ઞાનમોતી મેળવવા સાધકે તેમાં ડૂબકી લગાવવી જ રહી. જે મરજીવા બને તે જ મોતી પામે.

આખા સાંગોપાંગ ભગવતી સૂત્રના પઠનપાઠન, વાંચન-મનન, ચિંતન-નિદિધ્યાસન વિના મારા કે અન્ય સૌ કોઈના ઉપર ઉપરના માત્ર ને માત્ર શાબ્દિક છબછબિયા જ છે.

હા, કદાચ આપણે કહીએ કે તેમાં ગોશાલકજીનો, જમાલિનો, તુંગિયા નગરીના શ્રાવકોનો આદિ અધિકાર છે. આપણી બુદ્ધિની નાનકડી ફૂપટ્ટીથી આવડો વિશાળ સમુદ્ર કેમ માપી શકાય? છતાં તીવ્ર પ્રજ્ઞાધારક શ્રી સંતબાલજીએ અથાગ પ્રયાસ કરી શ્રી ભગવતીજી સૂત્રનો સરળ, સુબોધ અનુવાદ કરી જનમાનસ સુધી ભગવતીજીના ભાવોને પહોંચાડવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે તે વંદનીય છે, અભિવંદનીય છે.

## (૪) શ્રી દશવૈકાલિક સૂત્ર

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત ''વિશ્વવાત્સલ્ય'' (પાક્ષિક) જે ૭૩ વર્ષ જેવા સુદીર્ઘકાળથી અસ્ખલિતપણે જનમાનસને પ્રેરણાનું બળ પૂરું પાડે છે, તેના વર્તમાન તંત્રી શ્રી ગુણવંતભાઈ બરવાળિયા, જેઓ જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી તથા સોફ્ટ કલમના કસબી, સાક્ષર છે, તેઓએ કહ્યું કે, શ્રી સંતબાલજીએ શ્રી દશવૈકાલિક સૂત્રનો અનુવાદ પણ કર્યો છે, પરંતુ હાલ તે ક્યાંય ઉપલબ્ધ કે પ્રાપ્ય નથી.

છતાં **શ્રી દશવૈકાલિક સૂત્ર** એ તો મુનિજીવનની બાળપોથી છે. શ્રી શય્યંભવ

આચાર્યે પોતાના બાલ્યવયના પુત્રમુનિ મનકનું આયુષ્ય અલ્પ જાણી, તે શાસ્ત્રજ્ઞાનથી વંચિત ન રહી જાય તે માટે સર્વશાસ્ત્રોના સાર રૂપે શોર્ટમાં શ્રી દશવૈકાલિકની રચના કરી. જેમાં નવદીક્ષિતોને સંયમીજીવનના પ્રારંભિક પાઠ ભણાવ્યા છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગલથી પ્રારંભ કરી રાજુલ રિષ્ટનેમિ સંવાદ, બાવન અનાચારો, પંચમહાવ્રત, છકાયજીવની રક્ષા, ગૌચરીના સર્વ નિયમો, ભાષાશુદ્ધિ, વિનય-શ્રુત-તપ-આચાર આ ચાર સમાધિ વગેરે અનેક વ્રતો, નિયમો, કર્તવ્ય, અકર્તવ્યથી બાળસાધકોને વાકેફ કર્યા છે.

મુનિશ્રી સંતબાલજીએ તો એ સૂત્રના અનુવાદના માધ્યમે પોતાના વાત્સલ્યસભર ભાવોને બાળસાધકના મસ્તકે હાથ મૂકીને વ્યક્ત કર્યા જ હશે તેમાં શંકાને સ્થાન નથી જ. જેમના હૈયામાં વિશ્વના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યનો ઝરો વહેતો હોય તેમના ભાવોમાં નવોદિત પંચમહાવ્રતધારી બાળસાધકો પ્રત્યે તો વાત્સલ્યનો ધોધ જ એ અનુવાદમાં વહ્યો હશે એ અવશ્યંભાવિ છે. - અસ્તુ.

મારા આર્ટીકલમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાયાચના.

(ગોંડલ સંપ્રદાયનાં પ્રાણ પરિવારનાં સાધક મુક્તશિશુ પૂ. ઉર્મિલાબાઈ સ્વામીએ રત્નાકર પચ્ચીશીનો વિવૃતિનો ગ્રંથ રૂપે લખ્યો છે. ''પ્રશ્ચાત્તાપની પાવનગંગા'' રૂપે અને થોકડાનો ''કલ્યાણની કેડી'' રૂપે પ્રકાશિત થયેલ છે. ગુરુ પ્રાણ આગમ બત્રીશીમાં ''પરમકલ્યાણના ૪૦ બોલ'', ''શ્રી સુયડાંગસૂત્ર''ના અનુવાદિકા છે).

*જેમ દીવો પ્રગટે તેમ સાચા સાધકના જીવનનો ચેપ બીજા એમના વિશેષ સંપર્કમાં આવતા લોહીના અને વિચારના સ્વજનોને પણ લાગવા માંડે છે.*

# ૫ મુનિશ્રી સંતબાલજી વિવૃત શ્રી ભગવતી સૂત્રમાં તત્ત્વજ્ઞાનની ઝલક

**— ડૉ. સાધ્વી આરતી**

તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ તે એક સિક્કાની બે બાજુ છે. તત્ત્વજ્ઞાન વિના અધ્યાત્મભાવોનો સ્પર્શ થતો નથી અને અધ્યાત્મભાવોની સ્પર્શના વિના તત્ત્વજ્ઞાન સફળ થતું નથી.

વિશ્વવાત્સલ્યના સંદેશવાહક મુનિશ્રી સંતબાલજી શ્રેષ્ઠ કક્ષાને પામેલા અધ્યાત્મસાધક હતા. તેમણે સાધકજીવનના પ્રારંભથી જ આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિને પોતાનું લક્ષ બનાવ્યું હતું. જેમ જેમ તેઓ અધ્યાત્મના અતલ ઊંડાણમાં પ્રવેશ કરતા ગયા, તેમ તેમ તેઓનો મૈત્રીભાવ અને કરુણાભાવ પ્રબળ બનતો ગયો. તેના ફળસ્વરૂપે તેમનો જનસેવાનો વ્યાપ વધતો ગયો.

મુનિશ્રીનો જનસેવાનો વિશ્વવ્યાપ તેઓની અધ્યાત્મસાધનાની પરિપક્વતાનું દર્શન છે. અધ્યાત્મસાધનાના બે દ્વાર છે. એક દ્વાર અંતરજગતમાં ખૂલે છે એ બીજું

દ્વાર બાહ્ય જગતમાં ખૂલે છે. સાધનાની પરિપક્વતાથી અંતરજગતનું દ્વાર ખૂલે છે અને સાધક આત્મધ્યાનમાં સ્થિર થતો જાય છે. તેની સાથે જ બાહ્યજગત તરફનું દ્વાર ખૂલે છે અને સાધકનો નિષ્કામ પ્રેમભાવ તથા મૈત્રીભાવ જગજ્જીવો પ્રતિ વહેવા લાગે છે. મુનશ્રીએ સેવાના ક્ષેત્રમાં તો નોંધનીય યોગદાન આપ્યું જ છે તે જ રીતે મનુષ્ય માત્ર અંતરજગતમાં પ્રવેશ કરીને સત્યને સ્પર્શે, સત્યને પામે અને પોતાની અનેક સમસ્યાનું સમાધાન કરે, દુઃખોથી મુક્ત થાય, તે લક્ષે સત્સાહિત્યનું પ્રકાશન કરાવ્યું છે. તેમાં વિશ્વદર્શનનાં અનેક પુસ્તકો, ભગવદ્ ગીતા પર ઊંડું વિવેચન, અનેક કાવ્યરચનાઓ, જૈન આગમ ગ્રંથો પર ચિંતનાત્મક વિવૃત્તિઓ પ્રકાશિત કરાવી છે. જૈનાગમ ગ્રંથોમાં શ્રી આચારાંગસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની વિવૃત્તિ જૈન સમાજમાં પ્રસિદ્ધિને પામી છે. શ્રી ભગવતી સૂત્રની વિવૃત્તિ મુનિશ્રીના કાળધર્મ પછી તાજેતરમાં જ પ્રકાશિત થઈ છે. મુનિશ્રીની હસ્તલિખિત નોંધપોથીઓમાં આ અમૂલ્ય ખજાનો પ્રગટ થયો છે.

શ્રી ભગવતી સૂત્ર જૈનાગમ ગંથોમાં મૂર્ધન્યસ્થાન ધરાવે છે. તે વિશાળકાય ગ્રંથ તત્ત્વજ્ઞાનનો ખજાનો છે. પ્રાયઃ વિશ્વના પ્રત્યેક વિષયોનો સમાવેશ યેનકેન પ્રકારે આ આગમમાં સમાવિષ્ટ છે. આ આગમનો સ્વાધ્યાય જો ગુરુના સાંનિધ્યમાં થાય, તો તેના અદ્ભુત રહસ્યો ઉદ્ઘાટિત થાય છે. મુનિશ્રી કૃત વિવૃત્તિનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય છે કે તેઓએ આ શાસ્ત્રનો સ્વાધ્યાય ગંભીરતાપૂર્વક કર્યો છે તેમ જ પત્યેક સૂત્રની અનુકંપા પછીના સારભૂત તત્ત્વોને બાલજીવો સમક્ષ સરળ શબ્દોમાં પગટ કરી સાધકો પર અનંત ઉપકાર કર્યો છે.

શ્રી ભગવતી સૂત્રના પ્રારંભથી જ જોઈએ તો શતક-૧/૧ના **'कडमाणे कडे'** કરાતું કર્યું. ભગવતીસૂત્રના હાર્દ સ્વરૂપ આ સિદ્ધાંતના રહસ્યને તેમણે ઉજાગર કર્યું છે. શાસ્ત્રકારે નિશ્ચયનયની અપેક્ષાએ તેનું અર્થઘટન કર્યું છે. કોઈ પણ કાર્ય પ્રત્યેક સમયે આંશિક રૂપે નિષ્પક્ષ થાય છે. સમય અત્યંત સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થોના જ્ઞાનનો વિષય બનતો નથી. હકીકતમાં કર્યનો કાર્યકાળ અને નિષ્કાળ એક જ હોય છે. આ રીતે **'कडमाणे कडे'** પ્રભુનો સિદ્ધાંત સાધકને નિશ્ચયનય તરફ દોરી જાય છે.

મુનિશ્રીએ આ સિદ્ધાંતનો નિશ્ચયનય સાથે વ્યવહારનયનો સંબંધ સમર્પિત કર્યો છે. મુનિશ્રીના શબ્દોમાં જ જોઈએ તો -

'આ સૂત્રમાં પુરુષાર્થની તીવ્ર પ્રેરણા છે. આ સૂત્રનું સંક્ષિપ્ત રહસ્ય સૂત્ર ભગવતી ગીતાનું 'યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' છે. માનસભૂમિકામાં જે ક્રિયા કરવા માટેનો

ચોક્કસ નિશ્ચય બંધાઈ ગયો હોય, તે ક્રિયાનો હજુ આરંભ થયો હોય તોય તે કરાઈ ચૂકી જ સમજવી.

ગુજરાતી વ્યાકરણની અપક્ષાએ અહીં ચાલુ વર્તમાન તથા પૂર્ણવર્તમાન કાળ, એમ બે પ્રયોગ છે. પૂર્ણ વર્તમાનની અપેક્ષાએ ચાલુ વર્તમાનકાળ ભૂત છે અને ચાલુ વર્તમાનની અપેક્ષાએ પૂર્ણ વર્તમાન ભવિષ્ય છે. આ રીતે ભૂત, વર્તમાન અને ભાવિ, એ ત્રણેનો ઘડનાર આત્મા પોતે જ છે.

આ સૂત્રનો આશય એ જ છે કે વિચાર ઊંચા રાખો. તમારા મગજમાં સહુને માટે ઊંચો જ અભિપ્રાય બાંધો. આમ કરવાથી તમે તમારી જાતને ઊંચે લઈ જશો. સંકલ્પ મજબૂત કરો. સંકલ્પનું બળ જેટલું વધશે તેટલા તમે મહાન થશો. તમારી ભાવના જેવી હશે તેવી સિદ્ધિ નિશ્ચિત જ છે. તમે મનુષ્ય કે દેવ બનવા ભલે ઇચ્છતા હોય પરંતુ તમારા મનમાં પ્રબળ વિકારોની મૂર્તિ ઘડાઈ ગઈ હશે તો તમોને તે ભૂંડ, કૂતરા કે વાંદરા જેવી કોઈ યોનિમાં ઘસડી જશે. તેથી તમારી ઇચ્છાનુસાર તમારું ભાવનાશરીર બનાવવું જોઈએ.

તત્ત્વજ્ઞાનના ગહનતમ વિષયોને અત્યંત સરળ શબ્દોમાં સમજાવીને તેનું પ્રયોગાત્મક રૂપ પ્રગટ કરવાની કલા તેમને હસ્તગત થયેલી છે. ખરેખર ! પરમાત્માના કોઈ પણ સિદ્ધાંતો કોરા તત્ત્વજ્ઞાન રૂપ નથી, પરંતુ પ્રત્યેક સિદ્ધાંતમાં આત્મશુદ્ધિનાં બીજ રોપાયેલાં છે. તે દટાયેલા બીજને મુનિશ્રીએ પ્રગટ કર્યાં છે.

શતક-૨/૨માં શ્રી પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વ દટાયેલા સાત સમુદ્‌ઘાતનું નિરૂપણ છે. વૃત્તિકારે સમુદ્‌ઘાતનો અર્થ સમ=એકીભાવે, ઉદ્-પ્રબળભાવે, ઘાત-કર્મોનો ઘાત કરવો. તે પ્રમાણે કર્યો છે. મુનિશ્રીએ વ્યવહારુ દૃષ્ટાંતથી સમજાવી, તેની પ્રક્રિયાને સમજાવી છે. જેમ પક્ષી પાંખ ફેલાવીને પાંખ પરની ધૂળને ખંખેરી નાખે છે, પછી પાંખને સંકોચી લે છે, તેમ જીવ પણ પોતાના આત્મપ્રદેશોને શરીર માંહેના પોતાના કેન્દ્રની મર્યાદાથી બહાર વિસ્તારે છે અને લાગેલા કર્મોના અણુઓને ખંખેરીને પાછા એ પ્રદેશોને સંકોચી લે છે. આ ક્રિયાને જૈન પરિભાષામાં સમુદ્‌ઘાત કહે છે.

સમુદ્‌ઘાતની ક્રિયા સાત કારણે થાય છે. તેથી સમુદ્‌ઘાતના સાત પ્રકાર છે. તેમાં કેવળી ભગવાન કરે તેને કેવળી સમુદ્‌ઘાત કહે છે. તે કઈ રીતે થાય છે, તે સમજાવતાં મુનિશ્રી કહે છે કે, સમુદ્‌ઘાતનું રહસ્ય એ છે કે ઉદીરણાકરણથી આત્મસ્વરૂપને ઉઘાડી, કર્મ સાથે યુદ્ધ કરી એ એકઠા કરેલા કર્મદલને વિખેરી નાંખવા, પણ જ્યાં સુધી જીવની સર્વ દશામાં નિર્બંધ રહેલા આઠ રૂચક પ્રદેશોમાં પૂર્ણ

તાકાત ન આવે ત્યાં સુધી કેવળી સમુદ્‌ઘાત ન થાય. તેથી બીજા કોઈ પણ સમુદ્‌ઘાતમાં ઉદીરણાકરણથી ઉદયાવલિકામાં આવેલા દલિકો ખરી પડે ખરા પરંતુ તેને પાછા આવવાનો સંભવ છે. જ્યારે કેવળી સમુદ્‌ઘાતમાં તે દલિકો પાછા આવતા નથી.

તેથી શતક-૨/૯માં અઢીદ્વીપની બહારના ચંદ્ર-સૂર્ય સ્થિર કે કાયમ છે. શાસ્ત્રોમાં જ્યોતિષી દેવોના બે ભેદ કહ્યા છે. ચર-ગતિશીલ અને અચર-ગતિરહિત અર્થાત્‌ સ્થિર. મુનિશ્રીએ આ કથનનું રહસ્ય પોતાની પ્રજ્ઞાથી ઉદ્‌ઘાટિત કર્યું છે. તેઓનું કથન છે કે, જ્યાં સુધી માનુષીબુદ્ધિનો વ્યવહાર છે ત્યાં સુધી ચંદ્ર-સૂર્ય ફરતા દેખાય છે. સાદક સૂક્ષ્મ બુદ્ધિને વટાવી જાય. એટલે ઊંચી ભૂમિકા પર ભૂત-વર્તમાન અને ભવિષ્ય એવા એક કાળના ત્રણ ટૂકડા નથી પણ એ ત્રણ તેને અખંડ રૂપે ભાસે છે અને તેથી દિવ્ય ભૂમિકામાં અતિમાન ચંદ્ર-સૂર્યનો અવકાશ નથી ત્યાં એ સદાય સ્થિર છે, અખંડ છે ત્યાં તડકા, છાયા, અંધકાર કે ઉદ્યોત જેવું ઘડી-ઘડી થતું પરિવર્તન નથી.

આ રીતે પ્રત્યેક સૂત્રમાં મુનિશ્રીનો અભિનવ દૃષ્ટિકોણ સાધકોને અભિનવ પ્રેરણા આપે છે. જેની દૃષ્ટિ ખૂલી ગઈ છે કે દૃષ્ટિ નિર્મળ અને પવિત્ર થઈ છે તેને સર્વત્ર ત્રૈકાલિક સત્યના જ દર્શન થાય છે. તે ત્રૈકાલિક સત્યની સ્પર્શના જ સાધકોનું લક્ષ્ય છે. સંક્ષેપમાં મુનિશ્રીની વિવૃતિ.

સાધકોની સાધના માટેનું અમૂલ્ય પાથેય છે.

પ્રસ્તુત વિવૃત્તિના વાંચનથી જણાય છે કે તેઓનું તત્ત્વજ્ઞાન કેવળ બોધ કે માહિતી માત્ર નથી, પરંતુ તે બોધ સાધકોને આત્મભાવમાં સ્થિર થવામાં પ્રેરક બની શકે છે.

શ્રી ભગવતી સૂત્રના ૪૨ શતકમાંથી આપણા સદ્‌ભાગ્યે બે શતકની વિવૃત્તિ જ પ્રકાશિત થઈ છે. આપણે આશા રાખીએ કે લાઇબ્રેરીના કોઈ ખૂણે-ખાંચરેથી મુનિશ્રીની અન્ય નોંધ પ્રાપ્ત થાય અને સંપૂર્ણ ભગવતી સૂત્રની વિવૃત્તિ શીઘ્રાતિશીઘ્ર પ્રગટ થાય તથા સાધકોને અભિનવ દૃષ્ટિકોણ મળતો રહે એ જ શુભકામના.

(ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલ મ.સા. એવં પૂ. મુક્ત-લિલમ-વીર ગુરુણીનાં સુશિષ્યા ડૉ. સાધ્વી આરતી પ્રાણ આગમ બત્રીશીનાં સહસંપાદિકા છે તથા જૈન વિશ્વકોશનાં પરામર્શક છે).

# ૬ વિશ્વબંધુત્વનું આકાશ

— પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

'હરિશ્ચંદ્ર જેવાં બધાં કાં ન બને ?' એ મહાત્મા ગાંધીજીના બાળપણના સવાલથી પ્રારંભાયેલી સત્યના પ્રયોગવીરની જીવનગાથા એ વિચારનો વડલો બનીને ગાંધીજીવન રૂપે પ્રાપ્ત થઈ. એના કેન્દ્રમાં 'રામ' છે. રંભા દાસી પાસેથી 'રામ' નામ મળ્યું, એ પછી દક્ષિણ આફ્રિકામાં મીર આલમની લાઠી ખાધી, ત્યારે એમના મુખેથી 'રામ' એવો શબ્દોચ્ચાર નીકળી ગયો અને અંતે ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ ઉચ્ચારાયેલો 'રામ' શબ્દ મળે છે. ગાંધીજીના અભયનું આ કેન્દ્રબિંદુ છે. એ જ 'રામ'ના જીવનને આલેખતી 'રામાયણ' લક્ષમાં લઈને સંતબાલજીએ 'અભિનવ રામાયણ'ની રચના કરી છે.

શાશ્વત મૂલ્યો ધરાવતી કૃતિની ખૂબી એ હોય છે કે એમાંથી યુગસંદર્ભને અનુલક્ષીને જમાને જમાને મૌલિક દર્શન અને નૂતન વિચારધારા પ્રગટતી હોય છે. ઋષિ વાલ્મીકિની 'રામાયણે' એવા એવા નવા અર્થો, સંદર્ભો અને દૃષ્ટિકોણ

આપ્યા કે આજે આદિવાસી સમાજમાં પ્રચલિત એવી રામાયણમાં મુખ્ય પાત્રરૂપે સીતા છે ! ઋષિ વાલ્મીકિના રામાયણનું ગોસ્વામી તુલસીદાસજીએ પોતીકી રીતે અર્થઘટન કર્યું છે. ઋષિ વાલ્મીકિના રામ એ પ્રજાવત્સલ રાજા છે, તો સંત તુલસીદાસના રામ એ દૈવી અવતાર છે. ઋષિ વાલ્મીકિ અને ગોસ્વામી તુલસીદાસ રામ સુવર્ણમૃગની પાછળ જાય છે તે ઘટનાનો મર્મ ભિન્નભિન્ન રૂપે દર્શાવે છે. શબરીના બોરની અતિપ્રચલિત કથા વાલ્મીકિ રામાયણમાં મળતી નથી. પૂ. ડોંગરેજી મહારાજ અને પૂ. મોરારિબાપુના રામાયણની ઘટનાઓના અર્થઘટનો તદ્દન ભિન્ન ભિન્ન હોય છે.

બીજી દૃષ્ટિએ એમ કહી શકાય કે દરેક સર્જકને માટે રામકથાનું પોતીકું અર્થઘટન પડકારરૂપ બનતું હોય છે અને એ પડકાર એક કઈ રીતે ઝીલે છે, તે જ રસપ્રદ અને વિચારપ્રેરક બાબત ગણાય. પૂ. સંતબાલજી એમ કહેતા કે, 'વ્યક્તિ કે વ્યક્તિઓમાં સૂતેલો ધર્માંશ જાગીને સમાજમાં વહેતો થાય, ત્યારે વ્યક્તિ તો ઊંચે જાય છે, પણ સાથેસાથે સમાજને અને ક્રમશઃ વિશ્વનેય ઊંચે લઈ જાય છે.'

આ રીતે જોઈએ તો શ્રી સંતબાલજી લિખિત 'અભિનવ રામાયણ' પણ અંતે તો કઈ રીતે રામાયણમાંથી પ્રાપ્ત થતી આધ્યાત્મિક દૃષ્ટિ મેળવી ભારત વિશ્વનું ઉત્થાન સાધી શકાય, તેને કેન્દ્રમાં રાખે છે.

'અભિનવ રામાયણ'માં હૃદયંગમ ત્રિવેણીસંગમ સધાયો છે. પહેલી બાબત તો એ છે કે રામાયણની ઘટનાઓમાં નિહિત ભાવનાઓને પારખવાનો, આલેખવાનો અને માનવજીવનના સંદર્ભમાં એનું મૂલ્યાંકન કરવાનો અહીં ઉપક્રમ જોવા મળે છે. દાસી મંથરાની ભંભેરણીને કારણે કૈકેયીએ બે વરદાન માગ્યાં, તેમાં કૈકેયીની બાબતમાં એ મોહગ્રસિત થઈ જતાં વિવેકમય જાગૃતિનો અભાવ દર્શાવે છે. આમ પ્રત્યેક ઘટનાને માનવભાવના સંદર્ભમાં મૂલવીને એના પ્રેરકબળ તરીકે માનવીય ગુણદોષને કારણરૂપ દર્શાવે છે. આમાં બીજી બાબત છે જૈનદર્શનની વિચારધારા કે જે વિચારધારા 'અભિનવ રામાયણ'ની ઘટનાઓના વિવરણમાં સતત ડોકાતી રહે છે અને ત્રીજી બાબત છે ગાંધીયુગનાં મૂલ્યોએ આપેલી વૈશ્વિકદૃષ્ટિનો સ્પર્શ.

સૌથી વિશેષ તો માત્ર પ્રાચીન કથારૂપે યથાતથ્ય આલેખવાને બદલે એની વર્તમાન સમયની ઉપયોગિતા દર્શાવીને દેશના રાજકારણ, સમાજકારણ અને

ધર્મકારણને આમાંથી કયો સંદેશો મળે છે, તે અહીં દર્શાવ્યું છે. આધુનિક અર્થઘટન આપવાની લાલચે ઘણીવાર રામાયણનાં પાત્રોની ગરિમાને હાનિ પહોંચાડીને ઘણા સર્જકોએ એ પાત્રોને ઉપરતળે કરી નાખ્યાં છે, જ્યારે અહીં એ પાત્રના મૂળ ભાવને અને રામાયણની ઘટનાઓને યથારૂપે જાળવીને વર્તમાન સમયના બૃહદ્ પરિપ્રેક્ષ્યમાં એનું અર્થઘટન આપ્યું છે.

રામની પ્રજાવત્સલતા એ લોકશાહીની પ્રેરણા બની શકે તેમ છે કે જેમાં શાસક અને પ્રજા વચ્ચે માત્ર ચૂંટણીલક્ષી સંબંધ ન હોય, બલકે એક વ્યાપક સંબંધ હોય અને પ્રજા દ્વારા શાસકને ય સતત માર્ગદર્શન મળતું હોય, એ દૃષ્ટિએ 'અભિનવ રામાયણ'માં રામકથાની સાથોસાથ ગાંધીદર્શનકથા પણ મળે છે. રામાયણની ઘટનાઓનો દોર ગાંધીયુગની ભાવનાઓ અને પ્રવૃત્તિઓ સાથે સંતબાલજી જોડી આપે છે. આ દૃષ્ટિએ આ કથાનું એમણે 'આંતરદૃષ્ટિ'થી મૂલ્યાંકન કર્યું છે અને એને પરિણામે સ્વધર્મની ઉપાસનાથી આપોઆપ સર્વધર્મ સમભાવ પ્રગટે છે એ અર્થમાં 'રામાયણ' જેવું મહાકાવ્ય 'અભિનવ રામાયણ' રૂપે વિશ્વબંધુતાનું સંદેશવાહક બની રહે છે.

આ 'અભિનવ રામાયણ'ની આલેખનશૈલી પ્રાસાદિક અને ભાવવાહી છે. ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા માર્મિક રીતે એ પાત્ર સ્વયં પોતાનો પ્રતિભાવ પ્રગટ કરે છે. જેમ કે રાજા દશરથના શબ્દવેધી બાણથી શ્રવણ વીંધાઈ જાય છે, ત્યારે એના માતા-પિતાની વેદનાનો ચિતાર અત્યંત હૃદયસ્પર્શી રીતે આપ્યો છે. એ જ રીતે એ સમયની પોતાની મનઃસ્થિતિની વાત કરતાં રાજા દશરથ કહે છે,

'આંખોના તારલા, કાળજાંની કોર, આત્માના વિસામા, અમ આંધળાની આંખ ! અરે ! એકલો ચાલ્યો ગયો !' એવાં એવાં વચનો આજે પણ સાંભરી આવે છે અને મારા આત્માના ચૂરેચૂરા થતા જણાય છે. મૃત્યુ જ મારા આ 'ઘા'ને રૂઝવી શકશે, હું શું કહું ? એ મા-બાપોએ ન પાણી પીધું, ન ફળ ખાધાં, પુત્રની જ ચેહ સાથે પોતાનાં શરીરોને એમણે હેતભર્યા હૈયા સાથે ચાંપી દીધાં. બસ, એ રીતે જોતજોતામાં એ ત્રિપુટી પરલોક પ્રયાણ કરી ગઈ અને આ હત્યારો એ ત્રણેને અગ્નિદાહ દઈને જીવતો ઘેર આવ્યો. એ પણ ત્રિપુટી અને મારા રામ, સીતા અને લક્ષ્મણજીની પણ ત્રિપુટી !' આટલું બોલતાંની સાથે જ દશરથનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. શરીર સંકોચાવા લાગ્યું અને થોડી ક્ષણોમાં પ્રાણરૂપી પંખેરું કાયાને છોડી ઊડી ગયું.'

'અભિનવ રામાયણ'માં સતત ટૂંકા પણ ચોટદાર વાક્યોથી પાત્રો સ્વયં પોતાના મનોભાવો વ્યક્ત કરે છે, તે એની શૈલીની વિશેષતા ગણાય, તો એની સાથોસાથ ઘણાં પ્રકરણોમાં એ ભાવને પ્રગટ કરતી કાવ્યપંક્તિઓ કૃતિને વધુ રસપ્રદ બનાવે છે.

એવી જ રીતે કથાના અર્થઘટન ઉપરાંત એની વિચારસૃષ્ટિમાં પણ પૂ. સંતબાલજીની આગવી દૃષ્ટિ જોવા મળે છે. જેમકે અહીં સામ, દામ, દંડ, ભેદ એ શબ્દના અલાયદા અર્થો મળે છે. સામ એટલે મીઠા આંતરરાષ્ટ્રીય સંબંધો, દામનો અર્થ એ છે કે પોતાનું કે પારકાનું શોષણ ન થાય તેવા આર્થિક કરારો કરવા, દંડ એટલે જે રાષ્ટ્ર આપણા વિશે ગેરસમજૂતી ધરાવતું હોય એ દૂર કરવી અને ભેદ એટલે જેની સાથે સિદ્ધાંતોની કે સાધનોની શુદ્ધિ અંગે મતભેદ હોય તેવા રાષ્ટ્રથી અળગા રહેવું.

આ રીતે રામાયણને અભિનવ વૈશ્વિક દૃષ્ટિથી જોવાનો આ ઉપક્રમ વર્તમાન સમયમાં વિશાળ રામકથાને વિશ્વબંધુત્વના આકાશમાં મૂકી આપે છે.

(અમદાવાદસ્થિત પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સાહિત્યકાર છે. દાયકાઓથી દેશ-વિદેશમાં જૈન ધર્મ શિક્ષણ અને સંસ્કૃતિ પર ચિંતનસભર પ્રવચનો આપે છે. તેમનાં ૧૦૦થી અધિક પુસ્તકો પ્રગટ થયાં છે. 'જૈન વિશ્વકોશ' અને 'ગુજરાત વિશ્વકોશ'ના સંપાદક છે.

**સાધકોનો વિકાસ મારો પ્રમોદ છે.**
**સાધકોનું સૂક્ષ્મ પણ પતન મારું આસુંડું છે.**

# ૭ એક સેવાભાવીની અનુભવગાથા : મુનિશ્રી સંતબાલજી સાથેનાં ૨૫ વર્ષ

— ડૉ. અભય દોશી

સુપ્રસિદ્ધ જૈન સાધુ સંતબાલજીએ સંપ્રદાયનાં બંધનોથી મુક્ત થઈ 'અહિંસક સમાજરચના' સિદ્ધ કરવાની દિશામાં જે કદમ ભર્યાં તેનું પ્રથમ ચરણ નળ-ભાલકાંઠાનો વિસ્તાર રહ્યો. નળ-ભાલકાંઠાના વિસ્તારમાં જે સાધકો - સમાજસેવકોનો સાથ મળ્યો તેમાંના એક અગ્રગણ્ય ફલજીભાઈ ડાભી હતા. રજપૂત કુટુંબમાં જન્મેલા તેમ જ ખેતીવાડીનો વ્યવસાય કરતા આ ફલજીભાઈ ડાભીએ સંતબાલજીના સંપર્કમાં આવી તેમના પ્રભાવને આત્મસાત્ કર્યો. સંતબાલજીના ગાંધીપ્રેરિત સમાજસુધારણાના વિચારને 'ખેડૂતમંડળ'ના માધ્યમે કેવી રીતે આત્મસાત્ કર્યા તેની અનુભવગાથા આ પુસ્તકમાં અંકિત કરાઈ છે.

સંતબાલજી સાથેનું પ્રથમ મિલન લેખકના ગામ જવારનમાં આગમનથી થયો. સંપ્રદાયથી પર, માનવગણને સ્પર્શે એવી અહિંસા અને સત્યધર્મના

ઉદ્દઘોષવાળી તેમની વાણીથી ફલજીભાઈ પ્રભાવિત થયા અને સંતબાલજીની પ્રેરણાથી ખેડૂતોનું સંગઠન 'ખેડૂતમંડળ'ની રચના કરવા અગ્રેસર બન્યા. ભાલ-નળકાંઠાનો વિસ્તાર એક બાજુ નળસરોવર, બીજી બાજુ સમુદ્ર હોવા છતાં સૂક્કોભઠ્ઠ વિસ્તાર, આથી સ્વાભાવિક ખેતીના અનેક પ્રશ્નો હોય, વળી અનેક સામાજિક પ્રશ્નો દૂર કરી સમાજમાં ન્યાય, નીતિ, વ્યસનમુક્તતા, અહિંસા અને પ્રેમનું વાતાવરણ સર્જવા આ ખેડૂતમંડળના માધ્યમે, સંતબાલજીના માર્ગદર્શને કરેલા વિવિધ પ્રયોગોની અનુભવકથા આ પુસ્તકમાં આલેખાઈ છે.

આ પ્રયોગમાં પ્રથમ ચરણમાં ખેડૂતમંડળે સંતબાલજીના માર્ગદર્શન હેઠળ સરકારી કંટ્રોલ ગયા પછી બજારભાવે માલ ન વેંચતા ખેડૂત પોતે વ્યાજબી ભાવ નક્કી કરે એવું નક્કી કરાયું. ખેડૂતને નફો કમાવવાની પહેલી તક હતી, છતાં વેપારના હિત માટે પોતાનો સ્વાર્થત્યાગ કરવાનો પ્રસંગ હતો. આ પ્રસંગે સંતબાલજીના માર્ગદર્શન પ્રમાણે ચાલનારા ખેડૂતોને કેવો લાભ થયો અને સ્વેચ્છા પ્રમાણે જીવનારા ખેડૂતો દુઃખી થયા, એ વાતથી લોકોની સંતબાલજી પરની શ્રદ્ધા બની અને વધુ લોકો માર્ગદર્શન સ્વીકારવા માંડ્યા, એ ઘટના 'ખેડૂતમંડળ'ને સફળતા અપાવનારી બની.

આ પ્રદેશમાં ઘઉંનો પાક પુષ્કળ થયો, સામે વૈકલ્પિક પાક તેમ જ બળદના ખાદ્ય માટે જુવારનો પાક જરૂરી હતો. સ્થાનિક જુવાર કરતાં સોલાપુરી જુવાર વધુ અનુકૂળ આવે તેવી હતી, તે અંગેની સર્વ વ્યવસ્થા પણ ખેડૂતમંડળના માધ્યમે સુંદર રીતે થઈ.

ખેડૂતમંડળે ખેતીવાડીના પ્રશ્નો ઉકેલવાની સાથે જ સામાજિક પ્રશ્નોમાં લવાદી કરવાનું સ્વીકાર્યું હતું. ખેડૂતમંડળના એક ભાઈએ જ અન્ય ગરાસદારને અન્યાય કર્યો હતો, પરંતુ ખેડૂતમંડળ વતી ફલજીભાઈ ડાભીએ નિરપેક્ષ રહી સત્યને જ સમર્થન આપ્યું. સમાજના પ્રશ્નો ઉકેલવામાં સંતબાલજીએ પણ સક્રિય માર્ગદર્શન આપાયું. સમાજમાં વેર-ઝેર ન વધે અને પરસ્પર પ્રેમ ટકી રહે એ અહિંસક સમાજરચનાની દિશામાં મહત્ત્વનું પગલું ભરાયું. કોર્ટને સ્થાને સ્થાનિક પ્રશ્નોમાં ઊંડો રસ ધરાવનારા લવાદ દ્વારા નિર્ણય લેવાની પ્રથામાં પૂજ્યશ્રીની દીર્ઘદૃષ્ટિ કેવી વ્યાપક હતી તેનો પણ અનુભવ થાય છે.

આ પુસ્તકમાં ન્યાયની લડતમાં કટોકટી કરાવે તેવો પ્રસંગ તે સારંગપુરના હનુમાનમંદિર અને સ્વામિનારાયણ સંપ્રદાય સાથેના સંઘર્ષની ઘટના છે. ધર્મનું

કામ ન્યાય અને નીતિથી ચાલવાનું છે, પરંતુ ક્યારેક રક્ષક જ ભક્ષક બને ત્યારે એ ધર્મ કે સંપ્રદાય વિરુદ્ધ અન્ય ધર્મના સાધુ કે તેમનાથી પ્રેરાયેલી સંસ્થા દ્વારા વિરોધનું આયોજન થાય એ માટે બહુ મોટી નૈતિક હિમ્મત જોઈએ. વળી સંતબાલજીનો આગ્રહ એ હતો કે, રાજદ્વારી સંસ્થાના દબાણ દ્વારા નહીં, પણ સાચા હૃદયપરિવર્તનથી જ કાર્ય સિદ્ધ કરવું. ગાંધીચીંધ્યા માર્ગે 'શુદ્ધિકરણ'નો ૧૩૨ દિવસ ચાલેલો આ યજ્ઞ એ ફલજીભાઈ ડાભી અને અન્ય ખેડૂતમંડળીના સાથીદારોની અપાર નિષ્ઠાનું જ પરિણામ ગણાવી શકાય. સંતનું માર્ગદર્શન તો હતું જ, પણ આ માર્ગદર્શનમાં વિશ્વાસ રાખી આ શાંતક્રાંતિમાં સાથ આપવો એ મોટી વાત હતી.

આ શુદ્ધિકરણમાં બેસનાર મુખ્ય સાધક ત્રણ દિવસ ઉપવાસ કરે, બીજા સાથીઓ એક-એક દિવસના સહાયક ઉપવાસ કરે. આમ, કુલ ૪૪થી વધુ અઠ્ઠમની આ શુદ્ધિકરણની તપશ્ચર્યાના પરિણામે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓનું હૃદય પીગળ્યું તેમ જ મંદિરની જમીન પર ખેતી કરનારા ખેડૂતોને નવા યુગ પ્રમાણે યોગ્ય અધિકારો અપાયા.

આ વિસ્તારમાં ચુંવાળિયા કોળીઓ અને પગીઓની લૂંટફાટનો મોટો ત્રાસ હતો. આ પગીમાંથી એક વાહણ નામનો પગી સંતબાલજીની વાણીએ ભીંજાયો અને ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પ્રથમ પોતાના સસરાને ઘરે થયેલી ચોરી ઉકેલવામાં વાહણ પગીના સાથે સફળતા અપાવી. આ સફળતાને લીધે પડોશના ગામના નારસંગભાઈને ત્યાં પડેલી ધાડને ઉકેલવાની હિમ્મત આપી. જ્ઞાનીઓની આંતરિક વ્યવસ્થાને જાણનારા વાહણ પગી અને ફલજીભાઈએ રાજ્યસત્તા સાથે કેવી સમજાવટથી આવવું પડ્યું અને જ્યાં રાજ્યસત્તા કામ ન કરે ત્યાં ધર્મસત્તા તેમ જ જ્ઞાતિનું બંધારણ પ્રશ્ને ઉકેલવામાં કેવી સહાય આપે છે, તેનું દર્શન કરાવે છે.

સત્યનો માર્ગ કપરો હોય છે, પરંતુ અંતે સફળતા અપાવનાર હોય છે, પરંતુ જ્યારે સમગ્ર પ્રજામાં વ્યાપક આક્રોશ ફેલાયો હોય ત્યારે લોકોને સત્ય સાંભળવાની પડી હોતી નથી. આવા સમયે પોતાને માર્ગે ચાલનારા મનુષ્યોને કેવી મુશ્કેલી પડતી હોય છે તેનું આલેખન 'મહાગુજરાત આંદોલન' સંદર્ભે જોવા મળે છે. દ્વિભાષી રાજ્યવ્યવસ્થા સ્વીકારવાનું સંતબાલજીએ અને આ વાત શહેરમાં ખેડૂતો દ્વારા પહોંચાડવાનું કાર્ય ખેડૂતમંડળે નક્કી કર્યું. ખેડૂતમંડળના સભ્ય

ખેડૂતોની શહેરમાં થતી સતામણી અને હેરાનગતિ અમદાવાદ શહેરની કહેવાતી સભ્યતાની પોકળતા છતી કરે છે. એની પરાકાષ્ઠા તો આંદોલનની પૂર્ણાહુતિને દિવસે ભોજનસામગ્રી નષ્ટ થવામાં પ્રગટ થાય છે. વિરોધી મતનો આદર એ લોકશાહીની નિશાની છે, પરંતુ ૧૯૫૬માં આપણે જે લોકશાહી માટે પરિપક્વ નહોતા બન્યા, તે આજે બની શક્યા છીએ કે કેમ એ પ્રશ્ન આ વાંચતા સ્વાભાવિક રીતે જ થાય છે.

ફલજીભાઈ પાંચમા ધોરણ સુધી જ ભણેલા, પરંતુ સંતબાલજીના સમાગમે ધાર્મિક સંસ્કારોનું ઊંચું ભાથું પ્રાપ્ત કરેલું. સારંગપુરના શુદ્ધિપ્રયોગ સમયે ટ્રેનમુસાફરીમાં મળી ગયેલા કંચનલાલ નામના જૈન વેપારી સાથેના સંવાદમાથી આ વાત હૃદયસોંસરવી રીતે પ્રગટ થાય છે. ધર્મ એ કેવળ ક્રિયાકાંડ કે ઉપાશ્રય-દેરાસરની વસ્તુ નથી, પરંતુ જીવાતા જીવનની વસ્તુ છે. અહિંસા અને સત્યનું આચરણ જીવનની પ્રત્યેક પળે કરવાનું છે એ ગાંધીપ્રેરિત સમજણ સંતબાલજીમાં વિકસી અહિંસક સમાજરચનાના નિર્માણ તરફ કેવી રીતે ગતિ કરે છે અને ભાલ-નળકાંઠાના વિસ્તારમાં તેનાં કેવાં પરિણામો નિર્મિત થાય છે તેનું દર્શન આ ફલજીભાઈ અને એવા જ અન્ય સાથીદારોમાં જોવા મળે છે. સંતબાલજીની ભાવના હતી કે, નેમિમુનિ, જનકમુનિ જેવા અનેક સંતો જિલ્લે-જિલ્લે સમાજને માર્ગદર્શન આપવા માટે આગળ આવે. દુર્ભાગ્યે, એ સ્વપ્ન સાકાર થયું નહિ. ગ્રામસમાજ પણ સ્વાવલંબિતાનો ગાંધીચીંધ્યો માર્ગ છોડી ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણના વિષચક્રમાં ફસાયો છે જેને કારણે આજનાં ગામડાંઓ પ્રદૂષણથી અને સમસ્યાઓની જંજાળમુક્ત રહી શક્યા નથી. પ્રભુસ્મરણ કરતા પ્રભુપ્રેરિત માર્ગે ચાલવું એ વધુ મહત્ત્વનું છે, એ વાત થયેલા વિવિધ સંવાદોમાં પ્રગટ થાય છે. જૈન સાધુ સમાજરચનામાં અગ્રેસર ન થાય એવા કંચનલાલની વાત સામે ફલજીભાઈ યથાર્થ રીતે હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ, શીલગુણસૂરિ, વનરાજ, સમ્રાટ અકબર અને વિજયસૂરિ, કાલિકાચાર્ય આદિનાં દૃષ્ટાંતો આપે છે. સાથે જ સંતબાલજીની, જૈન સાધુ તરીકેની નિષ્ઠા, ભિક્ષા પર જ જીવનયાપન, દૃઢબ્રહ્મચર્ય, ઉકાળેલું પાણી આદિ દર્શાવી તેમની સાધુ તરીકેની ઊંચાઈ દર્શાવે છે. આ નિષ્ઠાએ તેમને વ્યાપક જનાદર અને અંતે જૈન સંઘનો પણ આદર અપાવ્યો. સમાજજીવન સાથે સંકળાયેલ દરેક સાધુઓને માટે આ વસ્તુ ધ્યાન રાખવા જેવી છે.

સાધુજીવનની આ નિષ્ઠા તેમ જ સમાજજીવનના અવિરત ખેડાણે જે સંપ્રદાય બહાર કાઢ્યા હતા તે જ સ્થાનકવાસી સમાજે સંતબાલજીને ઘાટકોપર ચાતુર્માસ માટે આમંત્રિત કર્યા. સંતબાલજી ભાલપ્રદેશની ભૂમિને છોડી ઘાટકોપર પધાર્યા. ઘાટકોપર સંઘે તેમનો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો. ભાલપ્રદેશના કાર્યકરોને આ પ્રસંગે આમંત્રિત કર્યા એ સંઘને મોટી રકમનું દાન કર્યું. આ પ્રસંગો વર્ણવતાં તેઓ કહે છે કે, જૈન સાધુના ચાતુર્માસ સંઘવાળા કરાવે અને તેમની પ્રવૃત્તિને દાન આપે એ નવાઈ નથી, પરંતુ જે પ્રવૃત્તિને માટે તેમને સંપ્રદાયબહાર મુકાયા હતા, એ પ્રવૃત્તિનો સંઘે સ્વીકાર કર્યો એ અમારા માટે ગૌરવની વાત છે.

ફલજીભાઈની સફળ મધ્યસ્થ બુદ્ધિને લીધે તેમણે એક ખૂનકેસમાં પણ અન્ય સાથીઓ સાથે લવાદપણું કરી યશ મેળવ્યો. એક સ્ત્રીને મારનાર કુટુંબીજનને શિક્ષા અપાવી. આમ, સંતબાલજીના પ્રભાવે સામામાં સંપ વધે તેમ જ ભાવ, નીતિની સ્થાપના થાય એ માટે, પુરુષાર્થ કરતા રહ્યા. આ પુરુષાર્થમાં સમાજના નીચલા વર્ગને પણ જોડ્યો. જવારન ગામમાં ૮-૯ કુટુંબી હતા. એ કુટુંબો માંડવો બાંધીને રહેતાં, તેમને માટે પોતાની મૂડી અને અન્યોનાં દાન જોડી પાકાં ઘર બંધાવી આપ્યાં અને એ પ્રસંગનું વાસ્તુ પણ ધામધૂમથી ઉજવ્યું. અંજારમાં સરકાર દ્વારા થતા અન્યાય દૂર કરી 'અજેપાલની વાડી'ના ખેડૂતોને ન્યાય અપાવ્યો. આમ, ભાલપ્રદેશની બહાર પણ પોતાના કાર્યની સુવાસ ફેલાવી.

ખેડૂતોના પ્રશ્ને દિલ્હી પણ વારંવાર ગયા અને અભણ અવા ફલજીભાઈએ વકીલો મારફતે કોર્ટમાં પોતાની વાતની યોગ્ય રજૂઆત પણ કરાવી. આવા જ એક દિલ્હીની યાત્રાપ્રસંગે ધક્કામુક્કીમાં પડી જતાં તેમનું ખિસ્સું કપાયું અને બેહોશ થવાની અણી પર હતા ત્યાં જ એક શીખભાઈ અને તેના પિતાજીની મદદથી બચ્યા.

આવા પ્રસંગે ફલજીભાઈ ઈશ્વરની કૃપા જુએ છે. આમ, સમગ્ર પુસ્તકમાં એક શિવધર્મી કાર્યકરની નિઃસ્વાર્થ સેવાની સુગંધ ફોરે છે. પોતાના વ્યક્તિગત લાભોને ગૌણ કરી એક સંતના જીવનકાર્યમાં પોતાના જીવનની આહુતિ આપનારા, એને પોતાનું જીવનકાર્ય માનનારા સાધકની આ અનુભવકથા છે.

લેખક ઝાઝું ભણ્યા નથી, પરંતુ એથી એમના લેખનમાં સાદાઈ ઝબકે છે. સામે જ આત્માનુભવ હોવાથી અનુભવનો રણકાર ચમકે છે. ભાષાની સાદાઈની સાથે જ તળપદા બોલીપ્રયોગો અને શબ્દપ્રયોગો આ લખાણને વિશિષ્ટ બનાવે છે.

આ પુસ્તક લખવાની પ્રેરણા તેઓના સાથી મણિભાઈએ આપી હતી. સંતબાલજીએ ૧૯૩૮થી ૧૯૭૨ એમ કુલ ૪૦થી વધુ વર્ષો ભાલપંથકમાં અનેક કાર્યો સાથે સંકળાયા, તેમાંનાં કેટલાંક કાર્યો સાથે ફલજીભાઈ ડાભી સંકળાયા, તેનો વૃત્તાંત આ પુસ્તકમાં આપણને ઉપલબ્ધ થાય છે.

આ પુસ્તક પ્રગટ થયું એ પ્રસંગે શ્રી અંબુભાઈ શાહે 'વિશ્વવાત્સલ્ય'માં કહ્યું છે એ આ પુસ્તક માટે યથાર્થ છે. ''મારે કહેવું જોઈએ કે, ઓછું ભણતર તો એમનું આભૂષણ બન્યું છે અને પોતે મુખ્ય હોવા છતાં ડગલે ને પગલે તેમણે સંસ્થાને, સાથીઓને, સંતબાલજીને નિષ્ઠા અને લગન વિના ઓછું ભણેલા આવું પુસ્તક લખી શકે નહીં અને સમર્પણની ભાવના, જીવંત શ્રદ્ધા અને સમજણ સાથેની ભક્તિ ન હોય તો આ વસ્તુ આવે નહીં. જેના હાથમાં બળદ શોભે છે તેના હાથમાં કલમ પણ શોભી શકે છે એ વસ્તુ આ પુસ્તકમાં મળે છે.''

(ડૉ. અભય દોશી મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રાધ્યાપક છે. તેઓ પીએચ.ડી. માર્ગદર્શક છે. તેમનાં સાથથી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમનો શોધનિબંધ 'ચોવીશીઃ સ્વરૂપ અને સાહિત્ય'' સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ લીટરરી ઍન્ડ ફિલોસોફીકલ રીસર્ચ સેન્ટર દ્વારા પ્રકાશિત થયો છે. અનેક પરિસંવાદોમાં ભાગ લે છે અને સફળ સંચાલન કરે છે).

*આત્મતત્ત્વને જાણવું, તેને જાણવાથી જીવાજીવનું જ્ઞાન થઈ શકે. જગતના સ્વરૂપના જ્ઞાન પછી જ અહિંસા અને સંયમી જીવનની આરાધના થઈ શકે. પ્રથમ જ્ઞાન પછી દયા.*

# ૮ સંતબાલજીની કવિતામાં સરળતા-સહજતાનો માનવીય પ્રકાશ

— ડૉ. સેજલ શાહ

**વૈ**શ્વિક આકાશમાં માનવતા અને મૂલ્યોના પ્રકાશની શાશ્વતતા ચારે તરફ ફેલાય તે માટે વ્યક્તિમત્તાના સંકુચિત અભિગમને ત્યાગી આધ્યાત્મિક સૂરજ ફેલાવનાર પ્રહરી એટલે પૂ. સંતબાલજી. તેમના શબ્દો અને કાર્યમાંથી માનવીય સુવાસ આજે પણ પ્રસારિત થતી અનુભવાય છે. કાવ્ય એ હૃદયના સંવેદનને પ્રગટ કરે છે. મનુષ્ય જે પણ કંઇ વિચારે છે અથવા કહેવા ધારે છે, તેના લયબદ્ધ શબ્દો દ્વારા તે વધુ પુલકિત બની વ્યક્ત થતું હોય છે. સમાજ પ્રત્યે સંવેદનશીલ મનુષ્યની ભાવના કાવ્ય-પદ રૂપે સહજ વ્યક્ત થાય. શાંતરસનું વસ્ત્ર પહેરી પોતે જગ પ્રત્યે નિર્લેપ અને સ્વમાં સ્થિર છે, પરંતુ પોતાની આજુબાજુના માનવીની સ્થિતિ તેના હૃદયને વ્યથિત કરે છે, તે સંત આત્મા ઇચ્છે કે જેમ પોતે નિર્મળ નીરમાં નહાતા અનુભવે છે, તેમ જ

તેના વાતાવરણમાં રહેલા સહુ જીવો પણ તેવો આનંદ અનુભવે તેવો પ્રયત્ન હોય છે.

જૈન સંત પરંપરામાં સાહિત્ય સર્જન અને સાહિત્ય સ્વાધ્યાયની જૂની પરમ્પરા છે. માનવીય વર્તન અને મૂલ્યોના સંવર્ધન માટે તેઓ સતત કાર્યરત રહેતા હોય છે. સંતબાલજીના હૈયે મનુષ્યનું હિત રહેલું હતું. પ્રવાસ અને મૌન સાધનાએ તેમના જીવનને આંતરસમૃદ્ધિથી લીન કર્યા અને તેનો આનંદ અને માનવતાની હાકલ તેમના પદ્યની વિશેષતા છે. તેમની કવિતામાં સંવાદની ભૂમિકા છે. મોટા ભોગે કાવ્ય સ્વરૂપમાં તેમણે ઉપદેશ અને હાકલની ભૂમિકા ધારણ કરી છે. એ સમયમાં દેશમાં સ્વતંત્રતાનું વાતાવરણ હતું અને સંત પોતે પણ ગાંધીથી પ્રભાવિત હતા.

તીર્થંકર પ્રભુને કેસંતોને હૃદય, લોકકલ્યાણની ભાવના હંમેશ વસતી હોય છે. તેમની અંદર એક તરફ આત્માની ઉચ્ચતમ અવસ્થાને પામવાની તીવ્ર અભિલાષા હોય છે તો બીજી તરફ લોકસમુદાય પણ પોતાના વર્તન અને કાર્ય અંગે જાગૃતિ કેળવે, તે અપેક્ષિત હોય છે. પૂજ્યશ્રી રચિત રચનાઓ જોઈએ તો મોટા ભાગની રચનામાં માનવતા ધર્મ અને મનુષ્ય હાકલનો સૂર જોવા મળે છે. આ રચનાઓની સૌથી મોટી વિશેષતા એ છે કે જૈન ધર્મ એ સંજ્ઞાનો પ્રયોગ ન કરતાં, તેમને એ ધર્મના પાયાના સિદ્ધાંતોને આવરી લઈ સર્વવ્યાપી અને સર્વ સમાવિષ્ટ અભિગમ અપનાવ્યો છે. સર્જક માનવતાનો ઉપાસક હોય, તે બાબત અહીં સુપેરે વ્યક્ત થઈ છે. આ કાવ્યોના લય મોટા ભાગની મધ્યકાલીન પરંપરાના લયને અનુસરે છે. તેના શબ્દો અને રીતિ પણ પ્રાર્થના સ્વરૂપે આલેખાય છે. હરિગીત છંદમાં લખાયેલું 'હે નાથ ! ગ્રહી અમ હાથ' ગીતમાં આપણે જોઈ શકીએ છીએ કે ઈશ્વરને યાચના કરાય છે કે પોતાના સારાં કાર્ય અને સારા વિચાર માટે સદા પ્રવૃત્ત રહે. અહીં મનુષ્યભવને સાકાર કરવાની ભાવના સાથે એક યુટોપિયા સંકલ્પનાનું વિશ્વ જોવા મળે છે. સત્યનું આચરણ, ચોરી મુક્ત-વ્યસનો મુક્ત સમાજ, સદ્‌ગુણનું ગાન અને નિંદામુક્ત વાતાવરણની કલ્પના કરાઈ છે. આ બધું જ કરવા માટે મનુષ્ય પોતે કરવાને બદલે ઈશ્વર આ સર્વ કરાવે એવી અપેક્ષા રાખે છે. જે કરાવે તે બધું ઈશ્વર, એમ માનતો મનુષ્ય પોતાના કાર્યને સદ-શુદ્ધ બનાવવા માટે નાથ અર્થાત ઈશ્વરને વિનંતી કરે છે. બતાવજો, પઠાવજો, સુણાવજો, સમજાવજો, જણાવજો, રખાવજો, કરાવજો,

વરસાવજો, વહાવજો, હઠાવજો, વિસ્તારજો, ઉભરાવજો, વધારજો, અવધારજો વગેરે કાવ્યપંક્તિને અંતે આપેલા શબ્દો માત્ર પ્રેરકનું રૂપ પ્રગટ નથી કરતા પરંતુ પોતાની પાસે કાર્ય કરાવનાર ઈશ્વર જ છે અને પોતે માત્ર એક માધ્યમ, એ વિચારણા પ્રત્યે નિશ્ચિતતા વ્યક્ત કરે છે. ગાંધીયુગમાં ઈશ્વરશ્રદ્ધા અને માનવીયવલણ બંને ખૂબ જ દ્રઢ હતાં. એક તરફ ગાધીભાવ, બીજી તરફ પરદેશી સત્તાએ ભારતીય મૂલ્યોને પહોંચાડેલી હાનિ, સમાજમાં વધી રહેલો જાતિભેદ, ગરીબોની કથળતી જતી પરિસ્થિતિ, સમાજ પર આવી પડેલી કેટલીક કુદરતી આપદા વગેરેને કારણે એક સામાજિક આહ્‌વાન. એ, એ સમયની આવશ્યકતા પણ હતી. સુન્દરમ અને ઉમાશંકર જોશી જેવા કવિઓએ સામાજિક નિસ્બત અને માનવજાતના સૂર પોતાના અનેક સર્જનમાં પ્રગટ કર્યા હતા. ભાષાની સરળતા અને લોકસમૂહ સાથે સંવાદ, એ પણ આ સમયની કવિતાની લાક્ષણિકતા હતી. કેટલાક ધ્યાનાકર્ષક પ્રાસપદો, લય જોઈએ, 'બદનામ કામ હરામ થામ ન એહ ટેક રખાવજો' આરંભનો પ્રાસ અને પછી પ્રગટતો નકાર, છંદ માટે જળવાયેલ હોય તેમ વર્તાય છે. કવિતાના આરંભમાં ગ્રહી અમ હાથ, જાણીતી પંક્તિના પ્રયોગથી ઈશ્વર સાથેની પોતાની નિકટતા વ્યક્ત કરે છે અને પછી તરત કષ્ટમાં પણ ઈશ્વર શું ભૂલાય, એવો પાઠ પોતાને જ ઈશ્વર ભણાવે એવી વિનંતી કરે છે. 'મંગલ મંદિર ખોલો દયામય'ની યાદ દેવરાવે એ પદ '...નિજ બાળ સત્ય સુણાવજો' - દ્વારા ફરી પ્રભુને પોતાના પિતા-સર્વસ્વ સ્થાપિત કરી પોતાના સારા અને સદ્‌કાર્ય કરાવવાની જવાબદારી જાણે એમના શિરે સોંપતા પણ હોય કવિ ! બુદ્ધિ બગડે નહીં અને બોધ સતત મળતો રહે. એ અપેક્ષા સાથે પોતાની કુતૂહલતા અને જ્ઞાન તરસને પોષવાનું પણ પ્રભુ શિરે જ સોંપે છે.

'વિભુ ! જાણવાનું અજબ રીતે, જરૂર જરૂર જણાવજો'માં ઈશ્વરને જ પોતાના જ્ઞાનને સંતોષવાની જવાબદારી આપે છે. સાથે એમ પણ કહે છે કે પોતાના હાથે ખોટાં કાર્ય ન થાય અને એવો નિયમ પણ પોતાનાથી બંધાય એની જવાબદારી ઈશ્વરને આપે છે, પણ એના પછીની પંક્તિ રસપ્રદ એ રીતે બને છે કે સત્ય, ન્યાય, દયા, વિનય, જળ હૃદયમાં વરસાવજો, અર્થાત્ આ ચાર મહત્ત્વના સિદ્ધાંતોથી ભરપૂર જળ વહેતું રહે અર્થાત્ લગાતાર રહે અને તેથી જ એક પણ ખોટું કે બદનામ કામ ન થાય એની તકેદારી રાખવાનું ઈશ્વરને સોંપી દેવાય છે. આમ તો જરૂરી એવી બધી જ સદ્‌બાબતો જો ઈશ્વર આપી

દે પછી મન-મગજ કોઈ ખોટા વિતંડામાં પડતું નથી. ટૂંકમાં આ ગીત એક નૈતિકમય જીવન અને સદ્ભાવની વાતનો પ્રસાર કરે છે. પરમકૃપાળુ પરમાત્મા પાસે બીજું કોઈ વરદાન ન માગતાં, બીજી કોઈ લાલચની અપેક્ષા વગર જ આ માંગણી જીવન કેવું ઉચ્ચમય જીવાવું જોઈએ અને તે અંગેની સર્જકની અપેક્ષા વ્યક્ત કરે છે.

બીજું એક કૂચગીત જોઈએ તો એમાં પણ મનુષ્યને, પોતાના જીવન અંગે જાગૃતિનોએક જુસ્સો આપવાની વાત કરે છે. પગલે પગલે સાવધ રહીને...આ ગીતનો લય અને શબ્દો, યુવા હૃદયને જુસ્સો આપે એવો છે. અહીં શબ્દાનુપ્રાસ પણ જોવા મળે છે. ... ખાંડાની ધારે ને ધારે ધૈર્ય ધારી ચાલ્યો જા... પછી આગળ 'શિસ્ત શાંતિ ને સુલેહનો પાઠ, સૌને આપ્યે જા, તું દુર્ગમ પંથ કાપ્યે જા...(પગલે)' આ ગીતમાં મનુષ્યે દરેક પગલે સતત ચાલતા રહેવાની વાત છે, પણ આ ચાલતી વખતે સાવધ રહેવું અને અંતરના અજવાળા સાથે દુર્ગમ પંથ કાપતા રહેવાની વાત આવે છે. હવે આ માર્ગ પર અવરોધ તો આવે જ તેના માટે કંકર અને રેતી વગેરેનો પ્રતીક તરીકે ઉપયોગ કરાયો છે અને પછી બહુ જ વિકટ એવી પળ માટે ''ખાંડાની ધારે'' એ પ્રયોગ કરી, એ સમયમાં પણ સ્થિરતા ન ગુમાવની અર્થાત્ ધૈર્ય ધારી ચાલ્યા જવાની વાત કરે છ. 'તું ભેખધારી ચાલ્યો જા, તું શૌર્યધારી ચાલ્યો જા...' એક પ્રોત્સાહન ગીત છે જેમાં પોતાના મૂલ્યો સાથે બાંધછોડ કર્યા વગર ચાલ્યા કરવાની વાત આવે છે. મૂળ વાત તો વિકટ પળને જીતવાની હોય છે અને રોજેરોજ આ ગીત દ્વારા એવો ઉત્સાહ આમેજ કરી શકાતો હોય છે. સમૂહમાં કે સંઘમાં આવાં ગીતો બહુ જ ઉત્સાહપ્રેરક અને તરત જ ઝીલાતા હોય છે.

ગાંધીજીએ જે રીતે સર્વધર્મની પ્રાર્થનાને આશ્રમ ભજનાવલિમાં સ્થાન આપ્યું તેમ જ અહીં સંતબાલજી પાસેથી સાત વારની પ્રાર્થના મળે છે. સોમવારે રામ, મંગળવારે મહાવીર, બુધવારે બુદ્ધ, ગુરુવારે કૃષ્ણ, શુક્રવારે મહંમદ સાહેબ, શનિવારે ઓશો જરથુષ્ટ્ર અને રવિવારે ઇશુને યાદ કરીને તેમની પ્રાર્થના આલેખી છે. અહીં ઉપરછલ્લી રીતે જોતાં સર્વધર્મ તો વર્તાય છે પણ સાથે દરેક ધર્મના મૂળ તત્ત્વોને એક સાથે જાણવાની ચાવી મળે છે. દરેક ધર્મ અંતે તો માત્ર અને માત્ર મનુષ્ય ધર્મને અને સારા વર્તનને જ ભાવપૂર્વક રજૂ કરે છે. એ વાત સ્પષ્ટ થાય છે. ઈશ્વર અને પ્રેમમાં કોઈ બહુ ભેદ નથી, જ્યાં પ્રેમ છે ત્યાં

ઈશ્વર આપોઆપ જ પ્રગટ થાય છે. રામ સાથે સહુ જ્ઞાતિ-જાતિના ભેદ દૂર કરવાની વાત અને એક જ પત્નીત્વનું વલણ સ્વીકારવાની વાત આવે છે જ્યારે મહાવીરપ્રભુની પ્રાર્થના સાથે ઉપસર્ગ અને સમતા આવે છે અને વીતરાગ દેવની નમ્રતા એ અક્રોધથી પ્રાપ્ત થતા તીર્થંકર પદની વાત આવે છે. ત્યાર બાદ બુધવારે આવતા બુદ્ધ સાથે વેરત્વ જવાની વાત અને મધ્યમમાર્ગની વાત મૂકી છે આમ જ આગળ ગીતાના સંદર્ભે અને યુદ્ધ દ્વારા સર્વ જીવના ઉદ્ધારની વાત આવે છે. ઈમાનદારી અને મહમદનો સીધો સંબંધ દર્શાવી, ધર્મના પાયામાં રહેલી ઈમાનદારીની વાત અંગે ભાર મુકાયો છે. રાષ્ટ્રભક્તિ અને પવિત્ર વિચારોની વાત જરથુષ્ટ્ર ધર્મમાં કઈ રીતે આવરી લેવાઈ છે, તે વાત મૂકી છે. રવિવારના દિવસે ઇશુનો ઉલ્લેખ કરી સેવા અને સ્નેહનો સંદેશ ફેલાવાની વાત કરી છે. અઠવાડિયાના સાત દિવસમાં સાત વિભૂતિઓને યાદ કરી, જીવનમાં સર્વધર્મ માટે ઉચ્ચ ભાવ રાખવાની વાત વ્યક્ત થઈ છે. આવી જ એક રચના 'સર્વધર્મના સંસ્થાપકોમાં આવે છે. તેનો પણ મૂળધ્વનિ તો વિશ્વમાં સર્વે શાંતિ સ્થાપવાનો અને સદ્‌વ્યવહારના ફૂલો ચારે તરફ ફેલાય એ પ્રયત્ન અંગેનો છે.

'આત્મચિંતન' અંગેનું એક પદ જેમાં ધર્મની વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. સંતબાલની વિશાળ વૈચારિક સૃષ્ટિનો અહીં પરિચય થાય છે. તેમને મૂળ માનવહિત એ વૈશ્વિક શાંતિનો પ્રચાર કરવો છે, ઉપરાંત એ સમયે તેઓ અનેક સમાજના લોકોને મળતા, જેમનું સામાજિક જીવન અનેક કુટેવોથી ભરચક હતું, મદિરા, ખોટો વ્યવસાય આદિ એમના માટે જીવનમાં પ્રવેશેલા - આ બધા સામે લડવા અને તેમના મનને મક્કમ કરવા અહીં વિચાર મુકાયો છે. સવૈયા છંદમાં લખાયેલું આ ગીત પણ માનવતાના પ્રહરસમાન છે.

પ્રથમ પદમાં જે રીતે કવિ સાર વ્યક્ત થયો છે તેમ જ અહીં પણ વ્યક્ત થયો છે. મનુષ્ય માત્રની પ્રકૃતિ સંકટ સમયે પડી જવાની કે નબળી પડવાની શક્યતા હોય છે. માટે આખા પદમાં એનું પુનરાવર્તન કરી કે એ પ્રકારના ઉદાહરણ આપી વાત રજૂ કરાઈ છે.

સર્વ ક્રિયાની ઉપર માનવતા જ છે અને એટલે ખૂબ જ પ્રચલિત પદને યાદ કરીએ. 'સર્વથા સુખી થાઓ...'માં પણ આ જ ભાવ આપ્યા છે.

સંત મનુષ્યને માર્ગ ચીંધે, સંત માનવીય મૂલ્યોનો પુરસ્કાર કરનાર છે. આજે પણ આ પદ આપણે સહુ યાદ કરીએ છીએ. મનુષ્ય ધર્મ સર્વત્ર શાંતિના

વાહક એના મનુષ્યમાં પ્રસરે એવી ખેવનાના આ કવિ છે. સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. સંત બાલજીની કવિતાની ભાષા ખૂબ જ સરળ અને સહજરૂપે ગળે ઉતરી જનાર છે. એ કવિના દ્વારા સહુના મનમાં એક ભાવ, ઐક્ય સ્થાપે એના હિમાયતી રહ્યા છે. ગાંધીયુગમાં જાહેર ક્ષેત્રમાં કાર્ય કરતા સંતો પોતાની વાત આમ જ દુહા અને પદમાં મૂકીને લોકોમાં લયબદ્ધ સમન્વય સર્જે છે. ચારે તરફ આવો ભાવ ફેલાતો જાય અને એ ગીતના શબ્દો સહજ બની સુવાસ પ્રસરાવે એવી સર્જકની અપેક્ષા છે. તેમની પાસે ગાંધીયુગના ભાવ અને આદર્શ છે. બીજી તરફ સીધી સંબોધનની યુક્તિને કારણે કવિ સીધો પ્રજા સાથે ગુફતગુ કરી શકે છે.

શિખરણી સવૈયા અને છદં તેમને હંફાવતા નથી, પરંતુ તેમનો એ સહજ ભાવ જરૂરી છે. અહીં કોઈ કૃતિ કરતાં વધુ તેના ભાવની વાત મૂકે છે. સંતબાલજી પોતાના સમયના ઉત્કૃષ્ટ કરતાં વધુ માનવતાની હિમાયતી હતા. તેમને કવિતા સિદ્ધ નહોતી કરવી. તેમને તો પોતાની વાત સહુ જન સુધી પહોંચાડવાની હતી. સામાજિક કાર્યો, સહુ પ્રત્યે વાત્સલ્ય અને નિર્મળ પ્રચાર - આ રચનાનું કેન્દ્રબિંદુ છે. એટલે જ અહીં એ કાવ્યોના ભાવ વિશ્વને પહોંચાડવાની વાત મહત્ત્વની બની છે. એક વધુ રચનાનો ઉલ્લેખ અહીં કરું તો, મૈયાગીતમાં તેમની ભાવતીવ્રતા સુપેરે વ્યક્ત થઈ છે.

અજંપા જાપ તૂહી, તંદ્રામેં ખ્વાબ તૂહી, તૂહી તૂહી મૈયા તૂહી તૂહી... હવે આ ચાર વારના આવર્તનો, તીવ્રતાનો ભાવ વ્યક્ત કરે છે અને અહીં રસ નિર્માણ સાથે જે ભાવનું સઘન વિશ્વ નિર્માણ થાય તેનું મહત્ત્વ છે. પછી આવતી વિગતોમાં અધ્યાત્મની વિગતો છે, જેમાં પ્રકૃતિનાં તત્ત્વો સાથેની તાદાત્મ્યતા પણ આવી જાય છે. રસ, જાન, દામ, સત આદિ વર્ણન પછી આવતી નદી, વાયુ, ગગન, સુગંધનો ઉલ્લેખ આ રચનાને વધુ મનનીય બનાવે છે. ચેતો વિસ્તારની ક્ષણ અહીં અનુભવાય છે. છેલ્લે તો દેહનો પ્રાણ અને સૌથી ઉચ્ચ અવસ્થા એટલે બાળકની માતાનું રૂપ આપે છે. કોઈ પણ સંબંધમાં સૌથી સહજ લાગણીનો આ સંબંધ છે. બાળકની માત અને સાધકનો સાથ આ બન્નેમાં બહુ ભેદ નથી કારણ બંનેમાં જે સમર્પણ હોય છે, તેની તુલના કોઈ સાથે પણ થઈ શકે. આ રચના એકલા બેસીને વાંચીએ ત્યારે પણ એકતાન થઈ મનમાં અનુભવી શકાય છે.

*નદી પ્રવાહ તૂહ, વહ્નિકા દાહ તૂહી,*
*ઉર્વિકા રાહ એ તૂહી તૂહી,*
*વાયુકા સ્પર્શ તૂહી, પર્ણોકા સ્પંદ તૂહી;*
*ગુણોકી સુગંધ એક તૂહી તૂહી,*
*તૂહી તૂહી મૈયા તૂહી તૂહી.*
*ગગન ઉદ્યોત તૂહી, જીવનકી જ્યાત તૂહી;*
*તૂહી તૂહી મૈયા તૂહી તૂહી.*
*દેહીમેં પ્રાન તૂહી, સ્નેહીમેં સ્થાન તૂહી;*
*સબમેં સમાન મૈયા તૂહી તૂહી;*
*તૂહી તૂહી મૈયા તૂહી તૂહી.*
*બાલકકી માત તૂહી, સાધક કા સાથ તૂહી;*
*ૐ સન્મુદાનાથ એક તૂહી તૂહી;*
*તૂહીતૂહી મૈયા તૂહી તૂહી.*

મનુષ્યમાત્રની આંતરિક શુદ્ધિ તેના વર્તનમાં ત્યારે જ સ્થાયી રહી શકે જ્યારે તે એક નિર્મળ-રાગરહિત અવસ્થામાં પહોંચે છે. આ અવસ્થામાં દરેક પ્રત્યે સમભાવ, સમ સંવેદન અને દયા-કરુણા ત્યારે જ જન્મે, જ્યારે તેને કોઈ પણ આત્મા માટે કોઈ જ ભાવ-અભાવ ન હોય. આ સૌથી અઘરી ક્ષણ છે, કારણ સતત વિચારોને કારણે ભાવમાં વિકાર આવતો જ હોય છે, પણ સંત તો મનુષ્યને બાળક સમજી પ્રેમ કરે છે જેમાં કોઈ અપેક્ષા નથી. એ માટે નિર્મળ વચનનું ઉચ્ચારણ પણ સહાયભૂત બનતું હોય છે. સંતબાલજીની પ્રાર્થના પછી બોલાતા કટલાક સૂત્રો તેમની સમાજ અને દેશ વિશેની કાળજી પણ દર્શાવે છે. તેમને તેમનો સંબંધ બાહ્ય દુનિયા સાથે તોડી નથી નાખ્યો પરંતુ તે પ્રત્યે પણ જાગૃતિ દાખવી પોતાની ફરજ અદા કરી છે.

છેલ્લે સમગ્ર વિશ્વ અને માનવજાતને પોતાના ભાવ અને વિચારોથી કરુણામય અર્પતા આ સંતશ્રીની રચના-સર્જનમાં કોઈ તાત્વિક ગહન કે કોઈ સ્વરૂપના લેખા-જોખા પણ કરો. તેમની અનુભૂતિની પાવનતાને માણવાનો અહીં પ્રયત્ન કર્યો છે. આ રચના સામાન્ય પ્રજા-ભાવિકો માટે છે અને તેને તેના ભાવ સૌંદર્યથી જ પામવી પડે, તેના નાદ સૌંદર્યથી જે પ્રજામાં સહજતા-સરળતા-પ્રેમ અને વાત્સલ્યથી જીવવાનો પ્રયત્ન થયો છે તે જ મહત્ત્વનું છે. સમગ્ર સમાજનું

હિત જેને હૈયે વસ્યું હોય, તે જ્ઞાન પ્રદર્શન નથી પણ બાળગાનથી, પ્રેમગાનથી, વાત્સલ્યગાનથી જ પોતાના લોકને ચાહે અને સમજાવે, અહીં તેની પ્રતિકૃતિ જોવા મળે છે.

**સંદર્ભ :** સર્વધર્મ પ્રાર્થના - મુનિશ્રી સંતબાલજી
સંતબાલજી જીવનકવન - સં. ગુણવંત બરવાળિયા

(મુંબઈસ્થિત સેજલબહેન, મણિબહેન નાણાવટી વિમેન્સ કૉલેજનાં ગુજરાતી ભાષાનાં વિભાગાધ્યક્ષ છે. 'પ્રબુદ્ધ જીવન'નાં તંત્રી છે. તેઓએ બે પુસ્તકો લખ્યાં છે. 'મૂઠ્ઠીભરની આઝાદી' અને 'આંતરકૃતિઓ અને ગુજરાતીમાં તેનો વિનિયોગ', ''ગુજરાતી પદ્યવિમર્શઃ ફાગુ બારમાસી'' અને ''જૈન સાહિત્ય વિમર્શ''નું સંપાદન કર્યું છે).

**અહિંસા એટલે આત્મ-ઔપમ્ય, એટલે સર્વ જીવ સાથે આત્મ સમાન વર્તન એટલે આત્મભાવ, સમાનભાવ. સમભાવ, આત્મભાવ, પાપત્યાગ અને ઇન્દ્રિયદમન પાપક્રમને રોધક છે. અહિંસાનાં અંગ છે.**

# ૯ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના વિવેચનમાં સંતબાલજીનું તત્ત્વચિંતન

– ડૉ. પાર્વતીબહેન ખીરાણી

ક્રાંતિકારી વિચારક, લોકકલ્યાણકારક, માનવતાની પગદંડીના પથિક વિશ્વવાત્સલ્ય મુનિશ્રી સંતબાલજીએ ચિંતનસભર સાહિત્યનું સર્જન કરીને એક અનોખી, અલૌકિક આભા પ્રસરાવી છે.

તા. ૨૬-૦૮-૧૯૦૪, વિ.સં. ૧૯૬૦ના રોજ નાગજીભાઈ દેવજીભાઈનાં ધર્મપત્ની મોતીબહેનની કુક્ષિથી એક નરરત્ન અવતર્યું જે શિવલાલ નામથી અંકિત થયું. બાલ્યાવસ્થામાં જ પિતૃછત્ર ઊડી ગયું. માતાની માવજત પામીને વિકસી રહ્યા હતા એ દરમિયાન જૈન સંતોના પરિચયમાં આવ્યા. વૈરાગ્યવૃત્તિમાં વૃદ્ધિ થવા માંડી. સાથે સાથે ગાંધીવિચારનો પ્રભાવ પણ પડવા લાગ્યો. એ દરમિયાન માતાનું નિધન થયું. પછી ગાંધીવિચારથી રંગાયેલા ક્રાંતિકારી વિચારક લીંબડી સંપ્રદાયના પ.પૂ. નાનચંદ્રજી મ.સા.નો પરિચય થયો અને વૈરાગ્યવૃત્તિ વધતાં દીક્ષા લેવાનો નિર્ણય

કર્યો, પરંતુ મૃત્યુપૂર્વે માતાએ એમની સગાઈ કરી દીધી હતી એટલે સગાવહાલાંઓએ દીક્ષા ન લેવા સમજાવ્યા પણ વૈરાગ્યનો રંગ પાકો હતો તેથી તેઓ મક્કમ રહ્યા અને પછી જેમની સાથે સગાઈ થઈ હતી એ દિવાળીબહેનની પણ મંજૂરી મેળવી અને સૌ તરફથી આજ્ઞા પ્રાપ્ત કરીને પછી દીક્ષિત થઈ ગયા. એમનું નામ સૌભાગ્યચંદ્ર રાખવામાં આવ્યું. જૈન ધર્મ અનુસાર સંયમનું પાલન કરતાં કરતાં વિવિધ શાસ્ત્રો દર્શનનો ખૂબ અભ્યાસ કર્યો અને સારું એવું સાહિત્ય સર્જન કર્યું.

ગાંધીવિચારધારાની અસરને કારણે સફાઈયજ્ઞ, ઉપવાસ, સર્વધર્મ સમભાવ, કુદરતી ઉપચાર, પ્રાર્થના, વ્રતસાધના વગેરે વિચારોને સાકાર રૂપ આપી ચિરસ્થાયી બનાવવા માટે મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરી જે આજે કાર્યરત છે જેમાં ગાંધીવિચારધારાનું પ્રતિબિંબ પડે છે. પોતે પણ આ બધાં કાર્યો કરતા હતા. એમના પર મૌનની પણ જબરદસ્ત અસર હતી તેથી ૧૯૩૬-૧૯૩૭ એક વર્ષ એકાકી રેવા-નર્મદા નદીના કિનારે માધવદાસના આશ્રમમાં રહીને અખંડ મૌન પાળ્યું. એ દરમિયાન દુનિયાના બધા ધર્મોનો અભ્યાસ કર્યો તથા લેખનપ્રવૃત્તિનો પણ વેગ વધ્યો, જેના ફળસ્વરૂપે જૈન સૂત્રો શ્રી ઉત્તરાધ્યયન, શ્રી આચારાંગજી, ભગવતી સૂત્ર, દશવૈકાલિક અને તત્ત્વાર્થ સૂત્ર ઉપર સરળ ભાવવાહી વિવેચન લખ્યું. આ ઉપરાંત બીજું પણ સાહિત્ય સર્જન કર્યું જેમાંથી અહીં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના વિવેચનમાં એમનું ચિંતન પ્રસ્તુત છે.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર :** ભગવાન મહાવીરસ્વામીની અંતિમ દેશના તરીકે પ્રસિદ્ધ એવા ઉત્તરાધ્યયન સૂત્રમાં આધ્યાત્મિક, તાત્વિક તેમજ નૈતિક જીવનનું વિભિન્ન દૃષ્ટિકોણથી ઊંડાણભર્યું ચિંતન અનુભવાય છે.

આ એક એવો અમૂલ્ય **ખજાનો** છે જેને ભારત સરકારે 'નેશનલ ટ્રેઝર' રાષ્ટ્રીય ખજાના તરીકે જાહેર કર્યો છે.

ઉત્તર - સર્વશ્રેષ્ઠ, અધ્યયન-પ્રકરણ એક એકથી અધિક વિશેષ બોધદાયક ગાથાઓ, કથાઓનો આમાં સમાવેશ થયો છે. એના ૩૬ અધ્યયન છે. મૂળ આગમ તરીકે ઓળખાતા આ સૂત્ર માટે શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીએ 'કલ્પસૂત્ર'માં લખ્યું છે કે, ભગવાનમહાવીરે અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૬ અધ્યયનોની પ્રરૂપણા કરી પછી સિદ્ધ બુદ્ધ મુક્ત થઈ ગયા. આમાં જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો, વિચારો, ભાવનાઓ અને સાધનાનું આલેખન છે. સાધુની જીવનચર્યામાં મૂળરૂપે સહાયક થાય છે અને જેનું અધ્યયન સાધુ માટે સર્વપ્રથમ અવશ્ય જરૂરી છે એને મૂળસૂત્ર કહે છે.

આ સૂત્રમાં દ્વાદશાંગીમાં પ્રતિપાદિત અર્થનો સંક્ષેપમાં સમાવેશ થાય છે.

આ સૂત્ર એટલું લોકપ્રિય છે કે, એન પર નિર્યુક્તિ, ભાષ્ય, અવચૂરી, ટીકા, ટબા, ચૂર્ણિ તથા સંસ્કૃત ભાષામાં અનેક ટીકાઓ લખાઈ છે તેમ જ એના અનેક ભાષામાં અનુવાદો, ટીકાઓ, વિવેચનો વર્તમાને પ્રાપ્ત થાય છે. વર્તમાન સમયની જરૂરિયાતને લક્ષમાં લઈને પણ એ રીતે આ સૂત્રને સમજવામાં આવે છે. એના ગૂઢાર્થને ઉકેલીને સરળતાથી સમજી શકાય એ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે.

એવો જ પ્રયત્ન મુનિશ્રી સંતબાલજીએ ઉત્તરાધ્યયન સૂત્રના ગુજરાતી અનુવાદમાં કર્યો છે. સરળતા સાથે સર્વવ્યાપક બને અર્થાત્ માત્ર જૈન માટે જ નહીં જૈનેતર માટે પણ ઉપયોગી બની રહે એવો પ્રયત્ન કર્યો છે. એમણે દરેક અધ્યયનની શરૂઆતમાં એની પૂર્વભૂમિકા લખીને પછી સરળ અર્થ ગાથા પ્રમાણે લખતા ગયા છે. વચ્ચે વચ્ચે કેટલીક ગાથાઓની વિશેષ નોંધ પણ મૂકી છે જેથી એનું તાત્પર્ય શું છે એ જાણી શકાય, જેમાં એમની અનુવાદ શૈલીના દર્શન થાય છે.

અનુવાદ બે પ્રકારના હોય છે - (૧) શબ્દાર્થપ્રધાન (૨) વાક્યાર્થપ્રધાન. શબ્દાર્થપ્રધાન અનુવાદમાં શબ્દ પર જેટલું લક્ષ્ય અપાય છે તેટલું અર્થ સંકલના ઉપર અપાતું નથી. આથી શબ્દાર્થ તો સ્પષ્ટ રીતે જણાય છે, પરંતુ તેનો મતલબ સમજવામાં ખૂબ વિલંબ થાય છે અને તેથી ઘણીવાર ક્લિષ્ટ પણ થઈ પડે છે. જ્યારે વાક્યાર્થપ્રધાન અનુવાદનમાં શબ્દાર્થ પર ગૌણતા રખાય છે પરંતુ તેની શૈલી એવી સુંદર અને રોચક હોય છે કે વાચન કરતાં જ તેનું રહસ્ય બરાબર સમજી શકાય છે. અહીં એમણે બંનેનો સમન્વય મૂળ શબ્દોને યથાર્થ અનુસરવા છતાં શૈલી તૂટવા દીધી નથી તેમ જ સામાન્ય ગુજરાતી જાણનારને પણ વાંચનમાં કઠણ ન પડે તેથી સરળ અને સુંદર ભાષા રાખવા યથાશક્ય પ્રયત્ન પણ કર્યો છે. એના માટે અર્થ કરતી વખતે સાવ સરળ શબ્દ વપરવાની ખૂબ ચીવટ રાખી છે તથા કેટલાક પારિભાષિક શબ્દોમાં સુંદરતા લાવવા માટે તેનું રહસ્ય જાળવી ક્વચિત્ ભાષા સંસ્કાર પણ કર્યો છે, જેમ કે નિયોગઠ્ઠી અર્થાત્ નિયોગાર્થી આ શબ્દ જૈન પરિભાષામાં બહુધા મોક્ષાર્થી તરીકે પ્રસિદ્ધ છે તે મુમુક્ષુ તરીકે વાપર્યો છે એવી જ રીતે સંગ, **संग, कागुण, गुद्धि** વગેરે અનેક પારિભાષિક શબ્દોને ઉચિત પ્રસંગે પ્રકરણ સંગતિ જાળવીને તથા ભાષા પરત્વેની વર્તમાન સંસ્કારિતા તેમ જ શૈલીને અનુસરીને સંસ્કાર આપ્યા છે છતાં મૂળ આશયને પ્રધાનતાથી જાળવી રાખ્યો છે.

ભાષાદષ્ટિએ આજુબાજુના સંયોગોનું નિરીક્ષણ કરી વાસ્તવિક મૌલિકતા

જાળવવા ખાતર કેટલા અર્થો કરેલા છે તેમાં પરંપરા કરતાં કંઈક ભિન્નતા ઉચિત તરીતે સૂત્રકારના આશયને અનુસરીને કરી છે તેમ જ કેટલાક અર્થમાં વ્યંજનાશક્તિનો આધાર લીધો છે.

**સૂત્રની જીવનવ્યાપકતા -** અહિંસાના સિદ્ધાંતોનું ગંભીર પ્રતિપાદન, ત્યાગાશ્રમની યોગ્યતા, વિશ્વવ્યાપી પ્રેમ, સ્ત્રી-પુરુષ આદિ સૌને સમાન અધિકાર, સંયમની મહત્તા, કર્માવલંબી વર્ણવ્યવસ્થા, જાતિવાદના ખંડન, ગૃહસ્થ શ્રાવકનાં કર્તવ્યો એવા અનેક ઉત્તમ પદાર્થ પાઠો ભગવાન મહાવીરના પ્રતિપાદિત પ્રવચનોમાં સ્પષ્ટ મળે છે કે જે આજના વર્તમાન યુગને ધાર્મિક દિશા તરફ દોરવા માટે ખૂબ જ પ્રેરણાજનક નીવડે તેવા છે. સૂત્રની આ જીવનવ્યાપી દૃષ્ટિ સ્પષ્ટ કરવાનું લક્ષ્ય પણ આખા અનુવાદમાં સારી પેઠે રાખ્યું છે તેમ જ અસાંપ્રદાયિકતા જળવાઈ રહે એનું પણ ધ્યાન રાખ્યું છે, જે આપણે નીચેના કેટલાક અવતરણો દ્વારા જોઈએ

અધ્યયનમાં - સંયોગના વિશેષાર્થ જણાવતાં કહ્યું છે કે, સંયોગ એટલે આસક્તિ. આસક્તિ છૂટે ત્યારે જ જિજ્ઞાસા જાગે. અટલે ઘરબારનું મમત્વ ઊડી જાય. આવી ભાવના શું આપણે જીવનમાં નથી અનુભવતા? આ અવતરણ આપણને વિચારતા કરી દે છે તેમ જ આંતર ચેતનાના જાગરણ માટે પ્રેરે છે.

ત્રીજા અધ્યયનમાં ચાર અંગની દુર્લભતા બતાવી છે. તેમાં સમજાવવા નોંધ મૂકી છે કે 'મનુષ્યત્વ એટલે મનુષ્ય જાતિનો વાસ્તવિક ધર્મ. મનુષ્યદેહ મળ્યા પછી પણ મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું હોય છે જ. મનુષ્યત્વનાં વાસ્તવિક ચાર લક્ષણો છે - (૧) સહજ સૌમ્યતા (૨) સહજ કોમળતા (૩) અમત્સરતા (નિરાભિમાનતા) (૪) અનુકંપા. આટલી સારાસાર વિચારોની યોગ્યતા પછી જ સત્ વસ્તુઓનું શ્રવણ થાય છે. શ્રવણ થયા પછી જ સાચો વિશ્વાસ જાગે. વિશ્વાસ થાય એટલે અર્પણતા પ્રાપ્ત થાય અને આટલી અર્પણતા પછી જ ત્યાગ સંભવે.

આ અવતરણ જૈનેતર વાંચે તો પણ એને સાંપ્રદાયિક ન લાગતાં સમગ્ર માનવજાત માટે લખાયેલું છે એવી અનુભૂતિ થયા વગર ન રહે.

આઠમા અધ્યયનમાં નોંધ્યું છે કે, કોઈ પણ મત, વાદ કે દર્શનમાં અહિંસાતત્ત્વ સિવાય ધર્મ બતાવ્યો નથી. જૈનદર્શન અહિંસાની ખૂબ ગંભીર સમાલોચના કરે છે. તે કહે છે કે તમો બીજાને દુઃખ ન દો તેટલામાં જ અહિંસા સમાપ્ત થતી નથી, પરંતુ કોઈ પણ હિંસાના કાર્યને ઉત્તેજના ન મળે તેનો વિવેક રાખવો તે અહિંસા છે. તો વળી નવમા અધ્યાયમાં દેવેન્દ્ર અને નમિ રાજર્ષિના સંવાદમાં દાનની વાત આવે છે. ત્યાં દાન કરતાં પણ સંયમ કેમ શ્રેષ્ઠ છે. એવી નોંધ મૂકી છે કે અપરિગ્રહવૃત્તિ એ જ

ઉત્તમ ધર્મ છે. એક સંયમી માણસ અવ્યક્ત રીતે સેંકડોને પોષી શકે છે. અસંયમી બની દાન કરું તે કરતાં સંયમ પાળવો વધુ યોગ્ય છે. આ શ્લોક ખૂબ જ ઊંડાણથી વિચારતાં આપણી આજની જીવનદશાની વિટંબણા મટી જઈ ઊજળો માર્ગ મળી આવે છે.

એમાં જ આગળ જણાવ્યું છે કે, ગૃહસ્થાશ્રમનો ધર્મ ત્યાગાશ્રમની યોગ્યતા ન હોય તેને માટે યોગ્ય જ છે, પરંતુ સાચો ત્યોગ હોય તો ગૃહસ્થાશ્રમનો ધર્મ તેના આગળ ન્યૂન જ છે. એ વાતને આપણે અનુભવથી પણ ત્યાં નથી જોઈ શકતા? આ અવતરણ અન્ય દર્શનીઓને પણ વિચારતા કરી મૂકે છે. બ્રાહ્મણ પરંપરામાં ગૃહસ્થાશ્રમ પાળી પછી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાનું કહે છે એના અનુસંધાનમાં જ ઇષુકારીય અધ્યયનમાં એના માટે લખ્યું છે કે આ પ્રતિપાદનમાં ખાસ કરીને પુત્રો પરની આસક્તિ જ સ્પષ્ટ જણાય છે. આમ કહીને સંયમની મહત્તા સ્થાપી છે.

બાવીશમા અધ્યયનમાં સ્ત્રીની મહત્તા પ્રસ્થાપિત કરતાં લખ્યું છે કે સ્ત્રીશક્તિ કોમળ છે તેની ગતિ મંદ છે. તેનું ઐશ્વર્ય ભયથી વિંટાયેલું છે. સ્ત્રીશક્તિનો સૂર્ય લજ્જાનાં વાદળાંથી ઘેરાયેલો છે.

પણ તે ક્યાં સુધી ? સમય ન આવે ત્યાં સુધી.

સમય આવે ત્યારે લજ્જાના વાદળાં વિખેરાઈ જાય છે.

કોમળતા પ્રચંડતામાં પલટાઈ જાય છે અને તે તેજસ્વી સૂર્ય ઝળહળી ઉઠે છે. ત્યાં જગતનું સર્વબળ પરાસ્ત થાય છે. પુરુષશક્તિનો આવેશ પૂરો થઈ ઓસરી જાય છે અને આખરે એ શક્તિનો વિજય થાય છે.

ચોવીસમા પાંચ સમિતિ ત્રણ ગુપ્તિના અધ્યયનમાં મળમૂત્ર જ્યાં ત્યાં ન નાખવાની ઉચિત જગ્યાએ નાખવાની વાતનું સમર્થન કરતાં લખે છે કે પરિહાર્ય ચીજ અસ્થાને ફેંકવાથી ગંદકી, હોગ અને ઉપદ્રવ થાય, જીવજંતુઓની હિંસા થાય અને ઘણા મહાદોષો બને તેથી જ જૈનદર્શન વૈજ્ઞાનિક, વૈદિક અને ધાર્મિક દૃષ્ટિનો અપૂર્વ સમન્વય કરી બતાવે છે.

આ રીતે ઘણાં અવતરણો જીવનવ્યાપકતા કે અસાંપ્રદાયિકતા માટે ટાંકી શકાય પરંતુ તેમની સીમાને અનુસરીને અહીં જ અટકું છું.

અંતમાં, પૂજ્યશ્રીના અવતરણો કે નોંધરૂપી મોતીને પ્રાપ્ત કરવાં હોય તો એમના શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના વિવેચનરૂપી સાગરમાં ડૂબકી મારવી જ રહી.

**સંદર્ભ :** (૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - ગુજરાતી અનુવાદ - સંતબાલ
(૨) સંતબાલજી જીવનકવન અને પ્રેરક પ્રસંગો - ગુણવંત બરવાળિયા

# ૧૦ સંતબાલજીની દૃષ્ટિએ ભગવદ્ગીતા

— સુરેશભાઈ ગાલા

ભગવદ્ગીતા એટલે વૈદિક પરંપરાનું એક અણમોલ પુષ્પ કે જેની સુગંધથી ભારતીય સંસ્કૃતિ મઘમઘે છે. ભગવદ્ગીતા માહાત્મ્ય દર્શાવવા કહેવાય છે -

**૧) વેદત્રયી પરાનન્દા તત્ત્વાર્થજ્ઞાન સંયુક્તા ।**

ગીતા ત્રણ વેદરૂપ પરમાનંદરૂપ અને તત્ત્વજ્ઞાનથી યુક્ત છે.

**૨) સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ ।**
**પાર્થો વત્સ, સુર્ધીભોક્તા દુગ્ધં ગીતામૃતં મહતઃ ॥**

સઘળા ઉપનિષદો ગાયો છે. એને દોહનાર શ્રીકૃષ્ણ છે. અર્જુન વાછરડું છે. ગીતારૂપી અમૃત પીવાવાળા બુદ્ધિશાળીઓ છે.

ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણ વિશે જૈન સમાજમાં જે ગેરસમજ પ્રવર્તે છે એના મૂળમાં એકાંતિકદૃષ્ટિ અને હિંસાનું મિથ્યા અર્થઘટન જવાબદાર છે. શ્રીકૃષ્ણ જ

મહાભારતના યુદ્ધ માટે, હિંસા માટે જવાબદાર હતા એવી માન્યતા જૈન સમાજમાં પ્રચલિત છે, પરિણામે ભગવદ્‌ગીતાનો સ્વાધ્યાય જૈન સમાજમાં લગભગ નહિવત્ જ છે.

જૈન ધર્મ કર્મસંન્યાસનો માર્ગ છે એટલે કર્મ દ્વારા જ બંધન થાય છે એવો એકાંતિક દૃષ્ટિકોણ જૈન સમાજમાં પ્રચલિત છે. કર્મ પોતે કામ્ય હોતાં જ નથી. કર્મની પાછળની કામનાને લીધે જ તો કર્મ કામ્ય કહેવાય છે પરિણામે બંધન થાય છે. આસક્તિ કે કામના તજીને કરેલું કર્મ કે ઇશ્વરાર્પણ બુદ્ધિથી અથવા ભગવત પ્રેરિત કર્મ એ કર્મબંધનું કારણ નથી. પ્રવૃત્તિ નહીં પણ વૃત્તિ જ કર્મબંધનનું કારણ છે. કૃષ્ણનો આવો દૃષ્ટિકોણ છે. કૃષ્ણના આ દૃષ્ટિકોણને એકાંતિકદૃષ્ટિથી મૂલવવાને કારણે કૃષ્ણ વિશે ગેરસમજ પ્રચલિત છે.

પંડિત સુખલાલજી કહે છે ''મહાવીર ધર્મવીર છે જ્યારે કૃષ્ણ કર્મવીર છે. શુદ્ધ ધર્મ અને શુદ્ધ કર્મ એક જ આચરણગત્ સત્યની જુદી જુદી બાજુઓ છે. એમાં ભેદ છે, પણ વિરોધ નથી.''

ગાંધીજી કહે છે, ''જ્યારે મને મુશ્કેલી પડે છે, ત્યારે હું ગીતામાતા કને દોડી જાઉં છું અને તે મને કદી નિરાશ કરતાં નથી.''

વિનોબાજીએ કહ્યું છે, ''ખૂબ ગ્રંથો, શાસ્ત્રો, સંતોનાં વચનો વાંચ્યાં છે. બધાની મારા પર અસર પડી છે, પણ જે માતાના દૂધથી મારો મનઃપિંડ ઘડાણો છે એ માતાનું નામ ગીતામાતા છે.''

ઓશો રજનીશજી કહે છે, ''ભારતમાં અધ્યાત્મસંબંધી જે પણ વિચારધારાઓ હતી એ બધી વિચારધારાઓ ગીતામાં સમાવિષ્ટ છે. કૃષ્ણનો કોઈ પણ વિચારધારા સાથે વિરોધ નથી. કૃષ્ણ બધી વિચારધારાઓની ભીતર છૂપાયેલા સત્યને શોધી લે છે માટે જ ગીતા સારરૂપ ગ્રંથ છે. ગીતા મનુષ્યજાતિની જિજ્ઞાસા, ખોજ, પ્રાપ્તિ - આ બધાનું નવનીત છે. ગીતાના શબ્દો તમારી ભીતર જે નિઃશબ્દ છે તેને જગાડવાની ચેષ્ટા છે.''

શ્રી રાકેશભાઈ ઝવેરી કહે છે, ''ભગવદ્‌ગીતા હિંદુ ગ્રંથ નથી, અમારો ગ્રંથ છે ! એનો એક પણ સિદ્ધાંત જૈન સિદ્ધાંતની વિરુદ્ધ નથી. શ્રીકૃષ્ણ સમગ્ર માનવજાતનું મંગલ ઇચ્છતા હતા. એમની ભીતર અહિંસા હતી, એ મારું લક્ષ્ય છે ! ભારતીય સંસ્કૃતિને બે શબ્દોમાં વ્યક્ત કરવી હોય તો બે શબ્દો છે સીતા અને ગીતા (રામાયણ અને મહાભારત). ભગવદ્‌ગીતાના પહેલા અધ્યાયના પહેલા શ્લોકના પહેલા બે શબ્દો **'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે'**ને જુદી રીતે ગોઠવીએ તો આ બે

શબ્દોમાં ભગવદ્‌ગીતાનો સાર આવી જાય. **ક્ષેત્રે ક્ષેત્રે ધર્મ કુરુ** (દરેક ક્ષેત્રમાં ધર્મમય આચરણ હોવું જોઈએ.)

શ્રી ગુણવંત શાહ લખે છે, ''કૃષ્ણ અહિંસાને ઉત્તમ મૂલ્ય ગણે છે, પણ નિરપેક્ષ કે આખરી મૂલ્ય ગણવા તૈયાર નથી. કૃષ્ણની દૃષ્ટિએ ધર્મ અંતિમ મૂલ્ય છે. કૃષ્ણની દૃષ્ટિમાં અહિંસા આખર તો અતિ વ્યાપક એવા ધર્મનું એક ઉત્તમ મૂલ્ય ગણાય. આ મૂલ્ય અતિઆદરણીય છે, પરંતુ અંતિમ બાબત ધર્મ છે, અહિંસા નથી. ધર્મની ગ્લાનિ થાય તે ન ચાલે. અધર્મનું જોર વધે તે ન ચાલે. કૃષ્ણની દૃષ્ટિએ ધર્મની રક્ષા થશે તો અહિંસાની જાળવણી થશે, પરંતુ જો ધર્મ ડૂબ્યો તો અહિંસા જરૂર નષ્ટ થશે. કૃષ્ણ વ્યક્તિગત કક્ષાએ અહિંસાનો સમાદર કરે છે, પરંતુ સામાજિક કક્ષાએ ધર્મનો મહિમા કરે છે. ધર્મના ભાગરૂપે અહિંસા છે, અહિંસાના ભાગરૂપે ધર્મ નથી.'' અધર્મીનો અધર્મથી નાશ કરવો એ પણ ધર્મ છે અને હાલતા-ચાલતા પ્રાણીની વિના કારણ જાણીબુઝીને હિંસા ન કરવી એ પણ ધર્મ છે. બાહ્ય દૃષ્ટિએ વિરોધાભાસી લાગતા આ બે વાક્યોમાં વાસ્તવમાં અવરોધ છે. આ બે વાક્યોને નિરપેક્ષ રીતે નહીં પણ દેશ, કાળ અને પરિસ્થિતિને લક્ષમાં રાખીને મૂલવીએ તો અવરોધ સમજી શકાય.

આત્મસાધનાથી વિમુખ એવા જૈનાચાર્યોએ સ્થૂળ અહિંસાને ત્રૈકાલિક અને નિરપેક્ષ સિદ્ધાંત ગણી અહિંસાનું એટલું બિનજરૂરી પિષ્ટપોષણ કર્યું કે આત્મસાધનાને બદલે અહિંસાનું સ્થૂળ પાસું વધારે મહત્ત્વનું બની ગયું. સ્થૂળ અહિંસાના પાલનના આગ્રહને નામે ઘણીવાર ભાવહિંસાની અવગણના થવા માંડી. ધર્મની વ્યાખ્યા રાગ અને દ્વેષની મુક્તિને બદલે માત્ર સ્થૂળ અહિંસાના પાલનમાં સીમિત થઈ ગઈ, અલબત્ત, જીવનમાં અહિંસા ખૂબ જ જરૂરી છે પણ દેશ અને કાળની પરિસ્થિતિને લક્ષમાં રાખી ઘણીવાર સ્થૂળ હિંસા દ્વારા પણ અહિંસાનો આત્મા જળવાઈ રહે છે એવો દૃષ્ટિકોણ એકાંતિક દૃષ્ટિકોણવાળા જૈનાચાર્યોની જૈન સમાજ પરની પકડને કારણે જૈન સમાજમાં સ્વીકાર્ય ન થઈ શક્યો, પરિણામે ગીતાનો સ્વાધ્યાય જૈન સમાજમાં નહિવત્ જ રહ્યો અને શ્રીકૃષ્ણ પ્રત્યે પૂજ્યભાવ કેળવાણો નહીં.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે 'અધ્યાત્મસાર' પુસ્તકમાં ગીતાના ૧૯ શ્લોકો અક્ષરસઃ મૂક્યા છે. એમના મનમાં કદાચ એમ હશે કે 'મારે જે વિષય વિશે કહેવું છે એ વિશે શ્રીકૃષ્ણએ ગીતામાં જે કહ્યું છે એનાથી વધુ સારી રીતે

કહી શકાય એમ નથી તો પછી શા માટે ગીતાના શ્લોકો અક્ષરસઃ મૂકી ન દઉં ?''

સંતબાલજી પહેલા જૈનમુનિ છે કે જેમણે ગીતા પર વિવેચન લખ્યું છે અને કૃષ્ણનો દૃષ્ટિકોણ જૈન ધર્મ સંમત છે એ વિવેચનમાં રજૂ કર્યું છે.

આટલી પૂર્વભૂમિકા પછી મુનિશ્રી સંતબાલજીના ભગવદ્ગીતા પરના વિચારો પ્રસ્તુત કરું છું.

ગીતાને જૈન ગ્રંથ ગણવામાં મને લેશ પણ સંકોચ થતો નથી. મારા ગુરુદેવ કવિવર્યશ્રી નાનચંદ્રજી મહારાજે ઉદારભાવે જે શ્લોકસંગ્રહ કર્યો હતો તેમાં ગીતાના શ્લોકો પણ હતા. ગુરુદેવે અમોને તે કંઠસ્થ કરાવેલા. ગીતામાં જૈનદૃષ્ટિ જેટલી આકર્ષક ઢબે મુકાઈ છે એવી ઢબે એ બીજે ક્યાંય મુકાઈ નથી, આથી જ ગીતા ગ્રંથ વિશ્વમાન્ય થયો છે. જૈનદૃષ્ટિ એટલે જગતના સર્વ મતો, સર્વ પંથો કે સર્વ ધર્મોમાં રહેલા સત્યને આવકારવું. તું ખોટો છે એમ ન કહેતાં, તું અમુક દૃષ્ટિએ સાચો છે એમ સાબિત કરીને અલ્પદૃષ્ટિમાંથી મહાસત્ય તરફ પ્રેરી જવો. ગીતાએ આ દૃષ્ટિમાં અજબ સફળતા મેળવી છે.

આચારાંગ સૂત્રને પિતા કહું અને ગીતાને માતા કહું; એ બંનેના યોગે જન્મતી સંસ્કૃતિ એ વિશ્વવ્યાપી સંસ્કૃતિ છે. ગીતા નિવૃત્તિરૂપી નૌકામાં બેઠેલા સંન્યાસીને પ્રવૃત્તિલક્ષનું સુકાન ઠીક કરવા ઢંઢોળે છે તેમ જ પ્રવૃત્તિરૂપી સાગરમાં પડેલા ગૃહસ્થને નિવૃત્તિલક્ષનું તુંબડું આપી ઊગારી લે છે. પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિ અને નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ એમ બંનેનો સમન્વય એ જ આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો સમન્વય છે. સર્વધર્મનું મધ્યબિંદુ છે. વિશ્વશાંતિનું અજોડ સાધન પણ એ છે.

ગીતાનું વસ્ત્ર વેદાંત છે અને ભૌતિક યુદ્ધની પીંછીથી ગીતાની શરૂઆત થાય છે, એટલે એમાં જૈન સંસ્કૃતિનો આત્મા છે એમ માનતાં પહેલાં સહુ કોઈ અચકાશે. ગીતાને સર્વાંગે અપનાવવામાં જૈનવર્ગને આવતી આ મુશ્કેલી નાનીસૂની નથી જ. અહિંસામાં જૈનસૂત્રો જેટલાં ઊંડાં ગયાં છે તેટલા બીજા ગ્રંથો ગયા નથી. દ્રવ્ય અને ભાવ એમ બંને પ્રકારની અહિંસાની વાત જૈન સૂત્રોમાં છે. હણવા નિમિત્તે નહીં છતાં અનિવાર્ય હોય એ હિંસા દ્રવ્યમાં હિંસા છે અને ભાવમાં અહિંસા છે, તો તેવી હિંસા એવી પાપકર નથી અને બંધનકારક પણ નથી કે જે પાપ કે બંધન કરી શકે. જૈન સૂત્રોને તો સ્થૂળ અહિંસાનું કલેવર પણ બરાબર રાખી બતાવવું છે અને સૂક્ષ્મ અહિંસાનો આત્મા તો પહેલો જ જોઈએ એમ એ માને છે એટલે જૈન સૂત્રોમાં અહિંસાની ઝીણવટથી સમીક્ષા કરવામાં આવી છે.

જો અહિંસાનો સૂક્ષ્મ આત્મા સરી જાય અને સ્થૂળ કલેવર જ માત્ર શણગારીને રાખવામાં આવે તો તેના કરતાં તો નિરુપાયે જ્યાં કલેવર બગડે છે ત્યાં બગડવા દઈને પણ અહિંસાનો આત્મા બચાવી લવો એ જ યથાર્થ છે. જૈન આગમમાંના ચેટકરાજાની પણ આ દશા હતી. મહાભારતના પાંડવ પક્ષના યુદ્ધની પણ આ દશા હતી એટલે જ ગીતાને એ યુદ્ધની ક્રિયામાં અહિંસાનો આત્મા ઉગારવા માટે મહાભારત યુદ્ધની પીંછીનો આશ્રય લેવો પડ્યો છે. ગીતામાં એક પણ તત્ત્વ જૈનતત્ત્વનું વિરોધી નથી. ગીતા અહિંસામાંથી ઉદ્ભવી છે, તેથી જ તેમાં આધ્યાત્મિકતા ખૂબીથી ઝબકે છે.

ગીતામાં તત્ત્વજ્ઞાન અને આચારનો, જગતનો અને જીવનનો સુમેળ જે સફળતાથી મૂક્યો છે તે સફળતા ખરેખર જ અલૌકિક છે. ગીતાના સંકલનકાર જૈન તત્ત્વજ્ઞાનથી લેશ પણ અજાણ હોય તેમ લાગતું નથી. તેઓમાં સમતાની ભૂમિકા સુંદર ઝળકી રહેલી દેખાય છે. બાહ્ય દૃષ્ટિએ ગીતાનું કલેવર ગમે તેવું લાગે પણ ગીતાનો આત્મા તો આધ્યાત્મિક રણયુદ્ધ જ છે. પવિત્ર બાઈબલનો જૂનો કરાર, પવિત્ર કુરાન અને અવસ્તા (અશો જરથુષ્ટ્રનો ઉપદેશ) એ નદીઓની જેમ ગીતાના અખાતમાં વેગપૂર્વક મળી જાય છે.

ગીતામાં શાંતરસ પરમપ્રધાન છે. આ શાંતરસમાં વીર, રૌદ્ર, અદ્ભુત, કરુણ વગેરે રસ દૂધમાં સાકરની જેમ ભળી ગયાં છે. ભાષાદષ્ટિએ તો ગીતાની પ્રસાદ-મધુર શૈલી અને લાક્ષણિક શૈલીની મહત્તા છે જ. કાવ્યદષ્ટિએ જો કાવ્યનું લક્ષણ રસાત્મક વાક્ય લઈએ તો તે પણ ગીતામાં છે. ન્યાયદષ્ટિએ જોઈએ તો ગીતામાં શ્રીકૃષ્ણગુરુદેવની દલીલો અને પ્રમાણો સંપૂર્ણ સચોટ છે. એમાં કોણ ના કહેશે ? ગણિતશાસ્ત્ર અને કલાજ્ઞાનના વિષયને પણ એમણે છોડ્યો નથી. ગીતા સ્વયં જ કળા છે. ભોક્તા એને ભોગવી શકશે. આમ બધું હોવા છતાં જેમ અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓમાં ઉત્તમ છે એટલે અધ્યાત્મવિદ્યા તરફ જ ગીતાનો ઝોક છે.

પ્રજાનો સદાચાર કાયમ રહે. સમાજમાં શાંતિ જળવાય એ માટે યુદ્ધ સિવાય બીજો કાંઈ ઉપાય ન રહે ત્યારે પાછીપાની ન કરે એ ધર્મ છે. યુદ્ધ કે અયુદ્ધને શ્રેય કે અશ્રેય સાથે સંબંધ નથી. યુદ્ધ કે અયુદ્ધ તો ક્રિયા છે. શ્રેય અને અશ્રેય ભાવ છે. ભાવનો જ કર્મબધન સાથે સંબંધ છે. જૈન શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ આવે છે કે હલવિહલ અને કુણિક વચ્ચેના યુદ્ધમાં રાજા ચેટક હથિયાર વાપરે છે છતાં

ચેટકરાજાનું સમકિત ભાંગ્યું નથી અને એ સ્વર્ગ પામ્યા છે.

મહાભારતના યુદ્ધની શરૂઆતમાં શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો શંખ વગાડ્યો કે જે પંચજન નામના દૈત્યને હણીને બનાવવામાં આવ્યો હતો. આ સૂચક વાત છે. પંચજન દૈત્ય એટલે પાંચ ઇન્દ્રિયો દ્વારા જનિત (ઉત્પન્ન થયેલ) કામનારૂપી, આસક્તિરૂપી કે મમત્ત્વરૂપી દૈત્ય. આ કામનારૂપી, આસક્તિરૂપી કે મમત્ત્વરૂપી દૈત્ય હણાય પછી જે પ્રગટે એ સૂર સમત્વનો જ હોય ને !

મમત્વબુદ્ધિને તજતાં મમત્ત્વ સહેલાઈથી ત્યજાય છે, પણ કોઈ એકલા કર્મો છોડીને બેસી રહે તેથી ''નૈષ્કર્મ્ય સિદ્ધિ'' થતી નથી, ઊલટો મિથ્યાચારનો મહાદોષ થાય છે. ''નેષ્કર્મ્ય સિદ્ધિ' એટલે જૈનોની અકર્મદશા કે જે તીર્થંકરો અને કેવળજ્ઞાનીઓને હોય છે. બળાત્કારે કે મૂઢાગ્રહે સંન્યાસમાર્ગે ના જવું, નહીં તો એ પવિત્ર માર્ગની પવિત્રતાને ઇજા પહોંચાડવાના નિમિત્તરૂપ આપણે બની જઈએ છીએ.

અર્જુનની પ્રકૃતિથી પરિચિત હોવાથી શ્રીકૃષ્ણગુરુદેવે અર્જુનને કર્મયોગનો માર્ગ બતાવ્યો, કર્મસંન્યાસનો નહીં. કર્મયોગની મુશ્કેલી દૂર કરવા માટે કર્મફળનો ત્યાગ અથવા આસક્તિત્યાગની દૃષ્ટિ આપી. કર્મની ભયંકરતાથી ન બી પણ કર્મ કરવા પાછળની વૃત્તિની ભયંકરતાથી બી એમ કહ્યું. દુર્યોધન જો માર્ગદર્શન માગત તો શ્રીકૃષ્ણગુરુદેવે અર્જુનને જે તરફ પ્રેર્યો તે તરફથી દુર્યોધનને વારત જ.

ગીતા બધા સંપ્રદાયના લોકો માટેનો સાર્વભૌમ ગ્રંથ છે. પોતપોતાના મનની પુષ્ટિનો ભાવ એમાંથી મળે છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ એમ ત્રણ માર્ગની ગીતામાં સમ્યક્ આલોચના થઈ છે. પ્રત્યેક અધિકારીએ પોતાની પ્રકૃતિ અનુસાર એક માર્ગની પ્રધાનતા અને અન્ય બે માર્ગની ન્યૂનતા આત્મસાધના માટે સ્વીકારવી પડે છે. ગીતાનો કર્મયોગ અટલે જૈનસૂત્રોનું ચારિત્ર. આવું ચારિત્ર માત્ર ત્યાગની કે જ્ઞાનની વાતોથી આવતું નથી, અનાસક્તિથી આવે છે.

જીવનના અંગત પ્રશ્નો જ નહીં બલ્કે સર્વક્ષેત્રના સર્વ પ્રશ્નોનો સંતોષદાયક ઉત્તર ગીતામાં મળી રહેશે. બધી જાતિઓ અને બધા સદાચારોનાં મૂળિયાં જેમાંથી ફૂટ્યાં છે એવા આત્મધર્મને ખુદ ભગવાન કૃષ્ણ જેવા યોગીશ્વર અર્જુનને કહે છે. આ કથનોમાં નીતિથી પર તત્ત્વ હોય એ સ્વાભાવિક છે, પણ નીતિથી પર તત્ત્વ એટલે નીતિનો વિનાશ નથી પણ નીતિનો વિકાસ અને નીતિનું વ્યાપકપણું.

જૈન સૂત્રોમાં જે શબ્દો વપરાણા છે એ જ અર્થમાં ગીતામાં જે શબ્દો વપરાણા છે એની વિગત આ પ્રમાણે છે.

| નંબર | જૈન સૂત્રોમાંના શબ્દો | ગીતાના શબ્દો |
|---|---|---|
| ૧. | સમકિત | સમત્વ |
| ૨. | ચારિત્ર ઘડતર | કર્મકૌશલ |
| ૩. | બહિરાત્મા | સવિકાર ક્ષેત્ર |
| ૪. | અંતરાત્મા | ક્ષેત્રજ્ઞ અથવા અધિયજ્ઞ |
| ૫. | પરમાત્મા | પરમધામ અથવા પરમાત્મા |
| ૬. | શુભાસ્રવ | સુકૃત |
| ૭. | અશુભ આસ્રવ | દુષ્કૃત |
| ૮. | સંવર | સમત્વયોગ |
| ૯. | સકામ નિર્જરા | આનાસક્ત યોગ અથવા<br>કર્મફલની આકાંક્ષાનો ત્યાગ |
| ૧૦. | કર્મબંધ | ભૂતપ્રકૃતિબંધ અથવા ગુણસંગ |
| ૧૧. | રાગદ્વેષ | કામક્રોધ અથવા રાગદ્વેષ |
| ૧૨. | સિદ્ધિ સ્થાન | પરમધામ |

ભગવદ્‌ગીતાના કેટલાક શ્લોકો સંધિ છોડીને માત્ર અનુવાદ સાથે અહીં પ્રસ્તુત છે. આ શ્લોકો વાંચીને કદાચ મનમાં એવું થશે કે આ તો જૈન ધર્મની જ વાત છે. અધ્યાય નંબર અને શ્લોક નંબર સાથે શ્લોકો અહીં પ્રસ્તુત છે.

૧) **દેહિનઃ અસ્મિન યથા દેહે કૌમારં યૌવનં જરા ।**
**તથા દેહાન્તર પ્રાપ્તિઃ ધીરઃ તત્ર ન મુહ્યતિ ॥** ૨-(૧૩)

જેમ દેહધારીને આ દેહમાં બાળપણ, યૌવન અને ઘડપણ પ્રાપ્ત થાય છે તેમ બીજા દેહની પણ પ્રાપ્તિ થાય છે. ધીરપુરુષ તેમાં મોહ પામતો નથી.

૨) **માત્રા સ્પર્શાઃ તુ કૌન્તેય શીત ઉષ્ણ સુખદુઃખદાઃ ।**
**આગમ અપાયિનઃ અનિત્યાઃ તાન તિતિક્ષસ્વ ભારત ।।** ૨-(૧૪)

હે કૌન્તેય, ઇન્દ્રિયોના વિષયો સાથેના સંયોગથી શીતળતા કે ઉષ્ણતા પ્રાપ્ત થાય છે, પરિણામે સુખ કે દુઃખ અનુભવાય છે. હે ભારત, આ પરિણામો આવવા-જવાના સ્વભાવવાળા અને અનિત્ય છે. તેઓને તું સહન કર.

૩) **વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય**
**નવાનિ ગૃહ્ણાતિ નરઃ અપરાણિ ।**
**તથા શરીરાણિ વિહાય જીર્ણાનિ**
**અન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥** ૨-(૨૩)

જેવી રીતે મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરે છે તેવી રીતે દેહધારી આત્મા જૂનાં શરીરો ત્યજી નવાં શરીર ધારણ કરે છે.

૪) **ન એનમ છિન્દન્તિ શસ્ત્રાણિ ન એનં દહતિ પાવકઃ ।**
**ન ચ એનમ કલેદયન્તિ આપઃ ન શોષયતિ મારુતઃ ॥** -૨ (૨૨)

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી કે પવન સૂકવી શકતો નથી.

૫) **યોગસ્થ કુરુ કર્માણિ સંગં ત્વક્ત્વા ધનંજય ।**
**સિદ્ધિ અસિધ્ધયોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥** ૨-(૪૮)

હે ધનંજય, આત્મભાવમાં સ્થિર થઈ, આસક્તિ તજી, સિદ્ધિ કે અસિદ્ધિમાં (સફળતા કે નિષ્ફળતામાં) સમતા જાળવ કારણ કે સમત્વ એ જ યોગ છે.

૬) **પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્ ।**
**આત્મનિ એવ આત્મના તુષ્ટઃ સ્થિતપજ્ઞઃ તદા ઉચ્ચયતે ॥** ૨-(૫૫)

હે પાર્થ, જ્યારે મનુષ્ય પોતાના મનમાં રહેલી સર્વ કામનાઓનો નાશ કરી નાખે છે અને આત્મા વડે આત્મામાં જ સંતોષ પામે છે એટલે કે આત્મભાવમાં સદા સ્થિત રહે છે એને સ્થિતપ્રજ્ઞ કહે છે (સ્થિતપ્રજ્ઞ એટલે કેવળજ્ઞાની).

૭) **વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જમ્ રસઃ અપિ અસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥** - ૨(૫૯)

નિરાહારી રહેવાથી વિષયો દૂર રહે છે પણ એ વિષયો તરફનો રસ (વાસના) દૂર થતો નથી. આ રસ (વાસના) પરમતત્ત્વની અનુભૂતિથી જ દૂર થાય છે.

૮) **ઇન્દ્રિયસ્ય ઇન્દ્રિયસ્ય અર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોઃ ન વશમ્ આગચ્છેત્ તૌ હિ અસ્ય પરિપન્થિનો ॥** - ૩(૩૮)

પ્રત્યેક ઇન્દ્રિયને તેના પોતાના વિષયમાં રાગદ્વેષ હોય છે. તે રાગદ્વેષને વશ થવું નહીં કારણ કે રાગદ્વેષ મનુષ્યના આત્મસાક્ષાત્કારના માર્ગમાં અવરોધક છે.

૯) **જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટી ન કાંક્ષતિ ।**
**નિર્દ્વન્દો હિ મહાબાહો સુખં બન્ધાત્ પ્રમુચ્યતે ॥** - ૫(૩)

જે કશાનો દ્વેષ કરતો નથી કે કશાની ઇચ્છા રાખતો નથી તેને સદા સંન્યાસી જાણો કેમકે રાગદ્વેષાદિ દ્વંદોથી રહિત તે આસાનીથી સંસારના બંધનોથી છૂટે છે.

૧૦) **જિતાત્મનઃ પ્રશાન્તસ્ય પરમાત્મા સમાહિતઃ ।**
**શીત ઉષ્ણ સુખદુખેષુ તથા માનઅપમાનયોઃ** ॥ ૬(૦૭)

ઠંડી, ગરમી, સુખ-દુઃખ તથા માન-અપમાનમાં જે મન તથા ઇન્દ્રિયોને જીતીને અત્યંત શાંત રહે છે તેને પરમતત્ત્વનો અનુભવ થાય છે.

૧૧) **આબ્રહ્મભુવનાત્ લોકોઃ પુનઃ આવર્તિનઃ અર્જુન ।**
**મામ ઉપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે ॥** - ૮(૧૬)

હે અર્જુન, બ્રહ્મલોક સુધીના જે સર્વ લોક છે (દેવલોક) તે સર્વ લોકને પામનારા મનુષ્યો ફરી સંસારમાં જન્મ લે છે, પરંતુ હે કુંતિપુત્ર, જે મારા ધામને પામે છે (બ્રહ્મલોક અથવા સિદ્ધશિલા) તેનો ફરી જન્મ થતો નથી.

વાચકોને ભગવત્ગીતાની મહાનતાનો ખ્યાલ આવે એટલા માટે ૧૧ શ્લોક અનુવાદ સાથે અહીં રજૂ કર્યા છે. જિજ્ઞાસુઓ મુનિશ્રી સંતબાલ રચિત જૈનદૃષ્ટિએ ગીતાદર્શન ભાગ-૧ અને ભાગ-૨નો સ્વાધ્યાય કરશે તો જૈનસૂત્રો અને ગીતા વચ્ચેની સમાનતા અનુભવી શકશે જે મુનિશ્રી સંતબાલજીનું ધ્યેય હતું.

ખાદીધારી જૈનમુનિ શ્રી સંતબાલજીને આ બે પંક્તિઓ અર્પણ કરીને મારા લેખનું સમાપન કરું છું.

**લોકસેવા અને સાધનામાં હતા તન્મય,**
**ગીતા અને જૈન ધર્મનો કર્યો સમન્વય.**

- સુરેશ ગાલા

(શ્રી સુરેશભાઈ ગાલા જૈન ધર્મના અભ્યાસી અને સાધનામાર્ગના પથિક છે. આત્મસાધનાને કેન્દ્રમાં રાખી એમણે નવ પુસ્તકો લખ્યાં છે).

# ૧૧ સાધુતાની પગદંડી ... વિહારયાત્રાનાં જીવન શબ્દચિત્રો

— ડૉ. રતનબહેન છાડવા

સં.૧૯૯૮ની સાલમાં પૂ. મુનિશ્રી સંતબાલજી મણિભાઈ પટેલના ગામ પધાર્યા. રાત્રે મુનિશ્રીનું 'માનવધર્મ' પરનું પ્રવચન સાંભળતાં મણિભાઈના માનસ પર ઊંડી અસર થઈ. સંતબાલજીથી પ્રભાવિત થતા સવંત ૨૦૦૦ની સાલમાં સાણંદ મુકામે તેમના ચાતુર્માસ દરમ્યાન મણિભાઈ તેમની સાથે રહ્યા પછી એક અદના સેવક તરીકે તેમની સાથે વિચરણ કરવા મુનિશ્રીને વિનંતી કરી. મુનિશ્રીની મંજૂરી મળતાં મણિભાઈ તેમના સાન્નિધ્યમાં સાથે સાથે વિચરવા લાગ્યા. જે દિવસથી તેઓ મુનિશ્રી સાથે જોડાયા તે દિવસથી તેઓએ પોતાની અંતઃસ્ફૂરણા પ્રમાણે અત્‌થી ઇતિ પ્રવાસનોંધ લખવાનું શરૂ કર્યું. તેમાં પ્રવચનો, ગામ આગેવાનોની સાથેની ચર્ચા વગેરે નોંધાયું. મણિભાઈ સાહિત્યકાર કે લહિયા ન

હોવા છતાં મુનિશ્રીના કથનોના હાર્દને પકડી સચોટ લખાણ કરતા. એટલે મુનિશ્રીની પદયાત્રાનું વર્ણન ફક્ત ગામ-ઠામની માહિતી ન બનતાં જે તે પ્રદેશની આમજનતાની જીવનચર્યાનું જીવંત આલેખન બન્યું.

સર્વાંગી ચારિત્ર્યવાન સંતની વાણી એ ગુજરાત ને રાષ્ટ્રની અમાનત સમાન આ નોંધો ત્રસ્ત જગતને શાંતિ પમાડે એવી છે. એનું યોગ્ય હાથે સંકલન અને સંપાદન થાય તો માનવજીવનના ઇતિહાસમાં એક મહત્ત્વની કડીરૂપ બને એવા વિચાર મણિભાઈને આવ્યા અને જોગાનુજોગ સંતબાલજીની ૧૧મી નિર્વાણ તિથિએ મહાવીર સાહિત્ય પ્રકાશન સમિતિએ મણિભાઈએ લખેલ મુનિશ્રીની વિહારયાત્રાઓની નોંધોને પ્રગટ કરવાનું ઠરાવ્યું. શ્રી મનુભાઈ પંડિતે તે સંલકન કાર્ય હાથમાં લીધું અને 'સાધુતાની પગદંડી' એ શીર્ષક હેઠળ એક પછી એક એમ છ પુસ્તકો છપાયાં. આ પુસ્તકો દ્વારા જાણવા મળે છે કે...

એ સમયે જૈન સમાજમાં શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં કહીએ તો તત્ત્વચિંતકોનું વલણ ફક્ત ને ફક્ત જ્ઞાનીઓ તરફનું જ હતું. સામાન્ય જન તદ્દન ઉપેક્ષિત હતો. હેમચંદ્રાચાર્ય બાદ સામાજિક જવાબદારીઓથી વિમુખ થયેલા જૈન સાધુ સમાજમાં મુનિ સૌભાગ્યચંદ્રનું આવવું જાણે કે એક વૈચારિક ક્રાંતિનું મોજું આવ્યું. યુગે યુગે સમાજને રૂંધતા પરિબળો, ધાર્મિક ગેરમાન્યતાઓ, કુરૂઢિઓ કે રાજકીય બંધનો કે આર્થિક સંકડામણો સામે જ્યારે જ્યારે લડત થઈ છે ત્યારે ત્યારે તે ક્રાન્તિ કહેવાઈ છે. બસ એ જ રીતે એક મુનિ સૌભાગ્યચંદ્રજીએ સાધુતામાં સમાજસેવા ભેળવી એક ક્રાંતિની શરૂઆત કરી દીધી. તેમણે કર્મયોગ દ્વારા ચારિત્ર્ય ઘડતરમાં નવી દિશા કંડારી. સમાજસેવાના માધ્યમે જ વ્યક્તિગત સાધના અને આત્મસાધનાની સફળ પ્રક્રિયા સંભાળી શકે એ તેમણે પ્રતિપાદન કરવા માંડ્યું. પરિણામે લોકોમાં તેઓ સંતબાલજીના હુલામણા નામે લોકપ્રિય થયા.

સંઘોમાં-સાધુ સમાજમાં ત્યારે ખળભળાટ મચી ગયો. એક જૈન મુનિ... અને દુન્યવી સમાજસેવા ? સંભવી જ ન શકે અને તેમનો જૈન સમાજ-સંઘોમાં બહિષ્કાર થવા લાગ્યો. સંતબાલજી પોતાના ગુરુને એમના કારણે સહન કરવું ન પડે માટે ગુરુથી અલગ થયા, પણ તેમણે મુનિવેશ અને સાધુના આચાર સાચવી રાખ્યા. ભિક્ષાચારી અને પાદવિહાર ચાલુ જ રાખ્યા અને આ જ તો લોકસેવા માટે ઉપયોગી થયા. તેઓ વર્ષાવાસ કરતા રહ્યા અને શેષકાળ વિચરતા રહ્યા. એ રીતે તેમણે સાડા બાર હજાર માઈલનો પગવિહાર કર્યો. લગભગ ૩૫૦૦

ગામના લોકોના સંપર્કમાં આવ્યા. તેઓએ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, ઓરિસ્સા વગેરે પ્રદેશોમાં વિચરણ કર્યું. આ વિચરણ દરમ્યાન તેઓ કોઈ ને કોઈના ઘરે ઊતરતા, તેમાં પણ નીચ વર્ણનું ઘર મળે તો પહેલી પસંદગી આપતા. એ રીતે તેઓ જાતજાતના વર્ણ અને ધર્મના લોકો વચ્ચે વસતા અને તેમની માહિતી મેળવતા. એ સાથે તેમના પ્રાણપ્રશ્નો ઉકેલતા. પાણીની અછતવાળા પ્રદેશોમાં પાણીની વ્યવસ્થા કરાવી આપતા. લોકોમાં પ્રવેશેલી બદીઓ દૂર કરાવતા, વ્યસનમુક્તિ કરાવતા, પ્રજાના પ્રાણપ્રશ્નો ખેતી વિષયક વધુ હોવાથી તેને લગતું જ્ઞાન આપતા, પશુધન બાબત સમજણ આપતા, શોષણખોરી અટકાવવા એ પ્રજાને રંજાડતા તત્ત્વોને પ્રેમપૂર્વક વાળતા. આ બધું સંતબાલજી એક ધર્મગુરુને છાજે એ રીતે શાસ્ત્રોક્ત દૃષ્ટાંત કથાઓ કરી પ્રવચનોમાં સમજાવતા. ગ્રામલોકોના સંગઠનો બનાવવા પ્રેરતા એ સમાજ ઉત્થાનની પ્રવત્તિઓ કરવા કહેતા. પ્રાયોગિક સંઘોની સ્થાપના કરાવતા, બહેનોને પગભર કરવા મહિલા સમાજ સંગઠનની રચના કરાવતા, આ વાતોની પુષ્ટિ એ પુસ્તકોમાંથી મળે છે.

આમ સંતબાલજી હરતાફરતા પ્રજાઘડતરના અહિંસા અને પારસ્પરિક પ્રેમના પાઠ ભણાવતા એક આધ્યાત્મિક વિદ્યાલય જ હતા. તેમની તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં ધર્મના સાચાં મૂલ્યોની શુદ્ધિ, ત્યાગ અ સમર્પણ તો ખરાં જ. એટલે જ તો તેઓ સર્વધર્મ સમભાવના પિતાતુલ્ય બન્યા. સર્વધર્મના ઉપાસક બનવાની પ્રેરણા તો તેમને ભિલોડાના ૧૧મીસદીના દિગંબર જૈન મંદિરથી મળી જ્યાં તેમણે હનુમાન, વિષ્ણુ, ગણપતિની મૂર્તિઓ જોઈ અને મસ્જિદનો મિનારો પણ. નમાજ પઢવાનું સ્થાન પણ અને આરતી કરવાનું સ્થાન એક જૈન મંદિરમાં જ.

સમાજસેવા કરતા સાધુ સામે જોઈ સવાલ ઉઠાવતા ત્યારે સંતબાલજી સચોટ સમાધાન કરી આપતા. એક વાર એક મહિલાએ પૂછ્યું કે, મુનિ દીક્ષા સમયે લીધેલી પ્રતિજ્ઞાઓનું શું ? ત્યારે સંતબાલજીએ સહજ ભાવથી જણાવ્યું કે પ્રતિજ્ઞાનો આશય તો રાગ, દ્વેષ, મોહ, માયા વગેરે જીતવાનો છે. આત્માનું કલ્યાણ વિશ્વના કલ્યાણ સાથે જ છે. એટલે જ પોતે તરવું અને બીજાને તારવા એ પ્રતિજ્ઞા જ્યારે વ્યવહારમાં આવે છે ત્યારે વિચાર માગી લે છે. મહાવીર બાર વર્ષ ફર્યા તેનું કારણ પ્રાણીમાત્રનો અભ્યાસ કરવો એ હતું. ચંડકૌષિક જેવા સાપના ડંખ પ્રત્યે પણ અમી વરસાવવામાં સફળ થયા ત્યારે તે સાધના પૂરી

થઈ એમ માન્યું. વ્યક્તિની આધ્યાત્મિક દશા માપવાનું સ્થાન સમાજ જ છે અને એ દૃષ્ટિએ લોકસંપર્કમાં ફક્ત એટલું જ ધ્યાન રાખવાનું છે કે રાગદ્વેષથી હું ક્યાં ક્યાં દૂર રહી શકું છું ને ક્યાં ક્યાં પડી જાઉં છું. જડક્રિયાકાંડને આપણે ધર્મ માની લઈએ છીએ એટલે આવા પ્રશ્નો ઉઠે છે એ સ્વાભાવિક છે, પણ ધર્મ એ તો અંતરની વસ્તુ છે. જીવનની એકેએક ક્રિયામાં તે માર્ગદર્શન આપી શકે છે.

આત્મવિકાસ અને કહેવાતી જનસેવા વચ્ચે સંતબાલજીને કદી ભેદ લાગ્યો જ ન હતો તે તત્ત્વજ્ઞાનનો પાયો છે. હવે જ્ઞાન-દર્શન તાત્ત્વિક બોધથી અને ચિંતનથી પ્રાપ્ત થાય છે, પણ ચારિત્ર પ્રાપ્તિનો સરળ ઉપાય શું? સંતબાલજી માનતા કે સમાજમાં ઘર્ષણનું જે તત્ત્વ છે તે તત્ત્વનો સામનો કરવાથી ચારિત્ર્ય ઘડતરની અમૂલ્ય તક મળે છે, તે તકકર્મયોગી ને સુલભ છે. તેથી જ ખરો કર્મયોગી છે તે ખરો ચારિત્રવાન બની શકે છે અને એટલે જ તેમને આત્મવિકાસ અને જનસેવા વચ્ચે ભેદ નથી દેખાયો. જન તેમ જ જૈનેતર સાધુઓ જો જનસેવા દ્વારા આત્મવિકાસ સાધે તો સમાજમાં પ્રવર્તિત અનેક દૂષણોનું નિવારણ સહેલાઈથી થઈ શકશે. 'સાધુતાની પગદંડી' પુસ્તકોમાં આ વિશે વિસ્તૃત નોંધ મળે છે.

સર્વધર્મ સમભાવમાં માનતા સંતબાલજી જૈન તત્ત્વજ્ઞાન ઉપરાંત જૈનેતર તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી હતા. તેમણે પોતાના સમાજની સેવાનો લાભ લઈ કદી પણ સાંપ્રદાયિક પ્રચાર અજાણતાં પણ કર્યો નથી કે કોઈ પણ જૈનેતર વ્યક્તિને જૈન ધર્મ અંગીકાર કરવાનું કહ્યું નથી. ફાધર જોન્સન સાથેના વાર્તાલાપમાં તેમણે ફાધરનું પણ ધ્યાન ધર્મપરિવર્તન તરફથી હટાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે તેમને સમજાવ્યા કે લોકસેવા કોઈ એક ધર્મનો ઇજારો નથી. દરેક ધર્મમાં સેવાનાં સંદેશ મળે જ છે. એટલે સેવા કરી સામાનું ધર્મપરિવર્તન કરાવવું એ લોકોને લલચાવવા બરાબર જ છે. માટે સેવામાં લાલચ તત્ત્વ ન લાવવું.

ઉપર જણાવેલ આધ્યાત્મિક પ્રસંગ ઉપરાંત સામાજિક-લોકોને સ્પર્શતા કિસ્સાઓ પણ આ સાધુતાની પગદંડીના છ પુસ્તકોમાં મળી આવે છે, જેમ કે -

મીઠીપુર ગામમાં કોળી અને ભરવાડ વચ્ચે બહુ મોટો ઝઘડો થયો હતો. મહારાજશ્રી પાસે બંને પક્ષકારો એમના આગેવાનો સાથે આવ્યા. મહારાજશ્રીએ તેમને સાંભળ્યા. સૌને લવાદથી ઝઘડો પતાવવા સમજાવ્યા. પછી ઝઘડાનો સુંદર નિકાલ પણ આવી ગયો.

તણછા નામના ગામમાં ચંદુભા રાજકારણમાંથી નિવૃત્ત થઈ સર્વોદયથી

જીવન જીવવા માગતા હતા. તેમને સંતબાલજીએ કહ્યું કે નિરાશામાંથી વૈરાગ્ય આવ્યો હોય તો આગળ જતાં નિષ્ફળતામાં પરિણમશે અને પાછું રાજકારણ આવી જવાનું. સમજણપૂર્વક કરો. ગામડાનું હિત કરવું હોય તો રાજ વગર ચાલવાનું નથી એટલે યોજનાબદ્ધ કામ કરવું. અહીં મહારાજશ્રીની દુરંદેશી દેખાઈ આવે છે.

ચોટીલામાં એક જૈન ભાઈ મળેલા. તે કહે કે હું ખેતી કરાવું છું તો લોકો મારી નિંદા કરે છે. ત્યારે કહ્યું કે, જો આપણે અનાજ ખાઈએ છીએ તો પણ પાપ લાગવાનું જ, પણ એક જૈન ખેતી કરતો હશે તો વિવેક વાપરશે. ખેતીમાં પાપ તો છે પણ તેમાં વિવેક ભળી જાય તો એ કર્મ ધર્મ બની જશે.

સુદામડા ગામમાં મહારાજશ્રીએ હરિજન પ્રશ્ન વિશે લોકોને સારી રીતે સમજાવતાં એક કૂવો હરિજન માટે ખૂલ્લો કરવા દરબારો, વ્યાપારી વગેરે સુસંમત થયા.

એક રાત્રે વિશ્વાવાત્સલ્યનું વાંચન કરતાં મીરાંબેને એક કાર્યકર માટે 'ચોર' શબ્દ વાપર્યો તેથી મહારાજશ્રીને ખૂબ દુઃખ થયું, કારણ તેઓ સમજતા કે કાર્યકરો તો સંસ્થાન હાથ-પગ સમાન છે. તેમના માટે આવું અજુગતું બોલાણું તો ગુરુદેવના કહેવાથી તેણે પ્રાયશ્ચિત્ત કર્યું.

આવાં છે વિહારયાત્રાના શબ્દચિત્રો.

સંદર્ભ : 'સાધુતાની પગદંડી' ભાગ-૧થી ૬, લેખકઃ મણિલાલ પટેલ

(લેખિકા : ડૉ. રતનબેન છાડવા - તંત્રી-જૈન પ્રકાશ, તંત્રી - 'જીવદયા' માસિક, જ્ઞાનસત્રોમાં પેપર રજૂ કરે છ, જૂની લિપિ ઉકેલે, હસ્તપ્રતોનું સંશોધનકાર્ય કરે, 'પ્રબુદ્ધ જીવન'માં સળંગ લેખમાળા આપે છે).



## ૧૨ ૐ મૈયાના આરાધક, વિશ્વવાત્સલ્યના સંદેશવાહક

# ક્રાંતદૃષ્ટા મુનિશ્રી સંતબાલજી

— ડૉ. મધુબહેન બરવાળિયા

ભારત દેશ એ વિશ્વની અનેક સંસ્કૃતિ અને દાર્શનિક પરંપરાઓનું પિયરઘર છે એમ જ્ઞાની પુરુષોનું કથન છે, એવા ભારત દેશના ગુજરાત રાજ્યનો સૌરાષ્ટ્ર વિસ્તાર એ સંતો અને વીરપુરુષોની ભૂમિ છે. મહાત્મા ગાંધીજી જેવા રાષ્ટ્રભક્ત, શ્રીમદ્ રાજચંદ્ર, દયાનંદ સરસ્વતી જેવી વિભૂતિ આ ધરાની દેન છે એવા સૌરાષ્ટ્રના મોરબી તાલુકામાં આવેલા ટોળ નામના નાનકડા ગામમાં તા. ૨૬-૮-૧૯૦૪ના શ્રાવણ સુદ પૂનમ (બળેવ)ના રોજ સંતબાલજીનો જન્મ થયો હતો. પિતા નાગજીભાઈ દેવજીભાઈને ત્યાં માતા મોતીબહેનની કૂખે અવતરેલા આ બાળકનું નામ શિવલાલ રાખવામાં આવ્યું. તેમની નાની બહેનનું નામ મણિબહેન હતું. પિતાની નાની દુકાનની પૂરતી કમાણી નહોતી તેથી તેઓ રાજકોટ ગયા. ત્યાં ન ફાવતાં

ફરી ટોળ આવ્યા. ઘરખર્ચને પહોંચી વળવા ખૂબ મહેનત કરવી પડતી. અતિશ્રમથી પિતાને માંદગી આવી ને ખૂબ જ નાની વયે શિવલાલે પિતાનું છત્ર ગુમાવ્યું.

ટોળમાં શિક્ષણની સુવિધા ન હોવાથી બે માઈલ દૂર અરણી ટીંબી ગામે બે ગુજરાતીનો અભ્યાસ કર્યો અને પછી મોસાળ બાલંભામાં સાત ગુજરાતી ભણ્યા ને થોડું અંગ્રેજી શીખ્યા. પછી મામા સાથે મુંબઈ ગયા. પહેલાં કપડાના વેપારીને ત્યાં અને પછી પારસીને ત્યાં નોકરી કરી.

શિવલાલને મુંબઈનું દેશભક્તિના આંદોલનનું વાતાવરણ સ્પર્શવા લાગ્યું અને ખાદી પહેરવાની શરૂઆત કરી. રાજસ્થાનથી પધારેલા સૌભાગ્યમલજી મહારાજથી પ્રભાવિત થયા. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ વધ્યો. તેમની પાસે દીક્ષિત થવાના ભાવ જાગ્યા. પછી નાનચંદ્રજી મહારાજના વિશેષ પ્રભાવ હેઠળ આવ્યા.

ટોળમાં શિવલાલનાં માતા મોતીબાઈએ ઇમામ સાહેબની આગાહીથી ગભરાઈને શિવલાલની સગાઈ કરી. દેશમાં આવી શિવલાલે મણિબહેનનાં લગ્નનું કાર્ય પૂર્ણ કરી કુટુંબની ફરજ પૂર્ણ કરી. મોતીબાની તબિયત નાદુરસ્ત હતી. પેટના વ્યાધિના ઑપરેશન બાદ તેઓનો સ્વર્ગવાસ થયો. વૈરાગ્ય દઢ થતાં શિવલાલે પૂ. નાનચંદ્રજી મહારાજને પત્ર લખી પોતાની ભાવના દર્શાવી.

પૂ. નાનચંદ્રજી મહારાજે પોતાની પાસે બોલાવી, સંસારત્યાગ પૂર્વેની તૈયારી તથા અભ્યાસ કરાવ્યો.

શિવલાલે કાકા-દાદાની રજા-આજ્ઞા મેળવી. શિવલાલની જેમની સાથે સગાઈ થઈ હતી તે દીવાળીબહેન પાસે તેઓ ગયા અને કહ્યું : ''મારી ઇચ્છા વીતરાગ માર્ગમાં પ્રવેશવાની છે.ભાગવતી દીક્ષા લેવી છે. આપને આવવું હોય તો સંતો મદદ કરશે અને સંસાર માર્ગે જવું હોય તો મારી એક ભાઈ તરીકે શુભેચ્છા છે અને તેને વીરપસલીની સાડી ભેટ અપી.'' બહેને પણ ગોળની ગાંગડી ખવડાવી શુભમાર્ગે આગળ વધવાની શુભેચ્છા આપી.

મણિબહેનની આજ્ઞા લીધી. પૂ. સૌભાગ્યમલજી મ.સા.ની આજ્ઞા અને આશીર્વાદ પણ મળ્યા. પછી નાનચંદ્રજી મ.સા. સાથે શિવલાલ મોરબી આવ્યા. રાજવી લખધીરસિંહને ત્યાં વૈરાગી ભાવદીક્ષિત શિવલાલના ટૂંકા પ્રવચનથી રાજવી પ્રભાવિત થયા ને મોરબીમાં દીક્ષા થાય તેવા ભાવ દર્શાવ્યા, પરંતુ મોરબીમાં જૈન દીક્ષા પર પ્રતિબંધ છે, તે બાબતે રાજવીનું ધ્યાન દોર્યું. રાજવીએ હુકમથી પ્રતિબંધ દૂર કરી સં. ૧૯૮૫ (ઇ.સ. ૧૯૨૯)ના જાન્યુઆરીમાં રાજ તરફથી બધી જ

સુવિધા દીક્ષા માટે કરવી તેવો હુકમ કર્યો ને તે શિવલાલમાંથી સૌભાગ્યચંદ્ર થયા.

પૂ. ગુરુદેવ કવિવર્ય નાનચંદ્રજી મહારાજના સાન્નિધ્યે સાધનામાં આગળ વધતાં સૌભાગ્યચંદ્ર મુનિશ્રી સંતબાલ બન્યા.

સંતબાલજીએ જૈન આગમો, ભારતીય દર્શનો, ષટ્દર્શન અને વિશ્વની વિવિધ દાર્શનિક પરંપરા અને અન્ય ધર્મો અને સંસ્કૃતિનો અભ્યાસ કર્યો.

સંતબાલજીએ એમના વિચારો ને આદર્શોને ચરિતાર્થ કરવા કેટલીક સંસ્થાઓની સ્થાપના કરી છે. સંતબાલજીએ વ્યસનમુક્તિ, બલિપ્રથા બંધ કરાવવાનાં, ખેડૂતોના પ્રશ્નો સોલ્વ કરવા, પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા જેવાં અનેક કાર્યો કર્યાં.

૧૯૩૧માં 'દિનકર' માસિકમાં 'સુખનો સાક્ષાત્કાર'ના નામે તેઓના લેખોનું સંકલન કરી પુસ્તિકા પ્રકાશિત થયેલ જેમાં વ્યક્તિગત કે સમાજગત સુખ માટે બંધારણીય માર્ગે પ્રયાસ કરવાની વિગતો દર્શાવેલ.

મુનિશ્રી સંતબાલજીએ રાણપુર નજીક નર્મદાના કાંઠે ઇ.સ. ૧૯૩૬-૩૭નું પૂરું એક વર્ષ મૌન સાધનામાં ગાળ્યું. આ કાળ દરમિયાન તેમણે બધા ધર્મોનો અભ્યાસ કર્યો. ઉપરાંત તેમની કાવ્યો, લેખ વગેરેની લેખન પ્રવૃત્તિ જોરદાર બની ગઈ.

વિશેષમાં તેમને ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતે સામાજિક બાબતો અંગે શું કરવું, લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારી વિચારો ઉદ્ભવ્યા. ૧૯૩૭માં તેમણે મૌન તોડ્યા પછી એક જાહેર નિવેદન બહાર પાડ્યું. આ નિવેદનથી રૂઢિચુસ્ત જૈન સમાજમાં ખળભળાટ બચી ગયો. તેઓએ દર્શાવ્યું કે, જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ વિશાળવિધ યોજનાનો એ ભાગ બની ગયા છે, જૈન સાધુઓએ સમાજસુધારણા માટે કામ ન કરવું જોઈએ તેવી કોઈ મનાઈ ફરમાવવામાં આવતી નથી. લોકસેવાના કાર્યથી તેઓ સંપ્રદાયથી જુદા થયા. સાધુવેશ ન છોડ્યો. ગુરુ નાનચંદ્રજી મહારાજે કહ્યું કે, 'સંતબાલ જૈન સાધુ નહિ, જગત સાધુ છે.'

અહીં તેમનાં લખાણોમાં ધર્મ આધારિત સમાજરચનાના વિચારો સ્પષ્ટ થયા. તેમના ધર્માનુબંધી વિશ્વદર્શનનાં ૧૦ પુસ્તકો પ્રગટ થયા.

ધર્મપ્રાણ લોકાશાહની લેખમાળા લખી. પાછળથી તે પુસ્તક રૂપે પ્રગટ થઈ, જેમાં ધર્મમાં આડંબર, આરંભ, સમારંભ અને ચૈત્યવાદના વિકારો સામે લાલબત્તી ધરી. આ લેખોની સાધુ સમાજ પર અસર થઈ. સમાજમાં પણ ઘણો ઉહાપોહ થયો.

મુનિશ્રીએ **'આચારાંગ સૂત્ર'**નો અનુવાદ અને વિવેચના કરી. તેની પ્રસ્તાવનામાં લખેલ કે 'શ્રી આચારાંગ સૂત્ર' પ્રત્યેક સાધક, પછી તે ગૃહસ્થ હોય કે સંન્યાસી, ધનિક કે ગરીબ, સાધન સંપન્ન કે સાધન વિહીન તેને નવી દૃષ્ટિ અને નવી પ્રેરણા આપી શકે છે.

***ઉત્તરાધ્યયન સૂત્ર :*** 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ગ્રંથ અંગે મુનિશ્રીના વિચારો હતા કે આજે આપણી પાસે ઉત્તરાધ્યયન સૂત્રની દીપિકા, નિર્યુક્તિ ભાષ્ય, ચૂર્ણિ, ગુજરાતી ટબ્બાઓ અને હિન્દી ટીકાઓ જુદી-જુદી સંસ્થાઓ તરફથી બહાર પડી છે, પરંતુ આ ગ્રંથમાં ખાસ કરીને કેવળ તાત્ત્વિક બુદ્ધિએ જ કાર્ય કરવાનો ઉદ્દેશ કાયમ જાળવી રાખ્યો છે. આ બધા દૃષ્ટિબિંદુઓ રાખવાનું એક જ કારણ એ છે કે આ ગ્રંથમાં રહેલી વિશ્વવંદ્ય ભગવાન મહાવીરની પ્રેરણાત્મક વાણીનો લાભ જૈન-જૈનેતરો સૌ લઈ શકે.

**'ભગવતી સૂત્ર'** પર મુનિશ્રીએ લખાણ કરેલું, પરંતુ તે તેમના જીવનકાળ દરમિયાન પ્રકાશતિ થયેલ નહિ; કારણકે તાજેતરમાં ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ગુંદીની લાઈબ્રેરીમાંથી આશરે ૪૭૦ પાનાંના હસ્તલિખિત 'ભગવતી સૂત્ર' વિવૃત્તિ પ્રત પ્રાપ્ત થઈ છે, જે ટૂંક સમયમાં પ્રગટ થશે. દુલેરાય માટલિયા વિવૃત્ત 'સંતબાલજી જીવનસાધના) ભાગ-૧ ને ભાગ ૨ પ્રગટ થઈ ગયા. તાજેતરમાં ભાગ-૩ પણ પ્રગટ થઈ ગયો. મુનિશ્રી સંતબાલજીએ **જૈન રામાયણ અને મહાભારત** પર પણ ગ્રંથો લખ્યા છે.

**દાર્શનિક દૃષ્ટિ :** ભિન્ન-ભિન્ન દર્શનો વિશે મુનિશ્રીએ પોતાની ડાયરીમાં અલગ-અલગ વિષયની નોંધ કરેલી જેમાંથી 'દાર્શનિક દૃષ્ટિ' પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું. જેમાં ઋગ્વેદ સંહિતા, મહાભારત, આરણ્યક ઉપનિષદ, જૈન બૌદ્ધ ઇતિહાસ, પાંચ કોસની સ્પષ્ટતા સ્મૃતિના શ્લોકો, પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, કેવલાદ્વૈતનો સિદ્ધાંત, વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત, શ્રી વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત નિર્ણાયક, સાંખ્ય દર્શન, યોગ દર્શન, વૈશેષિક અને નૈયાયિક, રામાયણ અને યોગવશિષ્ટ અન્યાન્ય પુરાણો, કબીરના પદોનું રસદર્શન, તુલીસદાસ, નાનક, મીરા, સુરદાસ તથા ચૈતન્યસ્વામી સહજાનંદસ્વામીના સર્જન અંગેની સુંદર નોંધો જોવા મળે છે.

રાજારામમોહનરાય, મહર્ષિ દયાનંદ સરસ્વતી, કૃષ્ણમૂર્તિ વિશેના વિચારો અને જૈન આગમ અંગેની નોંધ ઉપલબ્ધ છે.

મીરાંબહેને લખેલ પુસ્તક સંતબાલ : 'મારી મા' પુસ્તકમાં સંતબાલના

વાત્સલ્યભાવનાં દર્શન થાય છે.

***સંતબાલજીની કાવ્યરચનાઓ :*** સંતબાલજીએ કેટલાંક યાદગાર કાવ્યોનું સર્જન કર્યું છે.

તેમનાં કાવ્યોમાં 'ૐ મૈયા' એટલે સમગ્ર નારી પ્રત્યે આદરભાવ, વિશ્વવાત્સલ્ય અને સર્વધર્મ સમભાવના વિચારો પ્રતિબિંબિત થાય છે.

સાતવારની પ્રાર્થનામાં રામ, મહાવીર,બુદ્ધ, કૃષ્ણ, મહંમદ સાહેબ, અષો જરથુષ્ટ્ર અને ઈસુના વિશિષ્ટ ગુણોને સમરીને અભિવંદના કરી છે. આ પ્રાર્થના બધા ધર્મો માટેના સ્નેહ અને આદરનું પ્રતીક છે.

**એમણે રચેલ કૂચગીત**

**'પગલે-પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવે જા...**
**અંતરના અજવાળે વીરા પંથ તારો કાપ્યે જા...દુર્ગમપંથ કાપે જા.'**

આ કાવ્યને પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં પણ સ્થાન મળ્યું.

સર્વ ધર્મના સંરક્ષકોને ઉદ્દેશીને કાવ્ય લખ્યું.

**પ્રાણી માત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતાના સહુને,**
**પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.**
**તો આત્મચિંતન કાવ્યમાં વિશ્વ પ્રત્યેનું વાત્સલ્ય...**
**ધર્મ અમારો એક માત્ર, સર્વધર્મ સેવા કરવી**
**ધ્યેય અમારું છે વત્સલતા વિશ્વમહી એને ભરવી.**

સર્વને સુખી થવાની અભિલાષા પ્રગટ કરતી ખૂબ લોકપ્રિય પંક્તિ...

**સર્વથા સૌ સુખી થાઓ સમતા સૌ સમાચરો,**
**સર્વત્ર દિવ્યતા વ્યાપો સર્વત્ર શાંતિ વિસ્તરો.**

**પૂ. સંતબાલજીનું પત્ર સાહિત્ય :** આપણે ત્યાં પત્ર સાહિત્ય ઘણું જ ઓછું પ્રગટ થયું છે, તેમાં મુનિશ્રીના પત્રોનાં પાંચ પુસ્તકો પ્રગટ થયાં છે.

(૧) અનંતની આરાધના - સાધકોને પત્રો.

(૨) શ્રીમદ્જી અંગેના સાધકોને પત્રો.

(૩) સંતબાલ પત્ર સુધા - સાધક સેવિકા - કાશીબહેનને પત્રો.

(૪) સંતબાલ પત્ર સરિતા - સાધ્વીજીઓ અને સાધકોને પત્રો.

(૫) 'અમરતાના આરાધક' પુસ્તકમાં સાધકોને લખેલ પત્રો. અનંતની

આરાધનામાં સાધકોને લખેલા પત્રો, સાધકોની મૂંઝવણનો ઉકેલ દર્શાવતા, સાધકોને માર્ગદર્શન આપતા પત્રો.

સંતબાત પત્રસુધા, ભાગ-૨માં શ્રીમદ્ રાજચંદ્ર અંગે સાધક અરવિંદભાઈ અને સાધિકા પુષ્પાબહેન મહેતાને લખેલ પત્રોમાં શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન સાહિત્ય અને તેમના વિચારો અંગેનું સંપૂર્ણ વિશ્લેષણ છે.

કાશીબહેને કૌમાર્યવ્રત સ્વીકારી મુનિશ્રીના કાર્યને જીવન સમર્પિત કર્યું તો મુનિશ્રીએ એક કેળવણીકારની અદાથી તેમનું પ્રત્યક્ષ અને પત્રો દ્વારા જીવન ઘડતર કર્યું.

છોટુભાઈ મહેતા અને કાશીબહેન મહેતા આ પિતા-પુત્રીએ મુનિશ્રી પ્રેરિત ભાલનળકાંઠા પ્રયોગને પોતાનું જીવન સમર્પણ કર્યું. આ પત્રો દ્વારા અમૃતપાન કરીને પિતા-પુત્રીએ પોતાના જીવન ધન્ય બનાવ્યાં અને જીવન સાફલ્યનો આત્માનંદ અનુભવ્યો.

મુનિશ્રીએ સાધકોને લખેલા વિશ્વચેતના સાથે અનુસંધાન કરાવતા. આ પત્રો વાંચતા મુનિશ્રીમાં, ગુરુપદમાં લોકોત્તર પ્રતિષ્ઠાનું ચિંતન કરનાર આત્મસ્થ સંતના દર્શન થાય છે. પત્રોમાં લખાયેલ એક-એક સૂત્રો પાછળ અનેક સાધકોની વૃત્તિ, વિહ્વળતા, સ્પંદનો અને આંખોના આંસુડાનો ઇતિહાસ છે.

**શ્રીમદ્જીના તત્ત્વજ્ઞાનને લગતું સાહિત્ય :** મહાવીરનનગર આંતરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરી તેમાં ચાર વિભાગોની કલ્પના આપી તે વિભાગો સ્થાપવાની પ્રેરણા આપી. તેમાં પ્રથમ જ શ્રીમદ્ રાજચંદ્રનો એક વિભાગ છે. આજે પણ ચીંચણમાં પ્રતિ વર્ષ શ્રીમદ્‌ના સાહિત્ય અને ભક્તિ અંગે શિબિરો થાય છે ને શ્રીમદ્ રાજચંદ્રને લગતાં ચાર પુસ્તકોનું પ્રકાશન પણ થયું છે.

શ્રીમદ્‌ના 'અપૂર્વ અવસર' કાવ્યનું વિવેચન 'સિદ્ધિના સોપાન' નામે પ્રગટ થયું છે.

**સાધક સહચરી :** જૈન આગમો દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ વગેરે શાસ્ત્રોમાં જે ઉપદેશ આપવામાં આવ્યો છે તેમાંથી તારવેલું નવનીત એટલે ''સાધક સહચરી''. જૈન-જૈનેતર, સાધુ ગૃહસ્થી તેમ જ સામાન્ય સાધકને પણ ખૂબ ઉપયોગી આ લોકપ્રિય પુસ્તિકાની ચાર આવૃત્તિઓ પ્રગટ થઈ છે.

**ગાંધી વિચારના પુરસ્કર્તા :** કવિવર્ય નાનચંદ્રજી મહારાજ ગાંધીજીના વિચારના પુરસ્કર્તા હતા. તેમના શિષ્ય સંતબાલજી પણ ગાંધી વિચારના રંગે

રંગાયેલા હતા, જેથી તેમણે શુદ્ધિપ્રયોગનો અહિંસક માર્ગ લીધો હતો. દીક્ષા લીધા પહેલાં જ તેઓ ખાદીનાં વસ્ત્રો પહેરતા હતા. જૈન આગમ (આચારાંગ) ગ્રંથ તેમણે મહાત્મા ગાંધીજીને અર્પણ કરેલ.

ચીંચણીમાં મહાવીર નગર આ. રા. કેન્દ્રની સ્થાપના સમયે જે ચાર વિભાગ સ્થાપવાની પ્રેરણા કરી તેમાં મહાત્મા ગાંધી વિભાગ અંગે મુનિશ્રી જણાવે છે કે આ પ્રયોગમાં ગાંધી વિચાર પાયારૂપ છે. ગાંધીજી માત્ર માનસિક ગુરુ રૂપ છે. સામુદાયિક અહિંસાની પ્રવૃત્તિઓ આ વિભાગમાં થશે. નવી તાલીમનું શિક્ષણ, અર્થકરણના વિકેન્દ્રીકરણના પ્રયોગો અને અભ્યાસ પણ આ વિભાગમાં કરાશે.

સંતબાલજીના અન્યાય સામે લડત અને આંદોલન, વ્યસનમુક્તિ અભિયાન, સત્યાગ્રહ રૂપ શુદ્ધિપ્રયોગ અંગેનાં લખાણો અને કાર્યોમાં ગાંધીવિચાર પ્રતિબિંબિત થાય છે. આ કાર્યોની સફળતા માટે તેમણે સત્યાગ્રહ, શુદ્ધિપ્રયોગ એ ઉપવાસના શસ્ત્રને પણ અપનાવ્યું હતું.

**પત્રકારત્વ ક્ષેત્રે સંતબાલજીનું યોગદાન :** તેમની પ્રેરણાથી ત્રણ પત્રોનું પ્રકાશન ચાલુ થયેલું. નવા માનવી, પ્રયોગ દર્શન અને વિશ્વવાત્સલ્ય. આ ત્રણે પાક્ષિકોમાં મુનિશ્રી લેખો લખતા. નવા માનવીમાં પ્રાસંગિક લેખો, પ્રયોગ દર્શન અને વિશ્વવાત્સલ્યમાં અગ્રલેખો લખતા.

આ લેખોમાં વર્તમાન સમયના પ્રશ્નોની છણાવટ થતી. મુનિશ્રી પોતાના વિચારો સ્પષ્ટ અને પારદર્શક રીતે નીડરતાથી તથા પૂર્વગ્રહરહિત રજૂ કરતા. આ લખાણોમાં મુનિશ્રીના એક આદર્શ લોકશિક્ષક રૂપે આપણને દર્શન થતાં. પત્રકારત્વમાં જૈન દૃષ્ટિ ઝળહળતી હતી.

મુનિશ્રીના જીવનકાળ દરમિયાન તેમણે સાઠ કરતાં વધુ ગ્રંથોનું વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. તેમની સંસ્થાઓ, જીવનકાર્ય અને સાહિત્ય પર બે પ્રૉફેસરે શોધ પ્રબંધ લખી Ph. D. કર્યું છે.

મુનિશ્રી સંતબાલજી વિશે અનેક ગ્રંથો લખાયા છે. તેમના જીવન અને કાર્યને ઉજાગર કરતા પાસાંઓ વિશે જસ્ટીસ ત્ર. ઉ. મહેતા, મનુ પંડિત, બળવંત ખંડેરિયા, મીરાંબહેન ફલજીભાઈ ડાભી અને ગુણવંત બરવાળિયાનાં પુસ્તકો પ્રગટ થયાં છે. તેમના કાળધર્મ પછી તેમની હસ્તલિખિત નોંધો અને પત્રો સંપાદન કરી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘે પ્રગટ કર્યાં છે.

સંતબાલજીની જીવનસાધના પર દુલેરાય માટલિયા અને પૂ. મુનિશ્રીના વિહાર

અંગે 'સાધુતાની પગદંડી' જેવા ગ્રંથો મણિભાઈ પટેલે લખ્યા છે. તેમાં નોંધ છે કે, જ્યારે વીરમગામમાં કૉલેરા ફેલાયો ત્યારે ઝાડુ લઈને આ સંતે શેરીઓ સાફ કરી અને મળ પર રાખ છાંટી હતી.

**જૈન દૃષ્ટિએ ગીતાદર્શન :** એક જૈન મુનિની ગીતા પર લખવાની આ પહેલ હતી. ગુરુ નાનચંદ્ર મહારાજે એક શ્લોકસંગ્રહ કર્યો હતો. તેમાં ગીતાના શ્લોક પણ હતા. ગુરુદેવે આ શ્લોકો મુનિશ્રીને પણ કંઠસ્થ કરાવેલ, ત્યારથી ગીતાજી પર તેમનું ખેંચાણ થયું હતું.

મુનિશ્રી ગીતાને એક જૈન ગ્રંથની કક્ષામાં જ મૂકે છે. તેઓ અનુરોધ કરે છે કે ગીતાના પાઠકો આચારાંગને વાંચે અને આચારાંગના પાઠકો જરૂરથી એક વાર ગીતાને વાંચે. એ ગીતાને માતા કહે છે તો આરાચાંગને પિતા. એ બંનેના યોગે જન્મતી સંસ્કૃતિ એ વિશ્વવ્યાપી સંસ્કૃતિ છે. ગીતામાં કોઈ પણ વિષય એવો નથી કે જે જૈન સૂત્રોમાં ન હોય. ગીતાને જૈન દૃષ્ટિમાં જેટલી આકર્ષક ઢબે મૂકી છે એટલી ઢબે એ બીજે ક્યાંય મુકાઈ નથી. આથી જ ગીતાગ્રંથ વિશ્વમાન્ય થયો છે. જૈન દૃષ્ટિ એટલે જગતના સર્વ મતો, પંથો કે સર્વ ધર્મમાં રહેલા સત્યને આવકારવું. તું ખોટો છે એમ ન કહેતા તું અમુક દૃષ્ટિએ સાચો છે એમ સાબિત કરીને અલ્પદૃષ્ટિમાંથી મહાસત્ય તરફ પ્રેરી જવું. ગીતાએ આ દૃષ્ટિમાં અજબ સફળતા મેળવી છે તેથીજ ચુસ્ત મીમાંસાથી માંડીને ચુસ્ત વેદાંતીને એ માતા આગળ દોડી જઈને બાળક બનવાની ઇચ્છા આપોઆપ થઈ છે.

અલબત્ત, ગીતાનું વસ્ત્ર વેદાંત છે અને ભૌતિક યુદ્ધની પીંછીથી ગીતાની શરૂઆત થાય છે.મુનિશ્રી કહે છે કે – 'એટલે જ ગીતા જૈન સંસ્કૃતિનો આત્મા છે એમ માનવા અને ગીતા સર્વાંગે અપનાવવામાં જૈન વર્ગમાં આવતી આ મુશ્કેલી નાનીસૂની નથી જ. તેને આ ગ્રંથમાં વિસ્તારથી સમજાવી છે.

**જૈન પરિભાષા અને ગીતા :** મુનિશ્રી કહે છે કે ગીતામાં 'સમત્વ' છે એ જ સૂત્રોનું 'સમકિત' છે. ગીતાનું કર્મ કૌશલ, ત્યાં જૈન સૂત્રોનું ચરિત્ર ઘડતર. જૈન પરિભાષાના બહિરાત્મને ઠેકાણે ગીતાનું સવિકારક્ષેત્ર અને અંતરાત્માને સ્થાને ક્ષેત્રજ્ઞ, પરમાત્માને સ્થાને પરમધામ અથવા પરમાત્મા. જૈન સૂત્રોનું શુભાસ્રવને સ્થાને ગીતાનું સમત્વયોગ જૈન સૂત્રોની સકામ નિર્જરા એ જ ગીતાનો અનાસક્ત યોગ અથવા કર્મફળની આકાંક્ષાનો ત્યાગ.

જૈન સૂત્રોનો કર્મબંધ ગીતાની ભૂત-પ્રકૃતિ. જૈન સૂત્રોનો રાગ-દ્વેષ એ ગીતાનો

કામક્રોધ. જૈન સૂત્રોનું સિદ્ધસ્થાન એ ગીતાનું પરમધામ. ગીતા એ જૈનત્વનો ભોમિયો છે; કારણ કે ગીતામાં એક પણ તત્ત્વ જૈન ધર્મ વિરોધી નથી.

**મુનિશ્રી સંતબાલજી પ્રેરિત સંસ્થાઓ :** ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ - ગુંદી, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ - મુંબઈ, માતૃસમાજ - ઘાટકોપર, સી. પી. ટેંક - મુંબઈ, ભાલનળકાંઠા, ખાદી ગ્રામોદ્યોગ મંડળ - રાણપુર, મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર - ચીંચણી (તા. દહાણુ), ઋષિબાલમંદિર - સાણંદ જેવી મુનિશ્રી પ્રેરિત સંસ્થાઓમાં આજે પણ કન્યાશાળા, છાત્રાલય, ગૌશાળા, બહેનોને રોજગારી, કુદરતી ઉપચાર કેન્દ્ર, આયુર્વેદ દવાખાના, કુદરતી ઉપચાર કેન્દ્ર, સત્ સાહિત્ય પ્રકાશન, માનવ રાહત મેડિકલ રાહત, શૈક્ષણિક રાહત, વિવિધ શિબિરો, ધાર્મિક અને આધ્યાત્મિક અનુષ્ઠાનો, વિવિધ શિબિરો, સેમીનારો સહિત અનેક જનકલ્યાણ અને જનહિતની પ્રવૃત્તિઓ થઈ રહી છે. 'વિશ્વવાત્સલ્ય' માસિકનું પ્રકાશન થાય છે.

**સંતસાથીઓ, અંતેવાસીઓ અને ભક્તજનો :** પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, માનવમુનિ, જનકવિજયજી અને જ્ઞાનચંદ્રજી આદિ અનેક સંતોનો સર્વાંગી સહયોગ પ્રાપ્ત થયો હતો.

રાષ્ટ્રસંતો જ નહિ, સમાજના વિવિધ ક્ષેત્રોમાં અનેક મહાનુભાવો તથા પ્રતિષ્ઠિત નર-નારીઓએ પૂ. શ્રીના અંતેવાસી તરીકે તથા સહયોગી તરીકે આપેલી સેવાઓની નોંધ કરીએ તો નામો સો કરતાં વધે, પરંતુ આ પ્રસંગે થોડાંક નામો સ્મરણ કરતાં ધન્યતા અને આદરની સ્નેહસભર ઊર્મિઓ વ્યક્ત કરીએ છીએ. આમાંના વિશેષ ઉલ્લેખનીય ડૉ. શાંતિભાઈ પટેલ (સાણંદ), મણિબહેન પટેલ, પરીક્ષિતલાલ મજુમદાર, ઉછરંગરાય ઢેબર, છોટુભાઈ મહેતા, કાશીબહેન મહેતા, ગુલામરસૂલ કુરેશી, ફલજીભાઈ ડાભી, બળવંતભાઈ ખંડેરિયા, મણિભાઈ પટેલ, બચુભાઈ ગોસલિયા, દીવાનસંગ ચૌહાણ, હરિલાલ દોશી, અંબુભાઈ શાહ, નવલભાઈ શાહ, મીરાંબહેન, અનુબહેન, પ્રભાબહેન, વનિતાબહેન, શશિબહેન, લલિતાબહેન, ચંચળબહેન, છબલબહેન, કંચનબહેન, ગલાભાઈ, ભાણજીભાઈ, શિવાભાઈ પટેલ, સુરાભાઈ ભરવાડ, મનુ પંડિત, દુલેરાય માટલિયા, વીરચંદભાઈ ઘેલાણી, પુષ્પાબહેન તથા અરવિંદભાઈ મહેતા, જે. કે. દીવાન, દેવીબહેન અને જયંતીભાઈ શાહ, હરજીવનભાઈ મહેતા આ નામો પૂ. સંતબાલજીના ગ્રંથ પ્રકાશન અવસરે અવશ્ય

સ્મૃતિને અજવાળી પુનિત પ્રકાશ અર્પી રહે છે.

ગુરુ આજ્ઞાથી સંતબાલજીએ અવધાન પ્રયોગોના પ્રદર્શન બંધ કર્યા હતા. સુધારણાના કાર્યક્રમો અને આંદોલનોના અડાબીડ જંગલો વચ્ચે પણ ધર્માનુબંધી વિશ્વદર્શન અને આગમોની વિવેચના લખી અધ્યાત્મનું નંદનવન સર્જતા મુનિશ્રી સ્વપર સાધના માટે ખૂબ જાગૃત હતા. પ્રત્યેક સાધક માટે એકાત્મતાનો અનુભવ કરતાં તેઓના આ શબ્દો પ્રત્યેક સાધકને પોતાના બતાવી દે છે. 'સાધકનો વિકાસ મારો પ્રમાદ' છે. સાધકોનું સૂક્ષ્મ પતન પણ મારું આંસુડું છે.'

ગુજરાત નવનિર્માણ આંદોલન પછી રાજકીય આગેવાન, પ્રધાનમંડળની રચના માટે મુનિશ્રીની સલાહ લેવા અમદાવાદથી ચીંચણ આવે છે. અહીં પ્રત્યેક વર્ગમાં મુનિશ્રીની લોકચાહનાના દર્શન થાય છે. બંગલાદેશમાં મુજબીર રહેમાનની હત્યા પ્રસંગે ઉપવાસ કરતાં મુનિશ્રીમાં પ્રબુદ્ધ કરુણાના દર્શન થાય છે.

ૐ મૈયાના આરાધક વિશ્વવાત્સલ્યના સંદેશવાહક મુનિશ્રી સંતબાલજીના જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો અદ્ભુત સમન્વય જોવા મળે છે.

વક્તવ્ય અને કર્તવ્યને એક રેખા પર રાખનાર આ આત્મસ્થ સંતે તારીખ ૨૬-૩-૮૨ના ગુડી પડવાને દિવસે મુંબઈની ધરતી પર અંતિમ શ્વાસ લીધો. પૂર્વપંતપ્રધાન મોરારજી દેસાઈના અધ્યક્ષસ્થાને ગુણાનુવાદ શ્રદ્ધાંજલિ સભામાં ચિંતક ચીમનલાલ ચકુભાઈ સહિત અનેક સંઘોના પ્રમુખો, શ્રેષ્ઠીઓએ શ્રદ્ધાંજલિ આપી. પૂજ્યશ્રીના અંતિમસંસ્કાર મહાવીરનગર ચીંચણીના દરિયાકિનારે થયા અને ત્યાં જ સમાધિ બનાવવામાં આવી. એ આત્મમસ્તીમાં જીવનાર, લોક માંગલ્યનાં કાર્યો કરનાર શતાવધાની ક્રાંતદૃષ્ટા હતા.

વિપુલ સાહિત્યનું સર્જન કરનાર શ્રુત સાધક અને સેવાભાવને ઉજાગર કરનાર મુનિશ્રીને અભિવંદના.

(ડૉ. મધુબહેન જી. બરવાળિયાનો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખમાંથી સાભાર).

# ૧૩ મુનિશ્રી સંતબાલજીનો ભાલનળકાંઠાનો પ્રયોગ ગાંધીવિચારના અનુસંધાનમાં હતો

— જેસંગભાઈ ફલજીભાઈ દાભી

પૂ. મુનિશ્રી સંતબાલજી વિચારક, તેજસ્વી, પ્રેમાળ અને માનવસમાજના ઉત્થાનમાં અને વિકાસમાં માનનાર એક વિરલ ક્રાંતિકારી સંત હતા.

સન્ ૧૯૩૭માં હરિપુરા, જિલ્લો સુરતમાં કોંગ્રેસનું અધિવેશન મળેલું. તેમાં મુનિશ્રી સંતબાલજી ગયેલા, પૂ. ગાંધીજીને મળવાની ઇચ્છા હતી. તેમને મળી શકાયું નહીં, પરંતુ સરદારસાહેબે શ્રી મોરારજીભાઈ દેસાઈને સંતબાલજીને મળવાનું કહ્યું. મુલાકાત થઈ, વિચારવિમર્શ થયો. શ્રી મોરારજીભાઈ દેસાઈએ શ્રી છગનભાઈ દેસાઈને કહ્યું કે, મુનિશ્રીને નળકાંઠાના પ્રદેશમાં લઈ જાવ. તેથી મુનિશ્રીએ અમદાવાદ પાસેના વાઘજીપુરા ગામે પ્રથમ (ચોમાસું) ચાતુર્માસ કર્યો. રોડની બાજુમાં પઢારજાતિના ભાઈઓ કૂબો બાંધે છે, તેવો કૂબો બાંધી તેમાં રહ્યા. શ્રી છોટુભાઈ

મહેતા, શ્રી ડાહ્યાભાઈ પટેલ મલાતજવાળા, શ્રી છગનભાઈ દેસાઈ વગેરે સાથે રહ્યા. દેશમાં સ્વતંત્રતાની ચળવળ ગાંધીજીના નેતૃત્વમાં ચાલતી હતી. ગાંધીજી અનેકવિધ કાર્યક્રમ આપતા હતા. સત્યાગ્રહ, અસહકારનું આંદોલન, ખાદી, સ્વદેશી, આગળ ચાલીને ૧૮ રચનાત્મક કાર્યક્રમ આપ્યા. ગુજરાતના નામી કાર્યકરોને ગામડામાં બેસી આદિવાસી, વંચિતો, દલિત, આર્થિક પછાત વર્ગના ઉત્કર્ષ અને શિક્ષણ માટે કામ કરવાની સલાહ આપી. અનેક કાર્યકરો ગામડામાં રચનાત્મક કામ કરવા બેસી ગયા. તેમણે ગ્રામોદ્ધારની વાતો કરી. આ દ્વારા સમાજજાગૃતિ અને સમાજવિકાસની શરૂઆત થઈ.

મુનિશ્રી સંતબાલજી મહારાજસાહેબ નળકાંઠાના ગામડામાં વિહાર કરવા લાગ્યા. નળકાંઠાના બે તાલુકા સાણંદ અને વિરમગામ, ભાલના બે તાલુકા ધોળકા અને ધંધુકા - અમદાવાદ જિલ્લાનો વિસ્તાર આવે (આજે ચારેય તાલુકામાંથી બીજા તાલુકા બનાવવામાં આવ્યા છે). આ ચાર તાલુકાનાં ૨૦૦ ગામનો વિસ્તાર તેમાં વિહાર કર્યો. કોઈ ગામ બાકી નહીં હોય. (શ્રી મણિલાલ પટેલની ''સાધુતાની પગદંડી'' ડાયરી દ્વારા ખ્યાલ આવી શકે છે.)

નળકાંઠા અને ભાલના ગામડાંનો વિહાર કરતાં કરતાં સંત સામે અનેક પ્રશ્નોનો ચિતાર આવ્યો. જેમ કે પક્ષી-પ્રણીનો શિકાર, બળદ, પશુની ચોરી, બીજાની પત્નીને ઉપાડી જવી, ગંજીઓ (ઓઘા) સળગાવવી, ખૂન-મારામારી કરવી, કૂવામાં કેરોસીન નાખવું, જાસાચિઠ્ઠી લખવી, પીવાના પાણીનો અભાવ, સ્વચ્છતા તરફ બેદરકારી - શિક્ષણ નહિવત્, રીત-રિવાજથી સમાજની અધોગતિ, શોષણ - આમ અનેક અવગુણોમાં સમાજ સપડાયેલો હતો.

મુનિશ્રીના મનમાં ચિંતન ચાલ્યું આ પ્રશ્નોના નિરારણ-ઉકેલ માટે. ગાંધીની રચનાત્મક પ્રવૃત્તિ પ્રમાણે કાર્યક્રમ ગોઠવી સમાજની તાસીર બદલી શકાશે અને ધર્મદષ્ટિએ સમાજરચના થઈ શકશે. તે માટે સત્ય, અહિંસા, પ્રામાણિકતા અને નીડરતાથી કાર્યક્રમ કરવા પડશે તેની શરૂઆત કરી.

માણકોલ, તા. સાણંદમાં લોકપાલ પટેલનું સંમેલન બોલાવ્યું. સેંકડોની સંખ્યામાં લોકપાલ પટેલો સંમેલનમાં આવ્યા. સમાજવિકાસ, સમાજની સુધારણામાં માનતા, જાગૃત કર્મઠ કાર્યકરો પણ આવ્યા. લોકપાલ પટેલના સમાજના સુધારા માટે મુસદ્દો રજૂ થયો. સમાજે સર્વસંમતિથી સુધારનો સ્વીકાર કર્યો. ('માણકોલનું સંમેલન'માં વિગતે છે.)

આ સમયગાળા દરમિયાન જેમ પૂ. મહાત્મા ગાંધીને દેશમાંથી વિવિધ શક્તિવાળા અનેક કાર્યકર મળ્યા, તેમ ભાલ-નળકાંઠા પ્રદેશમાંથી અને ગુજરાતમાંથી અનેક વિચારશીલ-નીડર, અભ્યાસુ, કર્મઠ કાર્યકરો મળ્યા; જેમાં છોટુભાઈ મહેતા, કાશીબેન મહેતા, અંબુભાઈ શાહ, નવલભાઈ શાહ, ફલજીભાઈ ડાભી, સુરાભાઈ ભરવાડ, ડૉ. શાંતિભાઈ પટેલ, મણિબેન પટેલ, હરિવલ્લભ મહેતા, દુલેરાય માટલિયા, મનુભાઈ પંડિત, મણિભાઈ પટેલ, દીવાનસંગભાઈ ચૌહાણ, મીરાબેન પટેલ તથા બીજા અનેક કાર્યકરોના સહકારથી અને મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘની સ્થાપના થઈ. સંઘના પ્રથમ પ્રમુખ પૂ. રવિશંકરદાદા હતા. આ અચલેશ્વર મહાદેવના ટેકરે ત્રણ ગામના સીમાડે - ગુંદી આશ્રમનું સ્થળ નક્કી થયું અને સંસ્થાનું સ્વરૂપ અપાયુ; હાલ જેને મુનિશ્રી સંતબાલજી આશ્રમનું નામ આપવામાં આવેલું છે.

ધર્મદૃષ્ટિએ સમાજરચનાની સ્થાપવાની કલ્પનાને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે પ્રશ્નોના ઉકેલ માટે સંસ્થાઓ શરૂ કરવામાં આવી. કાર્યકરોને એક-એક જવાબદારી રસ-રુચિ, આવડત પ્રમાણે સોંપવામાં આવી.

સૌથી પ્રથમ જીવરાજ જળ સહાયક સમિતિ, આજે નળકાંઠા અને ભાલના ગામોને વિવિધ યોજના દ્વારા ઘરે-ઘરે પાણી મળે છે. ખેડૂતમંડળ, ગોપાલકા મંડળ, મજૂરમંડળ, લોકઅદાલત, ગ્રામસંગઠન દ્વારા ગામમાં વસતા લોકોના પ્રશ્નો સ્થાનિક કક્ષાએ હલ કરવા માટે સંગઠનો અને ગુંદી આશ્રમમાં શ્રી ફલજીભાઈ રાહાભાઈ ડાભીએ લોકઅદાલતની સ્થાપના કરી અને મકાન બનાવ્યું; જેમાં પ્રશ્નોની વિચારણા માટે લોકઅદાલત મળતી. લવાદ દ્વારા પ્રશ્નો હલ કરવાની પ્રક્રિયા શરૂ કરી. બળદ-પશુની ચોરીના ઉપદ્રવને ખાળવા શુદ્ધિપ્રયોગ શરૂ કર્યો. ગાંધીજીએ અંગ્રેજો સામે સત્યાગ્રહ શરૂ કર્યો. મુનિશ્રી સંતબાલજીએ ચોરી, ખૂન, જમીનો પચાવી પાડવી, સમાજમાં નાના-મોટા અન્યાય સામે શુદ્ધિપ્રયોગનું અહિંસક શસ્ત્ર મૂક્યું. આ પ્રયોગના પરિણામ રૂપે પ્રયોગની ભવ્ય ગાથા માટે શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો લેખક અંબુભાઈ શાહ અને ''રાત પણ રડી પડી'' લેખક નવલભાઈ શાહે (બન્ને સંતબાલ પ્રયોગના પાયાના કાર્યકર) લખ્યા, જેને ગુજરાત સરકારે ઉત્તમ પુસ્તક તરીકે ઇનામ આપ્યું. આ બે પુસ્તક વાંચવાથી સત્યાગ્રહના નવા સ્વરૂપે કેવો સફળ પ્રયોગ થયો તેની જાણકારી મળી શકે છે. ગામડાનો માણસ ગામડામાં રહીને કાર્ય કરે તો શહેરીકરણ ઓછું થાય અને ગામડા બેઠાં થાય, ગામડાના લોકો સ્વમાનપૂર્વક જીવન જીવી

શકે. આર્થિક આવક થાય તે માટે ભાલ-નળકાંઠા સઘનક્ષેત્ર સમિતિ ગુંદી અને ખાદીગ્રામોદ્યોગ મંડળ - રાણપુરની સ્થાપના કરી; જેમાં કાંતણ-વણાટ ખાદીનું ઉત્પાદન વેચાણ, સાબુ-હાથ છડના ચોખા, સુથારી, લુહારી, પૂણી બનાવવાનું યુનિટ, ગામડાની બહેનોને છ ત્રાકના ચરખા આપીને મોટે પાયે રોજગારી પૂરી પાડી.

**અસ્પૃશ્યતા નિવારણ :** શિક્ષણ દ્વારા સૌથી મોટી સમાજની ક્રાંતિનું કાર્ય અસ્પૃશ્યતા નિવારણ દ્વારા કર્યું. ઋષિ (ભંગી) સમાજમાં અડકીને છાંટ લેવાની, રાત્રે અગ્નિ પકડાવાની જે પ્રથા હતી તે શિક્ષણ દ્વારા લોકોના માનસ સુધી પહોંચી. સર્વધર્મ સરખા-સમાનતાની ભાવનાનો પ્રેમ લોકો સુધી પહોંચ્યો અને અસ્પૃશ્યતાની સૂગ ઓછી કરાવી. અત્યારે ૧૦૦ ટકા અસ્પૃશ્યતા નાબૂદી આ પ્રદેશમાં થઈ છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ કામ પૂ. ગુરુદેવની પ્રેરણાથી થયું.

શરૂઆતમાં પ્રાથમિક શિક્ષણની શાળાઓ ઘણી જ ઓછી હતી. શિક્ષણ સિવાય સમાજપરિવર્તન આવી ન શકે, સમાજની દિશા બદલાય નહીં તેથી સર્વોદય યોજના સરકારમાં મંજૂર કરાવી. ભાલ-નળકાંઠામાં શિક્ષણનો અભિનવ પ્રયોગ શરૂ થયો. કેળવણીનું સ્તર સુધરવા લાગ્યું. તેમાંથી ગુંદી આશ્રમમાં વિશ્વવાત્સલ્ય છાત્રાલય, ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બુનિયાદી પુરુષ અધ્યાપન મંદિર, ગાંધીચીંધ્યા રાહે બુનિયાદી નયી તાલીમના કાર્યક્રમ પ્રમાણે શરૂ કર્યા; જેમાંથી અનેક તેજસ્વી યુવાનો સંસ્થા, પ્રદેશ અને રાજ્યને મળ્યા. ૨૮૦૦ પ્રાથમિક શિક્ષકો તૈયાર કર્યા, જેમણે શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાનું કામ કર્યું. કન્યાઓ માટે કન્યાછાત્રાલય સને ૨૦૦૨માં શરૂ કરવામાં આવ્યું. આજે ૯૧ પ્રાથમિક દીકરીઓ છાત્રાલયમાં રહીને ભણે છે. વિદ્યાલયમાં આજુબાજુના ગામની દીકરીઓ મળી ૪૫૦ બહેનો ભણે છે તેમ જ દેશની પછાતમાં પછાત જાતિ જે નળસરોવરની આજુબાજુ રહે છે, ખડતલ, કર્મઠ, માટીકામ કરવામાં પૂરતું કૌશલ્ય ધરાવતી તે જ્ઞાતિમાંથી અહીંથી પઢાર જ્ઞાતિની દીકરી એસ.એસ.સી. પાસ થઈ. આ ભગીરથ ગાથા છે. અહીં લખવાની મર્યાદા છે, પરંતુ સંતબાલજી મહારાજસાહેબ કહેતા કે ગામડાંએ શહેરો-શ્રેષ્ઠીઓ સાથે અનુબંધ રાખવો પડશે. ૭૦ વર્ષે મને સમજાયું. મુંબઈના બે દાતાશ્રીઓ અમારી ૯૧ દીકરીઓનો ભોજનખર્ચ આપે છે. અનેક જૈન મહાનુભાવો અમને એક દીકરીનો ખર્ચ ૬૦૦૦ રૂપિયા મોકલી આપે છે. કન્યાઓના શિક્ષણથી પરિવાર, જ્ઞાતિ અને સમાજની પરિસ્થિતિ બદલાઈ છે. ગુરુદેવનો ''ઓમ મૈયા'' મંત્ર સાર્થક

થયો છે. કુદરતી આફતમાં રેલ, દુષ્કાળ, ધરતીકંપ, રોગચાળામાં, નેત્રયજ્ઞમાં ગુંદી દ્વારા ભગીરથ કાર્ય થયું છે. આજે સંતબાલજી સાથે કામ કરનાર એક પણ કાર્યકર નથી અને ગુંદી આશ્રમમાં શિક્ષણ લીધેલી બીજી પેઢી સંસ્થાનું સંચાલન કરે છે.

ગ્રામોદ્ધાર, પ્રાણીમાત્રનું રક્ષણ, સમાજ પરિવર્તન, અન્યાયનો પ્રતિકાર, શિક્ષણ દ્વારા સમાજપરિવર્તન અને વિહાર દરમિયાન સાંજની પ્રાર્થના, ભાઈ-બહેનોની સભા, સામાન્ય ખેડૂતોનું ઘડતર, પ્રેમ, વાત્સલ્ય દ્વારા કેવો અભિનવ પ્રયોગ કર્યો છે તેનું જીવતું-જાગતું ઉદાહરણ ભાલ-નળકાંઠા પ્રાયોગિક છે.

ખાદીગ્રામોદ્યોગ મંડળ, રાણપુર ગરમ ઊનીના કામમાં ગુજરાતમાં પ્રથમ નંબર છે. ૩૦૦૦ બહેનોને કામ આપે છે. આજે શ્રી ગોવિંદભાઈ દાજીભાઈ ડાભી, શ્રી ફલજીભાઈ ડાભીના પૌત્ર સુંદર સંચાલન કરી રહ્યા છે.

ગાંધીવિચારના અનુસંધાનમાં ભાલ-નળકાંઠાનો પ્રયોગ ચાલ્યો, જેના પ્રથમ પ્રમુખ પૂજ્ય રવિશંકર દાદા હતા. અનેક નામી-અનામી વ્યક્તિઓએ આ પ્રયોગમાં પ્રદાન કર્યું છે. એક સંતે જૈન ધર્મના તમામ તત્ત્વોને જાળવીને ગાંધી વિચારધારાને અનુરૂપ કામ કર્યું છે. પૂ. સંતબાલજી મહારાજનાં ચરણમાં નમન કરું છું.

**નોંધ :-** (મુનિશ્રીએ ચીંચણના દરિયાકિનારે મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરી, તેમાં ચાર વિભાગમાં તેમાં ગાંધીવિભાગની પણ સ્થાપના કરેલી. હાલ ચીંચણના સંતબાલ આશ્રમમાં પ્રતિવર્ષ સર્વોદય મંડળ અને ગાંધી વિચારધારાને લગતી શિબિર યોજાય છે. - સંપાદક)

(જેસંગભાઈ, મુનિશ્રી સંતબાલજી પ્રેરિત ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ગુંદી આશ્રમના પૂર્વમંત્રી છે અને ગુજરાત નયી તાલીમ સંઘના મંત્રી છે).

# ૧૪ 'દાર્શનિક દૃષ્ટિ'નું આછેરું રસદર્શન

— ભરત પ્રા. ઠાકર

મુનિશ્રી સંતબાલજી (૧૯૦૪-૮૨) ગુજરાતની ધરતીની અનોખી માટીના એક ક્રાંતિકારી વિરલ જૈન સંત અને સર્વાંગી ક્રાંતિના મશાલચી હતા. એમની ૩૮મી પુણ્યતિથિ અવસરે વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન (મુંબઈ)-અમદાવાદ દ્વારા એમની પવિત્ર સાધના અને સમાધિભૂમિ એવા મહાવીરનગર (ચિંચણી) ખાતે 'સંતબાલ શ્રુત-સેવા દર્શન'ની વિશિષ્ટ જ્ઞાનસત્રનું આયોજન થઈ રહ્યું છે. તે પ્રસંગે મેં એમના ચિંતનસંગ્રહ 'દાર્શનિક દૃષ્ટિ'નું અત્રે વિહંગાવલોકન કરાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

'દર્શન' તત્ત્વજ્ઞાનની એક પદ્ધતિ છે. દર્શન પૂર્વનું હોય કે પશ્ચિમનું, તેમાં સત્યને નિરખીને પોતાના કોઈ વિશિષ્ટ દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન રહેલો હોય છે. વ્યાવહારિક સત્યદર્શન ઘણાને થઈ શકે છે, પરંતુ પારમાર્થિક એક સાધન છે. એ અર્થમાં વિવિધ દર્શનો એ સત્યને પામવાના વિવિધ માર્ગો છે. આમ, મુક્તિનો પંથ

બતાવે તે દર્શન.

મુનિ સંતબાલજીએ ભારતીય દર્શનની કેટલીક વિશેષતાઓનું ચિંતન કર્યું હતું, જેને પોતાની હસ્તલિખિત નોંધપોથીઓમાં ટપકાવેલ અને તે અપ્રકાશિત રહેલ. આગળ જતાં ડૉ. તરુલતાજી મહાસતીની પ્રેરણા અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ મહાવીરનગર (ચિંચણી)ના સહયોગથી તેની કાચી સામગ્રી (હસ્તપ્રતો) પ્રાપ્ય થતાં ગુણવંતભાઈ બરવાળિયાએ તેનું સુચારું સંપાદન-સંકલન કર્યું અને મુનિશ્રીની વિદાયના દોઢ દાયકા બાદ એપ્રિલ, ૧૯૯૮માં તે આપણને એક સુંદર અને વ્યવસ્થિત પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થઈ શક્યું છે.

મુનિશ્રીની મનન-પ્રસાદી પીરસતાં પહેલાં ગુણવંતભાઈએ 'દર્શન-સાહિત્યમાં આત્મચિંતન' શીર્ષક એક જુદું પ્રકરણ પુસ્તકના પ્રારંભે મૂક્યું છે, જે સંતબાલજીનાં દાર્શનિક દોહાને સમજવામાં ખૂબ ઉપયોગી બને છે. તેઓ લખે છે કે, ''દર્શનો તો સમાજ, સભ્યતા અને સંસ્કૃતિનો અમૂલ્ય ભંડાર છે. કોઈ પણ પ્રજાનો વાસ્તવિક પરિચય પામવા તેની દાર્શનિક વિચારધારા સમજવી જરૂરી છે.

પૂર્વનું તત્ત્વજ્ઞાન આત્મજ્ઞાનને પ્રાધાન્ય આપે છે, તેની દૃષ્ટિ અંતર્મુખી છે.''

''પશ્ચિમનું તત્ત્વજ્ઞાન તાર્કિક-બૌદ્ધિક બાબતોને મહત્ત્વ આપે છે, તેની દૃષ્ટિ બહિર્મુખી છે. ઊંડા ચિંતન-મનન પછી જ સત્ય પામી શકાય, જેને આપણે આત્માનુભૂતિ કહી શકીએ. તેમાં પ્રગટતું ચિંતન ચિરંતન બનીને શાસ્ત્ર બની જાય છે. વિવિધ વિચારધારાઓનું અંતિમ લક્ષ્ય તો મોક્ષ (મુક્તિ) છે, જે માટે જ્ઞાનપ્રાપ્તિ જરૂરી છે. 'વિદ્યા એને જ કહેવાય જે મુક્તિ અપાવે.' તે પછી જગત પ્રત્યે જોવાની દૃષ્ટિ બદલાઈ જાય, તે જ ખરો વૈષ્ણવજન કે સુશ્રાવક બને છે.''

તેમાં એમના વેદો-પુરાણો અને વિવિધ ભારતીય દર્શનો અંગેનું ચિંતન ગ્રંથસ્થ થયું છે. ઉપરાંત તેમાંથી મહાન ભારતીય તત્ત્વદર્શીઓ, ભક્તાત્માઓ અને સંત-કવિઓનાં જીવન-કવન અંગેની નોંધો પણ સાંપડે છે. ટુકડે ટુકડે લખાયેલાં આ લખાણોમાં એક જૈન મુનિની 'સર્વધર્મ સમભાવ'ની ભાવના અને ભારતીય દર્શનો અંગે એમના અભ્યાસનું અવગાહન દૃષ્ટિગોચર થાય છે. કેટલાંક નિષ્કર્ષો અને તારણો જોતાં મુનિશ્રીના સંશોધક અને અભ્યાસુ દૃષ્ટિકોણનો ખ્યાલ આવશે.

રામાયણ-ગીતા-મહાભારત જેવાં પૌરાણિક મહાકાવ્યોનો પણ એમને વિશદ અભ્યાસ હતો. ગીતાને જૈન દૃષ્ટિએ તપાસીને તેનાં ઊંડાં રહસ્યોની સરસ સમજ આપી છે. તો, ઉત્તરાધ્યયન સૂત્રના અનુસર્જનમાં વ્યક્ત થયેલ વિચારોમાં મુનિશ્રીનું

પારદર્શક જૈન ચિંતન જોવા મળે છે. એમની ઊંડી, વિશાળ અને તેજપુંજયુક્ત દાર્શનિક દૃષ્ટિનું આ એક કિરણ છે કે પછી ગહન જ્ઞાનસાગરમાંથી એક આચમન માત્ર છે ! આ લખાણો મુમુક્ષુઓ અને સાધકોની જિજ્ઞાસાને સંતોષવામાં સહાયક બને છે.

૧૯૩૭માં લખાયેલી પ્રથમ નોંધમાં ધર્મ વિશેનું એમનું સુંદર નિરીક્ષણ રજૂ થયું છે : ''...જ્યારે આપણે ભારતીય ધર્મોના નંદનવનમાં પ્રવેશીએ છીએ ત્યારે તરત થડ, શાખા, પ્રશાખા, ફૂલ અને ફળ એમ ક્રમશઃ ઉન્નતિ કરી ફળોથી લચી પડતો વેદ ધર્મ નજરે પડે છે. એક જ મૂળ વડમાંથી છૂટી પડેલી વડવાઈઓ જેમ એના જેવું જ સ્વરૂપ સજી મૂળ વડનેય ભૂલાવી દે એવી ગૌરવવંતી બને છે. તેમ જ જૈન અને બૌદ્ધ ધર્મોની બાબતમાં બન્યું છે, પણ એથી વડનું ગૌરવ ઓછું ન થતાં ઊલટું વધ્યું છે...''

તે પછી અમણે વેદનો અર્થ સમજાવી વેદોની સંહિતા, વિવિધ વિચારધારાઓ, તેના ફાંટા-પેટાફાંટાઓ, ભાગવત મત બતાવ્યાં છે. તે પછી પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ સંઘ, થિયોસોફિકલ સોસાયટી, ખાલસાપંથ, રાષ્ટ્રીય નેતાઓ તેમજ વિવિધ સંપ્રદાયોની યાદી આપી છે. આમાં વેદ-ભાગવત મતોની વાત ત્રણ આલેખો દ્વારા આબેહૂબ દર્શાવેલ છે.

મુળ ત્રણ વેદો અને ચોથા અથર્વવેદનો ઉમેરો, યજ્ઞાદિ ક્રિયા, મૂળ તત્ત્વો, પંચકોશાની સ્પષ્ટતા; બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, સ્મૃતિ, દર્શન આદિ ગ્રંથો, તેનાં અવતરણો વગેરેનું વર્ણન કર્યું છે. તે પછી વેદાંત દર્શનના મુખ્ય મતો અને તેના કર્તા અદ્વૈત (શંકરાચાર્ય), દ્વૈત (મધ્યાચાર્ય), શુદ્ધાદ્વૈત (વલ્લભાચાર્ય), વિશિષ્ટાદ્વૈત (રામાનુજાચાર્ય) પર વિગતે પ્રકાશ પાડ્યો છે.

તે વચ્ચે સંક્ષેપમાં જૈન-બૌદ્ધ ધર્મોનો ઇતિહાસ આપ્યો છે. ત્યાર બાદ રામાયણ, મહાભારત અને અઢાર પુરાણોની રસપ્રદ ચર્ચા આવે છે. કબીર, નાનક, તુલસીદાસ, મીરા, સુરદાસ, ચૈતન્ય, સહજાનંદ જેવા સંતો-ભક્તો તથા દયાનંદ કૃષ્ણમૂર્તિ, રામમોહન જેવી આધ્યાત્મિક વિભૂતિઓનું પ્રદાન નોંધ્યું છે.

આટલા વિષયાંગો પછી મુનિએ 'જૈન દૃષ્ટિએ ગીતા-દર્શન' શીર્ષક નોખું પ્રકરણ આલેખી ગીતામહિમા દર્શાવ્યો છે. એમના ગુરુ નાનચંદ્રજી મહારાજ પણ ગીતાશ્લોકો બોલાવતા. મુનિશ્રી લખે છે : આચારાંગનો અનુવાદ કર્યો ત્યારે ગીતાનો આકંઠ રસ પીધો. ગીતામાં જૈનત્વનો આત્મા સોળે કળાએ દીપી ઊઠ્યો છે. તેઓ ગીતાને માતા અને આચારાંગને પિતા સમાન ગણાવે છે.

એ બંને ના યોગે જન્મતી સંસ્કૃતિ વિશ્વવ્યાપી છે. અહીં મુનિશ્રીએ જૈનસૂત્રો અને ગીતાતત્ત્વોની તુલનાત્મક મુલવણી કરી છે. તત્ત્વાર્થ દૃષ્ટિએ જૈનસૂત્રોમાં છ દ્રવ્યો અને નવ તત્ત્વોનો ગીતા સાથે સુમેળ મળ્યા પછી બંનેમાં અહિંસાનો સુમેળ ક્યાં છે તેની વિશદ ચર્ચા કરી છે. કર્મ નિરૂપણના ઊંડાણમાં જૈન તત્ત્વજ્ઞાન અજોડ છે. એટલે ગીતાથી જેને તત્ત્વજ્ઞાનામૃત પીતાં તૃપ્તિ ન મળે તેને જૈનસૂત્રો વાંચવાની ભલામણ કરે છે.

આખરે તેઓ કહે છે કે, ગીતામાં એક પણ તત્ત્વ જૈનતત્ત્વનું વિરોધી નથી. ગીતા એ તો જૈનત્વની ભૂમિકાનું માર્ગદર્શન છે. છેલ્લે એમણે બીજા ધર્મો સાથે પણ તેની સરખામણી કરી છે. ગીતામાંથી સંસારની સમસ્યાઓનું સમાધાન, ગીતાના નિચોડ અને તેનાં પાઠાંતરો વિશે પણ ચર્ચા કરી છે. ગ્રંથાંતે 'જૈન દર્શન' પ્રકરણ મૂક્યું છે, જેમાં ઉત્તરાધ્યયન સૂત્રનું અનુસર્જન અને વિનયધર્મ (સમર્પણ-કર્તવ્યપરાયણતા)ની સુંદર વિવેચના કરી સમાપન કર્યું છે.

(અંજાર (કચ્છ)ના લેખક ભરત પ્રા. ઠાકર (જ. ૧૯૫૨)ના મુખ્યત્વે ઇતિહાસ, પ્રવાસ, ચરિત્ર અને પ્રસંગાનુલક્ષી લેખો જાણીતાં અખબારો - સામયિકોમાં પ્રસિદ્ધ થતા રહે છે. પાંચ જૈન સાહિત્ય જ્ઞાનસત્રોમાં ભાગ લેનાર શ્રી ઠાકરની કટાર 'સંતસુરભિ' હાલે એકસાથે જન્મભૂમિ (મુંબઈ), ફૂલછાબ (રાજકોટ) અને કચ્છમિત્ર (ભુજ)માં દર ગુરુવારે પ્રસિદ્ધ થઈ રહી છે.

**સંદર્ભ :**

**દાર્શનિક દૃષ્ટિ :** લેઃ મુનિ સંતબાલજી,
સંપાદક : ગુણવંત બરવાળિયા,
પ્રકાશકઃ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મહાવીરનગર, ચીંચણ (મહા.)

*મૌનની મોજ તો અનુભવી જ જાણે !*
*એક સપ્તાહ સાંગોપાંગ મૌન રહી જનાર એના રસોદધિનું એક બિંદુ ય પામશે, પામશે જ.*

# ૧૫ ધર્મ આધારિત સમાજરચના

— ગુણવંત બરવાળિયા

ભારતીય સંસ્કૃતિનાં ચાર અંગો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. અર્થોપાર્જન એટલે આજીવિકા, ધંધો-વ્યવસાય વગેરે પ્રવૃત્તિઓ ધર્મને નજર સમક્ષ રાખીને કરવામાં આવે અને કામ-ભોગ, સાંસારિક અને વ્યાવહારિક જીવનનાં કાર્યો પણ ધર્મને નજર સમક્ષ રાખીને કરવામાં આવે તો જીવન સત્ત્વશીલ બને અને મોક્ષમાર્ગે વહેલા જઈ શકાય. આમ જીવનના દરેક તબક્કામાં અભિન્ન પ્રવાહમાં ધર્મ અભિપ્રેત હોય તો જ એ સંસ્કૃતિ મોક્ષલક્ષી બની શકે.

ચેતન કે જડના સ્વભાવને ધર્મ કહેવાય. વ્યાપક સ્વરૂપમાં સમજીએ તો ધરી રાખે તે ધર્મ, માનવસમાજને એક કરી રાખે-ધારણ કરી રાખે તે ધર્મ. આવા ધર્મની બુનિયાદ એટલે કે પાયા પર જે સમાજની ઈમારત રચાય તે આદર્શ સમાજ બને.

મુનિ શ્રી સંતબાલજીએ ભાલનળ કાંઠામાં સમાજસુધારાનાં કાર્યો શરૂ કર્યાં ત્યારે તેમને પ્રશ્ન કરવામાં આવ્યો, તમે ધર્મઆધારિત સમાજરચના કઈ રીતે કરી શકશો ? અહીં તો વહેમ, અંધશ્રદ્ધા, દારૂ; જુગાર, માંસાહાર, ભૂવા-ડાકલા અને દોરા-ધાગાની પ્રબળતા વધારે છે. પૂજ્ય સંતબાલજીએ મક્કમતાપૂર્વક કહ્યું કે, લોકમાનસનું ઘડતર કરવાનું છે, શિલ્પી એક મૂર્તિ ઘડે તેમ માનવસ્વભાવનું ઘડતર કરવાનું છે. શિલ્પી પથ્થરમાંથી નકામો ભાગ દૂર કરે ત્યારે સુંદર મૂર્તિ તૈયાર થાય છે તેમ માનવજીવનમાંથી વહેમ-વ્યસન જેવાં અનિષ્ટ તત્ત્વો દૂર થતાં આદર્શ સમાજની રચના થઈ જાય છે. જે સમાજમાં ધર્મ પ્રેરિત નીતિ હોય ત્યાં સ્વસ્થ અને તંદુરસ્ત સમાજની રચના થઈ શકે. નીતિ ધર્મવિમુખ હોય ત્યાં કદાચ બાહ્ય સમૃદ્ધિ મળશે, પરંતુ આંતરિક શાંતિનો ત્યાં અભાવ હશે અને સંવેદના બુઠ્ઠી થઈ ગયેલી જોવા મળશે. ધર્મ જ સમાજને નીતિનાશના માર્ગથી બચાવશે.

સામાન્ય રીતે સામાજિક નીતિમત્તા શીખવતી વ્યક્તિને કુટુંબ-પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો શીખવવામાં આવે છે. તેની સાથે જ શરીર અને આત્મા પ્રત્યેની જાગૃતિ જીવનમાં ધર્મનાં મૂલ્યો સ્થાપિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં સત્ય, અપરિગ્રહ અને અચૌર્યના સિદ્ધાંતોની ઉપયોગીતા છે જ, સાથેસાથે અનુકંપા અને સાધનશુદ્ધિની પણ એટલી જ મહત્તા છે.

યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રે અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં પણ ધર્મનાં આ બધાં શુભ તત્ત્વનો સુભગ સમન્વય કર્યો હતો. લાખોની ધંધાકીય લેવડદેવડનું કામ પૂરું કર્યા પછી બીજી જ ક્ષણે એ સમાધિભાવમાં રહી શકતા. અનુકંપાભાવને કારણે લાખો રૂપિયાનો નફો પણ જતો કરી શકતા. આમ એક વેપારીમાં પણ વીતરાગતાના ગુણો હોઈ શકે તે આદર્શ શ્રીમદ્જીએ આપ્યો.

વ્યાવહારિક અને રોજબરોજના જીવનમાં ધર્મભાવના વણાઈ જાય તો તેનું પાલન સહજ બની જાય છે. કુટુંબજીવન કે લગ્ન જેવા વ્યાવહારિક પ્રસંગોએ તમામ વ્યક્તિઓનો ખયાલ રાખીને વ્યવહાર કરીશું તો સંવાદિતા સ્થપાશે.

ધર્મઆધારિત સમાજરચનાનો પાયો વ્યક્તિગત ત્યાગભાવનામાં છે. કુટુંબમાંથી અલગ થતી વખતે હક્ક માટે લડત ચલાવવાને બદલે માત્ર ત્યાગભાવનાને આગળ કરી કુટુંબમાંથી જે મળ્યું છે, તેનો પ્રસાદીરૂપે સ્વીકાર કરી અને આગળ વધવું તે ભાવ કલેશને બદલે પ્રસન્નતાનું વાતાવરણ સર્જે છે.

પરિસ્થિતિ, સમય અને વ્યક્તિ પ્રમાણે વ્યવહારધર્મ બદલાતો રહે છે. જ્યારે

પ્રત્યેક વ્યક્તિ માટે કોઈ પણ સમયે નિશ્ચયધર્મ એક જ હોય છે. નિશ્ચયધર્મ કદી બદલાતો નથી.

ધર્મસંસ્થાઓ અને ધર્મક્રિયાઓમાં ધર્મ પ્રસ્થાપિત કરવાનું કાર્ય કપરું છે. માત્ર સાંપ્રદાયિક અને જડ ક્રિયાકાંડમાં અટકી જવાનું નથી. સંપ્રદાયની બહાર જઈ ક્રાંતિકારી વિચારોનો પ્રચાર કરવાવાળા છે. સંપ્રદાયની સંખ્યામાં વધારો કરવાવાળા પણ ખરા, પરંતુ ગુણવત્તા વધારવાવાળા બહુ ઓછા છે.

ઘણાને એક એવો પ્રચ્છન્ન ભય હોય છે કે, ધર્મઆધારિત સમાજરચનાથી સમાજ આળસુ થઈ જશે, માત્ર ભાગ્ય પર નિર્ભર બની શકે, પરંતુ શ્રીકૃષ્ણથી માંડીને ભગવાન મહાવીર સુધીના ધર્મપ્રવર્તકોએ પોતાની દાર્શનિક વિચારધારામાં પુરુષાર્થને પ્રધાનતા આપી છે. ધર્મચિંતકો અને સમાજસુધારકો આ વિચારધારાના યોગ્ય અર્થઘટનથી જરૂર જાગૃતિ લાવી શકે.

ધર્મની ભાષા બધા સમજી શકે. હૃદયને ચોટ લગાવે, વિચાર કરતાં કરી મૂકે તેવી ભાષા તે ધર્મની ભાષા છે. માનવચિત્તમાં ધર્મે ઊંડાં મૂળિયાં નાખ્યાં છે. શ્રદ્ધાના બળે એક સદાચારી આદર્શ સમાજની રચના થઈ શકે. સરકારી કાયદા કરતાં આત્માનું અનુશાસન અદ્ભુત અને સચોટ છે. શુભ વિચારનાં આંદોલનો સામી વ્યક્તિ પાસે જરૂર પહોંચે છે. અશુભ વિચારનાં આંદોલનો સામેવાળા પાસે જાય, તેનું ખરાબ કરે કે ન કરે, પરંતુ અશુભ વિચાર કરનારનું તો જરૂર ખરાબ કરે. સારા વિચારનાં આંદોલનો સમાજમાં મૈત્રીભાવ પ્રગટાવશે. આમ શુભ ચિંતન ચિંતામણિ સમાન છે. હવે તો ઘણાં સ્થળે સદ્ભાવના વિચાર આંદોલનનાં મંડળો પણ સ્થપાયાં છે. આપણે લાગણીના દુષ્કાળમાં જીવતા હોઈએ અને સમાજજીવનમાં ધર્મ પ્રગટે તો હૂંફ-ઉષ્માનું સર્જન થાય અને માનવગુણોના વિકાસનો વિસ્તાર થાય.

ધર્મ પ્રદર્શન કે નિર્બળતા ઢાંકવાનું સાધન બને તેના કરતાં આંતરિક ઉન્નતિનું સાધન બને તે અતિમહત્ત્વનું છે.

ચારિત્રશીલ સાધુ-સાધ્વી પરત્વે શ્રદ્ધા પ્રતિષ્ઠિત થતાં લોકશ્રદ્ધા બળવતર બને તે અધ્યાત્મની દિશા ઊઘડે. અહિંસા અને સત્ય જેવાં શાશ્વત મૂલ્યો પર આધારિત સમાજ રચાય તેવા સમાજની સંગીન ઈમારત જ ટકી શકશે.

મુનિશ્રીએ ધર્માનુબંધી વિશ્વદર્શનના દસ ભાગોમાં ધર્મ આધારિત સમાજરચનાના જે વિચારો આલેખ્યા છે તેમાં આપણને આદર્શ સમાજચિંતકના દર્શન થાય છે.

સમાજમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ સમન્વય અંગે મુનિશ્રીને પ્રશ્ન પૂછ્યો કે, વિવિધ ક્ષેત્રોમાં તમારી પ્રવૃત્તિ ચાલે છે. આપ જ પ્રવૃત્તિના પ્રાણ છો. છતાં એક પણ સમિતિના સભ્ય કે પ્રમુખ આપ નથી. આવા પ્રકારની અલિપ્તતા શા માટે ? આ પ્રશ્નના ઉત્તરમાં મુનિશ્રીના વિચારો તપાસવા જેવા રસપ્રદ છે. ''હું સાધુ છું. સાધુધર્મની મર્યાદામાં રહીને હું સમાજને જેટલો ઉપયોગી થઈ શકું એટલો થવા મથું છું. મારી સામે બે વર્ગો પડેલા છે : (૧) સમાજ પર જીવતો સાધુવર્ગ અને (૨) પ્રવૃત્તિમાં પડેલો વર્ગ.

હું બંનેનો સમન્વય સાધવા માગું છું. સાધુઓની નિવૃત્તિ માર્ગની પ્રવૃત્તિ એમને એટલે દૂર સુધી લઈ ગઈ છે કે પરિણામે એમાં જડતા આવી ગઈ છે. નિવૃત્તિમાંથી જે ચૈતન્યનો વિકાસ થવો જોઈએ તેને સ્થાને મોટે ભાગે સાધુઓમાં આળસ અને જડતા ઘૂસી ગયાં છે. એ વર્ગમાં મારે ક્રાંતિ લાવવી છે.

જ્યારે મારી સામે જે બીજો વર્ગ છે તે એકલો પ્રવૃત્તિમાં તણાઈ રહ્યો છે, તેનું સુદ્ધાં તેને ભાન નથી. સવારથી સાંજ સુધી એક જ ધૂન - 'ભજકલદારમ્' આ બંને વર્ગ જ્યાં સુધી ફરીથી પોતપોતાનું સ્થાન નક્કી ન કરી લે ત્યાં સુધી ધર્મદષ્ટિએ સમાજરચના ન થઈ શકે. એટલે જ હું પ્રવૃત્તિના અને નિવૃત્તિના સમન્વયમાં માનું છું. જેઓ માત્ર નિવૃત્તિમાર્ગી છે તેમને સમાજનું ધારણ, પોષણ અને સત્ત્વસંશોધન થાય એવી પ્રવૃત્તિ તરફ ખેંચવા ચાહું છું. એ વર્ગ આજે પોતાનું સ્થાન ચૂક્યો છે. ધર્મનાં સ્થાનોમાં પણ ધન, પ્રતિષ્ઠા પામી ચૂક્યું છે. બીજો વર્ગ ધર્મથી ધનને માટે વિમુખ થઈ રહ્યો છે. એ પ્રવૃત્તિમાં પડેલા વર્ગના જીવનમાં રસ રહ્યો નથી. આટલી પ્રવૃત્તિ છતાં તેને સુખ મળતું નથી. આ વર્ગને હું નિવૃત્તિ તરફ ખેંચવા ચાહું છું. આ બંને વર્ગનો જો સમન્વય થાય તો જ ધર્મ જીવનના એક-એક ક્ષેત્રમાં પ્રેરણા આપી શકે.'' આમ મુનિશ્રીએ ધર્મદષ્ટિએ સમાજરચનાના વિચારો સુંદર રીતે સમજાવ્યા છે.

(સી.એ. સુધી અભ્યાસ કર્યા પછી ટેક્ષ. ઇન્ડ.માં પ્રવૃત્ત છે. મુંબઈની કેટલીક ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ ગુણવંતભાઈએ સિત્તેરથી વધુ પુસ્તકોનું સર્જન-સંપાદન કર્યું છે. તેમના પુસ્તક 'વિશ્વકલ્યાણની વાટે'ને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ એવૉર્ડ મળેલ છે અને જ્ઞાનસત્રોનું આયોજન કરે છે).

# ૧૬ સિદ્ધિના સોપાનમાં આત્મવિકાસનું વિશિષ્ટ નિરૂપણ

— ડૉ. રશ્મિ ભેદા

અધ્માત્મ યોગીરાજ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા સુરચિત અધ્યાત્મ કાવ્યપદ 'અપૂવ' અવસર એવો ક્યારે આવશે...' છે જેમાં એમણે જે અનુવભ્યું એ આલેખ્યું છે; આ કાવ્ય ગુણસ્થાન ક્રમ અધિષ્ઠિત પ્રાર્થના કાવ્ય છે, જે કંઈ કાવ્યદષ્ટિએ લખેલું સાધારણ કાવ્ય નથી પરંતુ સાધના પછીનો અંતરનાદ છે. અનંતકાળમાં જીવે ઘણીવાર સાધના કરી છે, પરંતુ કેન્દ્રમાં પોતાનાં અંતરચેતનાને રાખી છે અને પરિઘીમાં સદ્ગુરુદેવને રાખ્યા હતા. હવે આ અમૂલ્ય ભવમાં સદ્ગુરુદેવને કેન્દ્રમાં રાખી અહંભર્યા અસ્તિત્વને પરિઘીમાં રાખે તો અર્હમ્ સ્વરૂપમાં પ્રભુ પ્રગટે એવા અપૂર્વ અવસરની શૃંખલા શ્રીમદ્જીએ અહીં એક પછી એક કડીબદ્ધ રજૂઆત કરી છે. આખું કાવ્ય અનુષ્ઠાન ઉત્ક્રાંતિ ઉપર રચના પામ્યું છે. આથી ગુણસ્થાનની ઉત્ક્રાંતિ

જીવાત્મા માટે એક અપૂર્વ અવસર બને છે. સમગ્ર કાવ્યમાં એવો અપૂર્વ અવસર બને છે. સમગ્ર કાવ્યમાં એવો અપૂર્વ અવસર ક્યારે આવશે એવી અપેક્ષા રાખી છે. પ્રારંભમાં સર્વ સંબંધના બંધન વિચ્છેદ કરી પરિપૂર્ણ સાધુતાના ભાવની આકાંક્ષા કરી છે. તેમાં મિથ્યાત્વ અને ચારિત્રમોહ દ્વારા થતા અપ્રમત્ત દશાથી લઈ ઉપરના ગુણસ્થાનોનો આભાસ આવ્યો છે. કર્મની અપૂર્વ-ઓછી સ્થિતિ થતા અપૂર્વકરણ કરી, વેદ મોહનીય ઇત્યાદિ ભાવોનો ત્યાગ કરી શ્રાવક શ્રેણી પ્રાપ્ત કરે છે અને આગળ વધી અરિહંત દશા મેળવી, જ્યાં સુધી આયુષ્ય છે ત્યાં સુધી ''દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' તેવા અરિહંત ભાવમાં રમણતા કરે છે. અંતે યોગોથી વિમુક્ત થઈ, સર્વથા કર્મથી નિર્લિપ્ત બની, દેહાતીત દશાને પ્રાપ્ત કરી, સિદ્ધ દશા જેવી પરમ દશા પ્રાપ્ત  થયાનો અપૂર્વ અવસર જીવને ક્યારે મળશે એવા ભાવોમાં યુક્ત ૨૧ ગાથામાં આ પદ્યની રચના શ્રીમદ્ રાજચંદ્રે કરી છે.

આ પદ્યકાવ્ય ઉપરશ્રી સંતબાલજીએ 'સિદ્ધિના સોપાન' આ પુસ્તકોમાં વિવેચન કર્યું છે. મુનિશ્રી સંતબાલજી ક્રાંતિકારી જૈન સંત હતા. તેમની વિહારયાત્રાઓમાં તેમણે જૈન ધર્મની પ્રભાવના તો કરી, સાથે સર્વધર્મ સમભાવ, સત્ય અને અહિંસા વ્યસનમુક્તિ, અન્યાય પ્રતિકાર, સ્ત્રી ઉત્થાન, માનવરાહત, ખેડૂતો, આદિવાસીઓ વગેરેના વિવિધ સંગઠનો સાથે સમાજ ઘડતરનાં કાર્યો કર્યાં હતાં. એમણે પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન જૈન ધર્મ, ભારતીય દર્શનો અને અધ્યાત્મ વિશે વૈવિધ્યસભર સાહિત્યનું સર્જન કર્યું હતું. ગદ્ય અને પદ્ય એમ બંનેમાં એમણે લખ્યું છે. મુખ્યત્વે ચિંતનાત્મક ધાર્મિક સાહિત્ય સર્જ્યું છે. બધા મળીને ૬૦ પુસ્તકોનું સર્જન એમની કલમથી થયું છે.

એમાંથી જ એક પુસ્તક- 'સિદ્ધિના સોપાન' જેમાં શ્રી સંતબાલજીએ શ્રીમદ્ રાજચંદ્રના 'અપૂર્વ અવસર' કાવ્ય પર વિવેચન કરેલું છે. પ્રથમ કડીથી કવિ કહે છે, મારે તો જે નથી અનુવભવ્યું તે અપૂર્વ અવસર આણવો છે.

*અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,*
*ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો;*
*સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,*
*વિચરશું કવ મહત્પુરુષને પંથ જો.*

પ્રભુને જીજ્ઞાસુ આત્મા કહે છે, મારે નિર્ગ્રંથ એટલે ગાંઠ વગરનું થવું છે, એના માટે બાહ્ય અને અભ્યંતર બંને ગાંઠો છેદવાની છે. બહારની ગાંઠો છૂટ્યા વિના

અંતરની ગાંઠો કેવી રીતે છૂટે ? જે સંબંધો સુંદર ઉત્કર્ષ માટે બંધાયા હતા તે 'સંબંધો' જ આજે એ ગાંઠને પ્રતાપે બંધનરૂપ થયા છે. એ ગાંઠે જ સહાયક પાત્રોને રોધક બનાવી દીધા, એ ગાંઠે તો ધર્મસંબંધોને ય વાડા બનાવી દીધા. ઘણાય સાધકો બહારની ગાંઠ છોડીને, અંતરની ગાંઠ છોડવા પ્રયત્નશીલ થાય છે, પણ સ્વચ્છંદના પાસમાં ફસાઈ જાય છે. એટલે સાધક પભુને વિનવે છે, ''વિચરશું કવ મહત્પુરુષને પંથ જો.'

તને જેણે ઓળખ્યો છે એવા મહાપુરુષને પંથે, અર્થાત્ બંને પ્રકારના સંબંધોને છેદીને જે મહાપુરુષો વિચર્યા છે તે માર્ગ પર સંચરવા માટે અપૂર્વ ભાવના પ્રગટ કરે છે. આંતર અને બાહ્ય નિર્ગ્રંથતાનું પરિણામ કાયમી અનાસક્તિ છે એટલે આગળ બીજી ગાથામાં કવિ કહે છે -

**''સર્વ ભાવથી ઔદાસીન વૃત્તિ કરી.''**

વૃત્તિની ઉદાસીનતા એટલે વૃત્તિનું ઉર્ધ્વમુખીવલણ. વૃત્તિનું એ ઉર્ધ્વમુખીવલણ જગતમાં વિદ્યમાન સજીવ અને નિર્જીવ, દૂરની કે નિકટની વસ્તુમાત્રના સર્વ ભાવોથી પર રહેવું જોઈએ. અન્યથા સાચી નિર્ગ્રંથતા નહિ સધાય. જેમ કે એક મનુષ્યને કોઇ પણ પ્રકારનું મોહક શબ્દોનું સુરીલું સંગીત આકર્ષી શકતું નથી, પરંતુ એ જ મનુષ્યને રૂપ જોતાં જ એની વૃત્તિઓ ચંચલ થાય છે તો એ સર્વ ભાવનું ઉદાસીનપણું ન કહેવાય, અર્થાત્ એક ઇન્દ્રિયના વિષયમાં આકર્ષણ ન થાય પરંતુ બીજી ઇન્દ્રિયના વિષમાં એની વૃત્તિઓ ઢળી પડે (તો એ સર્વ ભાવનું ઉદાસીનપણું ન કહેવાય.) અહીં તો સર્વ ઇન્દ્રિયોના વિષય માત્રની વૃત્તિ વિરમીને આત્મા તરફ વળે એવા સર્વ ભાવથી કેવળ આત્માના ઉત્કર્ષ માટે જ ઉપયોગ કરે, જે ખોરાક ગ્રહણ કરે એ વિષયપૂર્તિ માટે નહીં પરંતુ દેહને જીવનશક્તિ પૂરી કરવા માટે જ લે. આમ થવાથી ઓછા પદાર્થોની જરૂર પડે, પદાર્થોમાં મર્યાદા આવતી જાય. આવા વૈરાગ્યમય અભ્યાસથી એની મૂર્ચ્છા ઘટતી જશે, પછી તો દેહની મૂર્ચ્છા પણ ટળી જશે.

સાધકની વાણીની સ્વયંસ્ફુરણાથી એ પ્રભુને ચરણે પ્રાર્થના કરે છે - આ દર્શનમોહ વ્યતીત થાય તો સારું. 'ચેતન દેહથી તદ્દન નિરાળું છે. એનું ચૈતન્ય સચેતન શરીરમાં વ્યાપ્ત છતાંય એ ચૈતન્યશક્તિ પોતાના સર્વધર્મમાં સરળરૂપે સ્થિર છે. પૌદ્ગલિક ધર્મ - પરધર્મમાં એ ભળી નથી ગઈ. આવા યથાર્થ જ્ઞાનનો અનુભવ, દર્શન મોહને વટાવી ગયા પછી સહજતાથી થાય અને એથી ક્રમે ક્રમે ચારિત્રમોહના જટિલ આવરણો દૂર થતા નિજના શુદ્ધ સ્વરૂપમાં જ માનનું વલણ સ્વાભાવિક વર્ત્યા

કરે, હે પ્રભુ ! એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? શ્રી સંતબાલજી કહે છે, દર્શન મોહરૂપી મહાસાગર સાંગોપાંગ વટાવી જવો જોઈએ તો જ ચારિત્રમોહનો સ્વયંભૂરમણ તરી શકાય, પરંતુ 'દેહ એ જ ચૈતન્ય' એવા પ્રકારનું અજ્ઞાન છે એથી જ બહારના સ્પર્શ, રસ, રૂપ, શબ્દાદિમાં સુખનો અનુભવ થાય છે. જ્યાં લગી આત્મા એ કોઈ દેહાદિથી કરણોથી તદ્દન ભિન્ન છે એવું દીવા જેવું ન જણાય ત્યાં સુધી દઢવૈરાગ્ય સંભવતો નથી. માટે જ સાધક યાચે છે કે મારે તો કેવળ ચૈતન્યનું જ્ઞાન જોઈએ છે. તેથી અનંત જીવનના આનંદનિધિનો રસ ચાખવા જતા વચ્ચે માર્ગને રોધી રહેલા કામ, ક્રોધાદિ શત્રુઓ મોળા પડતા જાય. જ્ઞાન પછી ચારિત્રમાં પ્રગતિ થાય છે. તેથી જ ચોથા ચરણમાં કહે છે –'વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો.' જ્ઞાનનું ફળ ધ્યાન છે. ધ્યાન એટલે પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન. સાધક પોતાના સ્વભાવમાં, પોતાના સ્વરૂપમાં જ લીન હોય ત્યારે તેને કોઈ વિષયો આકર્ષી શકતા નથી. હે પ્રભુ, એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

દર્શનમોહનો સાગર ઓળંગ્યા પછી, જ્યારે જ્ઞાનનો પ્રકાશ થાય ત્યારે વિચાર, વાણી અને વર્તન એ ત્રણે યોગમાં આત્મસ્થિરતા રહે. અહીં યોગ વિચાર, વાણી અને વર્તન એ ત્રણે યોગમાં આત્મસ્થિરતા રહે. અહીં યોગ એટલે આત્મા અને ક્રિયાનું જોડાણ. એ યોગ માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ પ્રકારનો છે –

સક્રિય મન સાથે આત્માના જોડાણને વિચાર કહેવાય છે.

વાચા સાથે આત્માના જોડાણને વાણી કહેવાય છે.

કાયા સાથે આત્માના જોડાણને વર્તન કહેવામાં આવે છે.

જેને આત્મસ્થિરતા આવી છે તેને ઘોરમાં ઘોર પરીષહ આવે, ગમે તેવી આધિ, વ્યાધિ કે ઉપાધિ આવે તો પણ એ સ્થિરતા ટકવી જોઈએ. જૈન દર્શનમાં વર્ણવાયેલ પાંચમા ગુણસ્થાનવર્તી સાધકનું આમાં બયાન છે, પણ તે ભૂમિકામાં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એવા ત્રણ ભાવો હોઈ શકે છે. અહીં ક્ષાયિક ભાવનો સમાદર છે અને તેથી જ ત્રણે યોગો પૈકી – ''મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો'ની ભાવના પ્રગટ કરી છે. ક્ષયોપશમ ભાવમાં ઉદયમાં નહીં આવેલ કર્મોની ઉપશાંત દશા હેવાથી પરીષહ કે ઉપસર્ગ આવ્યે લથડી પડવાનો ભય હોય છે. કારણ કે પરીષહો અને ઉપસર્ગો સામે લડવું અને સંપૂર્ણ વિજય મેળવવો એ જ સાધકની સાધનાનો હેતુ રહેલો છે.

આવી રીતે આગળ વધતા આગળની ભૂમિકામાં શી દશા થાય છે તે કવિ

પાંચમી ગાથામાં વ્યક્ત કરે છે.મન, વચન અને કાયાનું પ્રત્યેક યોગમાં વર્તવું, માત્ર સંયમના જ કારણે થાય છે.વિચારમાં સંયમ, વચનમાં સંયમ અને ક્રિયામાત્રમાં સંયમ કારણભૂત બની રહેવો જોઈએ અને એ સંયમ પણ સ્વરૂપલક્ષી જ હોય અને સ્વરૂપલક્ષિતા જિનેશ્વર દેવની આજ્ઞાને આધીન હોય. સંયમ પોતે સાધ્ય નથી, એ પણ એક સાધન જ છે. સાધ્ય તો સ્વરૂપદશા છે. એ સંયમ એનું સાધન છે. સ્વરૂપલક્ષ્ય તો ખરું જ પણ ત્યાં સ્વચ્છંદતા ન આવી જાય. એટલે જિનાજ્ઞાની આધીનતા રૂપી સંરક્ષણ જોઈએ. કવિશ્રી આ પદમાં એવી ભાવના ભાવે છે, એવો અપૂર્વ અવસર ક્યારે આવશે કે આત્મસ્વરૂપમાં લીન બની જ્યાં બધા યોગોની પ્રવૃત્તિ શાંત થઈ ગઈ હોય, બીજા કોઈ હેતુનું પ્રયોજન ન હોય, એવા સ્વરૂપનું જાગરણ હોય.

આગળની છઠ્ઠી ગાથામાં સંયમના હેતુએ યોગનું પ્રવર્તન હોય એ જિનેશ્વર દેવની આજ્ઞાની આધીનતા હોય ત્યારે સાધકની સ્વરૂપ દશા કેવી હોય અને ક્રમે ક્રમે કેવી થતી જાય એનું વર્ણન કર્યું છે. આ પદમાં પાંચ વિષયો અને પાંચ પ્રમાદનો ઉલ્લેખ છે. શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ એ પાંચે વિષયો પ્રત્યે રાગ અને દ્વેષનો અભાવ રહે અર્થાત્ મધ્યસ્થભાવ રહે. વિષયોમાં આત્યંતિક વિરક્તિવૃત્તિ જોઈએ કારણ કે વિષયો તો જ્યાં સુધી ઇન્દ્રિયો છે ત્યાં સુધી રહેવાના, એટલે વિષયોનું બંધન રાખવા માટે વિષયો પ્રત્યે અત્યંત વિરાગભાવ જાગવો જોઈએ. અને સામે મદ, વિષય, કષાય, નિંદા, વિકથા આ પાંચ પ્રમાદને વિશે મનનો ખળભળાટ ન થાય. પ્રમાદ એટલે આત્મસ્ખલન, જે આત્માને ડગાવે તે તે પ્રમાદના અંગ ગણાય. 'મદ' એટલે અભિમાનજન્ય અહંકાર. અહીં જે વિષયનો નિર્દેશ છે તે વિશેષતઃ વિકાર સાથે સંબંધ ધરાવે છે. ઉચ્ચ કોટિએ ગયેલ સાધકે સ્ત્રીમાત્ર પ્રત્યે માતૃભાવની દૃષ્ટિ સ્થિર રાખવાનું વ્રત લીધું હોવું જોઈએ. 'કષાય' એ પ્રમાદનું ત્રીજું અંગ છે. કષાય અને નોકષાય મળીને ચારિત્ર મોહનીયના ૨૫ ભેદો છે અને એ સર્વનું મૂળ મોહ છે, 'નિંદા' એ પ્રમાદનું ચોથું અંગ છે. અને 'વિકથા' એ પાંચમું અંગ છે. સ્ત્રીકથા, રાજકથા, દેશકથા અને ભક્તકથા એ ચાર વિષયો છે. પ્રમાદના આ પાંચેય અંગો આત્માના સૂર્યને ઢાંકી દે છે અને આત્માના અનંત વીર્યને પામર બનાવી દે છે. કવિશ્રી આગળ કહે છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોનું અવલંબન બંધનકારક ન થવું જોઈએ. અપ્રતિબદ્ધ દશાએ ઉદયાધીન અને કોઈ પણ પ્રકારની આકાંક્ષા કે લાલસાથી રહિત એનું આચરણ કે વિચરણ હોવું જોઈએ. આવો અપૂર્વ અવસર ક્યારે આવશે? અહીં મુખ્યત્વે સાતમા ગુણસ્થાનકની ભૂમિકા છે.

હવેની આઠ કડી સુધી સાતમાથી માંડીને બારમા ગુણસ્થાનક સુધીની સંકલના વર્ણવી છે. સાતમા ગુણસ્થાને ક્રોધનો સર્વથા અભાવ થાય છે એટલે કે આવેશને કારણે તેનું પતન સંભવતું નથી, પરંતુ માન, માયા અને લોભના અંકુરો રહેલા હોય છે તેમ જ સ્ત્રીવેદ કે પુરુષવેદનું વેદન હોય છે. આઠમા ગુણસ્થાનકે માન નીકળી જાય છે. નવમામાં માયા ને વેદમનભાવ બંને એકસાથે ક્ષય પામે છે. દસમામાં માત્ર સૂક્ષ્મ લોભ જ રહે છે. ઉપશમ શ્રેણીવાળો જીવ હોય તો દસમાંથી અગિયારમા ગુણસ્થાનની ભૂમિકાને સ્પર્શી તુરત જ પાછો ફરે છે અને ક્ષપક શ્રેણીવાળો જીવ હોય તો દસમાંથી સીધો બારમા ક્ષીણમોહ ગુણસ્થાનની ભૂમિકામાં પ્રતિષ્ઠિત થાય છે, એનું હવે પતન સંભવતું નથી, અંતમુહુર્ત જેટલા કાળમાં જ વીતરાગતાની પરાકાષ્ઠા પ્રાપ્ત કરી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરે છે. સાતમી અને આઠમી કડીમાં સાધક ક્રોધ, માન, માયા, લોભ આ ચારે કષાયોના પ્રબળ નિમિત્તો આવ્યા છતાં પોતે નિર્લેપ દશામાં રહેવો જોઈએ તે બતાવે છે. આ રીતે ભાવસંયમની દૃષ્ટિ બતાવ્યા પછી હવે નવમી કડીમાં દ્રવ્યસંયમની દૃષ્ટિ દેખાય છે. સૂક્ષ્મ જગતમાં સાધક કેવો હોવો જોઈએ તેનું દર્શન થયા પછી સ્થૂળ જગતમાં તો સાધક કેવો હોવો જોઈએ તે બતાવે છે.

શરીર સુકુમારના અર્થે, દેહવિભૂષા માટે શ્રમણ કશીય પ્રવૃત્તિ ન કરે. વસ્ત્ર, સ્નાન, દાતણ આદિ શરીર સજાવટ, સરંજામની વસ્તુનો ત્યાગ કરનાર તેમજ કાયા, રોમ, નખ કે અંગમાં લેશ પણ શૃંગાર ન હોય એ રીતે દ્રવ્યથી તેમજ ભાવથી એ બંને પ્રકારે સંયમમાં રહેવું જોઈએ, તો જ નિર્ગ્રંથતા સિદ્ધ થાય એટલે કવિશ્રી અહીં કહે છે, હે ભગવન ! એવી સહજ દશાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

આગળની કડીમાં સમભાવની પરાકાષ્ઠા બતાવી છે. એ ભૂમિકાએ પહોંચેલા સાધકની દશા કેવી હોય તો શત્રુ અને મિત્ર બંને તરફ સ્વભાવિક સમદર્શીપણું હોય, પ્રશંસા હોય કે નિંદા મળે બેઉમાં સમભાવે રહે, જીવન કે મરણ એ બંનેમાંથી કોઈ પણ દશા તરફ ઓછો-આર્થિક ભાવ ન આવે, એ કેવળ આત્મભાવમાં વર્તે, શુદ્ધ સ્વભાવ વર્તે તેથી જ કહે છે –

ભવ મોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો.

અર્થાત્ સંસારમાં રહેવા છતાં નિર્લેપતાથી રહે, ન તો સંસાર પ્રત્યે ઉકળાટ થાય કે ન તો મોક્ષનોય મોહ થાય, હે પરમાત્મા, આવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

હવેની કડીમાં નિર્ગ્રંથની દિનચર્યાનો ઉલ્લેખ છે. સ્મશાન જેવા ભીષણ સ્થાનમાં એકાંત સાધના કરે, વળી જ્યાં વાઘ-સિંહ જેવાં જંગલી પ્રાણીઓના

સંયોગનો સંભવ હોય તેવા પર્વતાદિ સ્થાનોમાં નિર્ભયતાથી રહી સાધના કરે અને ધ્યાનસ્થ દશામાં બેઠા હોય ત્યારે આવાં પશુઓ આવી ત્રાડ મારે, પંજો ઉપાડે તો પણ સાધક લેશમાત્ર ન ચળે કે પ્રતિકાર ન કરે, મનમાં જરા પણ ક્ષોભ ન થવા દેતા અડોલ આસને બેસી રહે. પદ્યકર્તાની ઉર્મિઓ આ ભૂમિકાથી આગળ વધતા કહે છે -

**'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**

હે પ્રભુ, આવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

ચારિત્રઘડતરમાં સંયમ પછીનું પગલું તપ છે. આંતરગ્રંથિને ભેદવા માટે તપ અનિવાર્ય બને છે એટલે હવેની કડીમાં કવિશ્રી તપ કરતી વખતે કેવી ભૂમિકા હોવી જોઈએ એ સમજાવવા કહે છે, મહાકઠણ તપસ્યા થતી હોય છતાં મનમાં લેશ પણ ઉકળાટ ન થાય, અત્યંત મધુર અને રૂચિકર ખોરાક મળવા છતાં એમાં રૂચિ ન થાય. કારણ તપસ્વીને જ્યાં સુધી એમ લાગે કે હું તપ કરી રહ્યો છું, મેં તપ કર્યું છે, સહેજ નિમિત્ત મળતા આવેશ આવી જાય એ દૃષ્ટિએ ગીતામાં કહ્યું કે, 'પ્રસન્ન અને સૌમ્ય ચિત્ત, શુદ્ધ ભાવ, આત્મસંયમ અને મૌનની મસ્તીનું જતન એ જ સર્વોત્કૃષ્ટ તપ છે. આગળ કહે છે, રજકણ હો અથવા વૈમાનિક દેવની સમૃદ્ધિ હો પણ નિર્ગ્રંથની દૃષ્ટિએ તો બને પુદ્‌ગલ જ છે એ બંને ક્ષણે ક્ષણે પરિવર્તન પામવાના સ્વભાવવાળા છે, ગીતા અને શ્રી આચારાંગ બંનેની દૃષ્ટિમાં વિરક્તિ કાયમ રાખી નિય-અનિવાર્ય રીતે આવી પડેલાં કર્મો કરવા છતાં ફળ ચાહે તે આવે તે પ્રત્યે લેશ પણ સારી કે માઠી આકાંક્ષા ન સેવવી એ જ તપસાધના.

૧૩મી ગાથામાં આઠમા ગુણસ્થાનક 'અનિવૃત્તિ બાદર સંપરાય'ની ભૂમિકાનું વર્ણન છે. અહીં અપ્રમત્તના-આત્મજાગૃતિ સહજ હોઈને કર્મનું તીક્ષ્ણ આવરણ ભેદાઈ જાય છે. અપૂર્વકરણની ભૂમિકા આવી શ્રેણી પર આરૂઢ થાય છે. ક્ષપક શ્રેણીને લાયક સાધક વિવેકસંપન્ન હોય છે, એનામાં જ્ઞાન અને ક્રિયાનો સુંદર સમન્વય હોય છે. અપૂર્વકરણ પછી નવમું, દસમું ગુણસ્થાનક પાર કરીને સીધો ક્ષીણમોહ નામે બારમા ગુણસ્થાને પહોંચે છે.

દર્શન મોહનીયનો સાગર ઓળંગ્યા પછી ચારિત્રમોહરૂપી મહાસાગર છે જેને કવિએ સ્વયંભૂમરણ સમુદ્રની ઉપમા આપી છે. આ 'ક્ષીણમોહ' ગુણસ્થાનકની ભૂમિકામાં મોહનીય કર્મનો સર્વથા નાશ થવાથી વિતર્ક નિર્વિચાર નામનો શુક્લધ્યાનનો બીજો પાયો હોય છે. બીજ બળી ગયા પછી વૃક્ષનો સંભવ નથી તેમ મોહ સમૂળગો નાશ થયા પછી ભવવૃક્ષનો સંભવ નથી. અજ્ઞાન અને મોહના સદંતર અભાવ પછી

વીતરાગતાની પરાકાષ્ઠાએ પહોંચાય છે અને અવ્યાબાધ કેવળજ્ઞાન સર્વાંગે ઝળકી ઉઠે છે અને સ્વયંજ્યોતિ સુખધામ એવા નિજસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

આગળની ૧૫મી ગાથા એ ૧૩મા ગુણસ્થાકની ભૂમિકા છે. મોહનીય કર્મનો નાશ થતા વીતરાગની પરાકાષ્ઠા સધાય છે, ચારેય ઘનઘાતી કર્મો નાશ થાય છે.

**ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં**
**ભવના બીજ તણો આત્યંતિક નાશ જો;**
**સર્વ ભાવ જ્ઞાતાદ્રષ્ટા સહ શુદ્ધતા**
**કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.**

કેવળજ્ઞાન થયા પછી સર્વ પર્યાયસહિત સર્વ દ્રવ્યોનું અનેક રીતે જ્ઞાન આ ભૂમિથી જ શરૂ થાય છે અને તે કાયમ ટકે છે. 'ગુરુત્વાકર્ષણ'ના એક જ સિદ્ધાંતની શોધમાં સમસ્ત વિશ્વ સંકળાયેલું જુએ છે તેમ એવો પુરુષ આત્મશોધની પૂર્ણતામાં સમસ્ત વિશ્વને પ્રતિબિંબિત થયેલું નિહાળે છે. અહીં કૃતકૃત્યતા, પ્રભુના અનંત વીર્ય અને અનંત પ્રકાશ હોય છે. સંપૂર્ણ પરમાત્વ સ્વરૂપ સાથની એકતા અનુભવાય છે. વીર્ય એ પ્રકાશ અનંતતા ધરે છે. અહીં શ્રી સંતબાલજી શ્રી અરવિંદના શબ્દો quot કરે છે – ''અહીં પૂર્ણતાના મૂળ છએ તત્ત્વો પ્રગટ થાય છે : પૂર્ણસમતા, પૂર્ણશક્તિ, પૂર્ણવિજ્ઞાન, પૂર્ણકાર્ય, પૂર્ણભક્તિ અને પૂર્ણાનંદ.''

અહો પરમાત્મન્ ! એવા અપૂર્વ દહાડા ક્યારે આવશે ?

આ ભૂમિકામાં બાકીના વેદનીય, નામ, ગોત્ર, આયુષ્ય, આ ચારે અઘાતી કર્મો પણ બળેલી સીંદરીની માફક માત્ર આકારરૂપે રહે છે અને દેહરૂપી આ છેલ્લું વસ્ત્ર પૂરું થાય ત્યાં લગી જ એ ચાર કર્મ રહે. પછી તો કબીરજી કહે છે એમ ''**ज्यों को त्यों धर दीनी चदरिया**'' એમ સ્થિતિ પૂરી થઈ જાય છે. તેરમા ગુણસ્થાનમાં રહેલા સયોગી કેવલીના આયુષ્યને પૂરું થવાને માત્ર અંતર્મુહુર્તકાળ બાકી રહે છે ત્યારે કેવલીનો ઉપયોગ શુક્લધ્યાનના ત્રીજા પાયા પર કેન્દ્રિત થાય છે. અહીં પ્રથમ તે કેવલી સમુદ્ઘાત કરે છે. મન, વચન, કાયા અને કર્મની તમામ સજાતીય સામગ્રી છૂટી જવાથી પુદ્ગલ માત્રનો સંબંધ છૂટી જાય છે. ત્યારે ચૌદમા અયોગી ગુણસ્થાનકમાં આત્મા સંપૂર્ણ રીતે સ્વાધીન બને છે, નિર્બંધ બને છે. હવે એક પણ પુદ્ગલ પરમાણુની સ્પર્શના ન રહેવાથી સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ થયું છે. આત્મા અહીં પાંચ હ્રસ્વ (**अ, इ, उ, ऋ, ऌ**) સ્વર ઉચ્ચારણકાળ પર્યંત નિષ્કંપ બની જાય છે. અહીં શુક્લધ્યાનનો ચોથો 'સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ' ભેદ હોય છે અને ત્યાં આત્મા

સર્વાંગી પૂર્ણતાને પામે છે. સંપૂર્ણ નિષ્કલંક , કેવળ ચૈતન્યમૂર્તિ, નિરાકાર, નિરંજન અને અગુરુલઘુ એવા પોતાના શાશ્વત પદને પ્રાપ્ત કરે છે, સિદ્ધિસ્થાન મેળવે છે અને જેને આદિ હોવા છતાં અંત નથી એવા અનંત સમાધિસુખમાં અનંતજ્ઞાન તથા અનંતદર્શન સહિત સ્થિર થાય છે. એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

૧૯ ગાથામાં કવિશ્રીએ જે આત્માના ઉર્ધ્વીકરણનું વર્ણન કર્યું છે એ પરોક્ષાનુભૂતિથી કહેવાયું છે કે આપ્તજનોના વચનથી ? આનો ઉત્તર છેલ્લી બે કડીમાં આપે છે, પરમપદનો અનુભવ સર્વજ્ઞ પુરુષોને પ્રત્યક્ષ છે એમ છતાં પ્રભુ એ અનુભવને વાણીમાં ઉતારી શકતા નથી કારણ આત્મજ્ઞાન કેવળ અનુભવગોચર છે તો એવા અકથ્યસ્વરૂપને બીજાની વાણી તો કેવી રીતે કહી શકે ? અહીં પદ્યકાર આ પદ્યરચનાનો હેતુ સમજાવતા કહે છે, 'આવું પરમપદ મેળવવાની મારી મુરાદ પ્રભુને ચરણે ચિંતન દ્વારા મૂકી છે. મને દઢશ્રદ્ધા છે કે પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવાથી આખરે એ સ્વરૂપ મળશે જ.'' આવા અડગ અટલ નિશ્ચય સાથે શ્રીમદ્ રાજચંદ્રજી અહીં વિરામ પામ્યા છે. મુનિશ્રી સંતબાલજીએ આ કાવ્યના વિવેચનમાં આત્મવિકાસના તબક્કાને સુપેરે ઉજાગર કર્યો છે.

(મુંબઈસ્થિત જૈન ધર્મના અભ્યાસુ ડૉ. રશ્મિબેને જૈન યોગ પર Ph.D. કર્યું છે. તેમનાં ચાર પુસ્તકો પ્રગટ થયાં છે. જ્ઞાનસત્રમાં રીચર્સ પેપર પ્રસ્તુત કરે છે).

# ૧૭ સંતબાલજીએ ઉજાગર કરી દીવાદાંડી નામે લોંકાશાહ

— ખીમજી મણશી છાડવા

**માનવ** સહજ રીતે સુખ ઇચ્છે છે. ચિરસુખની શોધમાં ભૌતિકસુખની માયાજાળમાં ફસાઈ જાય છે. આ માયાજાળ કઈ ? આ વિશ્વના લગભગ તમામ ધર્મના કહેવાતા વડા આગેવાનો-સાધુઓ દ્વારા રચિત આટાપાટા જેમાંથી જન્મે કુરૂઢિઓ, વહેમો, ધર્મઝનૂન અને સત્તાશાહી. આ કીચડમાં ઊતર્યા પછી માનવ તેમં વધારે ને વધારો ખૂંપતો જાય, મૂંઝાઈ જાય અને કરોળિયાની જેમ સંસારમાં પછડાતો જાય. જ્યારે પરિસ્થિતિ વિષમ બને ત્યારે યુગદષ્ટા જન્મ લે છે.

આવા જ યુગદષ્ટા તે લોંકાશાહ. આજથી ૫૦૦ વર્ષ પહેલાં જ્યારે મહાવીરભગવાને પ્રરૂપેલા જૈન દર્શનના અનુયાયીઓ ભટકી રહ્યા હતા. કાળક્રમે સંઘોમાં સડા પેસી ગયા હતા, મૂર્તિપૂજામાં અટવાઈ ગયા હતા અને સામાન્યજનો

સાધુઓના અધિકારવાદની બેડીઓમાં જકડાઈ ગયા હતા ત્યારે અમદાવાદના રાજકારોબારમાં ઉત્તમ સ્થાન ભોગવતા કાર્યદક્ષ, ચતુર પણ ગંભીર અને સરળ શાહ નામે હેમાભાઈને ત્યાં પુત્રજન્મ થયો. ભવ્ય કપાળ, ઘાટીલું શરીર, શાંત મુખમુદ્રા ધરાવતો આ બાળ તે લોંકાશાહ.

બાળક લોંકાશાહે વિદ્યાભ્યાસ કરતાં કરતાં તે વખતની આખા ભારતવર્ષની પ્રચલિત સંસ્કૃત પ્રાકૃત, અર્ધમાગધી વગેરે વિવિધ ભાષાજ્ઞાન મેળવી લીધું. કળાકૌશલ્ય અને વ્યવહારદક્ષતામાં નિપુણ બન્યા અને પિતાજીના સંસ્કારી હોદ્દા પરથી રાજનીતિનો ઊંડો અભ્યાસ પણ કેળવ્યો. યુવાવયે લગ્ન થયાં. ગૃહસ્થજીવન વિકસ્યું, પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. જીવન અતિ સુખદ વિતવા લાગ્યું.

સમય આવતાં એક મહાન રાજકર્મચારી બન્યા. બુદ્ધિચાતુર્ય, ઉચ્ચ પ્રકારનું નૈતિક જીવન અને રાજનીતિજ્ઞતાથી તે પોતાના સ્થાનનો ઉત્તરોત્તર વિકાસ કર્યે જતા હતા. રાજ્યાધિકારી, ગર્ભશ્રીમંત લોંકાશાહને અધિકારવાદનો લેશ પણ ગર્વ નહોતો. સંયમ અને સાદાઈ તેમના જીવનમાં વણાઈ ગયાં હતાં. મળેલી સાહ્યબી અને સાધનોનો તેઓ હંમેશાં સદુપયોગ કરતા. કોઈને દાનથી, કોઈને દ્રવ્યથી તો કોઈને આશ્વાસનથી તે સંતોષતા હતા. આ રીતે ધર્મ અને વ્યવહારમાં તેમણે એકવાક્યતા સાધી હતી.

ખરેખર તો લોંકાશાહનું ખરું રૂપ તો 'ગૃહસ્થ છતાં પણ સંન્યાસ' હતું. જૈન ધર્મને તેઓ વિશ્વધર્મ સમજતા અને સર્વધર્મભાવનામાં રંગાયેલા રહેતા. નાનપણથી જ ધર્મપરાયણ લોંકાશાહ પરિપક્વતાની આધેડ વયે રાજકારણ છોડી ધર્મકારણમાં જોડાયા. એ દરમ્યાન સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક ત્રણે ક્ષેત્રની અવનતિના થર બાઝેલા અનુભવ્યા. ધર્મને નામે ગરીબ અને નિર્દોષ પ્રજા ચગદાઈ રહી હતી. તેમનું અંતઃકરણ દ્રવી ઊઠ્યું, ઝણઝણ્યું અને ધર્મક્રાંતિનો ઝંડો ઉઠાવ્યો.

જેમ જેમ લોંકાશાહ ધર્મકારણમાં અને સંઘ-ચતુર્વિધ સંઘમાં ઊંડા ઊંડા ઊતરતા ગયા, સડો દેખાવા લાગ્યો. સાધુની પોકળ વાણીથી તો તેમનું અંતર કકળી ઊઠ્યું. તેમની પોતાની વિવેકબુદ્ધિ સત્ય શોધવા લાગી. ભગવાન મહાવીરની વાણી જે શાસ્ત્રોમાં છુપાયેલી છે તે મેળવવા કેમ? સદ્નસીબે તેમનું લેખનકાર્ય લેખે લાગ્યું. તેમના દાણા જેવા અક્ષર એક મુનિરાજે જોયા અને તેમને મૂળ ગ્રંથો એક પછી એક લખતા મળ્યા લોંકાશાહ. તેમને મૂળ ગ્રંથો એક પછી એક લખવા મળ્યા. લોંકાશાહ શાસ્ત્રો ઝડપથી લખવા લાગ્યા. સાથે સાથે લહિયાઓ પાસેથી નકલો પણ તૈયાર

કરાવતા ગયા. દશવૈકાલિકના પ્રથમ સૂત્રથી જ મહાવીરસ્વામી પ્રરૂપિત ધર્મ સ્વરૂપની સમજ પડતી ગઈ અને ચકોર વિદ્વાન લોંકાશાહે પછી તો બધાં શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન મેળવી લીધું.

જોઈતી માહિતી મળી ગયા પછી ભગવાન મહાવીરના જ સૂત્રોમાંથી સત્ય અસલ સ્વરૂપમાં લોકો સમક્ષ રજૂ કરી જાગૃતિ અભિયાન શરૂ કર્યું. લોંકાશાહે બહુ જ સરળ ભાષામાં જૈનની વ્યાખ્યા કરી. જૈન જન્મતો નથી પણ થાય છે. આત્માના વેરીઓ પર વિજય મેળવે તે જૈન. પછી ભલે તે કોઈ પણ વર્ણનો હોય. જૈન ધર્મમાં ગચ્છ, સંપ્રદાય, ભેદ ન હોય. જૈન દર્શન સમદૃષ્ટિ છે. જૈન ભિક્ષુ આત્મકલ્યાણની સાથે વિશ્વકલ્યાણ સાધતો રહે છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જૈન સંઘના ચાર મજબૂત સ્તંભ છે; ભગવાન મહાવીરે ચારેય ત્યાગની દૃષ્ટિએ ભલે ઓછા વધુ હોય તો પણ સંઘદૃષ્ટિએ સમાન ગણ્યાં છે.

લોંકાશાહના સત્યના પ્રચારથી શ્રાવક-શ્રાવિકાઓ તેમના તરફ આકર્ષાવા લાગ્યાં અને ઉપાશ્રયો સૂના થવા લાગ્યા. લોકો બાહ્ય એટલે કે મૂર્તિપૂજા છોડી આભ્યંતર પૂજા તરફ વળવા લાગ્યા. સાધુઓએ પોતાના ભક્તશ્રાવકોને લોંકાશાહ પાસે જતા રોકવાના ખૂબ પ્રયાસો કર્યા પણ સત્ય આગળ કંઈ ન ચાલ્યું. ઊલટાના જેમ જેમ પ્રત્યાઘાતો થતા ગયા તેમ તેમ લોંકાશાહનો પ્રભાવ વધતો ગયો અને તેમની ક્રાન્તિનાં મોજાં દૂર દૂર ફરી વળ્યાં.

જૈન ધર્મની આ ક્રાંતિએ ખળભળાટ મચાવી દીધો. લોંકાશાહના વિચારને અનુસરનારો બહોળો વર્ગ ઊભો થવા લાગ્યો કે એક સંઘ-સંસ્થા નિશ્ચિત થવી જોઈએ, પરંતુ લોંકાશાહે નવો મત સ્થાપવો નહોતો, કારણ તેનાથી તો પૂજા-પ્રતિષ્ઠા પાછી ઘર કરી જાય. તેમણે જણાવ્યું કે શાસનની પ્રભાવના કેવળ વિચારથી નહીં આચારથી કરો.

લોંકાશાહના સત્ય પ્રચારાર્થે ૪૫ જણ તેમના ચરણે ચાલવા તૈયાર થયા. લોંકાશાહે તેમને જૈન ધર્મની દીક્ષાની કડક સ્થિતિનું અને યમનિયમોનું શાસ્ત્ર દ્વારા ભાન કરાવ્યુ. એ ૪૫ સાધકો સત્યની સાધના અને પ્રચારકાર્યમાં જોડાઈ ગયા. સ્વાધ્યાય, ધ્યાન, આત્મચિંતન, વિચારમંથન દ્વારા આત્માને ખોરાક મળવા લાગ્યો અને તેઓ સંયમના હેતુપૂર્વક જ બધી ક્રિયાઓ કરવા લાગ્યા.

લોંકાશાહ પોતાનું કાર્ય પૂર્ણ કરી કાળધર્મ પામ્યા. ભગવાનમહાવીરના વચનામૃતોથી તેમનું ચૈતન્ય ચમકતું રહ્યું હતું. લોંકાશાહ નિર્વાણધર્મ પામ્યા પછી

તેમનો અનુયાયી વર્ગ રૂપઋષિને પોતાના ગુરુ માનવા લાગ્યા અને લોંકાશાહનું અનુયાયી દળ દયાગચ્છ તરીકે ઓળખાવા લાગ્યું. પાછળથી લોકાગચ્છ પણ અસ્તિત્વમાં આવ્યું.

લોંકાશાહની ક્રાંતિએ કંઈકેટલાય સાધુઓમાં પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું. ઉત્સવો, આડંબરો અને અસંયમને બદલે સાદાઈ, સરળતા અને સત્ચારિત્ર લોકોમાં-સંઘોમાં પ્રભાવી થવા લાગ્યા.

પણ, આજે હજી પણ જોઈએ એવો સુધારો દેખાતો નથી. સાંપ્રદાયિકતા ફરી વિકાસ પામી રહી છે. મુનિશ્રી સંતબાલજીએ ''ધર્મપ્રાણ લોંકાશાહ'' પુસ્તકમાં સચોટ રીતે તેમનું જીવન અને વિચારસરણીનું નિરૂપણ કરી તેમની વિચારધારા જન જન સુધી પહોંચાડવાનો સમ્યક પુરુષાર્થ કર્યો છે.

જૈન દર્શનનું સાચું સત્ય સૌને હૈયે વસે એ જ પ્રાર્થના.

(મુંબઈસ્થિત જૈન ધર્મના અભ્યાસુ ખીમજીભાઈ મુંબઈ જૈન મહાસંઘ અને તારદેવ સંઘના ટ્રસ્ટી છે અને ધાર્મિક શિક્ષણ બોર્ડના પ્રેરક દાતા છે).

*જેને આપણે બીજાની સેવા કહીએ છીએ, તે બીજાની સેવા નથી, પણ સ્વયં પોતાની સાધના છે.*



# ૧૮ જીવનબાગમાં સૌરભ પ્રસરાવતો પૂ. સંતબાલજીનો પ્રાણવાયુ - 'સાધક સહચરી'

— જિતેન્દ્ર મ. કામદાર

રાતરાણીની પુષ્પકળી સુંઘવાથી એમાંથી સુગંધ નથી મળતી, પરંતુ તેમાંથી પસાર થઈને આવતો વાયુ વાતારણને સુગંધી બનાવે છે.

આચારાંગસૂત્ર, સૂયગડાંગસૂત્ર, દશવૈકાલિકસૂત્ર જેવાં આગમબાગમાંથી ચૂંટેલાં વિવિધ અર્ધમાગધી સૂત્રો સામાન્ય સાધકની સમજમાં નથી આવતાં, પરંતુ મુનિશ્રી સંતબાલજી દ્વારા સરળ ભાષામાં અનુવાદિત થયેલાં એ સૂત્રોની નાનકડી ફૂલછાબડી એટલે સ્વરચિત ગ્રંથ 'સાધક સહચરી'.

સહચરી - સાથે ચાલનારી. જીવનમાર્ગ પર ચાલતાં ચાલતાં ઠોકર વાગે ત્યારે સાવધ કરનારી, સન્માર્ગે દોરનારી, શીખરૂપે સાથે વિચરતી જ્ઞાનધારા.

રુગ્ણ, લાચાર, બીમાર દરદીની પાસે રહીને પ્રેમપૂર્વક સારવાર કરનારી પરિચારિકા, દરદીનો મળ-કચરો દૂર કરી સ્વાસ્થ્યપ્રદ ઔષધિ પીવડાવીને નવજીવન અર્પે છે તે જ

રીતે સંસારી હોય કે સંન્યાસી, કોઈ પણ સાધકના જીવનમાર્ગને અવરોધતા દોષો, અભિમાન, કલેશ, લોભ, મોહ, છળકપટ જેવો કચરો દૂર કરી રોજિંદા જીવનની દૈનિક પ્રવૃત્તિ સાથે આચરણમાં વણી લેવાતાં સદ્‌ગુણો, સંયમ, બ્રહ્મચર્ય, અહિંસા, જાગૃતિ, ત્યાગ, સેવા જેવાં ઉત્તમ ઔષધિ સમાન ધર્મપદોનો પુષ્પગુચ્છ એટલે સાધક સહચરી.

મનુષ્યનું જીવન સોહે છે ઉત્તમ ગુણપુષ્પોના પમરાટથી. વિવિધ પુષ્પોની સુગંધ પણ જુદી જુદી હોય છે. પૂ. મુનિશ્રીએ અહીં એક જ ડાળી પર કેટલાં બધાં ફૂલડાં ઉગાડ્યાં છે ! તો હવે આપણે એક પછી એક વિવિધ ગુણપુષ્પોની સુગંધ માણીએ અને જીવનને નંદનવન સમું મઘમઘતું બનાવીએ.

**સંયમગુણી સાધક :** મોહમાયા, રાગદ્વેષ આદિ દુર્ગુણોથી કલુષિત થતા રહેતા આપણા ચૈતન્યને તે વિકારોથી દૂર રાખવા માટે શરીરથી વાણી અને મનથી સમજણપૂર્વક વૃત્તિ-પ્રવૃત્તિનું નિયમન કરવું તે સંયમ.

આ વર્ગનો સાધક, પોતાનું જીવન નદીના વહેણની જેમ સરળપણે વહેતું રહે તે માટે કેટલાંક નીતિનિયમોનું પાલન કરતો રહે છે. તેમાં પણ ક્યારેક કે અવિવેકીપણે કોઈ વિકૃતિ પેસી ન જાય, કોઈ જીવની લાગણી ન દુભાય, જાણ્યે-અજાણ્યે કોઈ પણ પ્રકારની હિંસાનું આચરણ ન થઈ જાય તે માટે સાવધ રહે છે. પોતાને માટે પાપકારી શું અને કલ્યાણકારી શું તેવી સમજણ કેળવવા સાધકના જીવનમાં અહિંસા અને સમભાવ જરૂરી છે.

સંયમી સાધક નિત્ય જ્ઞાનીજનોનો સત્સંગ કરનારો, માતા-પિતા-ગુરુજનો પ્રત્યે વિનયભાવ રાખનારો, વિમલવાણી ઉચ્ચારનારો, સદાય શાંત અને આનંદમાં રહેનારો હોય છે. તો પોતાની આત્મપ્રશંસાથી દૂર રહેનારો, કોઈની સાથે વેરભાવ કે તિરસ્કાર રાખતો નથી.

પૂ. મુનિશ્રી એવા સંયમી સાધકોને રોજ રાત્રે પોતાની દિવસભરની પ્રવૃત્તિઓના લેખાંજોખાં લેવા આત્મનિરીક્ષણ કરવાનું સૂચન કરે છે. પોતાની જ જાતતપાસણી કરતાં કરતાં વિચારવું કે આજના દિવસ દરમ્યાન કઈ કઈ ક્રિયાઓ કરી ? કરવા જેવું શું શું રહી ગયું ? ન કરવા જેવું શું શું થઈ ગયું ? પોતાની જાત સમક્ષ ખૂલ્લા થઈ દરેક પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવું. થઈ ગયેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરી, ફરીવાર એવી જ ભૂલો ન થાય તેવો સંકલ્પ કરી બીજા દિવસની પ્રવૃત્તિઓ દરમ્યાન વિશેષ જાગૃતિ રાખવાનું સૂચન કરે છે.

**આત્મજાગૃત સાધક :** આ કક્ષાનો સાધક વિચારે છે કે, બહારનાં યુદ્ધો જીતીને શું મેળવવાનું ? ખરું યુદ્ધ તો પોતાની જાત સાથે પીડાતા દોષોની સામે લડવાનું છે. પોતે જ પોતાના આત્માને જીતવો એ જ ઉત્તમ છે. એ જ ખરો વિજેતા છે. આપણો આત્મા પોતે જ સુખદઃખનો કર્તા અને ભોક્તા છે. આત્મા પોતે જ સુમાર્ગે રહે તો આપણો મિત્ર અને કુમાર્ગે રહે તો પોતાનો જ શત્રુ છે.

**ધર્મમાર્ગી સાધક :** સતત જાગૃતિપણે જીવન જીવનાર સાધક સુયોગ્ય રીતે ધર્મનું આચરણ કરે તો તે દિવ્ય આત્મા કેટલું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે અને તેની વિરુદ્ધ આંતરિક જીવનમાં વિષયાસક્ત રહી, ધર્મના ઓઠા હેઠળ અધર્મ આચરતો રહે તો તે જીવાત્માની કેવી દુર્ગતિ થાય છે તેના પર પૂજ્યશ્રીએ ઉદાહરણો ટાંકીને ધર્મની વાસ્તવિકતા બતાવી છે. ટીલા-ટપકાં કરવાં, મંદિરોમાં સેવાપૂજા કરવી, વ્રતો, ઉપવાસ, રાત્રિભોજન ત્યાગ કરવા માત્રથી ધર્મિષ્ઠ કહેવાતા નથી, પરંતુ પોતાના નિજી જીવનમાં દયા, સંયમ, ત્યાગ, સહિષ્ણુતા જેવા સદ્‌ગુણોનું આચરણ કરતો હોય તે જ સાચો ધર્મિષ્ઠ સાધક છે એ તેવા ધર્મપાલનમાં જ વ્યક્તિ, સમાજ, દેશ અને વિશ્વનું હિત અને સુખ સમાયેલું છે.

**जयं चरे जयं चिट्ठे, जयमासे जये सये**
**जयं भुंजन्तो भासन्तो, पावनकम्मं न बंधई।**

ઉપયોગપૂર્વક ચાલવું, ઉપયોગપૂર્વક ઊભા રહેવું, ઉપયોગર્પૂક બેસવું, ઉપયોગપૂર્વક સૂવું, ઉપયોગપૂર્વક ભોજન કરવું અને ઉપયોગપૂર્વક બોલવું (ઉપયોગપૂર્વક એટલે સાવધ રહીને, જાગૃતિ કે વિવેકપૂર્વક) આવી રીતે જે વર્તે છે તેને પાપોના બંધન થતા નથી. કોઈ પણ જાતનો દંભ-દેખાડો કર્યા વિના સાધક બહારથી જેવો સુશીલ, સજ્જન, ધર્મિષ્ઠ હોય છે તેવો જ સ્વચ્છ અને નિર્મળ અંદરથી પણ રહે તેવો મનુષ્ય સ્વર્ગીય સંપત્તિ પામે છે અને સદાય નિજાનંદી, આઠેય પહોરે આનંદમાં રહે છે.

પાંચ પ્રકારનાં વ્રતો (અણુવ્રત-મહાવ્રત)ના પાલન બાબત જુદી જુદી ગાથાઓ દ્વારા પૂજ્યશ્રીએ સરળ સમજુતિ આપી છે.

| **દોષોથી વિરમવું** | **ગુણોનું પાલન કરવું** | |
|---|---|---|
| હિંસા | અહિંસા | પ્રાણાતિપાત વિરમણ |
| જૂઠ | સત્ય | મૃષાવાદ વિરમણ |
| ચોરી | અસ્તેય | અદ્‌તાદાન વિરમણ |
| અબ્રહ્મચર્ય | બ્રહ્મચર્ય | મૈથુન વિરમણ |
| પરિગ્રહ | અપરિગ્રહ | પરિગ્રહ પરિમાણ |

ઉપરાંત ૬ પ્રકારના બાહ્યતપ અને ૬ પ્રકારના આભ્યંતર તપને ઊંડાણથી સમજી તેનું નિત્ય આચરણ કરનાર સાધક કર્મબંધથી જલ્દી છૂટી શકે છે અને પરમપદને પ્રાપ્ત કરે છે.

**કર્મવર્ગીય સાધક :** માનવી સારાસારનો વિવેક જાળવ્યા વિના મોહાંધ બની, પોતાનો સમય, શક્તિ અને સંપત્તિ વેડફીને ખોટાં કર્મો કરે છે અને તેનો પાશવી આનંદ માણે છે, પરંતુ જ્યારે તેના પરિણામરૂપે પાપકર્મો ઉદયમાં આવે ત્યારે સર્વસ્વ હારી ચૂકેલો એ માનવી ભરપેટ પસ્તાય છે. એ ભયંકર પરિસ્થિતિમાં મૂકાયેલો જીવ દુઃખથી કંટાળીને આત્મહત્યાના માર્ગે જઈ જીવન ટુંકાવે છે. પરિણામે જન્મ-મરણના ફેરામાંથી છૂટવાને બદલે તેમાં બમણો બંધાય છે. કર્મના અટલ સિદ્ધાંતને સમજી સાધકે સવેળા જાગૃત થવું જરૂરી છે. માનવીના જીવનમાં જ્યારે દોષોનું સેવન પ્રધાનપણે હોય છે ત્યારે ગુણોનો વિનાશ થઈ જાય છે. જેમ કે ક્રોધ - પ્રીતિનો નાશ કરે છે. માન - વિનયનો નાશ કરે છે. માયા - મિત્રતાને હણે છે અને લોભ-સર્વ ગુણોનો સંહાર કરે છે.

**શિક્ષાવર્ગીય સાધક :** પૂજ્યશ્રીએ આ ગ્રંથના અંતિમ પ્રકરણ શિક્ષાવર્ગમાં સંસારના ભોગોપભોગોની અસારતા, મૃત્યુની અનિવાર્યતા અને ઉત્તમ એવા મનુષ્યભવની દુર્લભતા વિષે સાધકને સતત ચિંતન કરવા પ્રેરિત કર્યા છે. અપાર ધનસંપત્તિ, સુવર્ણ, ઘરબાર, માલ-ખજાનામાં રચ્યાપચ્યા રહેતા જીવને કાળની એક જ થપ્પડ આ બધાંથી દૂર કરી દે છે. ઉત્તમ મનુષ્યભવ વારંવાર મળતો નથી તેમ જ પસાર થઈ ગયેલો સમય કદી પાછો ફરતો નથી. માટે સંસારી જીવે ક્ષણમાત્રનો પ્રમાદ ન કરતાં, ઉત્તમ મનુષ્યભવને ઉજળો કરી લેવા ધર્માચરણ કરતા રહેવું જોઈએ. જ્યાં સુધી શરીરમાં રોગો પ્રવેશ્યા નથી, ઘડપણ આવ્યું નથી, ઇંદ્રિયો અને અંગો-ઉપાંગો ક્ષીણ થયા નથી ત્યાં સુધી જીવે સર્વ પ્રકારના દોષોથી, ભોગોપભોગોથી પર થઈ, પોતાને મળેલા દુષ્પ્રાય મનુષ્યભવને ઉજમાળ કરી દેવાનો છે. ''હજી બાજી છે હાથમાં. ચેત ચેત નર ચેત'' એ ઉક્તિને નજર સમક્ષ રાખી મોંઘેરા જીવન અને મળેલા સમયનો પૂરેપૂરો સદુપયોગ કરી, આત્માને તેના પર લાગેલા કર્મબંધનોથી મુક્ત કરી, ધર્મમય શેષજીવન પસાર કરતાં કરતાં પુણ્યનું ભાથું બાંધતા રહેવાનું છે.

ઉપસંહાર કરતા આ ગ્રંથ 'સાધક સહચરી'નો સ્વાધ્યાય કરીને, તેના પર ચિંતન-મનન કરતા કરતા મને જે સમજાયું અને મારી જીવનચર્યામાં ગૂંથી લેવા

જેવું લાગ્યું તેનું જ મેં નિરૂપણ કર્યું છે.

અંતમા પૂ. યશોવિજયજી મહારાજ રચિત 'ઉપદેશ રહસ્ય'ના એક શ્લોકમાં સમગ્ર આગમોનો સાર જે સમાયો છે તે આટલો જ.

''વધુ તો શું કહેવું ? આ મનુષ્યજીવનમાં જે જે રીતે જડ પ્રત્યેના રાગ અને જીવો પ્રત્યેના દ્વેષ ઓછા થતા જાય તે જિનેશ્વરોની આજ્ઞા છે.''

- ઇતિ.

(આ 'સાધક સહચરી' નિબંધ પ્રસ્તુતકર્તા શ્રી જિતેન્દ્ર કામદાર, શાંતિનિકેતન સાધના કેન્દ્ર-તીથલ સાથે સંકળાયેલા છે. યોગશિક્ષક તરીકે ત્યાં અને અન્ય સ્થળોએ સેવા આપે છે. જ્ઞાનસત્રોમાં પોતાના શોધપત્રો અવારનવાર પ્રસ્તુત કરતા રહે છે).

*ત્યાગ તરફનું આકર્ષણ તે જ ભક્તિતત્ત્વ. ભક્તિ અર્પણતાના ગુણને બહાર લાવે છે. અર્પણતા આવતાં જ સ્વાર્થને સ્થાને દાન પરોપકાર અને પરમાર્થ પ્રગટે છે.*



# ૧૯ પૂ. શ્રી સંતબાલજીના અભિનવ દીક્ષિત નારીરત્ન સેવાપરાયણ મૂર્તિ પૂ. શ્રી કાશીબા

— મૂળવંતરાય ઉ. સંઘાણી

પૃથ્વીના પટ્ટ પર અનેક આત્માઓ જન્મ ધારણ કરે છે અને પોતાનો કાર્યકાળ પૂરો થતાં (સિદ્ધત્વ પામનાર સિવાય) ભવાટવીમાં પરિભ્રમણમાં ચાલ્યા જાય છે. દરેક આત્માઓ પોતાના જીવનકાળ દરમ્યાન કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ કરતાં જ રહે છે. એમાંથી કેટલાકની કેટલીક પ્રવૃત્તિઓનું મૂલ્ય ચિરઃકાળ પ્રકાશિત રહે છે, જ્યારે કેટલાક કાળની ગતિમાં ઢબુરાય જાય છે.

ઈતિહાસકારો અને લેખકો કેટલાકની કાર્યશૈલીને પ્રકાશીત કરતા રહે છે, જ્યારે કેટલાય અનભિજ્ઞ બનીને જતા રહે છે.

કોઈ પણ કાર્યની અસર સદાયે ટકતી નથી. છતાંયે કેટલાક સત્કાર્યો એવા હોય છે કે, જેની સુવાસ ઘણા જ લાંબા સમય સુધી પ્રસર્યા કરે છે. આવાં સત્કાર્યોની યોગ્ય નોંધ અને પ્રસિદ્ધિ ન થાય તો તેમની કર્તા પ્રત્યે પ્રજાની અને સાહિત્યકારોની

કૃતઘ્નતા જ ગણી શકાય. તેમના ગુણ અને કાર્યોનો અનુવાદ કોઈએ તો કરવો જ રહ્યો.

આજે હું એવા જ સત્કાર્યના કર્તા, સેવાના પંથે જેણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરેલું, એવા આજીવન ભેખધારી સેવામૂર્તિ સન્નારી પૂ. કાશીબાના જીવનની ઝાંખી કરવા જઈ રહ્યો છું. તેમના અસંખ્ય ગુણો અને અસીમ સત્કાર્યોની થોડી પણ લેખના હું કરી શકું, તો હું મારી જાતને કૃત્કૃત્ય માનીશ.

તો આવો, એ મંગલમૂર્તિ પૂ. કાશીબાને શબ્દદેહ દ્વારા જાણીએ અને તેમના ગુણોની સરાહના કરીએ.

પૂ. શ્રી સંતબાલજીની સેવાકાર્ય પ્રવૃત્તિઓને, ગ્રામીણ, અભણ અને અબુદ્ધ પ્રજાના વિકાસ અને સદ્‌જીવન માટે જેણે પોતાનું સમગ્ર જીવન વ્યતીત કર્યું તેઓશ્રી પૂજયશ્રીના અભિનવ દીક્ષિત શ્રાવિકા હતાં. તેમના જ શબ્દોમાં તેમના જ જીવનનું તેઓશ્રીએ ખૂબ જ સમ્યક્ રીતે આલેખન કરેલું છે.

પોતાની સમગ્ર પ્રવૃત્તિઓનો યશ તેઓશ્રી પોતાને ગળથૂથીમાં મળેલા સંસ્કાર તેમ જ પોતાનાં માતા-પિતા પાસેથી મળેલ સેવાના વારસાને આપે છે.

ધોરાજીના શ્રી છોટુભાઈ મહેતા તેમ જ વાત્સલ્યમૂર્તિ પૂ. સમરતબાનું તેઓશ્રી સંતાન, ૧૯-૧-૨૯૧૯ના રોજ ધોરાજી (સૌરાષ્ટ્ર) મુકામે તેમનો જન્મ. તેમની જન્મતારીખ પણ ૧૮+૧=૧૯, ૧૯, કાંઈક કુદરત દ્વારા સુસંકેત કરી જાય છે.

ધોરાજીમાં આર્થિક પ્રવૃત્તિમાં સરખાઈ ન રહેતા જેતપુર ગયા. ત્યાં પણ બરાબર ન થતાં, ખામગાંવ (મહારાષ્ટ્ર)ને તેમના પિતાશ્રીએ આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું.

કાશીબેનની ભણવામાં ખાસ રુચિ ન હતી. સાત ધોરણ (ત્યારના ત્રણ અંગ્રેજી) સુધી માંડ માંડ ભણ્યાં. આ સમય દરમ્યાન માતુશ્રીની કર્મઠતા અને પિતાશ્રીની સેવા પરાયણતા આદિ સદ્‌ગુણોનો બરાબર અભ્યાસ કરી, આત્મસાત્ કરવા પ્રયત્ન કરતા રહ્યાં, સાથે સાથે સંત, સતીજીઓના પણ સમાગમ કરતાં રહ્યાં.

પૂ. ગાંધીબાપુની સ્વતંત્રતાની લડતમાં તેમના પિતાશ્રી જોડાયા. જેલવાસ પણ કર્યો અને સમગ્ર આર્થિક પ્રવૃત્તિનો ત્યાગ કરી રાષ્ટ્રની સેવામાં જોડાઈ ગયાં અને અમદાવાદ આશ્રમમાં જોડાઈ ગયાં. આશ્રમની રહેણીકરણી અને સેવાકીય પ્રવૃત્તિઓએ કાશીબેનના સેવાના શોખને પ્રજ્વલિત કર્યો અને નાના-મોટા અનેક

પ્રસંગોએ તેઓએ સેવાની ધૂણી ધખાવીને અમૂલ્ય અનુભવ અને સેવા કરનાર સ્વયં-સેવિકા તરીકે પોતાના નામ રજિસ્ટર કરાવ્યું. કાશીબેન પોતાના શબ્દોમાં આલેખે છે કે, 'મારાં માતા-પિતાએ મારામાં સિંચેલાં સંયમ, શ્રમ, સાદાઈ, રાષ્ટ્રીયતા અને પરોપકારના સંસ્કારબીજ મારી જીવનમૂડી બની રહી.''

૧૯૩૭થી પૂ. સંતબાલજીના પરિચયમાં આવ્યાં અને માનો કે તેમને જીવનનો સાચો રાહ મળી ગયો.

સંસાર પ્રત્યે અરુચિ હતી. લગ્નજીવનમાં બંધાવું નહોતું. આથી પૂજ્યશ્રી પાસે બ્રહ્મચર્યની ઇચ્છા વ્યક્ત કરી. પૂ. ગુરુદેવ અવારનવાર તેમને બ્રહ્મચર્ય વ્રતના પાલન માટેના નિયમો, સૂચનોને સાવધાની અંગે માર્ગદર્શન આપતાં રહ્યાં.

૧૯૩૮માં વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં નર્સિંગની તાલીમ લીધી તેમ જ તે અંગેનો અભ્યાસક્રમ પણ કર્યો. આમ તેમનાં સેવાક્ષેત્રમાં એક સુવર્ણ પૃષ્ઠનો ઉમેરો થયો જેણે તેમના પછીના જીવનમાં આરોગ્યલક્ષી સેવા આપવાનું એક મહત્તર કાર્ય કર્યું. હેલ્થ વિઝીટરનો પણ કોર્સ કરી તે અંગેની તાલીમ મેળવી.

આમ, સેવાકાર્ય પ્રવૃત્તિઓને લગતા વિવિધ અભ્યાસક્રમો માટે અનુભવોની મૂડી ભેગી કરી. તેમણે વ્યવસ્થિત રીતે પોતાનું જીવન સેવાયજ્ઞમાં સમર્પિત કર્યું. સાણંદમાં ૧૯૪૪માં પૂ. સંતબાલજીના ચાતુર્માસમાં વિશ્વવત્સલ ઔષધાલયની સ્થાપના થઈ. તેના માધ્યમથી તેમણે પોતાની આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધાર્યો અને આસપાસનાં ગામડાંઓમાં પણ આરોગ્યલક્ષી કાર્યો શરૂ કર્યાં.

સેવાયજ્ઞ માટે જરૂરી શિક્ષણ, તાલીમ અને અનુભવની એરણ પર પસાર થઈ, હવે ખરું કાર્ય શરૂ કર્યું.

પૂ. ગુરુદેવ શ્રી સંતબાલજીની મુખ્ય કાર્યભૂમિ એટલે ભાલ અને નળકાંઠાને સાંધતો બેટ. સંપૂર્ણ ગ્રામ્ય પ્રદેશ અને આવા કઠિન ગ્રામ્યપ્રદેશમાં કઠિન તપ સેવાનું કાર્ય કરવાનો આરંભ કર્યો. જ્યાં પીવાના કે વાપરવાના પાણી મળવાના સાંસા, ન રહેવાની સગવડ, કરગઠિયા અને નાના લાકડાં વીણી, તેના વડે રસોઈ કરવી. આવી દુર્ગમ પરિસ્થિતિમાં આસપાસનાં ૨૦ ગામડાંના પ્રજાજનોને સેવા આપવાનું ચાલુ કર્યું. વિશેષમાં પ્રસૂતિના કેસો આવે. કોઈ પણ જાતની સગવડ વિના સફળ પ્રસૂતિ કરાવવી એ એક ચેલેન્જ હતી. જો કે આ કાર્ય માટે પાટણમાં આભ્યાસક્રમ તથા છ માસની ટ્રેનિંગ લેવાનું થયુ. પર્યુષણમાં અઠ્ઠાઈને પારણે, પારણું કરવાને બદલે ગામડે જવું પડ્યું. સાંજે આવીને પારણું કર્યું. ક્યારેક બસમાં, ક્યારેક નાવમાં

પ્રસૂતિ કરાવી, ક્યારેક ઘોડા પર બેસીને જવું પડતું, તો ચોમાસામાં ક્યારેક પૂર ઓસરે તેની રાહ જોઈને બેસી રહેવું પડતું.

૧૯૪૮માં દુષ્કાળ વખતે, ધોલેરામાં પણ રાહતકાર્યમાં જોડાઈ ગયાં.

સંસ્થા પાસેથી ઓછામાં ઓછું લેવું. અને વધુમાં વધુ આપવું, પાઈએ પાઈનો હિસાબ, સમયનો સંપૂર્ણ સદુપયોગ, સહકાર્યકરો સાથે સુમેળ, સાદું અને કરકસરભર્યું જીવન. આ બધા એમના સેવામય જીવનમાં સૂત્રો આત્મસાત્ કરેલા હતા.

ગ્રામ્ય પ્રજાજનોમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ પણ વિશેષ હોય છે. તેમાંથી મુક્તિ અપાવવામાં પણ તેઓએ ભગીરથ પ્રયાસો કર્યા.

ગામડામાં વાહનવ્યવહારની સગવડ હોય નહીં. આથી ગાડામાં, ઘોડા પર કે ઊંટ પર પણ જવું પડતું. ક્યારેક સ્વખર્ચે પણ દરદીને અમદાવાદ લઈ જવા પડતા.

એમની સર્વાંગી ગ્રામસેવાની યાદી કરીએ તો એક લેખ તો શું, એક પુસ્તક કે ગ્રંથ પણ ટૂંકો પડે. ઘણા પ્રસંગોએ એમની કપરી કસોટી પણ થઈ, પરંતુ ગુરુદેવના આશીર્વાદથી તેમાંથી હેમખેમ પાર ઊતરી ગયાં. આવી અગ્નિપરીક્ષાના કિસ્સા વાંચીએ ત્યારે આપણું કાળજું પણ કંપી ઊઠે.

સંકટોની પરંપરા સર્જાતી રહી, પણ સાથે સહાયની સરવાણી પણ વહેતી રહી અને ગુરુદેવના સંપૂર્ણ આશીર્વાદ મળતા રહ્યા. આથી તેમનું કાર્ય કઠિન છતાં સરળતાથી ચાલતું રહ્યું.

પૂ. ગુરુદેવ શ્રી સંતબાલજી મહારાજસાહેબે જૈન વિચારધારા અને ગાંધીવિચારનો સમન્વય કરીને, ભાલનળકાંઠાનો પ્રયોગ આરંભેલ.

''વિશ્વવાત્સલ્ય સામે રાખીને, સર્વધર્મ સમન્વયની દૃષ્ટિએ, સમાજ રચવાનો આ પ્રયોગ છે. નીતિ અને ધર્મ તેના પાયાં છે. પછાત વર્ગ, ગામડાં અને નારીજાત આ ત્રણેથી, આ પ્રયોગની શરૂઆત થઈ છે.''

પૂ. ગુરુદેવના આવા ઉચ્ચતમ આદર્શોને કાર્યાન્વિત કરવામાં, કાશીબાનો ફાળો અમૂલ્ય રહેલો છે.

પૂ. ગાંધીબાપુ, રવિશંકર મહારાજ, પૂ. ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ અને કાશીબાના પ્રેરણાદાતા પૂ. સંતબાલજી મહારાજના વખતોવખત તેમને હૃદયપૂર્વકના આશીર્વાદ મળતા રહ્યા. સેવાનો ભેખ જે પૂ. કાશીબાએ ધારણ કરેલ તે તેમનાથી થયેલ, લાભાન્વિતના જીવનમાં સદા માટે અમર રહેશે. અસ્તુ.

**સંદર્ભ ગ્રંથો :**

૧. મારી અભિનવ દીક્ષા : કાશીબેન મહેતા
૨. સંતબાલજી - જીવનકવન અને પ્રેરક પ્રસંગો :
શ્રી ગુણવંત બરવાળિયા

(રાજકોટસ્થિત જૈન ધર્મના અભ્યાસુ મૂળવંતભાઈ મહાવીરનગર જૈન સંઘના મંત્રી છે અને જૈન સાહિત્ય જ્ઞાનસત્રોમાં ચિંતનસભર શોધપત્રો પ્રસ્તુત કરે છે. તે નિવૃત્ત બૅંક મૅનેજર છે).

*જે સમાજમાં ત્યાગીની પૂજા છે તે સમાજ નિસ્વાર્થી, સંતોષી અને પ્રશાન્ત રહેવાના.*

# ૨૦ 'સંતબાલજીની પત્ર-સરિતામાં વ્યક્ત થતું સાંપ્રત ચિંતન'

— ડૉ. ઉત્પલા મોદી

મુનિશ્રી સંતબાલજી ક્રાંતિકારી જૈન સંત હતા. તેઓશ્રીના જીવનકાળ દરમ્યાન તેમણે જૈન ધર્મ, ભારતીય દર્શન અને અધ્યાત્મ વિષયક વિપુલ સાહિત્યસર્જન કર્યું હતું.

પૂ. સંતબાલજીએ દીક્ષા અંગીકાર કર્યા પૂર્વે જ સાધુજીવનને, સંયમીજીવનને ઉપકારક બની રહે તેવું શિક્ષણ લેવાનું શરૂ કરી દીધું હતું અને સંયમ લીધા પછી ગુરુદેવની આજ્ઞા મુજબ શિક્ષણ મુખ્ય ધ્યેય બની ગયું. જ્ઞાનની એ તાલીમ ગુરુકૃપાથી વધુ ને વધુ વિકસતી ગઈ અને જૈન આગમી તથા વિવિધ શાસ્ત્રોના અભ્યાસ ઉપરાત, હિંદુ ધર્મગ્રંથો અને અન્ય ધર્મગ્રંથોના અભ્યાસથી તેઓની સર્વધર્મ સમભાવની ભાવના વધુ સ્પષ્ટ અને મંગલમય બની રહી.

આજનો માનવ, માનવ મટી પશુતાની દુનિયા તરફ ધકેલાઈ રહ્યો છે ત્યારે 'રૂક જાવ'નો 'દિવ્ય સંદેશો આપનાર આ પૃથ્વી ઉપર જો કોઈ હોય તો તે ત્યાગી, તપસ્વી, નિસ્પૃહી મહાત્મા તથા તેમની દિવ્યવાણી, સત્ સાહિત્ય છે.

સં. ૧૯૭૫થી પૂ. કવિવર્ય ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મ. સાહેબની જન્મશતાબ્દી ઉજવવાના નિમિત્તે માર્ગદર્શન મેળવવા પત્રલેખન પૂ. સંતબાલજી મ. સાથે શરૂ થયેલ જે અંતિમ સમય ૧૯૮૨ સુધી પ્રસંગે ચાલુ રહેલ.

પૂજા-દમુ કલા ચરણરજ સાધ્વી આરાધના પ્રાસંગિક બે બોલ લખતાં કહે છે, ''હું તો પૂજ્ય ગુરુદેવ માટે શું લખું ?''

**સારી પૃથ્વી કાગજ કરું, લેખન કરું વનરાય,**
**સાત સમુંદર શાહી કરું ગુરુ ગુણ લખાયા ન જાય.**

પૂ. ગુરુમૈયા દમયંતીબાઈ મહાસતીજી તો કહે છે, આ સંત તો જન્મોજન્મના યોગી હતા. આપણ તેમને સાચા અર્થમાં ઓળખી શક્યા નહીં. જૈન સંત તરીકેના અમર આદર્શોને સાંગોપાંગ જાળવી રાખી તેમાં લેશમાત્ર પણ ફેરફાર કર્યા વગર અનેક કષ્ટો-પરિષહોને હસતા મુખે વેઠી એમણે સમાજ ઉત્થાનનું - પછાત કોમની ઉન્નતિ માટેનું જે કામ કર્યું છે તે જૈન ઇતિહાસમાં મહાપુરુષોમાંના એક મહાપુરુષ તરીકે 'યાવત્ચંદ્ર દિવાકરૌ' અમર બની રહેશે.

સંતબાલ એટલે એક અને અનંતની અખંડ શ્રદ્ધા સાથે જીવનના દરેક ક્ષેત્રને જોડી સમત્વની પૂર્ણ સાધના કરનાર તથા આત્માનુભૂતિ કરનાર પ્રાપ્તપુરુષ.

સંતબાલ 'પત્રસરિતા'માં ગ્રંથસ્થ થયેલા પત્રો મોટે ભાગે પૂ. દમયંતીબાઈ મ.સ., પૂ. કલાબાઈ મ.સ. આદિ સતીવૃંદો, કેટલાક શ્રાવકો અને પુ. ચિત્તમુનિ પર લખાયેલા પત્રો છે.

પત્રો વાંચતાં મુનિશ્રીના જીવનના વિવિધ પાસાં અને બહુમુખી પ્રતિભાનાં દર્શન થાય છે. કેટલી બધી નાની નાની બાબતો વિશે મુનિશ્રીએ કાળજી રાખી છે તે બાબત પૂ.શ્રી માત્ર જૈનસાધુ નહિ પણ જગતસાધુ છે તેની પ્રતીતિ થાય છે.

પત્ર ક્રમાંક ૨૪માં બાહ્ય તપસ્યા વિશે જે ટકોર કરી છે તે ખરેખર નોંધપાત્ર છે. તેઓ લખે છે, આ દિશામાં જૈનોનો અને તેમાંય સાધુ-સાધ્વીઓના ચોમાસાં હોય ત્યાં સ્પર્ધાપૂર્વક જાણે વિક્રમ નોંધાય, સારી વાત છે. એ પણ 'સવ્વે જીવ કરું શાસન રસી' જેવી ભાવના અર્થે ભવિષ્યે સમાજગત સાધનામાં ખપ લાગશે એટલે એનો વિરોધ ન કરવામાં વાંધો નથી, પરંતુ એ વિશ્વસંતની પરંપરામાં

કેટલા સાધુ-સાધ્વીઓ તો એવા જોઈએ જ કે જે પોતાના સાધનામય જીવનથી દાખલો બેસાડી અને બાહ્ય તપનો જેમ વિરોધ ન કરે તેમ વિવેક પણ ઉમેરાવે ! તો આજે નહીં તો ભવિષ્યે આંતરિક તપનું અનુસંધાન આપવાની ભૂમિકા ઊભી થાય. અહો ! કેટલા સચોટ ભવિષ્યની પણ વાત કરી ! તેમાં પણ ઉદાહરણ આપ્યું કે, સંવત્સરી જેવા તપોમય દિને પણ ગોચરી જનાર સાધુને હૃદય નિખાલસ હોવાથી કેવલજ્ઞાન થઈ ગયું અને માસખમણને પારણે માસખમણ કરનારા મુનિવરો કોરા રહી જવા પામ્યા. સહેજે તપ થઈ ગયું તે વાંધો નથી પણ એની જાહેરાતો એ નિમિત્તે ફંડ કરવાથી ધનને મહત્ત્વ મળી જવાની ભીતી ઊભી થવાનો સંભવ રહે ખરો ? અહો ! કેવા ઉમદા વિચાર અને ચિંતન. જે ખરેખર વર્તમાન સંદર્ભમાં વિચારતા કરી દે છે. ''શરીર માદ્યં ખલુ ધર્મ સાધનમ્''વાળી વાત ક્ષણવાર પણ ભૂલવા જેવી નથી. કારણ ગાંધીજી કહે છે તેમ સાધન જેટલું શુદ્ધ અને કાર્યક્ષમ તેટલું જ સાધ્ય પણ શુદ્ધ અને વિશેષ નજીક સમજવું જોઈએ. હા, એ સાધનને પંપાળાયનહીં, એ જરૂરી છે. તેમ એ સાધના પ્રત્યે લાપરવાઈ પણ થાય નહીં, એ જોવાવું જોઈએ.

''જૈન સાધુ-સાધ્વીઓની ભિક્ષાચરી, પાદવિહાર વગેરે નિસર્ગ નિર્ભર હોવા છતાં મોટા ભાગના બીમારી ભોગવે છે. તેમાં માત્ર પ્રારબ્ધ કર્મનો જ દોષ છે અને કર્મનો દોષ નથી જ એમ એકાંતે કહી શકાશે ખરું ?

પત્ર ક્રમાંક ૨૬માં શરૂઆત જ એટલી સુંદર વાત કરી છે કે મન બાગ-બાગ થઈ જાય.

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો (અપૂર્વ)**

અપૂર્વ અવસર એ નામે મશહૂર આ શ્રીમદ્‌નું કાવ્ય જૈન પરિભાષા પ્રમાણે સમકિત (અંતરાત્મ પ્રતીતિ) પછીથી મોક્ષ લગીનાં બધાં ગુણસ્થાનોને લોકભોગ્ય-સરળહૃદય સ્પર્શી વાણીમાં વર્ણવતું અદ્‌ભુત કાવ્ય છે. તેની પ્રથમ કડી છે જેમાં સર્વ સંગ પરિત્યાગનું ભીતરનું અને બહારનુંઅજોડ અને આબેહૂબ દર્શન છે.

તેઓ લખે છે, સદ્‌ગત ગુરુદેવની માન્યતાએ અને અપેક્ષાએ દિને દિને રહેલી દીક્ષાઓ ખરેખર સ્વ-પરશ્રેય સાધક વાસ્તવિક જૈન ધર્મને અનુરૂપ છે ખરી ? આ સવાલથી તીવ્ર મંથન જાગે છે, અહો 'સવ્વે જીવ કરૂં શાસન રસી'

એ તરણતારણ અને સર્વ ધર્મોને પોતાના સાગરશા અનહદ પેટાળમાં સમાવતા જૈન ધર્મને આજને તબક્કે મુખ્ય જરૂર શેની છે ? માત્ર ગુજરાત, ભારત કે જગતની માનવજાતને જ નહીં, બલકે જગતના પ્રાણીમાત્રના મા-બાપ બનવા ઉદ્યત થયેલાં જૈન-જૈનેતર સાધુ-સાધ્વી-સન્યાસીઓ સહિત ત્યાગીઓ પોતાની ઉપલી ભાવના ચરિતાર્થ કરે તેવા શ્રાવક-શ્રાવિકા, સેવકો, ભક્તો ઉપરાંત આમજનતાનું ધ્યાન ધન અને સત્તાને બદલે નીતિ અને સત્ય તરફ એકાગ્ર કરે તે વાયુમંડળની આજે પ્રથમ જરૂરિયાત છે.

સંતબાલ-પત્રસરિતા પુસ્તકના પત્રો વાંચતા એક નિરીક્ષણ કર્યું કે દરેક પત્રોની શરૂઆત ''ૐ મૈયા''થી થાય છે, તેનું શું કારણ ? તેનું કારણ એ સમજાય છે કે તેઓ ૐ મૈયાના આરાધક હતા. દરેક સ્ત્રીમાં માતૃત્વનાં દર્શન અને ભક્તિભાવ હતો. માતૃશક્તિની ભક્તિ કરતાં ને માતાને માટે નિર્ભર થાય.'' ''ૐ મૈયા'' એમનો જીવનમંત્ર બની ગયો. એમની સમાધિ ઉપર ૐ મૈયાનો મંત્ર અંકિત થયેલો છે. ''ૐ મૈયા શરણં મમ''. મંત્ર સ્ત્રીજાતિનો પ્રતિભાવ છે. તેઓ કહે છે કે ''પોતે આજે જે કંઈ છે તે ગુરુકૃપા અને નિસર્ગમૈયાની પ્રસાદી છે.

**''સકલ જગતની બનું જનેતા**
**વત્સલતા સહુમાં રેડું.''**

સંતબાલજીની આ કાવ્યપંક્તિ એ દર્શાવે છે કે સમગ્ર જગતની માતા બની અને સૌ પ્રતિ વાત્સલ્યતા વહાવવાનો અભિલાષ સેવે છે.

ઇ.સ. ૧૯૩૭માં, તેમણે મૌન તોડ્યા પછી એક નિવેદન બહાર પાડ્યું. આ નિવેદનથી રૂઢિચુસ્ત જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો. તેઓએ દર્શાવ્યું કે જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાનો એક ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવી કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી.

વળી પત્ર ક્રમાંક ૩૭માં લખે છે, ''સદ્ગત ગુરુદેવને હું સમજ્યો છું ત્યાં લગી તેઓ આજના યુગે સાધુ-સાધ્વી દીક્ષા અંગે ઉત્સાહી નહોતા. એનું કારણ એ નહીં કે તેઓ ભાગવતી એવી સ્વ-પર શ્રેયમાં મહત્ત્વના મણકારૂપ જૈન દીક્ષાના વિરોધી હતા, પણ તેઓ માનતા હતા કે 'આજને તબક્કે જીવનમાં અને જગતમાં સક્રિય અધ્યાત્મને સાધવા માટે એ મહા ચણતરનો મૂળભૂત પાયો ખોખરો થયો છે, તે પાયાને પ્રથમ તો મજબૂત બનાવવો જરૂરી છે. વ્યાપક માનવસમાજમાં

આ પરિસ્થિતિ લાવવા માટે પાયાથી સાધુ-સાધ્વી દીક્ષાની અભિમુખતા ધરમૂળથી સમજાવવી જરૂરી છે. તે મહત્ત્વનું કામ તો મુખ્યત્વે તેજસ્વી અને વ્યાપક દૃષ્ટિકોણવાળાં સાધુ-સાધ્વી જ કરી શકે !!! એટલે એમણે બરાબર છેતાલીસ વર્ષ પહેલાં અજમેર સ્થાનકવાસી સાધુ સંમેલનમાં સાધુ-સાધ્વીઓની પ્રતિનિધિ સભા સમક્ષ ઘોષણા કરેલી, ''અમુક વર્ષ નવી દીક્ષા અપાવવી બંધ કરી, જૂના દીક્ષિત સાધુ-સાધ્વીઓને કેળવી નવા યુગને અનુરૂપ તૈયાર કરી મૂકો. થોડો વખત તે દરમિયાન રૂઢિગત વિચાર-આચારવાળા સાધુ-સાધ્વીઓને પૂજ્યભાવ અને ગૌરવપૂર્વક અળગા અળગા સ્થિરવાસ કરાવો.'' પરંતુ આવું હજુ બન્યું નથી.

પત્ર ક્રમાંક ૪૧માં લખે છે, ''જૈન ધર્મ વિશ્વધર્મ છે'' એમ કહેવામાં જૈનોના વર્તમાન ચાર ફિરકાઓ પૈકીનો કોઈ મુખ્ય ફિરકાવાદીએ કિંવા જૈનોના કોઈ પેટા સંપ્રદાયવાદી જૈન હો, સાધુ હો કે સાધ્વી હો, શ્રાવક હો કે શ્રાવિકા હો) આજના જૈનો પૈકી કોઈનો રજમાત્ર વાંધો નથી, પરંતુ જેવી જૈનત્વની ''મરીને જીવમાત્રને જીવાડવાની'' મૂળભૂત ન્યોચ્છાવરીને વ્યવહારુ બનાવવાની વાત આવી, તેવી જ શરીરલક્ષી (જન્મ જન્માંતરથી જામેલી) વૃત્તિ તરત જોર કરી જવાની.

છેલ્લે પત્ર ક્રમાંક ૪૨માં લખે છે કે આજે સમકિત (બીજજ્ઞાન)ની વાતો એ રીતે ચાલે છે કે જાણે સમકિત અપાયું અપાતું હોય એને લીધું લેવાતું હોય, પણ તે બરાબર નથી. સમકિતના માનવતા અને માર્ગાનુસરિતા એમ બે પાયા ઠીક કહેવાય છે. ભગવાન ઋષભદેવ માટે તો અસિ, મસિ અને કૃષિ શીખવ્યા. જેથી અહિંસક (અલ્પારંભી) આજીવિકા પોતાને મળે. જૈનોને અપાતા અહિંસા (પ્રાણાતિપાત વિરમણ) વ્રતમાં સાપેક્ષથી પંચેન્દ્રિવધની ક્ષમ્યતા કેમ હોઈ શકે? સદ્ભાગ્યે હવે તપ, ત્યાગ અને સંયમ દ્વારા અહિંસા પ્રતિકાર ગાંધીજીના પ્રયોગો પછી શક્ય બન્યો છે.

પૂ. સંતબાલજી, ચિંચણ મહાવીરનગરમાં ઇ.સ. ૧૯૭૦માં સ્થિરવાસ માટે પધાર્યા અને તા. ૨૭-૩-૮૨ (ગુડી પડવો)ના દિવસે તેઓશ્રી, મુંબઈની હરકિસન હૉસ્પિટલમાં કાળધર્મ પામ્યા. તેમના દેહને મુંબઈથી ચિંચણ લાવવામાં આવેલ. ત્યાં તેમની પાલખી ઉપાડનાર ચાર બ્રહ્મચારિણી સાધક બહેનો હતી. ૐ મૈયાના આ આરાધકની અંતિમવિધિમાં માતૃજાતિને આ રીતે મહાન પ્રતિષ્ઠા મળી.

મુંબઈનાં ત્રણ માતૃસમાજો - કામાલેન, સી.પી. ટેન્ક અને શીવમાં સ્થાપના કરી. આ માતૃસમાજો મધ્યમ વર્ગીય સમાજ માટે થોડીક પૂરક આજીવિકા મેળવી

આપે છે. આ સિવાય અમદાવાદ - ઉસ્માનપુરામાં, માતૃસમાજ ૧૯૬૩માં શરૂ થયો અને ૧૯૬૪માં કલકત્તા મુકામે પણ માતૃસમાજની શાખા શરૂ થઈ. પૂ. સંતબાલજી કહે છે, જે કાર્ય માતાઓ કરી શકે છે તે પુરુષો નથી કરી શકતા, કારણ કે માતાઓમાં વાત્સલ્ય, સેવા, શુશ્રૂષા, દયા, નમ્રતા વગેરે ઉત્તમ શક્તિઓ પડેલી છે.

ગુજરાતના આ વિરલ સંત તો વિશ્વસંત તરીકે અજર અને અમર બની ગયા છે. 'આત્માનામ હિતાય સર્વજન સુખાય' - એમણે જીવનભર કરેલી પ્રવૃત્તિઓમાથી આપણે પણ પ્રેરણા લઈ જીવનને ધન્ય બનાવીએ એવી શુભભાવના સાથે તેઓને વંદન-વંદન.

(ડૉ. ઉત્પલા કાન્તિલાલ મોદી નિવૃત્ત ઉપપ્રચાર્યા અને પ્રોફેસર, ૩૮ વર્ષ કૉલેકમાં પ્રોફેસર - ૩૦ વર્ષ એમ.એ. ભણાવેલ, આદર્શ શિક્ષિકા પુરસ્કાર અવોર્ડ - સાવિત્રીબાઈ ફુલે એવોર્ડ વિ. એવોર્ડથી નવાજિત).

**સંદર્ભ :**


સંતબાલ પત્રસરિતા - પ્રેરક, સંશોધક

સંપાદક : પૂ. દમયંતીબાઈ મ.સ.નાં સુશિષ્યા, પૂ. આરાધનાબાઈ સ્વામી.

સંપાદન : ગુણવંતભાઈ બરવાળિયા - ઑગસ્ટ-૨૦૦૪.

પ્રકાશક : પૂ. મુનિશ્રી સંતબાલજી જન્મશતાબ્દી<br>મહોત્સવ સમિતિ-મુંબઈ.<br>વિશ્વવાત્સલ્ય પ્રયોગિક સંઘ.

# ૨૧ પૂ. સંતબાલજી, પત્રકારની ભૂમિકામાં

— મણિલાલ ગાલા

પત્રકાર સમાજનો પ્રહરી છે. એક અર્થમાં તેને સમાજસુધારક પણ કહી શકાય. સમાજની બદીઓ, અનિષ્ઠો, કુરિવાજો અંગે સમયે સમયે નુક્તેચીની કરી તે સમાજને સાચો રાહ દેખાડવાનો પ્રયાસ તેના અખબારી માધ્યમ, પત્ર દ્વારા કરે છે. સમાજમાં બનતી રોજિંદી ઘટનાઓનું સાચું નિરૂપણ કરવું એ પત્રકારની પ્રથમ ફરજ છે, ધર્મ છે. એવી જ રીતે સંત-સતીજી ધર્મના માર્ગે સમાજને જાગૃત કરવાનું કામ કરે છે. તેઓ વ્યક્તિગત રીતે પણ વ્યક્તિના આત્મકલ્યાણની ખેવના રાખે છે. તેઓ પણ સમાજસુધારક ગણી શકાય અને એટલે જ તેઓને પત્રકાર પણ ગણી શકાય. જો કે, એ પત્રકારત્વ માત્ર ધાર્મિક પરિપેક્ષ્યમાં હોય એ સાચું. આમ છતાં આપણા જૈન ધર્મમાં એક વિરલ સંત થઈ ગયા જેઓ સંત તો હતા જ પરંતુ ખરા અર્થમાં તેમણે પત્રકારની ભૂમિકા પણ ભજવી હતી. સમયે સમયે સમાજના ઉત્થાન માટે

સરકારોને પત્રો લખી ટકોર કરી હતી. એમનું નામ છે મુનિશ્રી સંતબાલજી. પૂજ્યશ્રી ક્રાંતિકારી જૈન સંત હતા. તેઓશ્રીના જીવનકાળ દરમિયાન જૈન ધર્મ, અધ્યાત્મ, ભાતીય દર્શનો અંગે વિપુલ સાહિત્ય સર્જન કર્યું હતું. પૂજ્યશ્રીએ દાયકાઓની તેમની વિહારયાત્રા દરમિયાન સર્વત્ર જૈન ધર્મની પ્રભાવના કરવા ઉપરાંત સત્ય, અહિંસા, સર્વધર્મ સમભાવ, વ્યસનમુક્તિ, અન્યાય સામે લડત, સ્ત્રીઉત્થાન અને કલ્યાણ, માનવરાહત, ધર્મની દૃષ્ટિએ સમાજરચના, ખેડૂતો, આદિવાસીઓ, સમાજના વંચિતો માટે અવાજ ઉઠાવ્યોહતો.

પૂ. સંતબાલજીની પ્રેરણાથી શરૂ થયેલું પાક્ષિક ''વિશ્વવાત્સલ્ય'' આવતા વર્ષે ૭૫મા વર્ષમાં પ્રવેશ કરશે. નામ પ્રમાણે જ ''વિશ્વવાત્સલ્ય'' સામયિક ખરા અર્થમાં વિશ્વવાત્સલ્ય માટે આજે પણ અડીખમ ઊભું છે. પૂ. સંતબાલજીએ તેમના સંપાદન હેઠળ આ પાક્ષિકને ઉચ્ચ મૂલ્યનિષ્ટ પત્રોમાં સ્થાન અપાવ્યું છે.

સંતબાલજીનો જન્મ મોરબી તાલુકાના ટોળ નામના ગામમાં ૨૬-૮-૧૯૦૪ (સંવત ૧૯૬૦)ના રોજ થયો હતો. એક ગરીબ જૈન પરિવારમાં જન્મેલા સંતબાલજીનું સંસારી નામ શિવલાલ હતું. ક્રમબદ્ધ વિકાસની કેડીઓ ચડીને પૂજ્યશ્રીએ દેશ-વિદેશમાં આદરનું ઉત્તમ સ્થાન મેળવ્યું. તેમનો કાળધર્મ તા. ૨૬-૦૩-૧૯૮૨ના રોજ થયો. ૭૮ વર્ષના તેમના જીવનકાળમાં સંતબાલજીએ ધાર્મિક, સામાજિક, આધ્યાત્મિક અને સાહિત્ય ક્ષેત્રે જે કાર્યો કર્યાં એની મશાલ આજે પણ જલતી રહી છે. ૧૮-૧-૧૯૨૯, સંવત ૧૯૮૫માં માત્ર ૨૫ વર્ષની વયે પૂજ્યશ્રીએ નાનચંદ્રજી મહારાજ સાહેબની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરી.

દીક્ષા પછીનાં છ વર્ષ પૂ. ગુરુદેવ સાથે જુદાં જુદાં સ્થળોએ વિહાર અને ચાતુર્માસ કર્યા પછી તેમ જ અનેક પ્રકારની કેળવણી મેળવ્યા બાદ પૂ. સંતબાલજીએ એક વર્ષ માટે સંપૂર્ણ મૌન સાધનાની ઇચ્છા વ્યક્ત કરી. ગુરુદેવની આજ્ઞા માગી. ગુરુદેવે સંમતિ આપી. જો કે, તેમણે રાણપુર ગામ નજીક નર્મદા નદીના કિનારે આવેલી માધવદાસના આશ્રમને પોતાની મૌન સાધના માટે પસંદ કર્યું. મૌનસાધના દરમ્યાન તેમણે એકાકી રહેવાનું પસંદ કર્યું અને દુન્યવી સંબંધો તોડી નાખ્યા. તેમણે લખ્યું કે, ''મૌનના દિવસોમાં હું જાતજાતના અનુભવોમાંથી પસાર થયો, પરંતુ સૌથી મહત્ત્વની વાત એ હતી કે હું કુદરત ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધરાવતો થયો ઇ.સ. ૧૯૩૬નો પૂરો એક વર્ષ સાધનાકાળ રહ્યા. આ સમય દરમિયાન વિશ્વના બધા ધર્મોનો અભ્યાસ કર્યો. લેખન પ્રવૃત્તિમાં અત્યંત સક્રિય બન્યા. ધાર્મિક અને આધ્યાત્મિક

સાધના ઉપરાંત પૂજ્યશ્રીએ સામાજિક બાબતો, લોકકલ્યાણમાં કેવી રીતે સક્રિય થવું તે અંગેના ક્રાંતિકારી વિચારો ઉદ્ભવ્યા. સંપૂર્ણ ક્રાંતિ માટે જાણે કે તેમણે તૈયારી આદરી દીધી અને એમાંથી જ તેમનામાં એક પત્રકારનાં બીજ રોપાયાં. ઇ.સ. ૧૯૩૭માં તેમણે મૌન તોડ્યા પછી એક નિવેદન બહાર પાડ્યું. આ નિવેદનથી રૂઢિચુસ્ત જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો. તેમણે કહ્યું કે, જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ વિશાલ વિશ્વયોજનાનો એક ભાગ બની ગયા. છે. તેમણે કહ્યું કે જૈન સાધુએ સમાજની સુધારણાનું કામ નહીં કરવું જોઈએ, એવી કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી. આ સમાજ માટે એ સમયે એક ચોંકાવનારું નિવેદન હતું. તેમને જૈન સમાજમાંથી બરતરફ કરવામાં આવ્યા. તેમને કોઈ પણ ઉપાશ્રયમાં રહેવા માટે પરવાનગી ન આપવી, કોઈએ ગૌચરી પણ નહીં આપવી તેવાં ફરમાનો થયાં. તેમના ગુરુદેવ પર દબાણ લાવવામાં આવ્યું કે તેમણે સંતબાલજીનો ત્યાગ કરવા ના છૂટકે સમાજમાં ઘણા દબાણ સામે ગુરુદેવને ઝૂકવું પડ્યું. આમ છતાં સંતબાલજી હિંમત હાર્યા નહીં. જાહેર નિવેદન અને જાહેર લોકસભાનાં કાર્યોને લીધે તેઓ સંપ્રદાયથી જુદા થયા, પરંતુ સાધુવેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે અંતિમ સમય સુધી વિનયભાવે સંબંધ સાચવ્યો. તેમના ગુરુ કહેતા, ''સંતબાલ સાધુ નથી, જગસાધુ છે.''

સાધુજીવનનો તેમનો આ એક ક્રાંતિકારી ટર્નિંગ પોઈન્ટ હતો. તેમનામાંનો પત્રકારત્વ જાગૃત થયો અને પત્રકારત્વ ક્ષેત્રે ખેડાણ શરૂ કર્યું. તેમની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ''વિશ્વવાત્સલ્ય'', ''પ્રયોગ દર્શન'' અને ''નવા માનવી'' નામનાં સામયિકોનું પ્રકાશન શરૂ થયુ. ''વિશ્વવાત્સલ્ય'' પત્રિકામાં અનેક વાચકોના પત્રો આવતા જેનો જવાબ પૂજ્યશ્રી વિસ્તારપૂર્વક અને સંતોષ થાય એ રીતે આપતા. અનેક વિષયો પર પત્રો આવતા. ૧૬ જાન્યુઆરી, ૧૯૬૫ના અંકમાં કચ્છના એક મજૂર કાર્યકરે પૂછેલા પ્રશ્નનો જવાબ તેમણે જે સહૃદયતાથી અને તર્કસંગત રીતે આપ્યો છે તે અહીં કરું કરું છું.

મજૂર કાર્યકર લખે છે :

''આપ કચ્છમાં પધાર્યા બદલ અમો અમને ભાગ્યશાળી સમજીએ છીએ અને આપને હાર્દિક આવકાર આપીએ છીએ. કચ્છમાં આપ બરાબર યોગ્ય સમયે આવ્યા છો. અત્યારે જ ખેડૂતો અને મજૂરોનાં સંગઠનોનો પ્રારંભ થયો છે, જે છેલાં પચ્ચીસ વર્ષમાં થયો નહોતો. એટલે આપનું માર્ગદર્શન ખૂબ જ સમયસરનું અને મહત્ત્વનું

નીવડશે. મજૂરસંગઠન અંગેના કેટલાક પ્રશ્નો આપ અહીં આવો ત્યારે રજૂ કરવા ધારું છું. આપની સલાહ હશે તો તાલુકા પૂરતા ખેડૂત સંગઠનમાં પણ ભાગ લઈશ...''

**સંતબાલજીનો જવાબ :** લગભગ પચ્ચીસ વર્ષ પછી હું કચ્છમાં પ્રવેશું છું. આ પચ્ચીસી દરમ્યાન તો દુનિયામાં અજબ પલટો થઈ ચૂક્યો. સાધુ તરીકે જૈન ધર્મને વિશ્વધર્મ તરીકે જોઈને જૈન ધર્મની એક અદના સાધુ તરીકે મેં મારી જાતને પણ અઢારેક વર્ષથી વિશ્વસાગરમાં વહેતી મૂકી છે. આ વખતે કચ્છના પાયાના લેખાતા કાર્યકરોના હાર્દિક આગ્રહ અને મારી પોતાની તીવ્ર ઇચ્છાથી કચ્છમાં પ્રાયોગિક સંઘની રચના થાય એ હેતુથી ચારેક માસનો સમય લઈને હું કચ્છમાં આવ્યો છું. કારખાનાના મજૂરો અને ગામડાના ખેડૂતો બંનેના રાષ્ટ્રલક્ષી વિશાળ દષ્ટિવાળાં નૈતિક સંગઠનોમાં મને પૂરેપૂરો રસ છે જ. કચ્છમાં પ્રવેશ્યાને મને આજે માત્ર નવમો દિવસ થાય છે પણ તે દરમિયાન ઠેરઠેર હું જે ઉત્સાહ, આદર અને આકાંક્ષાઓ જોઈ રહ્યો છું તેથી પત્રલેખકની વાતને પૂરું સમર્થન મળી જાય છે. કચ્છમાં જે વિશાળ કાર્યક્ષેત્ર છે, તે જોતાં પાયાના કાર્યકરો ઘણા ઓછા છે, અલબત્ત હવે કચ્છ તરફ સરકાર તથા બહારના કાર્યકરોનું ધ્યાન ખૂબ ખેંચાયું છે, પરંતુ રાહતની દષ્ટિએ જેટલું થાય છે તેટલું મૌલિક રીતે થયું નથી, થતું નથી. મને આશા છે કે તે હવે ઝપાટાબંધ થવા પામશે કારણ કે તંત્ર, કાર્યકરો અને જનતા સૌના હૈયામાં ઉગ્ર જિજ્ઞાસા દેખાય છે. ખડતલપણું, નિર્દોષપણું અને મૌલિક કાર્યોનો અવકાશ એ ત્રણે અગત્યની વસ્તુઓ અહીં ઠીક મળી રહે તેવું વાતાવરણ પહેલી જ તકે મને જણાવા માંડ્યું. મને આશા છે કે પત્રલેખક સહિત સૌ એક દિલથી આ પાયાના કામમાં મચી પડશે.''

**- ''સંતબાલ''**

આવી રીતે 'સંતબાલ પત્રસુધા'' અને પ્રથમ અત્રે પ્રસિદ્ધ થતા ''ધર્મમંગલ''ના ચિંતને વાચકોમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું અને આજે લગભગ પોણી સદી પહેલાં સંતબાલજીનું પત્રકારત્વ ક્ષેત્રનું પ્રદાન અમૂલ્ય રહ્યું હતું એમ હું માનું છું. સ્વ. મનુ પંડિત, અંબુભાઈ શાહ, મલુકચંદભાઈ શાહ અને જસ્ટીસ ટી. યુ. મહેતા જેવા વિદ્વાનોએ તંત્રીરૂપે સેવા આપેલી. હાલ ગુણવંતભાઈ બરવાળિયા ''વિશ્વવાત્સલ્ય'' તંત્રી તરીકે સુચારુ કાર્ય કરી રહ્યા છે.

(આ લેખમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડ્મ).

(મણિલાલ ગાલા જન્મભૂમિ જુથના વરિષ્ટ પત્રકાર છે અને જ્ઞાનસત્રમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે).

# ૨૨ માનવતાનું મીઠું જગત : કવિવર્ય નાનચંદ્રજી મ.સા.ની વિચારસૃષ્ટિ

— ડૉ. મધુબહેન જી. બરવાળિયા

**સં**તો, મહંતો અને વીરોની ભૂમિ સૌરાષ્ટ્રમાં અન્ય પ્રદેશોની સરખામણીમાં સૂકા ગણાતા ઝાલાવાડનું એક નાનકડું ગામ સાયલા.

આ ગામના લાલા ભગતથી પ્રભાવિત થયેલી આસપાસના વિસ્તારની જનતા આ સાયલાને ભગતના ગામથી જ ઓળખતા હતા.

આ ગામમાં જેચંદ જસરાજનું જૈન વણિક કુટુંબ. એ કુટુંબના પાનાચંદભાઈ અને રળિયાતબહેન બન્ને વિરલ દંપતી. પાનાચંદભાઈ ધર્મપરાયણ અને નીતિનિષ્ઠ તેવાં જ રળિયાતબાઈ ભદ્રહૃદયા અને દયાળુ.

સંવત ૧૯૩૩નો શિયાળાનો સમય અને રળિયાતબાઈની કુક્ષિએ પુત્રરત્નનો જન્મ થયો. નામ પાડ્યું નાગરદાસ.

સ્થાનકવાસી સંતો આ ગામોમાં આવતા. બાળક નાગરને કુતૂહલ થતું કે મહારાજ સાહેબ આવાં કપડાં કેમ પહેરે છે? શું વાંચે છે? વડીલો બાળસહજ જિજ્ઞાસા સંતોષતા.

પાંચ વર્ષની ઉંમરે બાળક નાગરે માતા રળિયાતબાનું છત્ર ગુમાવ્યું.નાગરદાસે સાયલાની તાલુકાશાળામાં શિક્ષણ લીધું.

એકવાર ગામમાં એક સાધુ આવેલ. તે બીમાર પડે છે, ત્યારે જ નાગરદાસ ભાભુ સાંકળીમા સાથે ઉપાશ્રયે ગયા. સાધુને ઝાડા-ઊલટી થયાં, પણ સાંકળીમા કશું કરી શકતાં નથી અને નાગરને સમજાવે છે કે એક સ્ત્રી સાધુને અડી ન શકે તેથી તે સાફ કરી શકતાં નથી. સાધુના કોઈ શિષ્ય પણ નથી. એ સમય ઉલ્લાસભાવથી નાગર, સાધુની સેવા-વૈયાવચ્ચ કરે છે. નાગર ઉપાશ્રયમાં આવતા સાધુની જીવનચર્યા અને સામાયિક અંગે જાણે છે. વ્યાખ્યાનો સાંભળે છે.

નાગરદાસની ૧૩-૧૪ વર્ષની ઉંમર. સાયલામાં મુનિ ચતુરલાલ અને જીવણજી મ.સા. પધારે છે. એ વખતે નાગરદાસ અને તેના પિત્રાઈ ભાઈ જીવરાજ નિર્ણય કરે છે કે આપણે આ સંસાર છોડી દીક્ષા લઈએ અને સાધુઓએ વિહાર કર્યો તો છૂપી રીતે તેની પાછળ ગયા. રામપરા ગામે પહોંચ્યા ત્યારે મહારાજે તેમને જોતાં પૂછ્યું કે, માતા-પિતાને કહીને આવ્યા છો ? તો કહે ના. વડીલને બોલાવી લીધા. વડીલો સાથે જવાની બન્નેએ ના પાડી. મહારાજશ્રીએ સમજાવી કહ્યું કે, વડીલો પાસેથી પ્રેમપૂર્વક સંમતિ લઈશું પછી દીક્ષા આપીશું, ને પાછા ગયા.

પિતાજીનું અવસાન થયું. મોટા ભાઈ જેશિંગભાઈનાં લગ્ન થયાં.

સં.૧૯૫૬નું વર્ષ. આ વખતે નાગરદાસની ઉંમર ૨૧-૨૨ વર્ષની હતી. જીવનમાં ત્યાગધર્મની પ્રતીતિ થતાં તેમણે આજીવન બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. તેમની સગાઈ માટે કપટથી કન્યા મોટી બતાવેલ અને સગાઈ કરી તો કન્યા નાની હતી તેની જાણ થતાં કપટમય સંસારનું વધુ સ્પષ્ટીકરણ થયું અને આમ આજીવન બ્રહ્મચર્ય વ્રત માટે આ અગત્યનું કારણ મળ્યું. લીમડીના શેઠ કુટુંબના પોપટભાઈએ નાગરદાસને લીમડી સંપ્રદાયના પૂ. દેવચંદ્રજી મ.સા.ને મળવા જણાવ્યું. સદ્‌ગુરુની શોધમાં નીકળેલ નાગરભાઈનો ગુરુને મળવા તલસાટ વધ્યો.

સુદામડામાં વાગદત્તાને ઘરે જઈ તેનાં માતા-પિતાની પ્રત્યક્ષ કહ્યું, ‘સમજુબહેન, આજથી તું મારી બહેન... ભાઈ તરીકે આ ચૂંદડી ભેટ આપું છું ...’ અને સગપણથી

મુક્ત થયા.

ત્યાગધર્મની પ્રેક્ટિસ કરવા નાગરદાસ લોચ કરતા, ઉપવાસ કરતા, તડકામાં રેતી પર આતાપના લેતા. સં. ૧૯૫૬માં દેવચંદ્રજી મ.સા.નો પ્રત્યક્ષ પરિચય થયો અને પૂ. દેવચંદ્રજી મ.સા. નાગરભાઈના અંતરમાં ગુરુસ્થાને પ્રતિષ્ઠિત થયા.

ગુરુ અંજારમાં હતા. સં. ૧૯૫૭ના ફાગણ સુદ-૩ના આનંદ-ઉલ્લાસ સાથે દીક્ષા અપાઈ. નવદીક્ષિત નાગરભાઈનું નામ 'મુનિ નાનચંદ્રજી' રાખવામાં આવ્યું. એમનો મનનો મોરલો ગુંજી રહ્યો.

*સંયમ મારો શ્વાસ સંયમ પ્રભુના અહેસાસ*
*આતમ થયો ઉજાગર (૯) પરમાત્મા થવા ... સંયમ*

દીક્ષિત જીવનનાં ૧૦ વર્ષ સં. ૧૯૫૭થી ૬૬ દરમિયાન તેમણે માંડવી (કચ્છ), જામનગર, મોરબી, જેતપુર, જૂનાગઢ, માંડવી, વાંકાનેર, મોરબી અને રામણિયા ચાતુર્માસ કર્યા.

સં. ૧૯૬૬માં રામણિયામાં સાધુસંમેલનમાં યોગ્ય પ્રેરણા આપી. સમાજસુધારણા માટે સમાજકલ્યાણ શાળાઓ અને છાત્રાલયોની સ્થાપના કરી.

૧૯૬૭થી ૭૬ના તબક્કામાં પૂ. ગુરુની સેવા વૈયાવચ્ચ અંગે ૯ વર્ષ લીમડી રહ્યા. અગ્લાન ભાવ સેવાના કારણે ''કળિયુગના પંથકજી''નું બિરુદ મેળવ્યું. વૈયાવચ્ચ એ એમના હૃદયની સંવેદના હતી.

તેમનું હીર, તેમની આત્મદશાનું દર્શન તેમના ભક્તિગાનમાં અને પ્રવચન અને કથા આખ્યાનમાં દર્શાવેલ છે. તેમની વાણી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી, પરંતુ તેમના અંતરના ઊંડાણમાં પહોંચી જીવનનું પરિવર્તન અને સંસ્કરણ પણ કરાવતી.

**કવિવર્ય પૂ. નાનચંદ્રજી મ.સા.નું સાહિત્યસર્જન : પ્રાર્થનામંદિર**

કવિવર્ય નાનચંદ્રજી મહારાજ ''સંત શિષ્ય'' દ્વારા તૈયાર કરાયેલ આ સુંદર પ્રાર્થના સંગ્રહ છે, જેમાં પ્રાર્થનાઓ , ભજનો અને ધૂનો સંગ્રહિત થયેલ છે, જેમાં કવિવર્યે પોતાની સ્વરચિત રચનાઓ ઉપરાંત સુપ્રસિદ્ધ સંતો અને ભક્તકવિઓની રચના સંગ્રહિત કરી છે.

આ સંગ્રહની પંદર આવૃત્તિઓ પ્રકાશન પામી ચૂકી છે તે જ એની લોકપ્રિયતાનો પુરાવો છે.

**સંસ્કૃત કાવ્યાનંદ ભાગ : ૧ થી ૩**

મુનિ શ્રી નાનચંદ્રજીસ્વામીએ આ નાનકડી પુસ્તિકામાં ૩૭૧ સુંદર અને

પ્રસિદ્ધ શ્લોકોનું સંકલન કર્યું છે.

સંસ્કૃત કાવ્યાનંદનો આ બીજો અને ત્રીજો ભાગ પ્રબોધ પ્રભાકરરૂપે પ્રગટ થયો.

આ પુસ્તિકામાં સંસ્કૃત ગ્રંથો જેવા કે ગીતા, વિવેક ચૂડામણિ, જ્ઞાનાર્ણવ, હૃદયપ્રદીપ, વિચારપ્રદીપ, ગરુડપુરાણ વગેરેમાંથી ખાસ ચૂંટવામાં આવેલા શ્લોકો વિવિધ વિષયો પરનો બોધદાયક સુભાષિત સંચય ઇત્યાદિ સાહિત્ય સામગ્રી આપવામાં આવી છે.

પૂ. નાનચંદ્રજીના શિષ્ય મુનિ શ્રી સંતબાલજીએ ગીતાના આ શ્લોકમાંથી પ્રેરણા મેળવી ''જૈન દૃષ્ટિએ ગીતા દર્શન'ના બે સુંદર ગ્રંથોની રચના કરી.

### પ્રેરણા પીયૂષ

આત્માના ઊર્ધ્વીકરણના હેતુને લક્ષમાં રાખીને કવિવર્ય નાનચંદ્રજી મ.સા. સંપાદિત ૧૧૨ પાનાંના આ પુસ્તકમાં મહર્ષિ અરવિંદ ઘોષની જીવનની ઝાંખી કરાવતો ''અધ્યાત્મ પથદર્શન'' નામનો લેખ પૂરા ૪૫ પાનાંનો છે. તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી સુશીલે અરવિંદના બંગાળી અને અંગ્રેજી સાહિત્યમાંથી સાધક જીવનને ઉપયોગી થાય એવી સુંદર કંડિકાઓનું આ સંકલન છે. આ કંડિકાઓ અધ્યાપક જીવનની અભીપ્સા સેવનારાઓ માટે ઉપયોગી તેમ જ માર્ગદર્શક બની રહે છે.

જ્યારે ''પરમેશ્વરની હજૂરમાં'' એ શીર્ષક નીચેના લખાણમાં ચિંતક અને લેખક વાડીલાલ મોતીલાલ શાહે ભક્તિયોગની દૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરેલ છે. છેલ્લે સંસ્કૃત સુવાક્યો, આગમ સુધાબિન્દુ અને વચનામૃતો છે.

### સંતશિષ્ય પત્રસુધા

સંતોનો સાધકો સાથે, ગુરુવર્યનો શિષ્ય-શિષ્યાઓ સાથે અને શ્રાવકો કે મહાજન સાથે પત્રવ્યવહાર થતો હોય છે, પરંતુ આપણે ત્યાં આવા પત્રોની સાચવણી અને તેનું સંપાદન કરે અને પ્રકાશન કરવાનું બહુ જ જૂજ બન્યું છે. આવા પત્રો સચવાણા હોય અને યોગ્ય સમયે તેનું પ્રકાશન થાય તે ઘણું ઉપયોગી અને ઉપકારી છે.

કવિવર્ય નાનચંદ્રજી મહારાજનો પત્રવ્યવહાર વિપુલ છે અને સદ્ભાગ્યે મોટી સંખ્યામાં પત્રો સચવાયા છે અને પ્રકાશન માટે પ્રાપ્ત થયા છે. પત્રોનું સંકલન મુનિ શ્રી સંતબાલજીએ વિષયવાર વિભાગ કરી ૨૬ વિભાગમાં વહેંચ્યા છે. દરેક

પત્રને યોગ્ય શીર્ષક પણ આપ્યું છે. દરેક વિભાગની શરૂઆતમાં વિષય પ્રવેશરૂપે ઉદ્‌બોધન અને અંતે ઉપસંહાર સંતબાલજીએ લખી આપ્યો છે. પૂ. દમયંતીબાઈ મ.સ.એ પણ સંગ્રહ તૈયાર કરવામાં ઘણો પરિશ્રમ લીધો.

આમ જોઈએ તો પત્રવ્યવહાર અંગત વસ્તુ છે. કેટલેક દરજ્જે નિરપેક્ષતાથી લખી શકાય છે. પત્રલેખનમાં નિકટ સંબંધ છે, તેમાં કેટલુંક પ્રાસંગિક હોય અને કેટલુંક ચિરંજીવ તત્ત્વ હોય.

બધા ધર્મોમાં અને ખાસ કરીને જૈન ધર્મમાં ગુરુનો અસીમ મહિમા બતાવ્યો છે. ગુરુ વિના જ્ઞાન નહિ. સાચું આધ્યાત્મિક જ્ઞાન બુદ્ધિ કે તર્ક નહીં, પણ આધ્યાત્મિક અનુભૂતિનો વિષય છે. જ્યારેજ્યારે અધ્યાત્મમાર્ગ સાધનામાં મૂંઝવણ ઊભી થાય ત્યારે ગુરુનું માર્ગદર્શન અનિવાર્ય બની જાય છે. ગુરુનો પ્રત્યક્ષ યોગ ન હોય ત્યારે પત્રો દ્વારા પણ માર્ગદર્શન મેળવી શકાય છે.

અહીં ગ્રંથસ્થ પત્રો જીવનપંથને સાચો રાહ બતાવવા માર્ગદર્શક પત્રો છે. સંતશિષ્ય પત્રસુધારૂપ જે પત્રસંગ્રહ પ્રગટ થયો છે તેમાં મુનિશ્રીએ વિવિધ સ્વરૂપે માર્ગદર્શન આપ્યું છે તે જોઈ શકાય છે. કવિશ્રીની એક વિશેષતા એ હતી કે ગૃહસ્થને ગૃહસ્થ ધર્મીને લગતો જ ઉપદેશ આપતાં શ્રાવક અને શ્રાવિકા બન્નેને લક્ષમાં લઈને આપતા. ટૂંકમાં નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિનો બરાબર સમન્વય સાધતા.

વ્યક્તિગત માર્ગદર્શન આપવાનું હોય ત્યારે શિષ્યની લાયકાત પ્રમાણે જ્ઞાન આપે, ન ઓછું ન વધુ.

અધ્યાત્મ પંથે વિચરતાને વિટંબણા, મુસીબતો કે મૂંઝવણો હોય, કોઈને ધ્યાન માટે, કોઈને તપ માટે, કોઈને નામસ્મરણ જાપ માટે, કોઈને યોગ માટે તો કોઈને કષાય મંદતા માટે યોગ્ય સાધકને યોગ્ય સમયે પત્રોથી પ્રેરણા આપતા.

આમ કવિશ્રીના આ પત્રોએ દિશાવિહીનને દિશા બતાવી છે તો ભટકી ગયેલાને પાછા યોગ્ય રાહ પર લાવવામાં અગત્યની ભૂમિકા ભજવી છે.

### કવિવર્ય નાનચંદ્ર મ.સા. ભજનો અને પદો

કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજે કાવ્યો, પ્રાર્થનાઓ, ભજનો અને પદોની રચના કરી છે. મહારાજશ્રીએ જૂનાં ભજનોની લોકઢાળો લઈને પદો રચ્યાં છે. અપરિચિતોને તો એમ જ લાગે કે આ કોઈ જૂનું ભજન છે, પરંતુ નામાચરણમાં ''સંતશિષ્ય'' એવું નામ આવે ત્યારે જ ખબર પડે કે આ તો મહારાજ રચિત ભજન છે. સાંપ્રદાયિકતાના સીમાડા ભેદીને સર્વધર્મ સમભાવ સુધી આ પદોની

ભાવના પહોંચી છે.

**માનવતાનું મીઠું જગત : ભાગ-૧થી ૪માં સર્જકની વિચારસૃષ્ટિ**

મુનિ શ્રી નાનચંદ્રજી મહારાજસાહેબનાં પ્રવચનોના આ ગ્રંથો આત્મલક્ષી માનવતાનો સંદેશ આપતા સાત્ત્વિક સાહિત્યના સંપુટ છે.

સમાજમાં જીવનમૂલ્યોનું જાણ્યે-અજાણ્યે સારું એવું પરિવર્તન થઈ રહ્યું હોઈ, સંપત્તિ અને માત્ર સંપત્તિની સૃષ્ટિની જાણે બોલબાલા દેખાય એવા સંજોગોમાં મૂલ્યપરિવર્તનનો આ ઝોક સાચી દિશામાં છે કે કેમ એ એક ગંભીર અભ્યાસનો વિષય બની જાય છે. કવિવર્ય નાનચંદ્રજી મહારાજનાં વ્યાખ્યાનોના આ સંગ્રહમાં જીવનનાં આ મૂલ્યોને સ્પર્શતા વિવિધ વિષયોની છણાવટ કરવામાં આવી છે. જીવનનું રહસ્ય, મનુષ્યની સુખની શોધ, શક્તિનું મૂળ, અહિંસા, સ્વધર્મ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ, યુગધર્મ, સેવાનો માર્ગ વગેરે બાબતોની છણાવટ કરીને, મુનિશ્રીએ આ ભૌતિક જગતમાં જ દિવ્યતા પ્રગટાવવાનો, અહીં આ ધરતી પર જ સ્વર્ગને સજાવવાનો સંદેશો આ ગ્રંથોમાં આપ્યો છે.

ટૂંકમાં કહીએ તો આત્મલક્ષી માનવતાનું એટલે કે સ્થૂળ અને સૂક્ષ્મને આવરી લેતી સાચી અને અખંડિત આધ્યાત્મિક્તાનું સ્વરૂપ તેમણે અહીં સમજાવ્યું છે અને તે પણ સામાન્ય માણસો સમજી શકે તેવી સરળ શૈલીમાં આલેખન થયું છે.

આ ગ્રંથની ખાસ એક વિશિષ્ટતા એ કહી શકાય કે મુનિશ્રી સ્થાનકવાસી સંપ્રદાયના હોવા છતાં તેમનાં લખાણો-કાવ્યો કે વ્યાખ્યાનમાં સંકુચિત સાંપ્રદાયિકતા કે એકાંગી દૃષ્ટિનો અભાવ છે એ કારણ જ આ પુસ્તકોનું મૂલ્ય વધારી દે છે. વળી આ સંપાદન પણ યોગ્ય અધિકારી વ્યક્તિ મુનિશ્રીના વિદ્વાન શિષ્ય શ્રી સંતબાલજીના હસ્તે થયું છે. પરિણામે વિષયની રજૂઆત સચોટ, સંગીન અને સુસંકલિત બની છે.

મોટે ભાગે સંસાર ત્યાગ કરીને સંયમને માર્ગે ગયેલા સંતો, ધર્મગુરુઓ, સંન્યાસીઓ ધર્મ, અધ્યાત્મ અને આત્માની વાતો જ કેન્દ્રસ્થાને રાખીને ઉપદેશ આપતા હોય છે. કર્મમુક્તિની સાધનાના મહત્ત્વને કારણે માનવતા વિશે પ્રવચન કરનારા કે લખનારા ભાગ્યે જ જોવા મળશે.

મન વડે કર્મબંધન થાય, મન જ કર્મમાંથી મુક્તિનો માર્ગ કરી આપે છે. આ માનવભવમાં શક્ય છે માટે માનવભવ જ શ્રેષ્ઠ ગણાય છે કારણકે માનવો જ નિર્જરાનો માર્ગ લઈ શકે છે.

જનસમાજમાં સામાન્ય રીતે એક એવી છાપ છે કે જૈન ધર્મ નિવૃત્તિપ્રધાન છે. પ્રવૃત્તિથી કર્મબંધન છે માટે અહીં આત્મલક્ષી સાધનાને જ માત્ર સ્થાન છે, પરંતુ આ એકાંગી કથન છે. ભગવાન મહાવીર પ્રબુદ્ધ કરુણાના કરનાર હતા. તેઓ અહિંસાના વિધેયક દૃષ્ટિકોણના પુરસ્કર્તા હતા. અન્યની હિંસા ન કરવી તે અહિંસાનું એક પાસું, પરંતુ અન્યને શાતા પમાડવી કે તેની પીડા ઓછી કરવી તે અહિંસાનું બીજું પાસુ છે. આ વાત સમજી શકે તે જ સ્વીકારી શકે કે મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત ભર્યું છે અને આ અમૃતપ્યાલીના પાન કરીને કરાવનાર કવિવર્ય નાનચંદ્રજી મહારાજ હતા. તે હંમેશાં મહાવીર ધર્મના સેવા ભાવને ઉજાગર કરવાની વાત કરતા.

મુનિશ્રીએ જનતા સમક્ષ અનેક વાતો અને દૃષ્ટાંતો રજૂ કરીને આ પંચમકાળમાં ''માનવતાનું મીઠું જગત'' ક્યાં છે અને તેની મીઠાશ કેમ માણી શકાય તેવી અનેક કળા પોતાના ''માનવતાનું મીઠું જગત'' એ ગ્રંથમાં જિજ્ઞાસુઓને પીરસી છે.

ચાર ભાગમાં વહેંચાયેલા આ વિશાળ સંપુટમાં આવી શિખામણની ઉચ્ચ કથાની વાતો કરનાર ગ્રંથના સર્જક કે પ્રવચનકાર તો પોતાને પણ સહુની કોટીમાં ગણીને ''સંતશિષ્ય'' એ નામે જ એ મીઠા જગતની ચૂંટી કાઢેલી વાનગીઓ પીરસી છે. તેઓ માનતા કે અધૂરો માનવી બીજાને શી રીતે ઉપદેશ દઈ શકે ?

વાસ્તવિક રીતે જોઈએ તો આવા પુરુષો જ ''માનવતાનું મીઠું જગત''નું સાહિત્ય લોકોને પીરસી શકે કારણકે તેમણે એ મીઠા જગતની મીઠાશ માણેલી હોય છે. ''માનવતાનું મૂલ્ય'' એ કાવ્ય દ્વારા કવિવર્ય મુનિશ્રીએ આ વાતને સ્પષ્ટ કરી છે.

*''પોતે પૂરણ અહિત રચી પોતા તણું*
*સંતશિષ્ય કહે, દુર્ગતિએ જાય*
*મદમાતા, મછરાળા, મૂરખ માનવી*
*નથી સમજતા માનવભવનું મૂલ્ય જો''*

પોતાની જાતને પૂર્ણ માનનારા ઉપદેશકો જનતા પર સાચી શિખામણની અસર કદી ઉપજાવી શકતા નથી.

એમની વાતો સર્વદેશી અને સર્વસ્પર્શી જ રહેતી. ભક્તો કે સંપ્રદાય પ્રતિ પક્ષપાત ક્યારેય કર્યો નથી.

'ભક્તિનો મહિમા' એ વિષય પર બોલતા હોય તો સર્વધર્મને લક્ષમાં રાખવા

ગીતા અને ઉપનિષદનાં પદો તેમની પ્રાર્થનામાં આપણે જોઈએ છીએ.

તેઓ કહેતા ભક્તિ કરનારનું હૃદય નિર્મળ-સ્વચ્છ સ્ફટિક જેવું હોય તો પરમાત્મા તેની સ્તુતિ કબૂલ રાખે છે. ''મનમાં ભરી રાખેલો મેલ તો મેલને જ આકર્ષે છે. નીતિમય અને પવિત્ર જીવન વગર માનવી પ્રાર્થના કરી શકે જ નહીં.''

રમણ મહર્ષિ અને આનંદઘનનો સંદર્ભ આપી તેઓ કહેતા કે ઘણાં ક્રિયાકાંડો કરતાં સત્યનો સ્વીકાર કરી મસ્ત જીવન જીવનારાનું જ અનુકરણ આપણું કલ્યાણ કરી શકે.

બ્રહ્મચર્ય અને સંયમની વાતની પુષ્ટિ કરવા ત્રીજા ભાગમાં નાગિલા અને ભવદેવનો સુંદર સંવાદ વર્ણવ્યો છે. ચોથા ભાગમાં શ્રોતા અને વાચકોને માનવતાના મીઠા જગતનો આદર્શ બતાવે છે.

''માનવતાનું મીઠું જગત'' એ એવા વ્યાખ્યાનોનો સંગ્રહ છે કે તેનું સતત અમૃતપાન કર્યા  જ કરીએ એવી અનુભૂતિ થયા વગર રહેતી નથી.

કવિવર્ય પૂ. નાનચંદ્રજી મ.સા.ની શિષ્ય સંપદામાં વિ. સં. ૧૯૮૩માં પૂ. ચુનીલાલજી મ.સા.ને તથા પૂ. મુનિ શ્રી સંતબાલજીને વિ. સં. ૧૯૮૫માં દીક્ષા આપી હતી.

સંતબાલજીનું વ્યક્તિત્વ ક્રાંતિકારી હતું. તેમણે પોતાના ગુરુના વિચારો ઝીલ્યા હતા અને ગાંધીવિચારધારા તેમના જીવનમાં પ્રતિબિંબિત થાય છે. તેમણે ભાલનળ કાંઠા-ગુંદીમાં સંઘ અને રાણપુરમાં ખાદી ગ્રામોદ્યોગ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ મુંબઈ તથા ચિંચણમાં મહાવીર આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરેલી.

વિ. સં. ૨૦૨૧ના માગસર વદ-૯ ને રવિવારે પ્રાર્થના નિત્યક્રમ પૂર્ણ કરી ચાર શરણા સ્વીકારી સમાધિભાવે ૧૦.૨૫ મિનિટે મહાપ્રયાણ કર્યું. ભારતભરનાં અનેક સ્થળેથી અંતિમવિધિમાં સાયલામાં દસ હજાર ભક્તોએ ભાગ લીધો.

એકંદર ૬૪ વર્ષના સંયમ પર્યાય બાદ માનવધર્મ અને પ્રાર્થનાની મહત્તાના સંસ્કાર રેડી પૂ. મહારાજશ્રીએ ચિરવિદાય લીધી. સદાચાર અને નિર્વ્યસનતાના પુરસ્કર્તા કવિવર્ય નાનચંદ્રજી મ.સા.ને ભાવાંજલિ.

**(મુંબઈસ્થિત ડૉ. મધુબહેન જી. બરવાળિયાએ હિન્દી સાહિત્યમાં** Ph.D. **કર્યું છે. તેમના જૈનદર્શનના પરિપ્રેક્ષ્યમાં 'શાકાહાર', અધ્યાત્મ સુધા અને અધ્યાત્મસૂર સંપાદિત પુસ્તકો છે).** ▣

# ૨૩ ગાંધીવિચાર ક્ષેત્રે મુનિશ્રી સંતબાલજીનું પ્રદાન

— ડૉ. પાર્વતીબહેન નેણશી ખીરાણી

**પૂ.** મહાત્મા ગાંધીએ જે મહાવ્રતની કેડી કંડારી એના પર પગલાં પાડનાર નરરત્ન એટલે એક સૈકા પહેલાં જન્મેલા જૈનમુનિ 'સંતબાલજી'. તા. ૨૬-૦૮-૧૯૦૪, વિ.સં. ૧૯૬૦ના રોજ નાગજીભાઈ દેવજીભાઈનાં ધર્મપત્ની મોતીબહેનની કુક્ષિએ એમનો જન્મ થયો. બાળપણનું નામ શિવલાલ હતું. એમને પાંચ વર્ષ નાની મણિબેન નામની બહેન હતી. નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગઈ પછી માતાએ સ્વમાનપૂર્વક ઉછેર્યા.

શિવલાલમાં વૈરાગ્યવૃત્તિ વધતાં જૈન સંતોનો પરિચય થયો. રાજસ્થાનથી પધારેલ પૂ. સૌભાગ્યમલજી મુનિથી પ્રભાવિત થઈને તેમને ગુરુ તરીકે સ્વીકારી દીક્ષા લેવાનો વિચાર કર્યો, પણ પછી ગાંધીવિચારથી રંગાયેલા ક્રાંતિકારી વિચારક, માનવતાના મસીહા એવા ગુરુ નાનચંદ્રજીનો વિશેષ પ્રભાવ પડ્યો. એ દરમ્યાન

માતુશ્રીનું માંદગીથી અવસાન થયું. એમની વૈરાગ્યવૃત્તિ સબળ બની. તેથી જેની સાથે સગાઈ થઈ હતી તેને બહેન બનાવી તેની આજ્ઞા માગી તથા મોસાળ અને કુટુંબીજનોની આજ્ઞાથી દીક્ષા લઈને સૌભાગ્યચંદ્ર મુનિ બન્યા. જૈન ધર્મ અનુસાર સંયમનું પાલન કરતાં કરતાં વિવિધ શાસ્ત્રો-દર્શનનો ખૂબ અભ્યાસ કર્યો. સારું એવું સાહિત્ય-સર્જન કર્યું. શતાવધાનના પ્રયોગ કર્યા. એક વર્ષ માટે સંપૂર્ણ મૌનની સાધના દરમિયાન ધાર્મિક અને આધ્યાત્મિક સાધના કરતા કરતા લોકકલ્યાણની પ્રવૃત્તિ માટેના ક્રાંતિકારક વિચારો ઉદ્ભવ્યા. આ વિચારોની રજૂઆત કરતાંજ જૈન સમાજમાં ભળભળાટ મચી ગયો. ત્યારે તેમણે પોતાના વિચારોની રજૂઆત કરતાં કહ્યું કે, 'જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાનો ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવી કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી.' આ નિવેદનથી તેમને જૈન સમાજમાંથી બરતરફ કરવામાં આવ્યા અને જાહેર કરવામાં આવ્યું કે કોઈ ઉપાશ્રયમાં એમને ઉતારો ન આપવો તેમ જ ભિક્ષા પણ ન આપવી. એમણે હિંમત હારી નહિ. ત્યારે એમના ગુરુદેવ પર દબાણ લાવીને એમને ગુરુદેવથી છૂટા કરાવ્યા. જાહેર નિવેદન અને જાહેર લોકસેવાનાં કાર્યોને લીધે સંપ્રદાયથી જુદા થયા ખરા પણ સાધુવેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે અંતિમ સમય સુધી વિનયભાવે સંબંધ સાચવ્યો. પોતે સંતશિષ્ય તરીકે ઓળખાતા ગુરુ નાનચંદ્રજીના બાળક બની રહેવા માગતા હતા. તેથી પોતાનું નામ 'સંતબાલ' રાખ્યું અને એ નામથી જ પ્રસિદ્ધિ પામ્યા. એમના ગુરુદેવ પણ કહેતા કે સંતબાલ જૈન સાધુ નહિ પણ જગતસાધુ છે. ગુરુના વચનાનુસાર એમણે ભાલનળકાંઠાના ગામડાંઓના ખેડૂતોનો ઉદ્ધાર કર્યો. ૐ મૈયા કુદરતી ઉપચાર કેન્દ્ર, માતૃ સમાજ ઉદ્યોગગૃહ, ચીંચણમાં મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર આદિ સંસ્થાઓની સ્થાપના કરી. પોતાની લોકકલ્યાણ પ્રવૃત્તિઓને વેગ આપ્યો. મહાવીરનગરમાં ૧૯૭૦થી ૧૯૮૨ સુધી સ્થિરવાસ રહીને વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા. છેલ્લે તબિયત બગડતાં હરકિશન હૉસ્પિટલ - મુંબઈમાં દાખલ કર્યા. ત્યાં જ તા. ૨૬-૦૩-૧૯૮૨ના અંતિમ શ્વાસ લીધા. તેમના નશ્વર દેહને મુંબઈથી ચિંચણ મહાવીરનગરમાં લાવવામાં આવ્યો ત્યારે તેમની પાલખી ઉપાડનાર ચાર બ્રહ્મચારિણી સાધક બહેનો હતી. ૐ મૈયાના આ આરાધકની અંતિમ વિધિમાં માતૃજાતિને આ રીતે મહાન પ્રતિષ્ઠા મળી. આમ, મહાન ક્રાંતિકારી સંતે પરલોક પ્રયાણ કર્યું.

**ગાંધીવિચાર ક્ષેત્રે પ્રદાન :**

શિવલાલ (સંતબાલ) મુંબઈ કમાવા ગયા ત્યારે ત્યાં દેશભક્તિના આંદોલનનું વાતાવરણ હતું. મહાત્મા ગાંધીજીના ક્રાંતિકારક વિચારોનો એમના પર ઊંડો પ્રભાવ પડ્યો. એમનાથી પ્રેરાઈને ખાદી પહેરવાની શરૂઆત કરી. જીવનમાં નૈતિકતા એ પ્રામાણિકતાની સાથે સાદાઈ, ત્યાગ, સંયમ સેવાભાવના વિકસી.

મહાત્મા ગાંધી મૌનને મહત્ત્વ આપતા હતા. 'હરિજન બંધુ' તા. ૨૫-૧૨-૩૮ના અંકમાં લખ્યું છે કે, મારા જેવા સત્યના શોધકને મૌન સારું મદદરૂપ થાય છે. મૌનની સ્થિતિમાં આત્માને પોતાને રસ્તો વધારે સ્પષ્ટ દેખાય છે.

એ વિચારની અસર સંતબાલજી પર પડી, જેથી એમણે ઇ.સ. ૧૯૩૬થી ૧૯૩૭ એમ એક વર્ષ સુધી એકાકી નર્મદા નદીના કિનારે માધવદાસજીના આશ્રમમાં રહીને અખંડ મૌન પાળ્યું. એ દરમિયાન એમને જાતજાતના અનુભવો થયા તથા કુદરત પર સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા થઈ ગયા તેમ જ એ સમય દરમિયાન દુનિયાના બધા ધર્મોનો અભ્યાસ કર્યો. લેખનપ્રવૃત્તિમાં વેગ આવ્યો તથા લોકકલ્યાણ પ્રવૃત્તિ માટેના ક્રાંતિકારક વિચારો પણ ઉદ્ભવ્યા. મૌન પૂર્ણ થયા પછી ગાંધીજીના વિચારો અને કાર્યોથી પ્રભાવિત થઈને અહિંસામય, કરુણામય દૃષ્ટિએ બધી સમસ્યાઓનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવાનું શરૂ થયું. શરૂઆત ભાલનકાંઠાના પ્રદેશથી કરી.

નળકાંઠામાં પક્ષીઓનો શિકાર થતો હતો. એના માટે આત્માથી પોકાર કર્યો કે 'શિકારી બંધુઓને સદ્બુદ્ધિ મળો ! અહિંસાનો પૂરા અર્થમાં વિજય થાઓ.' વર્ષો સુધી આ સૂત્રોચ્ચાર એ પ્રદેશમાં બોલાતોરહ્યો. પરિણામે નળ સરોવરમાં આવતાં રંગબેરંગી પક્ષીઓનો શિકાર કરવાનું બંધ થઈ ગયું.

જૈન વિચારધારા અને ગાંધીવિચારનો સમન્વય કરીને ભાલનળકાંઠામાં તેમણે શુદ્ધિપ્રયોગ આરંભ્યો. શુદ્ધિપ્રયોગ એટલે શુદ્ધ કરવાની પ્રક્રિયા. આ પદ્ધતિ પાછળની ભૂમિકા એવી છે કે કોઈ પણ માણસ બિલકુલ ખરાબ નથી હોતો. તેનામાં રહેલા સદ્ગુણોને જાગૃત કરવાની જરૂર છે.

અન્યાયનો સામનો કરવા માટે સામાન્યપણે ચાર જુદી જુદી પદ્ધતિઓ અમલમાં મુકાય છે :-

(૧) પહેલી પદ્ધતિ અનુસાર હિંસાનો આશ્રય લેવો પડે. તેમ કરવાથી કદાચ તાત્કાલિક રાહત મળે, પરંતુ કાયમી ઉકેલ ન મળે.

(૨) બીજી પદ્ધતિ અનુસાર કોર્ટનો આશ્રય લેવો, પણ એની પણ કેટલીક

મર્યાદાઓ છે.

(૩) ત્રીજી પદ્ધતિ અનુસાર લોકોની નૈતિક તાકાતને ઉપયોગમાં લેવાની છે. જો સમાજમાં પડેલી સામૂહિક નૈતિક તાકાતને સંગઠિત કરવામાં આવે તો તેનાથી સામાજિક ક્રાંતિનો પાયો અવશ્ય નાખી શકાય અને ચોથી છે,

(૪) શુદ્ધિપ્રયોગ - નળકાંઠામાં મોટા બે અનિષ્ટ હતાં - (૧) બાળલગ્ન અને (૨) દિયરવટું - એટલે ભાભી વિધવા થાય તેણે બીજાં લગ્ન દિયર સાથે જ કરવા પડે. પછી દિયર ભલેને ગમે તેટલો નાનો હોય.

આ ઉપરાંત આખો પ્રદેશ શાહુકારોના વ્યાજથી પણ શોષાતો હતો, તાલુકાદારોના ત્રાસથી કંપતો હતો. લગ્ન અને બીજા કૌટુંબિક રિવાજોમાં ભયંકર દેવું થયું અને પછી કાયમી તકલીફ ભોગવવી પડતી. ચોરી, લૂંટફાટ, સ્ત્રીઓનું અપહરણ, પશુની ઉઠાંતરી, જુગાર, દારૂ પીવો વગેરે અનિષ્ટો તો ખરાં જ. આ ઉપરાંત પાણીનો ભારે ત્રાસ. તળાવના પાણી ખૂટે એટલે નાના વીરડા ગાળી પાણી મેળવવું પડે. પોતપોતાના વીરડા પર ખાટલા ઢાળીને લોકોને સૂવું પડે. જો આ રીતે ચોકી ન કરે તો પાણીની પણ ચોરી થાય. આ બધાં જ અનિષ્ટોનું નિરાકરણ શુદ્ધિપ્રયોગથી હલ કરવાનો નિર્ણય લીધો અને એના માટે ૧૧૨ જેટલાં ગામોનું સંગઠન કર્યું તથા સમાજના પ્રશ્નો શુદ્ધિપ્રયોગ દ્વારા હલ કર્યા.

ભાલનળકાંઠા ઉપરાંત બીજા નાના નાના ગામડાંઓના ખેડૂતોના પ્રશ્નો હલ કરતા હતા. ખેડુતોને એમના માલિક હક્કની જાણ ન હોય તો એના દસ્તાવેજો, અરજીપત્રક વગેરે પણ તૈયાર કરાવી દેતા. આવી જ એક પ્રેરણા મારા જ લાકડીઆ ગામના ગામવાસીઓને આપી હતી, જે શ્રી મોરારજી દેસાઈના સચિવના પત્રથી સાબિત થાય છે, જે નીચે મુજબ છે. બધાને ખ્યાલ આવે તે મટે પત્ર અક્ષરશઃ નીચે આલેખ્યો છે :-

202-PSFof 69
નાયબ વડાપ્રધાનશ્રીના
નિજી સચિવ, ભારત,
ન્યુ દિલ્હી - ૧.
તા. ૦૩-૦૧-૧૯૬૯

**પ્રિય શ્રી શાહ,**

તમારો તા. ૨૭મી ડિસેમ્બરનો પત્ર નાયબ વડાપ્રધાન શ્રી મોરાજી દેસાઈને

મળ્યો છે. લાકડીઆના ખેડૂતોના બુટા હક્ક વિશેના કામના કાગળો, અરજીઓ, ઠરાવો વિગેરે અત્રે આ ૧લીએ જ મળ્યા. તમારી અરજીઓની નકલો પણ મુનિશ્રી સંતબાલજીએ નાયબ વડાપ્રધાનશ્રીને મોકલી આપી છે. આ તમામ કાગળો યોગ્ય કરવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીને મોકલી આપ્યા છે.

લિ.

(સહી) હસમુખ શાહ

**પ્રતિ,**

**શ્રી ઘેલા ભારમલ શાહ**

મુકામ પોસ્ટ લાકડીઆ,

તાલુકો ભચાઉ, જિલ્લો - કચ્છ,

ગુજરાત રાજ્ય.

આ રીતે સંતબાલજી રસ લઈને ખેડૂતોને એમના બુટા હક (જમીનની માલિકીના હક) સંબંધી પણ સરકાર સામે લડત આપી અરજી કરી આપતા હતા.

આ ઉપરાંત બુટા હક માટે લડતા ઘેલાભાઈ ભારમલ શાહને કોર્ટમાં આ કેસ જીતી જવા માટે વધાવતા પત્ર લખ્યો હતો. એની ઝાંખી રજૂ કરું છું.

**પ્રતિ,**

ઘેલાભાઈ ભારમલ શાહ,

''ઘણા માણસ વિઘ્ન ન આવે ત્યાં લગી જ પરગજુ રહી શકે છે. કેટલાક વળી થોડા વિઘ્નોથી થાકી અધવચ્ચે જ પરગજુવૃત્તિ છોડી દે છે. વીરલા જ ગમે તેવાં વિઘ્નો આવે તોય પોતાની પરગજુવૃત્તિ અંત લગી છોડતા નથી અને ઘરનો ભોગ આપે છે. એટલે કુદરતી રીતે જ વિજય, યશ અને સર્વ કાંઈ તમને પોતાને માટે મળે છે પણ આખાય સમાજને પણ તેનો લાભ પહોંચે છે. જૈન સાધુની મર્યાદામાં રહીને પણ ઘણું મોટું કાર્ય કરી શકાય છે...''

(પત્ર લાંબો છે. અહીં એનો આંશિક ભાગ રજૂ કર્યો છે)

**- મુનિ શ્રી સંતબાલજી**

ઉપરના બે પત્રોની નકલ 'આપણા બુટા' ભાગ ૧-૨ (લાકડિયા બુટા કેસનો અહેવાલ) સંપાદક - પ્રકાશક : શાહ ભારમલ પાંચા છાડવા, પૃ. ૧૩૨ અને ૮૧ પરથી લીધી છે.

પ.પૂ. સંતબાલજીની પ્રેરણાથી ઘેલાભાઈ તથા પાંચાલાલભાઈ ભારમલ છાડવા એ બંને ભાઈઓ આ કેસ શારીરિક-માનસિક કષ્ટ વેઠીને આર્થિક ભોગ આપીને લડ્યા. વર્ષો પછી ચુકાદો એમની તરફેણમાં આવ્યો અને ૭૨૦ ખેડૂતોને બુટાહક (માલિક હક) મળ્યા, જે એક ગૌરવની વાત છે.

આવા તો કેટલાંય ગામના ખેડૂતોને વહારે સંતબાલજી આવ્યા હશે. આ તો એક નમૂનો છે.

## પૂ. બાપુની જાહેર સેવાની અસર

ઇ.સ. ૧૯૪૫માં પૂ. સંતબાલજીનું ચાતુર્માસ વિરમગામમાં હતું ત્યારે ગંદકીને કારણે વિરમગામમાં કૉલેરા ફાટી નીકળ્યો હતો, ત્યારે દરરોજ તેઓ પોતે ઝોળીમાં રાખ ભરી, ગામની શેરીએ શેરીએ ફરીને જ્યાં ઉઘાડો મળ જુએ ત્યાં ઝોળીમાંથી રાખ કાઢી એ રાખથી મળને ઢાંકી દે તથા ગામના લોકોને પણ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવીને સફાઈયજ્ઞ કર્યો. રોગમુક્ત થતા વિરમગામના લોકોએ એમને વધાવ્યા ત્યારે એમણે કહ્યું કે, ''હું આ સન્માનને પાત્ર નથી, ખરો યશ તો ગાંધીજી જેવા સંતપુરુષોને આપવો જોઈએ કારણ કે જાહેર સેવાના પાઠ મને એમની પાસેથી મળ્યા છે.'' આમ તેમણે પોતાની નમ્રતાનો પરિચય પણ આપ્યો.

## ઉપવાસની અસર

પૂ. બાપુ ઉપવાસને સત્યાગ્રહનું અમોઘ સાધન માનતા. હિંસાના અવેજમાં એ અસરકારક ઇલાજ છે તેમ જ તેના અનેકવિધ ઉપયોગ છે. પૂ. સંતબાલજી પર ઉપવાસની પણ ઊંડી અસર પડી હતી. તેથી જો કોઈ ચોરી જેવો ગુનો કરતા તો એને પોતે ઉપવાસ પર ઉતરીને ગુનો કબૂલ કરવા માટે વિવશ કરી દેતા.

## સર્વધર્મ સમભાવ

પૂ. બાપુ 'હરિજનબંધુ'માં લખતા કે, 'એક જ ઇશ્વરને માનવાની વાત બધાયે ધર્મનો પાયો છે, પણ આખીયે દુનિયામાં એક જ ધર્મ પળાતો હોય એવો જમાનો હું કલ્પી શકતો નથી. સિદ્ધાંત તરીકે ઈશ્વર એક જ છે. તેથી ધર્મ પણ એક જ હોય એ વાત ખરી, પણ વહેવારમાં ઈશ્વર એક જ પ્રકારે ઓળખનારા બે માણસો પણ મારા જોવામાં આવ્યા નથી. તેથી સંભવ છે કે જુદી જુદી વૃત્તિ અને જુદી જુદી પ્રકૃતિ તેમ જ ભિન્ન ભિન્ન આબોહવામાં સમાધાન આપી શકે એવા જુદા જુદા ધર્મોની હસ્તી હંમેશ રહેવાની. ત્યારે જરૂર જરૂર એ વાતની છે કે જુદા જુદા ધર્મો પાળનારા પરસ્પર આદર રાખે ને સહિષ્ણુ થાય.' એમના આ દૃષ્ટિકોણે જ સર્વધર્મ સમભાવ કેળવતા શિખવ્યો.

આ દૃષ્ટિકોણની અસર પ.પૂ. સંતબાલજી પર પણ પડી, જેને કારણે સર્વધર્મની પ્રાર્થનાઓનો સમાવેશ પોતાના આશ્રમમાં કર્યો. પોતે પણ સર્વધર્મની પ્રાર્થનાઓ રચી તેમ જ સાત વારની સાત પ્રાર્થનાઓ પણ રચી. સોમવાર - રામ, મંગળવારે - મહાવીર, બુધવારે - બુદ્ધ, ગુરુવારે - કૃષ્ણ, શુક્રવારે - મહમ્મદ સાહેબ, શનિવાર - અશો જરથુષ્ટ્ર, રવિવારે - ઈશુની પ્રાર્થના.

સાત વારની પ્રાર્થના સંતબાલજીના બધા ધર્મો માટેના આદરનું-સ્નેહનું ઉત્તમ પ્રતીક છે. માનવીની ક્રૂર હિંસા થઈ રહી છે તેમાં જો આ સર્વધર્મ સેવાનો મર્મ સ્વીકારી જીવનમાં સ્થાન આપવામાં આવે તો પરમશાંતિ પ્રાપ્ત થાય.

**પ્રાર્થના**

પૂ. બાપુના મતે પ્રાર્થના હૃદયનું શોધન છે. પ્રાર્થના આપને યાદ દેવડાવે છે કે એના આધાર વિના આપણે નિરાધાર છીએ. પ્રાર્થના આપણને નમ્રતા શીખવાડે છે. આત્મશુદ્ધિ કરવાનું, અંતરને શોધવાનું ઉદ્‌બોધન કરે છે. માટે પ્રાર્થનાનું સ્થાન આપણા જીવનમાં દરરોજ હોવું જોઈએ. એ અનુસાર પૂ. સંતબાલજી પણ નિયમિત પ્રાર્થના કરવાને મહત્ત્વ આપતા હતા.

**કુદરતી ઉપચાર**

પૂ. બાપુની કુદરતી ઉપચારમાં પરમ શ્રદ્ધા હતી. એની પણ અસર પૂ. સંતબાલજી પર પડી હતી, તેથી એમણે પણ 'ૐ મૈયા કુદરતી ઉપચાર કેન્દ્ર'ની સ્થાપના કરી.

**વ્રત સાધના**

જૈન સંત પંચમહાવ્રતધારી હોવાને કારણે પૂ. બાપુનાં ૧૧ વ્રતમાંથી પહેલા પાંચ વ્રત તો પંચમહાવ્રતરૂપે સહજ રીતે આત્મસાત્ જ હોય, અર્થાત્ સત્ય, અહિંસા, અચૌર્ય, અસંગ્રહ (અપરિગ્રહ) અને બ્રહ્મચર્યનું પાલન તો એમને ફરજિયાત હોય જ. બાકીનાં છ વ્રતોની પણ એમના પર ઘેરી અસર પડી હતી. આ અગિયાર વ્રત એમને ગૃહસ્થો માટે વધારે વ્યવહારુ લાગતાં હતાં. એટલે એટલે એમની પ્રાર્થનામાં અગિયાર વ્રત વણી લીધાં હતાં અને સહુને ઝીલાવતા હતા, જે નીચે મુજબ છે.

**અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ,**
**શરીરશ્રમ, અસ્વાદ, સર્વત્ર ભયવર્જન,**
**સર્વધર્મ સમાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના**
**આ એકાદશ સેવોજી નમ્રત્વે વ્રત નિશ્ચયે.'**

આ વ્રત અનુસાર આપણે સૌ જીવન જીવીએ અને અન્યને પણ સન્માર્ગે લાવવાની પ્રેરણા આપીએ એ એમનો પ્રધાન ઉદ્દેશ હતો. પૂ. બાપુજીની જેમ શરીરશ્રમને ખૂબ મહત્ત્વ આપતા. બાકીનાં વ્રતો તો એમને સહજ સાધ્ય હતાં.

પૂ. બાપુના બધા જ વિચારોને સાકારરૂપ આપીને ચિરસ્થાયી બનાવવા માટે એમણે મહારાષ્ટ્રમાં મુંબઈથી નજીક ચિંચણમાં 'મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર'ની સ્થાપના કરી. એમાં ચાર વિભાગ છે :-

**(૧) શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ :** આ વિભાગ રાખવાનું કારણ એ કે વિશ્વવંદ્ય વિભૂતિ પૂ. ગાંધજીને પ્રેરણા દેવાવાળા પૈકીના એક મહત્ત્વના પુરુષ હતા. જ્યાં આજે પણ શ્રીમદ્‌ના સાહિત્ય અને ભક્તિ અંગે શિબિરો થાય છે.

**(૨) મહાત્મા ગાંધી વિભાગ :** આ વિભાગ ગાંધીજીની વિચારધારાને લગતો છે. એ માટે એમણે (સંતબાલે) દર્શાવ્યું છે કે, આખા પ્રયોગમાં પાયારૂપ અને મારા માનસિક ગુરુરૂપ છે. માટે આ એક મહત્ત્વનો વિભાગ છે.

**(૩) મુનિશ્રી નાનચંદ્રજી વિભાગ :** મહાત્મા ગાંધીના વિચારો અને આદર્શોને જૈન સમાજ પાસે રજૂ કરનાર પ્રથમ સાધુ અને સંતબાલજીના ગુરુ છે.

**(૪) પંડિત જવાહરલાલ નહેરુ વિભાગ :** એમના વિશ્વશાંતિ માટેના પ્રચંડ પુરુષાર્થને ખ્યાલમાં રાખીને આ વિભાગની રચના કરી.

આ કેન્દ્રમાં પૂ.મહાત્મા ગાંધીજીના વિચારોની અસરરૂપે મહાત્મા ગાંધી વિભાગમાં આજે પણ શિબિરો યોજાય છે. સર્વોદય સંઘના નેજા હેઠળ યોજાતી આ શિબિરોમાં ગાંધીવિચાર પ્રમાણે જીવનચર્યા ગોઠવવામાં આવે છે. સવારે પ્રાર્થનાથી શરૂઆત થાય, પછી સફાઈના પાઠ ભણાવવામાં આવે છે. બધા જાતે સફાઈકામ પણ કરે છે. સાદું ભોજન કરવામાં આવે છે. ખાદી ધારણ કરવી એ મહત્ત્વનો નિયમ છે. વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ, મહાત્મા ગાંધીજી આદિના જીવન-પ્રસંગો પરથી બોધદાયક પ્રવચન યોજવામાં આવે છે. આમ, ગાંધીવિચારોને ધબકતા રાખવામાં આ વિભાગનો મહત્ત્વનો ફાળો છે.

આમ, સમસ્તઃ વિચારતા ખ્યાલ આવે છે કે, પ.પૂ. સંતબાલજી ઉપર પૂ. બાપુના લોકકલ્યાણના ક્રાંતિકારી વિચારો, શુદ્ધિપ્રયોગ, આંદોલન, જાહેરસેવા, ઉપવાસ, સર્વધર્મ સમભાવ, પ્રાર્થના, કુદરતી ઉપચાર, વ્રત, સાધના આદિ વિચારોની ઊંડી અસર પડી હતી. તેથી એમાંના ઘણા વિચારોને અમલમાં પણ મૂક્યા હતા.

**સંદર્ભસૂચિ :**

(૧) ગાંધીજીનું જીવન એમના શબ્દોમાં,
લે. : પ્ર. જિનેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
(૨) સત્ય એ જ ઈશ્વર, લે. : પૂ. ગાંધીજી
(૩) સંતબાલજી, લે. : ગુણવંત બરવાળિયા
(૪) માટલિયા વિવૃત્ત સંતબાલજી જીવનસાધના-૩, સં.: ગુણવંત બરવાળિયા
(૫) આપણા બુટા, લે. : શાહ પાંચા ભારમર છાડવા.

(જૈન સિદ્ધાન્ત આચાર્ય M.A. (Jainology) Ph.D. (જૈન સાહિત્ય) M.A. (Sanskrit), જૈન ધર્મનો અભ્યાસ કરનાર અને કરાવનાર, જ્ઞાનસત્ર - જૈન સાહિત્ય સમારોહમાં સંશોધનપત્રો રજૂ કરનાર, છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડમાં સક્રિય છે).

*આત્મસાક્ષાત્કાર એ જીવોનું અભીષ્ટ છે. તનો અનુક્રમ આમ છે : આત્મ-સાક્ષાત્કારની જિજ્ઞાસાથી સત્પુરુષનો જોગ મળે, સત્પુરુષના જોગથી જેમની ચરણસેવા રૂપી તપનો લાભ મળે, ચરણસેવાથી જ્ઞાનચારિત્રનું ઘડતર થાય. જ્ઞાનચરિત્રના ઘડતરથી આત્મસાક્ષાત્કાર થાય.*



# ૨૪ સંતબાલ પત્રસુધામાં શ્રીમદ્ રાજચંદ્રજી અંગે વ્યક્ત થતું તત્ત્વચિંતન

— મિતેશભાઈ એ. શાહ

ભારતીય સંસ્કૃતિના ઉત્થાન, પોષણ અને વિકાસમાં ભારતીય સંતોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેલું છે. ભારતીય પત્રમાં ધર્મ પ્રત્યે આસ્થા, દયા, સત્ય, અહિંસા, પરોપકારાદિ ગુણો દૃષ્ટિગોચર થાય છે. તેના મૂળ સ્ત્રોત ભારતીય સંતો - મહાત્માઓ છે. આવી ભારતીય સંતપરંપરાઓ પૂજ્ય સંતબાલજી અને અધ્યાત્મ યુગપ્રવર્તક શ્રીમદ્ રાજચંદ્રજી જેવી વિરલ વિભૂતિઓ આપણને સંપ્રાપ્ત થઈ છે. સૌરાષ્ટ્રની પાવન ભૂમિમાં ટંકારાથી ૪ માઈલ દૂર 'ટોળ' ગામે સંતબાલજીનો જન્મ થયો હતો અને ટંકારાથી થોડે દૂર વવાણિયામાં શ્રીમદ્ રાજચંદ્રજી જન્મ્યા હતા. સંતબાલજી પર ગુરુ નાનચંદ્રજીનો વિશેષ પ્રભાવ પડ્યો હતો.

મુનિશ્રી સંતબાલજી ક્રાંતિકારી જૈન સંત હતા. તેઓશ્રીએ પોતાના જીવનકાળ

દરમિયાન ભારતીય દર્શનો, જૈન ધર્મ અને અધ્યાય વિષયક વિપુલ સાહિત્યનું સર્જન કર્યું હતું. અનેક દાયકાઓની વિહારયાત્રામાં તેમણે જૈન ધર્મની પ્રભાવના કરવા સાથે સત્ય, અહિંસા, સર્વધર્મ સમભાવ, વ્યસનમુક્તિ, અન્યાય પ્રતિકાર, મહિલા ઉત્થાન, માનવરાહત, ધર્મદષ્ટિએ સમાજરચના, ખેડૂતો, ગોપાલકો, આદિવાસીઓ વગેરેનાં વિવિધ સંગઠનો સાથે સમાજઘડતરનાં કાર્યો કર્યાં હતાં. તેઓશ્રીની પ્રેરણાથી ગુજરાત અને મહારાષ્ટ્રમાં કેટલીક સંસ્થાઓ મુનિશ્રીના આદર્શો પ્રમાણે કાર્ય કરી રહી છે.

શ્રીમદ્ રાજચંદ્રજી એટલે અધ્યાત્મગગનમાં ઝળકી રહેલ અદ્ભુત જ્ઞાનજ્યોતિ ! સ્વરૂપનિષ્ઠ તત્ત્વવેત્તા, પરમ આર્ષદષ્ટા મોક્ષમાર્ગને આત્માસત્ કરીને, સામાન્ય લોકોને સમજાય તેવી ભાષામાં મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરી અધ્યાત્મજગત પર મહાન ઉપકાર કરનાર પંચમકાળની વિરલ વિભૂતિ એટલે પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી. તેઓશ્રીનું આ અવનિ પર અવતરણ એ આપણા સૌના સદ્ભાગ્યની પરાકાષ્ઠાનું સૂચન છે. તેઓશ્રીએ તેમના સાહિત્યમાં સત્સંગ અને સદ્ગુરુનું અદ્ભુત માહાત્મ્ય બતાવ્યું છે. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક અને અધ્યાત્મમાર્ગી એવા શ્રીમદ્ રાજચંદ્રજીએ ૩૩ વર્ષ અને ૫ માસના અલ્પ આયુમાં પણ મોક્ષમોર્ગના પથિકો માટે આધ્યાત્મિક પર્યાય પૂરું પાડ્યું છે. ગાગરમાં સાગર સમાય તેમ જૈનદર્શનના મહાન સિદ્ધાંતોને પોતાના સાહિત્યમાં આવરી લઈ આપણા પર અનંત ઉપકાર કર્યો છે.

શ્રીમદ્જી સાગર સમાન વિજ્ઞ અને ગંભીર મહાપુરુષ હતા. જેમ સાગરનો ઉપયોગ નાના જીવજંતુઓ, માછીલાઆથી માંડીને વિશાળકાય વ્હેલ જેવાં પ્રાણીઓ, ખારવાથી માંડીને નૌકાદળ મોટા સેનાપતિઓ અનેકવિધ પ્રયોજનો માટે કરે છે તેમ આધ્યાત્મપ્રધાન એવા શ્રીમદ્જીના જીવન અને સાહિત્યમાંથી સામાન્ય માનવીથી માંડીને અનેક મુમુક્ષુ અને મહાત્માઓએ ભિન્ન ભિન્ન પ્રકારે પ્રેરણા લીધેલ છે. મુનિશ્રી સંતબાલજીએ પોતાના જીવનમાં મુખ્યપણે ધર્મમય સમાજરચનાનો ઉદ્દેશ્ય રાખીને જીવનપ્રવૃત્તિ આદરી હતી. આ પ્રયોજન સિદ્ધ થવા માટે તેમ જ સાચું આધ્યાત્મિક જીવન જીવવા માટે જગતના સર્વ જીવ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર સહિતનું નીતિન્યાયપૂર્ણ અર્થાત્ માર્ગાનુસારીના ગુણોવાળું જીવન અનિવાર્ય છે એવો જે સિદ્ધાંત શ્રીમદ્ રાજચંદ્રજીએ રજૂ કરેલ છેતે મુનિશ્રીના અંતરમાં ખૂબ વસી ગયો હતો. આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારાં અનેક લખાણો શ્રીમદ્જીના સાહિત્યમાં મળી આવે છે. યથા -

**''હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન,**
**હર ભ્રમણા ભારતતણી, ભયભંજન ભગવાન''**

છોટાલાલ વસનજી મહેતા અને એમનાં પુત્રી કાશીબહેને પોતાનું જીવન મુનિશ્રી પ્રેરિત ભાલનળકાંઠા પ્રયોગને સમજપૂર્વક અર્પણ કરેલું. 'સંતબાલ પુત્રસુધા-૧'માં આપ પિતા-પુત્રીને મુનિશ્રીએ લખલા કેટલાક પત્રો પ્રગટ કરવામાં આવ્યા છે; જેના અધ્યયનથી ઉત્તમ જીવનપાથેય મળી શકશે. કેટલીક રત્નકણિકાઓ જોઈએ - એક જ વ્યક્તિનું સુંદર ચારિત્ર્ય વિશ્વભરમાં વ્યાપેલા દુશ્ચારિત્ર્યને ઝાંખું પાડવાની પ્રબળ શક્તિ ધરાવે છે. સત્ય, પ્રેમ એ ન્યાય એ ત્રણેનો સુંદર સમન્વય જે પળે સધાય, તે પળે આપણે સમજવું કે હવે માનવજીવનની પરાકાષ્ઠાએ પહોંચવાના આપણે નમ્ર અધિકારી થઈ ચૂક્યાં છીએ. ક્રોધ, માન, માયા અને લોભનો અભાવતે જ મોક્ષ. જો સ્ત્રી સંસ્કારી હશે તો એનો સંસારપણ સંસ્કારી બનશે અને પ્રજા પણ સંસ્કારી થશે. માતાની તાલીમ બાળકોમાં અદ્ભુત રીતે અસર ઉપજાવે છે.

બહેનશ્રી પુષ્પાબેન અને ભાઈશ્રી અરવિંદભાઈને (મૂળ પાલનપુરના) શ્રીમદ્ રાજચંદ્રજી પર અનન્ય શ્રદ્ધ હતી. મુનિશ્રી પણ દરેક પ્રશ્નોનું સુંદર સમાધાન કરતા. મુનિશ્રીએ પુષ્પાબેન અને અરવિંદભાઈ પર લખેલ દરેક પત્રની વ્યવસ્થિત તારીખક્રમે એમણે નોંધપોથીમાં નકલ કરી લીધી હતી. તેઓની આ જહેમતમાં શ્રીમદ્જી અને સંતબાલજી પ્રત્યેની તેમની ભક્તિ અને શ્રદ્ધાના અનોખાં દર્શન થાય છે. 'સંતબાલ પત્રસુધા-૨'માં આ પત્રોને પ્રકાશન કરવામાં આવ્યા છે. આ પુસ્તકનો અભ્યાસ સામાન્ય સદાચારી અને પરોપકારી જીવન જીવવામાં અને વિચારશીલસમાજસેવકોને પોતાનું જીવનઘડતર કરવામાં જરૂર પ્રેરણા આપશે કારણ કે તેમાં રજૂ થયેલ પાથેય, મુનિશ્રીના પોતાના સાત્ત્વિક અને અનુભવપૂર્ણ જીવનમાંથી ઉદ્ભવ્યું છે અને તેથી તેમાં એક આગવી વેધકશક્તિ રહેલ છે. મોટા ભાગના બહેન પુષ્પાબહેન ઉપરના પત્રો ઉપરાંત બીજા કેટલાકને શ્રીમદ્ રાજચંદ્રજી વિશે પ્રત્યુત્તરો આપેલા છે.

મહાપુરુષોના દેહની હયાતીમાં ન સમજાયું હોય તે તેમના શબ્દદેહથી કેટલું સમજાય? એટલે ઘણી વાર એવું બને કે મહાપુરુષના ખુદના શબ્દો કરતાં, મહાપુરુષને સમજેલા મહાપુરુષના શબ્દો મૂળ મહાપુરુષને સમજવાનું સહેલું બનાવે. શ્રીમદ્જીના સાહિત્યને સમજવું કઠિન છે. મુનિશ્રી સંતબાલજીએ શ્રીમદ રાજચંદ્રજી વિશે જે લખ્યું છે તે વાંચવાથી શ્રીમદ્ને સમજવાનું સરળ બને છે. એક મહાપુરુષ બીજા મહાપુરુષના મર્મને સહેલાઈથી જાણી શકે છે. મુનિશ્રી સંતબાલજીએ શ્રીમદ રાજચંદ્રજીના સાહિત્યનો

ગહન અને તલસ્પર્શી અભ્યાસ કર્યો છે એટલે જ મુનિશ્રીને લખેલા પત્રોમાં શ્રીમદ રાજચંદ્રજી અને તેઓના સાહિત્યિક સંદર્ભે પૂછાયેલા પ્રશ્નોનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. તેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃત પત્રકો, કાવ્યો, ઉપદેશછાયા, ઉપદેશનોંધ વગેરેનાં અવતરણો પણ ટાંક્યાં છે. મહાત્મા ગાંધીજીના શ્રીમદ્ રાજચંદ્રજી વિશેના ઉદ્ગારો, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ગાથાઓ વગેરેનો ઉલ્લેખ મુનિશ્રીએ લખેલા પત્રોમાં છે.

પત્ર-૨ માં મુનિશ્રી જણાવે છે કે શ્રીમદ્ જેવા મહાપુરુષને શરીરધર્મે છોડ્યા નહોતા. મહાપુરુષોની વિશેષતા એ કે રોગ એ શરીરધર્મ છે; આત્મધર્મ નથી એમ સમજે છે. શ્રીમદ્જીના મહાત્મા ગાંધીજી પર પડેલા પ્રભાવ વિશે વર્ણવતા પત્ર-૪માં મુનિશ્રી જણાવે છે કે ગાંધીજી શ્રીમદ્‌ના પ્રતાપે આ યુગમાં સમાજગત સાધનામાં મોખરે આવી ગયા. નૈતિક, સામાજિક તથા સાંસ્કૃતિક મૂલ્યોની રક્ષા એ જ સાચો અને પાયાને ઉત્પાદક શ્રમ છે. આગળ શ્રીમદ્જી વિશે પત્ર-૬માં કહે છે કે શ્રીમદ્ સાધુ થયા ન હતા એટલે પ્રવૃત્તિમયતા અનાયાસ મળવાથી નિવૃત્તિ જ ઝંખતા. ગૃહસ્થ છતાં કર્મયોગી હતા એ ખ્યાલમાં આવી જ જાય; નહીં તો તરત આવી ઊંડી આધ્યાત્મિક નોંધ કરી જ ન શકાય. આગળ પત્ર-૭માં મુનિશ્રી જણાવે છે કે, માત્ર વાચાજ્ઞાનને શ્રીમદ્ પસંદ કરતા જ નથી. મને તો આશા છે કે જે શ્રીમદ્ ઊંડાણથી સમજી પાયામાં ગાંધીવિચાર રાખશે તો જ આ યુગે આગળ વધી શકશે. પત્ર-૯માં જણાવે છે કે શ્રીમદ્ મહાજ્ઞાની પુરુષ હતા, તો જ આટલી ઊંડી અસર મહાત્મા ગાંધીજી પર પહોંચાડી શક્યા હતા. જ્યાં લગી માનવતા અને માર્ગાનુસરિતાની ભૂમિકા ન હોય ત્યાં લગી ખુદ કેવલજ્ઞાની જાતે આવીને ઉપદેશ આપે તોય કાંઈ વળે નહીં. એટલે જ શ્રીમદ્ દીક્ષા લીધા પહેલાં ન્યાયસંપન્ન આજીવિકાવાળી માર્ગાનુસારિતા અને નીતિસંપન્ન વ્યવહારવાળી માનવતાના આગ્રહો પોતાની હયાતીમાં અને પોતાની નજીક રહેલા પરત્વે વધુ પડતા રાખતા જણાય છે. સદ્ભાગ્યે શ્રીમદ્‌ની શિક્ષા પામી ગાંધીજીએ શુદ્ધ રાજકરણની ભૂમિકા ઊભી કરી દીધી.

નય પરત્વે શ્રીમદ્‌ની દૃષ્ટિ કેવી હતી તે બાબતનો ઉલ્લેખ કરતાં મુનિશ્રી જણાવે છે કે શ્રીમદ્જી નિશ્ચય અને વ્યવહારનો તાળો મેળવે છે. જ્યાં લગી એ તાળો સ્વચ્છંદ કે મિથ્યાભિમાનને કારણે ન મેળવી શકાય ત્યાં લગી શ્રીમદ્‌ના શબ્દોમાં તો તે મોક્ષમાર્ગ માટે અનધિકારી જ જણાય.

પત્ર-૧૧માં મુનિશ્રી જણાવે છે કે શ્રીમદ્જીને ભલે સમકિત સંવત ૧૯૪૭માં

થયું હોય, પણ એની પૂર્વભૂમિકા તો દશમે વર્ષે જ આવી ગઈ છે એમ લાગે છે. પત્ર-૨૦માં મુનિશ્રી કહે છે કે સત્ય ધર્મનો ઉદ્ધાર કરવા માટે આખા જગતમાં પહોંચવા સારું દ્રવ્યે અને ભાવે જૈન સાધુતાને માધ્યમે શ્રીમદ્જી પોતે દીક્ષા લેવાની તૈયારી કરવા માડે છે ત્યાં જ વચ્ચે કાળ આવી કાયા ઝૂંટવી લે છે, પરતુ સદ્ભાગ્યે ગાંધીજીમાં અને અમારા સદ્ગત ગુરુદેવમાં એમનો વિચારપાત સીધો કે આડકતરો પડી ગયો છે.

પ્રત્યક્ષ સદ્ગુરુના ઉપકાર સંદર્ભે પત્ર-૨૫માં મુનિશ્રી જણાવે છે કે શ્રીમદ્દે તો પ્રત્યક્ષ ગુરુ પર જ જોર આપ્યું છે અને એ સાવ સાચું છે. પત્ર-૩૦માં તેઓ જણાવે છે કે મોક્ષ દુર્લભ નહીં, મોક્ષમાર્ગે જવા માટેના ચક્ષુદાતા જ દુર્લભ છે તે શ્રીમદ્ની વાત ધ્યાનમાં લેવા જેવી છે. પત્ર-૬૧માં મુનિશ્રી જણાવે છે કે શ્રીમદ્જી આદિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણ તાપોથી રહિત દશાને સમાધિ તરીકે સ્વીકારે છે અને પોતે ગૃહસ્થાશ્રમી હોઈ વ્યવહાર કરવો પડે છે છતાં જાતઅનુભવ શુદ્ધ સમાધિનો છે, આત્મપ્રાપ્તિ છે. પત્ર-૬૭માં મુનિશ્રી કહે છે કે શ્રીમદ્જીના પત્રો એક વાત સ્પષ્ટપણે કહે છે કે સત્પુરુષની વાણી ગમે તેટલી સ્પષ્ટપણે લખાઈ હોય તો પણ તેનો પરમાર્થ, સત્પુરુષનો સત્સંગ જેને આજ્ઞાંકિતપણે થયો નથી, તેને સમજાવો દુર્લભ છે. એટલે સત્પુરુષનો સત્સંગ આજ્ઞાંકિતપણે કર્યા વિના તો બધું જ નકામું છે અને સત્પુરુષનો સત્સંગ આજ્ઞાંકિતપણે તો જ થયો કહેવાય જો 'અહંત્વ' 'મમત્વ' પર અંકુશ આવે; ક્રોધ, માન, માયા અને લોભની અનંતાનુબંધી ચંડાળ ચોકડી ઉપર અંકુશ આવે.

મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચીંચણ મુકામે શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ રાખવામાં આવ્યો છે. આપણે સૌ આ બન્ને મહાપુરુષોના પાવન જીવન અને સંદેશને અનુસરીએ એ જ તેઓ પ્રત્યે આપણી સાચી ભાવાંજલિ છે.

**સંદર્ભ ગ્રંથ :** (૧) સંતબાલ પત્રસુધા : ભાગ-૧ તથા ભાગ-૨
(૨) સંતબાલજી (જીવનકવન અને પ્રેરક પ્રસંગો)
ગુણવંત બરવાળિયા.

(અમદાવાદસ્થિત જૈન ધર્મના અભ્યાસુ મિતેષભાઈ ''દિવ્યધ્વનિ''ના તંત્રી છે. જૈન સાહિત્ય જ્ઞાનસત્રમાં ચિંતનસભર પેપર પ્રસ્તુત કરે છે).

# ૨૫ જૈન ધર્મના સંદર્ભે મુનિશ્રી સંતબાલજીના જીવનમાં સેવાભાવનું દર્શન

— ગુણવંત બરવાળિયા

ક્રાન્તદૃષ્ટા મુનિ શ્રી સંતબાલજીએ જૈન ધર્મના પરિઘમાં રહી સેવાભાવને ઉજાગર કર્યો. તેમણે ચીંધેલાં જનકલ્યાણ અને ધર્મમાર્ગ આજે પણ અનેક સંસ્થાઓ અને વ્યક્તિ માટે આદર્શ પ્રેરણારૂપ બની રહ્યાં છે.

વિશ્વવાત્સલ્યના આરાધક મુનિ શ્રી સંતબાલજીનો ઈ.સ. ૧૯૩૬નો પૂરા એક વર્ષનો સમય નર્મદા નદીના કાંઠે મૌન એકાંતવાસસહ સાધનાકાળનો હતો. આ સમય દરમિયાન તેમણે બધા ધર્મોનો અભ્યાસ કર્યો.

વિશેષમાં ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતને સામાજિક બાબતો અંગે શું કરવું, લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારક વિચારો ઉદ્ભવ્યા. આ એકાંતમાં સત્યની અને સ્વની શોધમાં તેમને

વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવો સાંપડે છે. આ અંગે વધુમાં યશવંત શુક્લે નોંધ્યું છે કે, ''દિવ્યપ્રકાશની અનુભૂતિને તેઓ વિશિષ્ટ, અલૌકિક ચમત્કારરૂપે ધરાવતા નથી, પણ વિશ્વમાં વ્યાપ્ત સત્યની એક ઝલક તરીકે પ્રમાણે છે.'' સંતબાલ નવા અવતારે આવે છે. એક વર્ષની આ મૌન તપશ્ચર્યા જગતના અન્ય વ્યાપક ધર્મોનાં તત્ત્વ સાથે સંધાન કરાવે છે, તો સત્ય એ જ બધા આચારોનું પ્રેરકતત્ત્વ બની રહેવું જોઈએ એ શ્રદ્ધામાં જઈને મન ઠરે છે. જે ગાંધીનો, ટૉલસ્ટોયનો, રામકૃષ્ણ પરમહંસનો, સ્વામી વિવેકાનંદનો ધર્માનુભવ છે તેને મળતો પૂ. સંતબાલજીનો આ ધર્માનુભવ છે.

જૈન ધર્મ મોક્ષપ્રધાન ધર્મ છે. શ્રમણ પરંપરા મોક્ષલક્ષી પ્રવૃત્તિની પ્રેરણા કરે છે, માટે જૈન સંસ્કૃતિની આધારશિલા મુખ્યપણે નિવૃત્તિ છે. મોક્ષમાર્ગમાં લેશમાત્ર પણ બાધક હોય એવી પ્રવૃત્તિનો જૈન ધર્મ સર્વથા નિષેધ કરે છે.

જ્ઞાનીઓએ સર્વપ્રથમ તો 'સ્વ' આત્માની સેવા કરવાનું કહ્યું છે. કર્મ સહિત આત્મામાં બે પ્રકારની વૃત્તિઓ વહી રહી હોય છે. એક વૈભાવિક વૃત્તિ અને બીજી સ્વાભાવિક વૃત્તિ.

જ્ઞાનાદિ મૌલિક ગુણો ક્ષમા, શ્રદ્ધા, વિવેક આદિ ગુણોનું પરિણામ ધારામાં પ્રગટ થવું તે છે, સ્વાભાવિક વૃત્તિ, અને ક્રોધાદિ કષાયો રાગ, દ્વેષ, વિકાર આદિ દુર્ગુણોરૂપ આત્માનું પરિણમી જવું તે અને પછી તે પ્રગટ થવું તે છે વૈભાવિક વૃત્તિ. આ બન્ને વૃત્તિઓનાં સ્વરૂપને જાણી, વૈભાવિક વૃત્તિઓ દૂર કરવા અને સ્વાભાવિક વૃત્તિઓ પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરવો તે સાધના આત્માની સેવા છે.

આ 'સ્વ'ની સેવાની વાત થઈ. હવે પર સેવાનાં બીજાં પાસાં વિશે વિચારણા કરીએ. જૈન ધર્મની કેટલીક વાતો માનવીને જનસેવા પ્રતિ આકર્ષિત કરે તેવી છે. પ્રત્યેક પ્રાણી એકબીજાની સેવા કરે, પોતાની યથાયોગ્ય શક્તિ દ્વારા એકબીજાને કામ આવે. જૈન ધર્મમાં એક અપેક્ષાએ જીવાત્માનું લક્ષણ વ્યક્તિગત નહીં, પરંતુ સામાજિક માનવામાં આવ્યું છે. **'परस्परोपग्रहो जीवानाम्'** તત્ત્વાર્થ સૂત્રની આ ઉક્તિ પેલા વિધાનને ચરિતાર્થ કરે છે.

પ્રત્યેક સાંસારિક પ્રાણી પોતાના મર્યાદિત વ્યક્તિગત રૂપમાં અપૂર્ણ છે. એમની પૂર્ણતા આસપાસના સમાજ અને સંઘમાં અભિપ્રેત છે. આને કારણે જ જૈન સંસ્કૃતિ જેટલી આધ્યાત્મિક સાધના પ્રતિ ઢળેલી છે તેટલી જ ગ્રામનગર તરફ ઢળેલ છે. ઠાણાંગ સૂત્રના દશમા અધ્યયનમાં રાષ્ટ્રચિંતનનું સુપેરે નિરૂપણ થયું છે. જિનાગમ કે જૈન કથાનકોમાં રાષ્ટ્રહિતની વાતો ઠેરઠેર જોવા મળે છે. એક સભ્ય નાગરિક અને

રાષ્ટ્રભક્ત જ સાચો જૈન હોઈ શકે.

એકાન્તે નિવૃત્તિપ્રધાન જૈન ધર્મનો એકમાત્ર ઉદ્દેશ પરલોકહિત છે. છતાંય આ લોકોત્તર ધર્મે આલોક અને પરલોક બન્નેને પવિત્ર, ભવ્ય અને દિવ્ય બનાવવાની સદા પ્રેરણા આપી છે.

દશવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું, 'અસંવિભાગી ન હુ તસ્સ મુક્ખો'. વિવેકહીન સંગ્રહ અને તેનો ભોગ-ઉપભોગ માનવીને દુર્ગતિ તરફ લઈ જશે, પરંતુ પોતાના સંગ્રહમાં બીજા જરૂરિયાતવાળાનો પણ ભાગ છે અને તેને હિસ્સેદાર બનાવવાની સેવાભાવના, તેને બંધનમાંથી મુક્તિ પ્રતિ અવશ્ય લઈ જશે.

ભગવાને માત્ર ગૃહસ્થ જ નહિ, સાધુઓને પણ સેવામાર્ગનું પાલન કરવા જણાવ્યું છે. જો કોઈ સાધુ પોતાના બીમાર અથવા સંકટમાં સપડાયેલા સાથીને છોડીને ચાલ્યા જાય અને તપશ્ચર્યા અને શાસ્ત્ર સ્વાધ્યાય કરવા માંડે તો તે અપરાધી છે. તે સંઘમાં રહેવા પાત્ર નથી. તેને પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. સેવા જ એક મોટું તપ છે.

તીર્થંકર નામકર્મ ઉપાર્જનના વીસ બોલમાં ૧૬મો બોલ વૈયાવચ્ચનો છે. ઉત્કૃષ્ટ ભાવે સેવા વૈયાવચ્ચ કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે. એટલે જ ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાને કહ્યું છે,

**'वैयावच्चेण तित्थयर नामगोतं कम्म निबन्धई'**.

'વૈયાવચ્ચ ગુણધરાણં નમો નમઃ' વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર અને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે.

બાળક, વૃદ્ધ, ગ્લાન, રોગી, તપસ્વીની વૈયાવચ્ચ સેવાને જૈન તપોમાર્ગમાં ત્રીજા આભ્યંતર તપરૂપે સ્થાન મળ્યું છે.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે. જ્યારે જૈન ધર્મે ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં દયા અને અનુકંપા અભિપ્રેત છે, જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત છે. અન્યને દુઃખ કે પીડા ઉત્પન્ન થતાં હું દુઃખી, પીડિત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત, પણ અન્યનાં દુઃખ કે પીડા જોઈ માત્ર દુઃખી ન થાઉં, પરંતુ મને એવા જ પ્રકારનું દુઃખ થયું છે એવી સહાનુભૂતિ કરું, જેવો મારો આત્મા છે એવો જ સામેની પીડિત વ્યક્તિનો આત્મા છે, આ દુઃખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા વૈયાવચ્ચ કરું તો નિજી સંવેદના બની જશે.

તીર્થંકરો દીક્ષા પહેલાં વર્ષીદાન દ્વારા પરિગ્રહ વિસર્જન કરે છે તેમાં પણ

સેવાની ભાવના અભિપ્રેત છે. આ સંદર્ભે ભગવાન મહાવીર અને ગણધર ગૌતમ વચ્ચે થયેલો એક સંવાદ પ્રેરક છે.

'ગૌતમ ! જે દીન-દુઃખીની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે. મારા ધન્યવાદને પાત્ર છે.'

ગૌતમે જિજ્ઞાસા સ્વરે પૂછ્યું,

'ભન્તે ! દુઃખીઓની સેવાની અપેક્ષાએ તો આપની સેવા વધુ મહત્ત્વની છે. આપ તો પવિત્ર આત્મા છો, ક્યાં આપ અને ક્યાં સંસારનાં આ પામર પ્રાણીઓ જે પોતાનાં કર્મોનાં ફળ ભોગવી રહ્યાં છે.

'ગૌતમ ! મારી સેવા મારી આજ્ઞાનું પાલન કરવામાં છે, એનાથી ઉપર કશું નથી. મારી આજ્ઞા તો દીન-દુઃખીની સેવા અને પ્રાણીમાત્ર પર દયા રાખવી તે છે અને તે જ મુક્તિનો ખરો માર્ગ છે.'

સાચો સેવક તેના આશ્રિતો માટે કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષની છાયામાં ઊભેલ વ્યક્તિ તેની મનવાંછિત ઈચ્છાની તૃપ્તિ કરે છે તેમ સાચો સેવક તેની નિશ્રામાં રહેલ આશ્રિતોની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે.

''સંતબાલજીને વ્યાપક ધર્મના આ પરિપ્રેક્ષ્યમાં જ ઓળખવા રહ્યા.''

મૌનના અનુભવ પછી મહારાજશ્રીએ જે બાહ્યાચારો હતા તે છોડી દીધા. કોઈ પણ શાકાહારી મનુષ્યને ઘરેથી ભિક્ષા ગ્રહણ, મનુષ્યમાત્રની તાત્ત્વિક સમાનતા વિશે આગ્રહ, પ્રામાણિક પરિશ્રમ, સ્ત્રીઓ માટે આદર અને સમાજસેવા, સંતબાલજીના એક વર્ષના મૌનના આ ચિંતનફળ જીરવવાને રૂઢ ધર્મસમાજ તૈયાર નહોતો. ગુરુ નાનચંદ્રજી મહારાજનું એને આંતરિક અનુમોદન ખરું, પરંતુ એ વ્યવહારનિપુણ ધર્મપુરુષ અદીઠ પરિવર્તનના ઉપાસક હતા એટલે સંતબાલજીના અરૂઢ નિશ્ચયોને જાહેરમાં તાળી આપવાને એ તૈયાર નહોતા. રોષે ભરાયેલા ધર્મસમાજને શાંત પાડવા ગુરુએ શિષ્યને શિષ્યત્વમાંથી જાહેર રીતે રદ કર્યો એ સંતબાલજીના જીવનની દારુણ અવસ્થાનો પ્રસંગ હતો.

ગુરુ નાનચંદ્રજીએ બાહ્ય દૃષ્ટિએ અસ્વીકાર ભલે કર્યો હોય, પણ અંતરથી શિષ્યને એમની અનુમોદના છે અને શિષ્યે તો ગુરુ કર્યા તે કર્યા જ ! ગુરુને પાકી પ્રતીતિ થઈ કે શિષ્ય વિશ્વધર્મને માર્ગે છે, પણ એ લોકાચારના માર્ગે નથી, એટલે વ્યવહારદૃષ્ટિએ સંબંધના છેડા છોડવા પડે છે.

માત્ર આટલેથી અટકી જવું એટલે અર્ધસત્યનું અનુમોદન કરવા જેવું થાય. અર્ધસત્ય વિકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈ પણ ઘટનાનું એકાંગી અર્થઘટન અસત્ય

કરતાંય વધુ ખતરનાક છે, જે મહાન સંતની અશાતના કરે છે.

અહીં ગુરુનું પગલું માત્ર વ્યવહારધર્મ નિભાવની પ્રતિક્રિયારૂપ છે. ગુરુજી પર દબાણ લાવવામાં આવતા, નાછૂટકે તેમને આ પગલું ભરવું પડે છે. જાહેર નિવેદન અને જાહેર લોકસેવાનાં કાર્યોને લીધે તેઓ સંપ્રદાયથી અલગ થયા, પરંતુ સાધુવેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે ભાવદૃષ્ટિએ સંબંધ રહ્યો એટલે જ અંતિમ સમય સુધી સંબંધ સાચવ્યો. પોતાના ગુરુની અંતિમ માંદગીમાં સંતબાલજી એમની સેવામાં છેલ્લા છએક માસ જેટલો સમય રહેલા. ગુરુની જન્મશતાબ્દી ઉજવણી પ્રસંગે મુંબઈના ધર્મપ્રેમીઓએ તેમના આ શિષ્યને આગ્રહ કરી ગુરુશતાબ્દી ઉજવણીમાં પધારવા વિનંતી કરેલ.

સંતબાલજી પર ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજની પણ એટલી કૃપાદૃષ્ટિ ઊતરી કે તેઓએ ભાલનળકાંઠા વિસ્તારમાં પોતાની વિહારયાત્રા ગોઠવી હતી. તેમણે સંતબાલજીની પ્રવૃત્તિ નજરે નિહાળી અને અંત સમયે પરમસંતોષ લઈને ગયા હતા.

પોતાનો શિષ્ય જૈન પરંપરાને આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવશે એવી પ્રતીતિ થઈ તેથી જ ગુરુદેવ કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજે કહેલ કે 'સંતબાલ જૈન સાધુ નહીં, જગતસાધુ છે.' ગુરુ કોઈ શિષ્ય માટે તે વિશ્વસંત છે, આવા ઉચ્ચારણ કરે તે શિષ્ય માટે ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ, પદવી કે સંપદા કરતાં ઓછું ન ગણાય.

જૈન સંઘો અને શ્રેષ્ઠીઓને અંતે પ્રતીતિ થઈ કે આ સંતનાં જીવન અને વિચારને સમજવામાં કંઈક ગેરસમજ થઈ રહી છે...અને અંતે ગેરસમજનાં વાદળાં વીખરાઈ ગયાં અને સમજણનો સૂરજ ઊગ્યો.

◎ અંતે ઘાટકોપર હિંગવાલા ઉપાશ્રયમાં પૂ. સંતબાલજીનું ભવ્ય ચાતુર્માસ કરાવ્યું.

◎ જૈન શ્રેષ્ઠી ભાણજીબાપાએ ભિલાઈમાં ચાતુર્માસ કરાવ્યું, જ્યાં સર્વધર્મ સમન્વય અને ઉપાસનાનાં કાર્યો થયાં.

◎ જૈન શ્રેષ્ઠી શ્રી કામાણી અને અન્ય જૈન આગેવાનોએ કોલકાતા પધારવા વિનંતી કરી જ્યાં મુનિશ્રી પ્રેરિત પશુબલી વધ નિષિદ્ધ સમિતિ દ્વારા ઐતિહાસક કામગીરી થઈ.

◎ મુનિ શ્રી સંતબાલજીના જીવનકાળ દરિમયાન તેમણે કરેલાં જનહિતનાં કાર્યો પર એક દૃષ્ટિપાત કરીએ તો તેમની મહાનતાનાં દર્શન થયાં વગર રહે નહીં.

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ઉપરાંત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા મુંબઈમાં માતૃસમાજ અને ચીંચણના મહાવીર નગર કેન્દ્ર દ્વારા અનેક જનહિતનાં કાર્યોના પ્રેરક બન્યા.

લોકઘડતર માટે 'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક ૧૯૪૭થી શરૂ કર્યું. ''અભિનવ રામાયણ'', ''અભિનવ મહાભારત'' અને જૈન દૃષ્ટિએ ''ગીતા દર્શન'' ગ્રંથનાં સર્જનોએ મુનિશ્રીને લોકહૃદયમાં પ્રતિષ્ઠા આપી. જાણે મુનિશ્રી ઉત્કૃષ્ટ લોકશિક્ષકની ભૂમિકામાં રહ્યા અને પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, પૂ. માનવમુનિ, પૂ. જનકવિજયજી અને પૂ. જ્ઞાનચંદ્રજી આદિ સંતોનો સહકાર મળ્યો.

મુનિશ્રી એકવાર ચી. ન. વિદ્યાવિહાર સંકુલની મુલાકાતે ગયા. ત્યાં તેમને શાળા અને છાત્રાલયના વિવિધ વિભાગો બતાવ્યા. ત્યાર પછી મુનિશ્રીએ પૂછ્યું કે, તમારા પાયખાના બતાવો. આ સંત સંસ્થાના બાથરૂમ અને ટોયલેટ ચેક કરીને કહે છે કે આ વિભાગની સંસ્થાની સ્વચ્છતા તમારા સમગ્ર સંકુલની પારાશીશી છે.

અને મુનિશ્રીએ વિદ્યાર્થીઓને સમજાવ્યું કે, સંસ્થાઓની જાહેર કે ખાનગી સંપત્તિની સ્વચ્છતા રાખીને આપણે સમાજસેવા કરી શકીએ છીએ.

વિરમગામમાં કૉલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો ત્યારે મુનિશ્રીએ એક ઝોળીમાં રાખ ભરી શેરીઓમાં જઈ મળ પર રાખ છાંટવાનું શરૂ કર્યું. એક સંતને આ કાર્ય કરતા જોઈ ગામલોકો આમાં જોડાયા અને આ સ્વચ્છતાના અભિયાને રોગચાળો કાબૂમાં લેવાના કાર્યને વેગ આપ્યો. મુનિશ્રીએ સમજાવ્યું કે સ્વચ્છતા અહિંસાધર્મ અને આરોગ્યની પુષ્ટિ કરે છે. આમ મુનિશ્રીના દરેક અભિયાન પાછળ પ્રચ્છન્ન સેવાભાવનું દર્શન થાય છે.

મુનિશ્રી ન્યાયને પુષ્ટિ કરતાં આંદોલનો, શુદ્ધિપ્રયોગો અને સમાજમાં નૈતિક હિંમતને પ્રબળ કરવાના સમ્યક્ પુરુષાર્થના પ્રેરક હતા. આ કાર્યના મૂળમાં હૃદયમાં સેવાભાવ અભિપ્રેત હતો.

સુધારણાના કાર્યક્રમો અને આંદોલનોના અડાબીડ જંગલ વચ્ચે પણ મુનિશ્રી 'ઉત્તરાધ્યયન સૂત્ર', 'ધર્માનુબંધી વિશ્વદર્શન' અને 'આચારાંગ સૂત્ર'ની વિવેચના લખી અધ્યાત્મનું નંદનવન સર્જતા હતા. મુનિ શ્રી સંતબાલજી સ્વ-પર સાધના માટે ખૂબ જ જાગૃત હતા. પ્રત્યેક સાધક સાથે એકાત્મતાનો અનુભવ કરતાં તેઓના નીચેના શબ્દો પ્રત્યેક સાધકને પોતાના બનાવી દે છે.

"સાધકોનો વિકાસ મારો પ્રમોદ છે, સાધકોનું સૂક્ષ્મ પતન પણ મારું આંસુડું છે."

મુનિશ્રીએ સાધકોને લખેલા પત્રો : વિશ્વચેતના સાથે અનુસંધાન આ પત્રો વાંચતાં મુનિશ્રીનાગુરુપદમાં લોકોત્તર પ્રતિષ્ઠાનું ચિંતન કરનાર આત્મસ્થ સંતનાં દર્શન થાય છે.

ૐ મૈયાના આરાધક અને વિશ્વવાત્સલ્યના સંદેશવાહક મુનિ શ્રી સંતબાલજીના જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો અદ્ભુત સમન્વય જોવા મળે છે.

મુનિશ્રીએ દર્શાવ્યું હતું કે જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાઓનો ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવું નથી. આવાં કામ માટે કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી. મુનિશ્રીનું આ વિધાન ભગવાન મહાવીરના જીવન સંદર્ભે વિચારવું રસપ્રદ થઈ પડશે. ભગવાન મહાવીરે પોતાના સંઘમાં શૂદ્ર જાતિના લોકોમાંથી મેતાર્યમુનિ અને મુનિ હરિકેશીને દીક્ષિત કરી અસ્પૃશ્યતા નિવારણના વિચારને પુષ્ટિ આપી પશુબલી પ્રથાને બંધ કરાવી, હિંસા રોકી, ચંદનબાળાના હાથે બાકુળા વહોરાવી દાસીપ્રથાની નાબૂદી માટે પ્રેરણા કરી.

ભગવાને મોરાક ગામના તાંત્રિક અચ્છંદકનાં પાખંડને ખુલ્લાં પાડીને લોકોને અંધશ્રદ્ધા અને વહેમની બેડીમાંથી મુક્ત કર્યા.

કૌશામ્બીની રાણી મૃગાવતીના રૂપ પર મોહિત રાજા ચંદ્રપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી મૃગાવતીને મુક્તિ અપાવી. આ યુદ્ધભૂમિમાંનું સ્થળ અશુચિ, રૂધિર અને માંસથી ખરડાયેલું હોવા છતાં ભગવાન ઉગ્ર વિહાર કરી પધાર્યા તે મહાવીરની પ્રબુદ્ધ કરુણા, સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરકબળ બની એક સ્ત્રીના શીલનું રક્ષણ કરે છે.

ભગવાન મહાવીરના જીવનપ્રસંગોમાં જનહિત અને લોકકલ્યાણની ભાવના અભિપ્રેત છે. મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે. મુનિ શ્રી સંતબાલજી આવા અમૃતપ્યાલાના પુરસ્કર્તા હતા.

સંત તો સંસારની બળબળતી બપોરમાં ચંદન જેવી શીતળતા આપે છે.

જૈન દર્શનમાં "સ્વ-પર-કલ્યાણ"ની વાત આવે છે. મારા કલ્યાણ સાથે વિશ્વકલ્યાણનો વિચાર આ ખ્યાલમાં અભિપ્રેત છે.

શ્રમણ સંસ્કૃતિના વિશિષ્ટ પૂર્વાચાર્યો પૂ. હેમચંદ્રાચાર્ય, પૂ. વિજયવલ્લભસૂરિ, પૂ. અમરમુનિ અને મુનિ શ્રી સંતબાલજી જેવાઓએ આ દિશામાં કાર્ય કરી જૈન ધર્મના સેવાભાવને ઉજાગર કર્યો છે.

# ૨૬ શ્રી સંતબાલજીની જીવનસાધના

— રમેશ દોશી

પૂ. સંતબાલજી સાધનાનો વળાંક ૧૯૩૭ના ૧ વર્ષના મૌન અસંગ અનુષ્ઠાન પછી શરૂ થાય છે. સંતબાલજીની દીક્ષા પહેલા અને પછીના તથા અસંગ અનુષ્ઠાન પછીના કાર્યો, પ્રયોગો, કર્મયોગની વિગતવાર માહિતી ભાગ-૧-૨માં વિગતવાર પ્રકાશિત થઈ ગઈ છે. ભાગ-૩માં ઇ.સ. ૧૯૩૭માં મૌન-સસંગ અનુષ્ઠાન થયેલ તેની વિગતવાર માહિતી ઇ.સ. ૨૦૧૫માં પ્રગટ થઈ છે.

શિવલાલ ટોળથી મુંબઈ આજીવિકા અર્થે આવે છે. એ સમયે ગાંધીયુગ શરૂ થઈ ગયો હતો, એની અસર થઈ, ખાદી પહેરવાની શરૂ કરી. એ સમયે ઘાટકોપરમાં પૂ. નાનચંદ્રજી અપૂર્વ વાણી, શ્રવણે પડતા વૈરાગ્ય વેગ એટલો જોરમાં આવ્યો કે ત્યાગ વિના ચેન જ નહોતું પડતું અને ઇ.સ. ૧૯૨૯માં પચ્ચીસ વર્ષની યુવાન વયે મોરબીમાં દીક્ષા થાય છે અને શિવલાલ મટી સૌભાગ્યમુનિ બને છે.

સંતબાલજીની પ્રતિભા પ્રગટ થવામાં પૂ. નાનચંદ્રજી ગુરુનો બહુમૂલ્ય ફાળો છે. શિષ્યે ગુરુની સેવા કરવાની હોય છે, પણ અહીં તો ગુરુદેવ વાત્સલ્યથી માની જેમ શિષ્યની સારસંભાળ લે છે. સંતબાલજીની અત્યંત રૂચિ સ્વાધ્યાયમાં, ખાવા-પીવાનું પણ ભૂલી જાય ત્યારે ગુરુદેવ પ્યાલો પાણીનો લઈને કહે, 'લે ભાઈ, પાણી, પી લે, ચાલ આહારનો સમય થયો છે, ચાલ ગોચરી કરી લઈએ. એટલું જ નહીં, પૂ. રત્નચંદ્રજી મહારાજ પાસે સાહિત્ય-સંગીત-કાવ્ય-ન્યાય-સંસ્કૃત શીખવીને તથા પ્રખર પંડિતો રોકીને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો છે. રત્નચંદ્રજી પાસેથી અવધાન શીખીને શતાવધાની પણ બને છે એ ભારતરત્નનું બિરુદ પામે છે ત્યાં સુધી ગુરુદેવે પ્રોત્સાહન આપ્યા કર્યું છે.

ધર્મપ્રચાર-પ્રભાવ વધારવા માટે સંતબાલજીના લેખો, વ્યાખ્યાનો, પુસ્તકો, અવધાન અંગે સાહિત્ય પ્રગટ થતું ગયું તેમ તેમ જૈન જૈનેતર સંઘોમાંઅને લેખકોમાં સત્કાર-સન્માન વધવા લાગ્યા, જાણ્યે અજાણ્યે પ્રતિષ્ઠા, જગની વાહવાહીનું આકર્ષણ ખેંચવા લાગ્યું. ક્યારેક તો એમ થતું કે અમેરિકાદિ પ્રદેશોમાં ધર્મપ્રચાર માટે વિચરણ કરવું જોઈએ. લોંકાશાહની લેખમાળાથી સમાજના કેટલાક વર્ગમાં ખળભળાટ-આક્રોશ ઊભો થયો, વાદ-વિવાદ વધ્યા. વિરુદ્ધ ટીકાથી ઉશ્કેરાઈ જવાનું અને વાદ-વિવાદ તથા મતમતાંતરમાં ઝૂકી પડાતું. અંતરવૈરાગ્યના જોરે આ બધું નજરે આવી જતું. તે છતાં ગુરુદેવથી છાનાછપના બીજા તખ્ખલુસથી ગુપ્તલેખન વ્યવસાય કરીને ગુરુને અંધારામાં રાખવાની અશાતના સુધી સરી પડાયું. એક યા બીજી રીતે આવા વિચારો છૂપાવી રખાતા, પણ છેવટે ભૂલતું ભાન થાય છે. ગુરુદેવ પાસે પસ્તાવો કરતા અને ભૂલના મૂળ સુધી પહાંચી તેને દૂર કરવા મથતા તેથી સંતોષ થતો. ગુરુદેવે ક્ષમા કરી. બાહ્ય પ્રદર્શન તથા લોકેષણા તરફ પણ બૌદ્ધિક પ્રવાહને ગુરુદેવે સન્મુખ કર્યા અને અવધાન પ્રયોગો બંધ થયા.

ગુરુદેવે ટકોર કરી, 'ભાઈ ! વિદ્યા અને વિદ્વત્તા જ્ઞાન અને નમ્રતાની પ્રાપ્તિ માટે છે. વિવાદ કે મતમતાંતર માટે નથી. તારી ધર્મક્રાંતિની ભાવનાને હું અવરોધવા નહીં ઉત્તેજવા માગું છું પણ તેનાય માર્ગ અને મર્મ હોય છે.

ગુરુદેવે પ્રેમરસનું પાન કરાવતાં જે થોડું ઘણું મનનું પોતાના અભિપ્રાય આગ્રહનું મમત્વ હતું તે મરી ગયું. કોઈના નિવેદનથી મન આવેશમાં આવી જઈ પ્રતિભાવ દાખવવા તડફડતું  તે તડફડાટ ગયો.

ભૂલો તો ઘણી થઈ છે, પણ ભૂલોનો અહેસાસ, પશ્ચાત્તાપ થવા માંડ્યો

એમ અંતરમુખતા વધતી ગઈ. અંતરની એક સરવાણી ફૂટે છે, મૌન-અસંગ અનુષ્ઠાનની તીવ્રતા વધે છે, એક નવો સંતબાલ જનમવાની શરૂઆત થાય છે.

**તુ જ તારું યંત્ર થઈ જા, ધ્યાન થઈ જા, મંત્ર થઈ જા,.**
**અન્યનો આધાર છોડી, સર્વ તંત્ર સ્વતંત્ર થઈ જા.** - મકરંદ દવે

સર્વ જિન આગમમાં કહેલાં વચનો એકમાત્ર અસંગપણામાં સમાયા છે કેમકે તે થવા અર્થે જ એ વચનો છે. જ્ઞાનીઓએ અસંગપણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે કે, મુનિવરો, અસંગતાનો અભ્યાસ કરો — શ્રીમદ્ રાજચંદ્ર

આ ભાન જેમ જેમ દઢ થતું ગયું તેમ તેમ સર્વને એકાંતવાસે નિજ ક્ષેત્રમાં રહી નિજને જાણવાની તમન્ના વધવા લાગી અને મનોમન મૌન સંકલ્પ કરી, ગુરુદેવની આજ્ઞા માગી. ગુરુદેવે ટકોર કરી કે સંકલ્પ કરતાં પહેલાં આજ્ઞા માગવાની હોય કે કર્યા પછી ? સંકલ્પ કર્યો છે તો હવે પાર પાડો. હવે તારી આંખ ઉઘડી છે, આત્મજ્ઞાનની મિમાસા પ્રગટી છે તો આત્મધન પ્રાપ્ત કરવા મારી તો રજા જ છે. થોડો જ્ઞાનપ્રસાદ પીરસતા કહ્યું, ''અસંગતાપૂર્વક વાસ્તવિક શ્રુતને (સુશાસ્ત્રને) જે સાંભળી શકે છે તેના અંતરચક્ષુ ખૂલી જાય છે અને અંતરમાં પ્રકાશ પ્રગટે છે. જે છે તે તારામાં જ છે, તું તને પોતાને જાણ. તને પોતાને ઓળખ એ તારો થઈને રહે તો બધું તારું થઈ જશે. આપણને ઓળખી મૂળને પકડશે તો આત્મામાં જ પરમાત્માના દર્શન થશે, આનંદ થશે, આનંદ આનંદ વ્યાપી રહેશે.

આવા ગુરુ ભાગ્યે જ મળે છે, જેને શિષ્યના વિકાસમાં જ રસ હોય. ગુરુ જાણે છે, આ સાચો પણ કઠીન પ્રયોગ છે, તે છતાં ગુરુદેવે સંતબાલજીના શરીર અને સાધનાની કાળજી રાખવા તેમજ એકલ વિહારને કારણે સંઘમાં ટીકા ન થાય અને બધું જળવાય રહે એ લક્ષમાં રાખી ચિતમુનિને સાથે રાખી અજ્ઞાતક્ષેત્રે અસંગ-મૌન અનુષ્ઠાનની રજા આપી.

નિસર્ગની ઇચ્છા અજ્ઞાતક્ષેત્રે વિહરવાની છે. આ દેહને સેવકની જરૂર નથી. પરમાત્મા જે કંઈ એની સાધના માટે જરૂરી રહશે એ એની દિવ્યશક્તિ દ્વારા પૂરા પાડશે જ એવી અખૂટ શ્રદ્ધા પ્રતિજ્ઞાની પ્રેરણામાં જ હતી. ગુરુઆજ્ઞા ચિતમુનિને સાથે રાખવાની ખૂબ મૂંઝવણ થઈ. પછી એ તો એના સ્થાને જલ્દી પહોંચવાના વેગમાં ચિતમુનિને ગોલવડ પડતા મૂકીને ભાગી છૂટચા. એમનું મન ખૂબ ઘવાયું, દુભાયું. મારામાં એમના હૃદયના પ્રેમને પામનારું હૃદય જ નથી એમ લાગ્યું. પછી મેં મારો અપરાધ કબૂલ કરી ક્ષમા માગી. મન હૂંફાળું કર્યું પણ મારા પ્રેમાળ

ઉર્મિની પ્રતીતિ ન કરાવી શક્યો. એમાં મારા વિનયની અને અંતરંગ માનની કચાશ ઉપરાંત વેગની પ્રબળતા લાગે છે.

પ્રથમ તો ગુરુ કરવા નહીં, અને કર્યા તો પછી 'આજ્ઞા એ જ ધર્મ', 'આજ્ઞા એ જ તપ' સિદ્ધાંતને અનુસરવું જ રહ્યું. નહીંતર માર્ગ ફંટાઈ જાય છે. ૬/૩/૩૭ના સંતબાલજી લખે છે, ગોલવડમાં અંતરનાદને અનુસારનો માર્ગ સુઝવા લાગ્યો. ગોલવડમાં હું ખૂબ મૂંઝાયો, અકળાયો. મારા અંતરને કંઈ શાંતિ ન મળે, પણ હું તો નિસર્ગમૈયા પર નિર્ભર રહ્યો અને તે દહાડે મને ૐ મૈયાનું ઝાંખું સ્વરૂપ દેખાયું એટલે કે માર્ગ સૂઝ્યો ને આત્મશ્રદ્ધા દૃઢ થઈ.

વેગે વિહાર કરી ૨૭/૩/૩૭ના તો રણાપુર (સન્મુદા સદન) મૌન અસંગ અનુષ્ઠાન પહોંચી જાય છે અને સાધના શરૂ થાય છે. મૌન-એકાંત સાથે. આ સ્થિતિમાં વિચારોનો એક ધોધમાર પ્રવાહ વહેવાનું શરૂ થાય છે, એમાંથી અંશ જે ધવલપટ પર આવી શકે છે પણ જે આવે છે તે સમુદ્રમંથન કરીને મેળવેલા મોતી હોય છે. એમાં કાવ્યો, સ્ફૂરણાઓ, ગઝલો, લેખો, ગુરુદેવને દર અઠવાડિયે લખાતા પત્રોમાં એની થોડી ઝલક મળે છે. જોઈએ આ રત્નકણિકાઓ -

શ્રદ્ધા આત્મસમર્પણનો પાયો છે. શ્રદ્ધાના દ્વાર ખૂલ્લા રાખી ધીરજથી આગળ વધતા જ્યારે સર્વથા આત્મવિલોપન થયાને બધા અધ્યવસાયો ઓગળી જાય ત્યારે સત્ય પરમાત્માના દર્શન થાય છે.

જેમ આત્મદર્શનના અનુભવ માટે સૌથી પહેલી હૃદયશુદ્ધિઓ ભાવશુદ્ધિને આવશ્યક લાગી હતી, તેમ આત્મજ્ઞાન માટે સૌથી પહેલાં સમજણશુદ્ધિ આવશ્યક છે. વસ્તુતઃ સૌથી પહેલાં જીવનનો પાયો શુદ્ધ કરવાની જરૂર છે, એટલે કે સમજણને શુદ્ધ કરવાની આશ્યકતા છે. જ્ઞાનબીજ વાળતા પહેલાં સર્વ પ્રકારે ક્ષેત્રભૂમિ વિશુદ્ધ બનાવી લીધી હોય તો તે બીજ વહેલું-મોડું અવશ્ય ફળે જ છે, એ વિષે સ્વપ્નેય શંકાને સ્થાન નથી. અનંત કેવલધારીનો એ અંતરધ્વનિ છે.

નવીનતાની શોધને જિજ્ઞાસા કહે છે. નવીનતાની તાલાવેલી શોધ પ્રત્યે ખેંચી જાય છે. જૂનું એટલે કાલગ્રસ્ત કૃત્રિમ રીતે પકડી રાખેલું, તે છોડી દેવાથી નવીનતાનું સહજ ક્રાંત તેજ પ્રાપ્ત થાય છે.

જ્યારે સ્વચ્છંદ વિદાય લે છે ત્યારે જ સમકિતનો પ્રાદુર્ભાવ થાય છે.

વ્હાલાઓ! જેણે સત્ય સાધનામાં પ્રગતિ કરવી છે એને પોતાની શુદ્ધિ સમજણની ગળણીથી ગળીને જ પગલું ભરવું રહ્યું. જ્યારે સુવિચારની ભૂતિકામાં

મન પહોંચે છે ત્યારે રૌઢિક અને મૌલિક તત્ત્વનો ભેદ સમજી રૌઢિકને છોડી દે છે. ઘણા સાધકો સુવિચારની ભૂમિકા સુધી આવે છે પણ લોકભયથી ત્યાં જ થંભી જાય છે. લોકભયને જીતવાનું સાધન ભેદવિજ્ઞાન છે. આત્મા અને તેને વળગેલી વર્ગણાનું સ્પષ્ટ ભાન થાય ને જ્ઞાન થાય એટલે આત્મતત્વની પ્રતીતિ થાય. અચળ શ્રદ્ધા જામે ને નવેય પ્રકારના ભય ભાગી જાય ને મૂળનું આત્મતત્ત્વનું જ્ઞાન થાય છે.

સમ્યગ્ રૂચિ એટલે જ સત્યવિચારની રૂચિ અને સમ્યક્વિવેક એટલે સત્ય સ્વીકારની સૂઝ એ બેની પ્રાપ્તિ માટે સત્પુરુષના ચરણશરણ સેવી સત્યના પ્રયોગોમાં સર્વસ્વ હોમીને ઝૂઝે છે એ છે સાચી જિજ્ઞાસા.

એક નાની સરખી નિર્ઝરણીનું વિશ્વના મહાસાગર સાથે ભળી જવું તેનું જ નામ ત્યાગ. માત્ર માનવ માનવ વચ્ચે જ નહીં પણ સમસ્ત વિશ્વવર્ગ સાથે પ્રેમની સાંકળે સાંધે તે ધર્મ. આત્મા પોતે અમૂર્ત હોવાથી ઇન્દ્રીયગ્રાહ્ય નથી, અનુભવગ્રાહ્ય છે. વ્હાલાઓ ! સ્વાનુભૂતિ એ મોક્ષની સીડીનું પ્રથમ પગથિયું છે. સ્વાનુભૂતિના આ પ્રથમ સોપાનને જૈનદર્શન સમ્યગ્દર્શન કહે છે.

વ્રતો જીવનને ઘડે છે તેમ અભિમાન જીવનને અવરોધે છે. અભિમાન ગાળનારો ક્ષાર સમર્પણ છે. સત્પુરુષની આજ્ઞાએ જે સોંપાઈ જાય તે ખરી નમ્રતા અનુભવી શકે છે. નમ્રતા અનુભવગમ્ય છે. માનને ઓગાળવા ને જ્ઞાનને પ્રાપ્ત કરવા દરેક ધર્મોમાં એક યા બીજા પ્રકારના વ્રનોનો સમાવેશ થાય જ છે.

ગોલવડમાં જે મૈયાની ઝાંખી થયેલ એની સતત પ્રતીતિ રણાપુર મૌનથી વધતી ગઈ અને એ પ્રતીતિ ધીમે ધીમે પ્રકાશમય બની ગઈ અને એ વિષે સતત ગુરુદેવને પત્રોમાં, મિત્રોને, સાધકોને, નોટમાં લખતા રહે છે.

ૐ એટલે સર્વ વિશ્વ, વિશ્વવ્યાપ્ત ચૈતન્ય અને મૈયા એટલે વાત્સલ્યની મૂર્તિ. ૐ મૈયા એટલે વિશ્વવાત્સલ્યનું મૂર્ત સ્વરૂપ, વિશ્વવાત્સલ્ય ભાવનાનું કેન્દ્રબિંદુ બન્યું. ૐ મૈયા જાપ સતત નિરંતર થતા ગયા તેમ તેમ ‘મૈયા તૂહી તુહી’ની ધારા વહેતી થઈ અને અજપા જાપવાળું મૈયાગાન સ્ફુર્યું જે મારે મન એક પ્રેરક સમજીવન થઈ પડ્યું છે. જ્યારે હું મુઝાઉં, પ્રયત્નો કરીને થાકી જાઉં અને કોકડું ગુંચવાય ત્યારે અના જ શરણે આખરે ઉકેલાઈ જાય છે. આપ સત્ય ભગવાન એટલે ૐ અને અહિંસા ભગવતી એટલે મૈયા એમ જૈન સૂત્ર સાથે ૐ મૈયા મંત્રનો મેળ બેસી જાય છે. નામજપ પાયામાં સમર્પણ માગી લે છે. સમર્પણની શરત છે નિખાલસતા ને નિસ્વાર્થપણું. સત્યનિષ્ઠામાં કે સિદ્ધાંતનિષ્ઠામાં

મને નામ જપે સૌથી વિશેષ મદદ કરી છે.

ગુરુદેવનો પ્રિય જપ 'ૐ હ્રીં અર્હં નમઃ ૐ' એટલે નિરંજન નિરાકાર અવ્યક્ત સચ્ચિદાનંદ તત્ત્વ અને હ્રીં એટલે ચેતન તત્વની શક્તિ. હ્રીંને માતૃમૂર્તિ, વાત્સલ્યમૂર્તિ ગણતાં વત્સલ સેવાનો સક્રિય આદર્શ રજૂ થાય છે ને તંત્રનું સ્થાન સેવા ભક્તિ લે છે એટલે ૐ હ્રીંને સ્થાને ૐ મૈયા અને અર્હં નમઃને સ્થાને શરણં મમ્ મૂકી ૐ મૈયા શરણં મમ્ એવું સરલીકરણ કરવા છતાં મૂળ મંત્રનું મૌલિક ગૌરવ ને મહત્ત્વ જળવાઈ જાય છે. ૐ મૈયા પદમાં વિશ્વજનની બનવાનું ભાવનું આરોપણ કરી એની ઉપાસના લક્ષ રાખેલ છે.

**સૂક્ષ્મસેવા એટલે માનસીસેવા**

વ્હાલા તનય ! સ્થૂલજગતની સ્થૂલ સેવામાં તો ઘણા સાધકોએ ફાળો આપ્યો છે અને આપી રહ્યા છે, પણ મારા સૂક્ષ્મજગતની સૂક્ષ્મ સેવા તો મારા વ્હાલા સાધકોમાનાય વિરલે બજાવી છે. મારું સ્થૂલજગત ખૂબ જ ઉત્ક્રાંતિ પામાયું હોવા છતાં જે કાંઈ અસમંજસ, અશાંતિ અને અવ્યવસ્થા દેખાય છે એમાં ને એમ થવામાં સૂક્ષ્મજગત પ્રત્યેની ઉપેક્ષા જ મુખ્ય કારણ છે. બેટા ! હવે જે સેવાની જરૂર છે તે સૂક્ષ્મજગત અર્થે જ વિશેષરૂપ છે. સૂક્ષ્મ સેવા એટલે મનસ્વી સેવા. મનસ્વીસેવા શારીરિક સેવા કરતાં ઉત્કૃષ્ટ છે. પ્રાકૃત સંજ્ઞા અને નિમ્નવૃત્તિઓને સંસ્કારી શુદ્ધ કરી ઉર્ધ્વગામી બનાવનાર માનસી સેવા લુખી નથી હોતી, એ તો સદાય વહેતો વત્સલ રસનો કૂપ છે, તેમાં શારીરિક અને વાસ્તવિક સેવા અંતરંગ છે. સુકૃતિ વધારનારી મન અને હૃદયને સ્વચ્છ, સ્વસ્થ ને શુદ્ધ કરનારી માનસી તાલીમ જ સત્ચરિત્ર કે સમ્યક્ ચરિત્રનું ઘડતર કરે છે.

અંતરાત્માની વાણીને અનુસરે છે તેનામાં આત્મવીર્ય ઉલ્લસતું અને વિકસતું જાય છે ને છેવટે શુદ્ધ-બુદ્ધ અને મુક્ત બને છે. આવો વીર્મોલ્લાસ જગાવવા કહે છે - **ઊઠો, જાગો ને ધ્યેયને પ્રાપ્ત કરો.**

આવા તો અનેક મૌતીકો આ અસંગ અનુષ્ઠાનમાં મળી રહ્યા છે એ સિવાય કાવ્યો, કવિતા, ગઝલો પત્રોમાં ઝબકી રહી છે. થોડી ઝલક તેની જોઈએ -

**૧. નિસર્ગ પ્રેર્યું ફળતું સહુ કૈ, છે માનવી માત્ર નિમિત્ત હેતુ,**
**પ્રયત્નનું તો પરિણામ માત્ર છે વિશ્વપ્રેમી બનવાનું વ્હાલ**

**૨. છે વિશ્વની સૌ વનિતા, જનેતા, રગે રગે વત્સલતા ભરેલી**
**એ માતૃભાવો દગથી પીએ જે ગૃહસ્થ સાધક તે બ્રહ્મચારી**

૩. કૈંક રંગ બતાવ્યા મા એ, કૈંક જંગ મચાવ્યા મા એ
તો યે આપી જીત ધન્ય મા ધન્ય મા

૪. અવલંબન તું મુજ જીવન તું મુજ અંતર અમૃત સિંચન તું
મતિ તું મન તું ધન તું મુજમાં વસ તું બસ તું બસ તું.

ખાસ બે પત્રો એક ભાવદીક્ષાર્થીને તથા સાધક જે ડૉક્ટર થવાને દીક્ષા ભાવે છે તેને લખાયેલ છે તે જોઈએ.

સન્યાસ એ તો સિંહણનું દૂધ છે. સન્યસ્ત માટે આંતરિકપૂર્ણ વૈરાગ્યની સુપાત્રતા અપેક્ષિત છે. **ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના કોટી કરીએ ઉપાય જી.** તમારી યુવાન વયે સ્પૂરતી ત્યાગભાવના એ પરમ મંગલ છે. સંપૂર્ણ સત્યસ્ત તમારા માટે હજુ દૂર છે. ૧. સન્યાસ માટે આજે જે પ્રેમ ઉદ્ભવ્યો છે તે શાથી તેનું મૂળ શોધો. ૨. સંસાર છોડવો કે સંબંધીઓને છોડવા તે શા અર્થે ? ૩. વસ્તુતઃ તો એમની સાથેના આજે જે મોહ સંબંધ છે તે છોડી કર્તવ્ય સંબંધ સ્થપિત કરવા જોઈએ.

આ પ્રણાલિકા નવીન છે. અ માર્ગ બળ વધુ પડશે. ત્યાગ કરવો સહેલો છે પણ સંબંધોની વચ્ચે રહી રૂઢિ ન સ્વીકારવી ને કેવળ સત્કર્મો કરવા, ઉચ્ચ નીતિમય જીવન અને સદ્ધર્મ સાધના સાથે આત્મલક્ષ્ય રાખતાં રાખતાં એ જે સાચા હોય તેવા કૌટુંબિક કર્તવ્ય કર્યે જવું એ કઠિન છે. આવી કોટિના સાધકોને માટે તે સરળતાથી અગળ વધી શકે એવું સાધના ક્ષેત્ર તૈયાર નથી થયું એ કમભાગ્ય છે. ધૈર્ય ધરો, થોડો વખત શાંતિ ધરો - સંતબાલ.

વ્હાલા આત્મબાંધવ, સંસારમાં રહી બધા સંબંધો વચ્ચે વિકસાવવામાં ઘણી મુશ્કેલીઓ છે. એ દલીલ જેટલી સાચી છે તેટલી જ નાઠાબારીથી ભરેલી છે. (૧) સકલ સંબંધોને પવિત્ર કરવા (૨) બધા વ્યવહાર અને વ્યાપારમાંથી રૂઢિનું જટિલ બંધન દૂર કરવું (૩) હંમેશાં અમુક સમય સમાલોચના અર્થે આપી પછી વિચારવું કે પછી શું? આથી આગળ જતાં ચાવી મળી રહેશે જે દ્વારા તમો આજ કરતાં નવીન જ પામશો. -સંતબાલ

એક વિદ્યાર્થિની માર્ગદર્શન માગે છે, ''હું ડૉક્ટર થઈ શારીરિક-સેવા કરું એના કરતાં સાધ્વી થઇ બીજાઓની આત્મસેવા કરું, શું તે બધું સારું નથી? એના જવાબમાં લખે છે, ''શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એવા સેવાના ભેદોમાં હું સંમત નથી. ડૉક્ટર થવાની ઉત્કંઠા હોય તો જરૂર પાર પાડો. સાદાઈ, સંયમ

અને શ્રદ્ધા વધારો. આટલું થયા પછી જો તમને અનિવાર્ય લાગે તો જરૂર દીક્ષા લેજો. બાકી આજે દીક્ષા લેશો તો કાં તો છોડવી પડ અને કાં તો નીતિશિથિલ લોકોરૂપી જેલરોની નીચે જિંદગીની જેલ વેઠી આયુષ્ય પૂરું કરવું પડશે. એકવાર કૌમાર્યમાં જ સ્વાશ્રય કેળવો અને તેસ્વીતા મેળવો પછી જ્યાં જશો, તમારા સંસ્કારો તમને ઊંચે લઈ જશે અને સમાજ ઉપયોગી જીવન જીવાડશે.''

સંતબાલજીના આ માર્ગદર્શનમાં ગાંધીયુગની મૌલિક સાધુતા જોવા મળે છે, પણ જૈન સાધુ આ પ્રકારે માર્ગદર્શન અપે તે મૌલિક અને પરંપરામાં પરિવર્તન લાવનારું છે. આથી તેમની સામે સાધુ સંસ્થાનો ઘણો રોષ-વિરોધ રહેતો, એવા ઘણા કસોટીના પ્રસંગો પણ બન્યા છે, પણ સંતબાલજી તો માત્ર વિચારમાં જ નહીં, જે માનતા તે આચારમા પણ પ્રગટ કરતા.

**ઉપહાર**

સંતબાલજીની સાધનાનો પાયો નિસર્ગ, ૐ મૈયા શરણમ્ મમ્ જાપ અને અંતરધ્વનિ - આ ત્રણ પ્રત્યે દૃઢશ્રદ્ધા રહી છે.

સધનાપથમાં બે તબક્કા આવે છે. એક આત્મજ્ઞાન પહેલાનો અને એક આત્મજ્ઞાન પછીનો. સાધકની જેમ જેમ જાગૃતિ, અંતરમુઢતા વધતી જાય છે તેમ તેમ સંવેદના તીવ્ર થતી જાય છે. થાય ઝટ સારા જગતનું કલ્યાણ કરી લઉં. એથી સત્પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો જાય છે. સંસ્થા, સંગઠન, આશ્રમો વધતા જાય છે. વ્યક્તિની હયાતી સુધી તો સરસ - સારી રીતે કદાચ ચાલે પણ એ ગયા પછી ગતિ ધીમી પડતી જાય છે અને કાળક્રમે નામ માત્ર પ્રવૃત્તિ જ રહે છે. સાપ ગયા ને લીસોટા રહ્યા, પ્રાણ વગરના કલેવર સમાન પ્રાયઃ આવી પ્રવૃત્તિઓ, સંસ્થાઓની સ્થિતિ આત્મજ્ઞાન થયા પહેલાની પ્રવૃત્તિઓની થાય છે. એના અનેક દાખલાઓ છે. વીસમી સદીના બહુ જાણીતા નામો કહીએ તો પૂ. સંતબાલજી, ગાંધીજી, વિનોબાજીનાં નામે ગણી શકાય.

આત્મજ્ઞાન પછી જે પ્રવૃત્તિ થાય કે કદાચ કોઈ પ્રવૃત્તિ ન પણ થાય તો પણ એમના સંકલ્પ માત્રથી જે કાર્યો થાય છે તે અદ્‌ભુત અને શાશ્વત રહે છે. સત્પુરુષો આશ્રમ, સંસ્થા, સંગઠનથી અલિપ્ન રહે છે. એન હયાતિમાં તો ભાગ્યે જ કોઈક સાચી રીતે ઓળખી શકે છે પણ જે કાંઈ ભલે થોડું જ હોય તો પણ ભજનો, ઉપદેશ કે એમનું સાહિત્ય મળે છે એ અદ્‌ભુત હોય છે અને એની અસર શાશ્વત રહે છે. રમણ મહર્ષિ કહે છે, ''સત્પુરુષની આ જગત પર

હયાતી એ જ એની સૌથી શ્રેષ્ઠ સેવા છે.'' વીસમી સદીના એવા ત્રણ મહાપુરુષો - શ્રીમદ્ રાજચંદ્ર, રામકૃષ્ણ પરમહંસ અને રમણ મહર્ષિ. એમની વિદાય પછી જ ગત એમને સારી રીતે ઓળખી શકેલ છે.

સદ્‌ગુરુની આજ્ઞા કે કૃપા વગર જે પણ થાય એમાં ભૂલ-ક્ષતિ રહેવાની જ, ભલે આરામ અત્યંત અશુભ હોય તો પણ એમાં ગાંધીજી કે સંતબાલજી કોઈ અપવાદ નથી. સંતબાલજીને પ્રેરણા માનસીની સેવાની થયેલ, પણ પડી ગયા કરવા જેવી સાચી સમાજસેવામાં. એક કાળે એ જરૂરનું પણ હતું, યોગ્ય પણ હતું, પણ એ ક્રાંતિ નહોતી, નવીન પગલું જ હતું. ખાસ તો ગુરુ આજ્ઞાભંગ એ અધ્યાત્મ માર્ગમાં બહુ મોટી ભૂલ-દોષ છે.

સંતબાલજીથી સત્પ્રવૃત્તિઓ - કાર્યો ઘણાં સારાં અને પ્રેરણાદાયક થયાં છે, પણ છેવટે સમજાયેલ છે ક્રાંતિ માટે સંત સાધુ સમાજની સાધુ-સાધ્વી શિબિર પણ રાખેલ. સહમતિ આપ્યા પછી પણ ભાગ્યે જ કોઈ સાધુ-સાધ્વી જોડાયેલા. છતાં એનું દસ ભાગમાં 'ધર્માનુબંધી વિશ્વદર્શન'માં દસ્તાવેજીકરણ થયેલ તે બહુમૂલ્ય - અદ્‌ભુત કાર્ય થયેલ છે. સંતબાલજીના હૃદયપ્રવેશ માટે આ સાહિત્યનો અભ્યાસ જરૂરી છે.

પૂ ગુરુ નાનચંદ્રજી અને પૂ. સંતબાલજી બંને સાચા સાધુ હતા એટલું જ નહીં, બંને ગાંધીપ્રમી હતી. વિચારોમાં ઘણું સામ્ય હતું. ગુરુ વિશાળ હૃદયી હતા. પોતાની પ્રતિભાના નિખારમાં ગુરુદેવનો અત્યંત મહત્ત્વાનો ફાળો છે, એ ભાવ આદર હંમેશાં સંતબાલજીને રહ્યો છે અને સ્વીકાર્યું પણ છે. જુદા છતાં હૃદયથી જોડાયેલા રહ્યા છે.

સંતબાલજીએ સત્કાર્યો, પ્રવૃત્તિઓ કરી છે તે ગુરુ સાથે રહીને પણ થઈ શક્યું હોત એટલું જ નહીં, વધારે સારી રીતે થયું હોત. પાછળથી જે ભૂલ-ક્ષતિ સ્વયંને દેખાયેલ છે તેનાથી બચી ગયા પણ હોત. એમનાં ચારિત્ર, પ્રામાણિકતા, આશયમાં કોઈ સંશયને સ્થાન નથી,પણ છેવટે તો ધાર્યું ધણીનું થાય અને થયું છે.

સંતબાલજી જીવનસાધના ભાગ-૩જો દરેક સાધકને માટે બહુમૂલ્ય માર્ગદર્શન સમાન છે. ભલે એ ઝાંખી છે પણ શ્રદ્ધા-સમર્પણનો એમાં રણકો છે. જો આપણી ચાલવાની તૈયાર સત્‌માર્ગે હોય તો ઘણા કાંટા-કંટકો, ઝાડી-ઝાંખરા સાફ કરીને રાજમાર્ગ તૈયાર કરી દીધો છે એટલું તો સહુએ સ્વીકારવું જ રહ્યું.

અમને સંતબાલજીનાં પ્રત્યક્ષ દર્શન-સમાગમનો લાભ નથી મળ્યો, પણ તેમના બે શ્રેષ્ઠ સાધક શિષ્યો પૂ. મીરાબેન અને સંત સાથી અને આ પુસ્તકના લેખક પૂ. દુલેરાય માટલિયાના સત્સંગ-માર્ગદર્શનનો અમારી સાધનાની જે કંઈ સફળતા મળી છે અને હજી મળી રહી છે એમાં બહુમૂલ્ય ફાળો છે, એ ઋણસ્વીકાર આ તકે જરૂરનો છે. સંતબાલજી પ્રત્યક્ષ ભલે નથી મળ્યા પણ પરોક્ષ રીતે અમારી પર એમની કૃપા-માર્ગદર્શન હંમેશાં મળતી રહે છે એ પણ સ્વીકારવું જ રહ્યું.

*સર્વથા સહુ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,*
*સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.*

(માલસરસ્થિત રમેશભાઈ સાધક રમેશમુનિ (નિમિત્રમાત્ર) જૈન દર્શનના અભ્યાસુ છે. હાલ તેઓ નર્મદા તટે સાધના કરી રહેલ છે. મુનિશ્રી સંતબાલજી અને શ્રીમદ્જીના સાહિત્યમાં ખૂબ જ રસ લે છે).

**સંદર્ભ :** દુલેરાય માટલિયા વિવૃત સંતબાલજી જીવનસાધના ભાગ-૩.

**અંતઃકરણ અને પ્રવૃત્તિની વિશુદ્ધિ તે તપ, પ્રવૃત્તિની શુદ્ધિ સારુ જેટલી ભાવશુદ્ધિની આવશ્યકતા છે તેટલી જ વચનશુદ્ધિની પણ છે.**



...ારી

છે ... ન ચરણે

ધરીએ છા...

દીક્ષા પછીના ... ામાં સમર્પિત કર્યાં. સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, હિંદી વગેરે ભાષાઓનો તેમ જ ન્યાય પ્રમાણ તર્ક, સાહિત્ય વગેરેનો અભ્યાસ તેમણે કર્યો. જૈન ધર્મનાં અનેક શાસ્ત્રોનો તથા દુનિયાના મુખ્ય મુખ્ય ધર્મોનો અભ્યાસ કર્યો. તેથી જ તો અજમેરના સંમેલન સમયે ભારતના વિદ્વાનોએ તેમને 'ભારત રત્ન'ની ઉપાધિથી નવજ્યા.

વિ.સં. ૧૮૮૯થી ૧૯૯૪ સુધીના કામ દરમ્યાન તેમણે ગુજરાતી સમાજને ઘણું સાહિત્ય સમપિત કર્યું. ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આચારાંગ અને આવશ્યક આ ચાર મુખ્ય સૂત્રોને તેઓએ સરળ તથા સુંદર ગુજરાતી ભાષામાં પરિવર્તિત કરી મહાવીર પ્રકાશન મંદિર દ્વારા પ્રકટ કર્યા છે. છેલ્લાં વર્ષોમાં તત્ત્વાર્થસૂત્રનો ગુજરાતી ભાષ્માં પદ્યાનુવાદ કરીને પોતાની અગાધ વિદ્વત્તા અને કવિત્વનો સહજપણે પરિચય આપ્યો.[૧]

આગળ ઉપર એમણે એક-એક અવતારી પુરુષોના ગુણો વર્ણવી સત્તાવારની પ્રાર્થના લખી છે. એમનાં સર્વધર્મ સંસ્થાપક સ્મરણો પણ વાગોળવા જેવાં છે. એમની સર્વધર્મ પ્રાર્થના તો કેટલાંક ઘરોમાં અને સંસ્થાઓમાં આજે પણ રોજ ગવાય છે.

જૈન સાધુ તરીકે પાદવિહાર, ભિક્ષાચરી અને અપરિગ્રહ સાથે પોતાના નિર્ધારિત લક્ષ તરફ તેઓ આગળ વધતા રહ્યા.

સંતબાલજીને શ્રદ્ધાંજલિ આપતાં વિમલાબહેન ઠાકર લખે છે, 'સંતબાલજી ગાંધી તત્ત્વજ્ઞાનના તથા જૈન તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતોને વળગી રહ્યા. તેનાથી તેમનું વ્યક્તિત્વ અદ્ભુત રીતે સમૃદ્ધ થયું છે. અહિંસા તો તેમના જીવનમાં વણાઈ ગઈ હતી. તેમણે પોતાના સમગ્ર જીવન અને કાર્યમાં જે મૂકક્રાંતિ કરી તેનાથી તેમના સમયના જૈન મુનિઓ અને શ્રાવકોના મનમાં ગૂંચવણ ઊભી થઈ. તેમણે ધર્મને સામાજિક સેવા સાથે જોડ્યો.[૨]

સામાજિક કાર્યમાં પણ એમની પદ્ધતિ પૂર્ણરૂપે અહિંસક હતી. એમની પદ્ધતિનું નામ છે 'શુદ્ધિપ્રયોગ' એટલે કે શુદ્ધ કરવાની પ્રક્રિયા.

## સમાજસેવાના ક્રાંતિકારી

વ્યક્તિ સાથે સમાજનું અને સ્વ સાથે પરનું કલ્યાણ થઈ શકે એવી સમાજસાધનાના સંતબાલજી પુરસ્કતા હતા.

ગરીબી, શોષણ, અન્યાય, અજ્ઞાન અને રોગથી ગ્રસ્ત તેમ જ શાહુકારી અને જમીનદારી પ્રથાની ભીંસથી ઘેરાયેલી, વેઠપ્રથાથી ત્રાસેલી, વહેમ અને રૂઢિપરંપરાથી તેમ જ આત્મવિશ્વાસ ગુમાવી બેઠેલી હતાશ જનતાની વચ્ચે તેમણે અત્યંત ધીરજ અને વાત્સલ્યભાવથી સેવાનું કામ કર્યું.

''સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું'' એ પંક્તિને સામુદાયિક પ્રાર્થનામાં વ્યાપક રીતે પ્રચલિત અને લોકભોગ્ય બનાવી રચનાકાર્યનાં અનેક કેન્દ્રો

ઊભાં કરવામાં પ્રેરકબળ બન્યા.

સંતબાલજી આપણા સમાજમાં એક સતત જાગ્રત, જાણકાર, જવાબદાર જીવ તરીકે વર્ત્યા અને રહ્યા. ધર્મનું ઊંડું ચિંતન કરવા સાથે એમણે સમાજની ધારણા માટે ઉત્કટ, ઊલટભેર ને કોઈને વળી ઉગ્ર લાગે એવું કાર્ય હિંમતભેર કર્યે રાખ્યું. તેમણે જણાવ્યું છે કે, ''આપણા પ્રશ્નોનો એકમાત્ર જવાબ સમાજની ધાર્મિક અને નૈતિક પાયા પર પુનર્રચના છે. સ્વાર્થપ્રેરિત ભૌતિક પાયા પર નહીં.''[૫]

મુનિશ્રી સંતબાલજી અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા, ખાદી અને ગામડાંના વિકાસ માટે સતત મથતા રહ્યા. તેમણે આ પ્રવૃત્તિઓના અમલ માટે નિષ્ઠાવાન કાર્યકરો તૈયાર કર્યા તથા અન્યાય સામે અહિંસક પ્રતિકાર અને અનિષ્ટ રિવાજોની નાબૂદી જેવાં કાર્યોમાં પણ તેમની સેવાનો ઉપયોગ કર્યો. તેમણે આ પ્રવૃત્તિઓના અમલ માટે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સૌથી પછાત એવો પ્રદેશ પસંદ કર્યો કે જ્યાં ચોરી, લૂંટફાટ, પરણેલી સ્ત્રીઓનું અપહરણ જેવાં અનિષ્ટો પ્રવર્તતાં હતાં, જ્યાં અર્ધ-ભૂખમરાથી લોકો પીડાતા હતા, જ્યાં કેટલાંક હરિજન કુટુંબો મરી ગયેલાં ઢોરનું માંસ ખાતા, જ્યાં ઢોરનાં છાણમાંથી નીકળેલ અનાજના દાણા વીણીને તેનો ખોરાકમાં ઉપયોગ કરતા, જ્યાં પીવાના પાણીની એટલી બધી અછત હતી કે લોકોને તળાવમાં ખાડા કરી એમાં એકત્ર થયેલું પાણી બીજું કોઈ ચોરી ન જાય તે માટે ખાડા પર ખાટલો રાખી તેના પર આખી રાત સૂવું પડતું. આવો ભાલનળકાંઠા જેવો વેરાન, ક્ષારયુક્ત અને અછતગ્રસ્ત પ્રદેશ પસંદ કર્યો. ખેડૂતો મોટા ભાગે સતત દેવામાં ડૂબેલા રહેતા તથા તેમને ભારે વ્યાજ ચૂકવવું પડતું. પાણીની સતત અછતને લીધે તેમનામાં સ્વચ્છતાનો અભાવ હતો તેથી તેઓ અનેક રોગોથી પીડાતા.

સંતબાલજીએ કેટકેટલી હિંસાઓ અટકાવી છે. નળ સરોવરને કાંઠે આવેલ જુવાલ ગામના લોકો શિયાળામાં આવતાં સુંદર પક્ષીઓનો શિકાર કરતા, બહારના લોકો પણ શિકાર કરવા આવતા, આ વાતને તેમણે અટકાવી. અહિંસકાત્મક રીતે પ્રેમ અને સમજણથી કબૂતરોને શેકીને ખાવીન પ્રથા પણ ગામના જુવાનિયાઓને સમજવી દૂર કરી. પાણીની રાહત માટે જલસહાયક સમિતિની રચના કરી લોકોને મદદ આપી. ખેડૂતોના ભલા માટે ખેડૂતોનું સંગઠન ઊભું કર્યું પરંતુ તે પણ ન્યાય-નીતિ માર્ગે જ ચાલે એવું ધ્યાન રખાતું.

વિરમગામમાં કૉલેરા ફાટી નીકળતાં સંતબાલજી પોતે સૂકી રાખ લઈ લોકોનાં

મળ-મૂત્રને ઢાંકવા નીળી પડ્યા. પછી તો યુવાનો પણ કોદાળી-પાવડા લઈ સફાઈના કામમાં લાગી ગયા.

સંતબાલજીએ સાત સ્વાવલંબનનો કાર્યક્રમ આપ્યો.

*પેટ, પહેરણ અને પથારી,*
*શિક્ષણ અને આરોગ્ય,*
*ન્યાય અને રક્ષણ,*
*એ સાતે બાબતમાં*
*ગામડાં પગભર બને.*

આમ, આર્થિક સ્વાવલંબન અને સત્તાના વિકેન્દ્રીકરણના નમૂનારૂપ સાકાર થયું સાત સ્વાવલંબન.

ગ્રામજનોને પણ સ્વાશ્રયી બનાવવા તેમણે અથાગ પ્રયત્ન કર્યા. પોતાનાં શીલ, સંયમ અને તપના પ્રભાવથી દીન-હીન ગ્રામપ્રજામાં આશાનો સંચાર તથા શ્રદ્ધાબળ પેદા કર્યાં. ગ્રામપ્રજા પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે તેમ છે. તેલી આત્મશ્રદ્ધાનું બીજારોપણ કરી તેને બેઠી કરી, અન્યથા ગ્રામપ્રજા પ્રારબ્ધવાદી અને સરકાર માયબાપ બધું કરશે એમ માનનારી હોય છે.

ગુજરાતના ભાલનળકાંઠાના પ્રદેશમાં ૪૫ વર્ષ સુધી મુનિશ્રી સંતબાલજી પ્રેરક અને શ્રદ્ધેય પુરુષ તરીકે માર્ગદર્શન આપતા રહ્યા. એમની હૂંફથી અને એમની જ રાહબરી નીચે સ્થપાયેલી સંસ્થાઓની દોરવણી તળે સામાન્ય ગણાતા માણસોએ અસામાન્ય ગણાય તેવાં કાર્યો કર્યાં.[૭] સર્વોદય વિચારને અનુરૂપ પરિસ્થિતિ-પરિવર્તન, વિચાર-પરિવર્તન અને હૃદય-પરિવર્તન માટે તેમણે અથાગ પ્રયત્ન કર્યો.

પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાને હોડમાં મૂકીને ય સામાજિક મૂલ્યોની રક્ષા માટે પોતાનું આખું જીવન એમણે ખર્ચી નાખ્યું. સમાજજીવનનું કોઈ પણ અંગ એવું નથી કે ધર્મ દૃષ્ટિએ સમાજરચનાના એમના આદર્શો અને વિચારોથી અલિપ્ત રહ્યું હોય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક, નૈતિક અને અધ્યાત્મિક એમ દરેક ક્ષેત્રે એમણે નવી કેડીઓ પાડીને તે પર પ્રજાનો પદસંચાર કરાવ્યો. તેમણે અન્યાયને અહિંસક પ્રતિકાર અને સત્ય, ન્યાય તેમ જ પ્રેમની સ્થાપના માટે સત્યાગ્રહના અભિનવ પ્રયોગો કર્યા.

આ ચાર બળોનાં નામ છે - (૧) રાજ્ય (૨) રાજ્યના વહીવટ અને કાયદાકીય તંત્રને દોરવણી આપી શકે તથા તેના પર અંકુશ રાખી શકે એવી લોકોની

સંખ્યાઓ કે જે સંસ્થાઓ સ્વૈચ્છિક ધોરણે રચવામાં આવી હોય (૩) લોકોના સંગઠનોને સાચી દોરવણી પૂરી પાડી શકે તે માટેના આધ્યાત્મિક અને સામાજિક આગેવાનો અને (૪) સમાજના આધ્યાત્મિક નેતઓ અને સંતો જેઓ ઉપરનાં ત્રણેય બળોને પ્રેરણા અન દોરવણી આપવાનું કામ કરતા હોય.[૯]

## સંતોએ રાજકારણની અસ્પૃશ્યતા છોડવી

લોકશાહીના યુગમાં સંતો જો લોકજાગૃતિનું કામ ન કરે તો બીજા કોણ કરશે ? મુનિ સંતબાલજીએ 'લોકલક્ષી લોકશાહી' એવું વિશેષણ વાપર્યું હતું. કારણ વિશ્વભરમાં લોકશાહીઓએ પોતાની અર્થસભરતા અને હેતુલક્ષિતા લગભગ ગુમાવ્યાં છે. કેન્દ્રમાં 'લોક'ને બદલે પદ, પૈસા અને પ્રતિષ્ઠા જોવા મળે છે.

આચાયરવિચારે ચુસ્ત જૈન સાધુ રહીને તેઓ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં લોકકલ્યાણનાં કાર્યોમાં રસ લેતા હતા. આવાં કાર્યો અંગે ઉપસ્થિત થતા પ્રશ્નો વિશે તેઓ જેમ બોલતા હતા, જેમ ચિંતન-મનન કતા હતા તેમ તે વિશે લખતા પણ રહેતા હતા. 'વિશ્વવાત્સલ્ય' નામનું પાક્ષિક એ માટેનું એક સબળ સાધન હતું. જાહેર પ્રશ્નો અને પ્રવૃત્તિઓ અંગે એમણે આ પત્ર દ્વારા પુષ્કળ લખ્યું હતું. એમના લખાણોમાં વૈવિધ્યનો પાર નહોતો, કારણ પ્રવૃત્તિ તથા તેમાંથી પ્રગટતા પ્રશ્નોનો પાર નહોતો. તેમનું કહેવું હતું કે ''હોદ્દાથી કે સ્વાર્થથી પર રહે એવો સંન્યાસી ધર્મગુરુ જેટલો રાજકારણમાં ઊંડો ઊતરશે તેટલો વધુ ધર્મકુશળ અને રાજકારણ પણ વધુ નિર્મળ બનશે.''[૧૧]

લોકશિક્ષણ વિના લોકશાહીનો આરો નથી. લોકમત વિના લોકશાહીનો આધાર નથી. આમ સંતબાલજીનું ચિંતન સ્પષ્ટ હતું. પ્રજા દોરે, રાજ્ય અનુસરે, એ લોકશાહીનો રાજમાર્ગ છે. પ્રજાની પહેલ અને રાજ્યની સંકલ્પ-સામર્થ્ય-સંપન્ન પુરુષાર્થ એ રવૈયો લોકશાહીને ખપે છે એ એનો મિજાજ છે. સંતબાલજીને સતત ચિંતા રહેતી કે જનશક્તિને રાજ્ય-સમાજના રોજબરોજનાં કર્યોમાં શી રીતે પ્રગટ કરવી ?

મુનિશ્રીની માન્યતા હતી કે લોકશાહીનું આધારસ્થળ સત્ય-અહિંસા હશે તો પક્ષીય સરકાર રહે, તો ય નિષ્પક્ષ લોકશાહી આ દેશમાં જરૂર ઊભી થશે. મુનિશ્રીની સત્ય-અહિંસાનાં નીતિત્તત્વો પરની આસ્થા દૃઢ હતી તેથી જ તો તેમણે કહ્યું છે, ''રાજ્ય કરતાં પ્રજા હંમેશાં ઊંચી છે, અને પ્રજા કરતાં યે નીતિ, ન્યાય અને સત્ય સર્વોપરી છે.''[૧૩]

મુનિશ્રી કહે છે તેમ, ''ધર્મપૂત સંસ્થાઓનો અંકુશ ભારતીય લોકશાહીને જ મળી શકશે.''[૧૬] તેઓ કહેતાં લોકશાહીમાં ૧) લોકોનો સામાજિક કાબૂ હોવો જોઈએ ૨) લોકસેવકોનો નૈતિક કાબૂ હોવો જોઈએ ૩) સંતોનો આધ્યાત્મિક કાબૂ હોવો જોઈએ.

એમનું કહેવું હતું કે, ''પક્ષરહિત લોકશાહી તથા ઓછામાં ઓછા કાનૂન અને દંડશક્તિ એ રાજ્ય માટે અહિંસક ક્રાંતિ તો જરૂરી નવો ઉપાય છે. તે જ રીતે ગ્રામલક્ષી સર્વહિતચિંતક, નિઃસ્પૃહી અને સત્તાવાદી પક્ષોથી પર રહેલા શ્રેષ્ઠ પુરુષોની દોરવણી મુજબ જ ચાલતું જનતા સંગઠન એ પ્રજા માટે અહિંસક ક્રાંતિનો જરૂરી નવો ઉપાય છે. આવા જનતા સંગઠનનું મહત્ત્વનું અંગ ગ્રામસંગઠન છે.[૧૭]

**સમાપન :**

સંતબાલજી વિશ્વવાત્સલ્યના આરાધક હતા. ધર્મમય સમાજરચનાના પ્રયોગકાર હતા. સર્વધર્મ ઉપાસનાના સાધક હતા, સામુદાયિક અહિંસાના પ્રયોગકર્તા, આધ્યાત્મિક ચિંતક, વિદ્વાન સાહિત્યકાર, પ્રખર સાધનાશીલ હતા. તેઓ જાગ્રત યુગદૃષ્ટા અને સર્વાંગી વ્યાપક દૃષ્ટિવાળા અનુબંધકાર હતા.

જ્યાં વાત્સલ્ય છે ત્યાં સેવા સહજભાવે છે જ. ઉપરાંત, વાત્સલ્યમાં હિંસાના અભાવ સાથે વિશુદ્ધ પ્રેમનો સદ્‌ભાવ પણ આવી જાય છે.

'સકળ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું' આ સંતબાલજીની કાવ્યપંક્તિ ગુજરાતી ભાષાનું ગૌરવ છે.

(ડૉ. ગીતાબહેન મહેતાએ મુંબઈની મહર્ષિ દયાનંદ કૉલેજમાંથી રિટાયર થયા કે. જે. સોમૈયા 'સેન્ટર ફોર સ્ટડીઝ ઇન જૈનિઝમ'માં ડાયરેક્ટર તરીકે કાર્ય કર્યું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક કૉન્ફરન્સમાં શોધ પેપર રજૂ કર્યાં છે).

***ભિક્ષુકો પૂર્ણ અહિંસા પાળે છે માટે દરેક જીવોના પ્રતિપાલક ગણાય છે. તે જ જગવત્સલ મહાવીરે સાધુને છકાયના પિયેર એટલે મા-બાપ ગણાવ્યા છે.***

# ૨૮ સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના મુનિશ્રી સંતબાલજી, સંત વિનોબાજી અને મહાત્મા ગાંધીજી સંદર્ભે

— ડૉ. પૂર્ણિમા શાહ

**દુર્લભમ્ ભારતે જન્મ, માનુષ્યમ્ તંત્ર દુર્લભમ્ -**

**ભા**રતમાં જન્મ પ્રાપ્ત થાય એ જ એક સૌભાગ્યની વાત છે અને તેમાં પણ મનુષ્ય-જાતિમાં જન્મ એ વળી અહોભાગ્ય. મહાવીર, બુદ્ધ, રામ, કૃષ્ણ એવા અનેક મહાન પુરુષોનાં ચરણના સ્પર્શથી પાવન થયેલી આ માતૃભૂતિમાં એટલા મહાપુરુષ સાધક, શોધક, તત્ત્વચિંતક, સમાજસુધારક થઈ ગયા અને એમની પ્રતિભાએ એટલા ઊંચા નિશાન તાક્યાં કે તે જોઈને કોઈ પણ અશ્ચર્યચકિત થઈ જાય. એમના ત્રણ મહાન વિભૂતિ, પૂ. સંતબાલમુનિશ્રી, મહાત્મા ગાંધી અને વિનોબાજી જેઓ દેશ-સમાજ માટે નવજાગૃતિનો નવનિર્માણમાં ઘણો મોટો ફાળો આપણને આપતા ગયા છે.

માનવજીવનમાં ધર્મનું ઘણું મહત્ત્વનું સ્થાન છે. ધર્મ વિનાના માનવજીવનની કલ્પના શક્ય નથી. કોઈ પણ એક ધર્મ જ શ્રેષ્ઠ છે અને અન્ય ધર્મ એની તુલનામાં નબળા છે એવી માન્યતામાંથી ધર્મ-ધર્મ વચ્ચેના સંઘર્ષ અને અશાંતિનું વાતાવરણ સર્જાય છે.

જગતના કોઈ પણ ધર્મ સનાતન જીવન મૂલ્ય, ક્રમ, નીતિ-નિયમો, સત્ય, અહિંસા અને વિશ્વકલ્યાણના આદર્શથી વિમુખ હોઈ શકે નહીં, કોઈ પણ વ્યક્તિ જન્મ લેતાં પહેલાં ધર્મને સ્વીકારીને જન્મ લેતો નથી, પરંતુ એ ધર્મ તેને વારસામાં મળ્યો છે, અને મારો જ ધર્મ શ્રેષ્ઠ છે તે મિથ્યા છે, અભિમાન છે, આવી મિથ્યા માન્યતાનું ખંડન સર્વધર્મ સમભાવથી જ શક્ય બની શકે. આજના યુગની જરૂરત - સર્વધર્મ સમભાવ.

સર્વધર્મ સમભાવ આજના યુગની સૌથી મહત્ત્વની જરૂરત છે. સર્વધર્મ સમભાવ ધર્મ - ધર્મ વચ્ચેના ભેદભાવ દૂર કરે છે અને પ્રત્યેક ધર્મ પ્રત્યે સરખા આદરની અપેક્ષા રાખે છે. કોઈ પણ પ્રકારની ધાર્મિક અસહિષ્ણુતાને સ્થાન આપતું નથી, તે ધર્માંતરનો વિરોધ કરે છે અને પ્રતિપાદન કરે છે કે પ્રત્યેક ધર્મ સત્ય તરફ દોરી જાય છે અને પ્રત્યે ધર્મ બીજા ધર્મમાંથી કંઈક શીખી શકે છે.

પૂ મુનિશ્રી સંતબાલજી, સર્વ ધર્મોપાલનમાં દર્શાવે છે કે :

૧) નીતિ ૨) સદાચાર ૩) સ્વરૂપ સાધના યોગ - આ ત્રણેયના આધારે જગતના સર્વ ધર્મોનું વર્ગીકરણ આ રીતે થઈ શકે. નીતિપ્રધાન ધર્મ રૂપે ઇસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને જરથોસ્તી ધર્મને ગણાવી શકાય. વૈદિક ધર્મ નીતિની સાથે સદાચાર પ્રધાન છે. બૌદ્ધ ધર્મ નીતિ, સદાચાર સાથે તત્ત્વજ્ઞાન સાથે આત્મયોગ પ્રધાન છે. આગળ સંતબાલજી કહે છે કે, કોઈ પણ ધર્મને મૂલવો હોય તો તેને તત્ત્વજ્ઞાન અને સદાચારની દૃષ્ટિએ જ મૂલવવો જોઈએ, તો જ દરેક ધર્મનો તફાવત સમજી શકાશે.

સર્વધર્મ પ્રત્યે આદર રાખનારાઓમાં ગાંધીજીની ગણના થાય છે. ગાંધીજીએ હિન્દુ, ખ્રિસ્તી, ઇસ્લામ વગેરે ધર્મોનું મૂળ ભાષામાં ઊંડું અધ્યયન કર્યું હતું. ગાંધીજી પ્રાર્થનામાં કુરાનની આયાતો પણ બોલાવતા. તેઓ કહેતા કે કુરાનની વાતો ગીતાથી અલગ નથી. ગાંધીજી દરેકને કહેતા કે તમારો ધર્મ બીજાના ધર્મોથી જુદો નથી કે મહાન પણ નથી, બધા ધર્મો પ્રત્યે આદર કરવો. તેમણે સર્વધર્મને સમાન માન મળે તેવો પ્રયત્ન કર્યો છે. તેમણે લોકોને ધર્મની પવિત્ર ભાવના સમજાવી.

તેમણે લોકોને જણાવ્યું કે, પોતાનો જ ધર્મ બીજા ધર્મો કરતાં ચડિયાતો છે અથવા તો એક જ સાચો ધર્મ છે એવી નીતિનું પરિણામ ખરાબ આવે. તેથી નીતિ કે સદાચારના મૂળ સિદ્ધાંતો સર્વધર્મમાં સમાન છે, તેમ તેમણે કહ્યું.

બધા ધર્મોને ભેગા કરવાની દૃષ્ટિએ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સર્વધર્મ પ્રાર્થના ચલાવી. ધર્મ આપણો ચતુરર્વિધ મિત્ર છે. (વ્યક્તિગત, સામાજિક, ઐહિક, પારલૌકિક) એ સંદર્ભમાં બધા ધર્મોનો સમન્વય કર્યો. તેઓ સર્વધર્મના લોકોને એકમાત્ર સલાહ આપવાનું કામ નહોતા કરતા, પરંતુ તમામ પ્રવૃત્તિમાં તેમણે પ્રત્યક્ષ ઉદાહરણ તરીકે જોઈએ તો ગુજરાતમાં અમદાવાદ શહેરમાં આવેલી ગુજરાત વિદ્યાપીઠ એ એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે, જેમાં સહુ પ્રથમ ગાંધીજીએ બાઈબલ ખંડની સ્થાપના કરી, તેમાં સર્વધર્મના લોકો ભેગા થતા અને પ્રાર્થના કરતા. આ બાઇબલ ખંડની અંદર જગતના અગિયાર ધર્મોની પ્રાર્થના તેમ જ પ્રતીકો જોવા મળે છે. હાલમાં પણ ગુજરાત વિદ્યાપીઠમાં સર્વ ધર્મના લોકો એકસાથે પ્રાર્થના તેમ જ શિક્ષણ કાર્ય કરી રહ્યા છે. ગાંધીજીના આ વિચારોને ... આદર્શોને ... મૂર્તિમંત સ્વરૂપ આપવાની સતત પ્રવૃત્તિ કરતા આચાર્યશ્રી વિનોબા ભાવેએ સર્વધર્મ સમભાવ પર વ્યાપક અને સરળ ચિંતન રજૂ કર્યું છે. વિનોબા ભાવે જણાવે છે કે સર્વધર્મ સમભાવમાં ચાર બાબતો જરૂરી છે.

૧) સર્વધર્મ નિષ્ઠા ૨) બીજા ધર્મ પ્રત્યે આદરની લાગણી ૩) સર્વધર્મની સુધારણા. આવી સુધારણા કર્યા વિના માણસની પ્રગતિ શક્ય નથી ૪) અધર્મનો વિરોધ.

આ ચાર મુદ્દાઓનો સમન્વય સધાય ત્યારે સર્વધર્મની ભાવના સિદ્ધ થાય છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની કે ધર્મ-ધર્મ વચ્ચેની અશાંતિ આપોઆપ શમી જાય છે. સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના સાધી શકાય છે અને માનવકલ્યાણ માટેની સાચી દિશા પ્રાપ્ત થાય છે.

ગુજરાતની પુણ્યપવિત્ર ભૂમિ પર પૂ. મુનિશ્રી સંતબાલજીએ પણ લોકોને આ બાબતમાં પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેઓ સર્વધર્મ પ્રત્યે આદરભાવ જળવાય તેટલા માટે શિબિરોનું આયોજન પણ કરતા. સહુને શિસ્ત, શાંતિ અને મૈત્રીના ઊંડા ભાવ સમજાવતા. શુદ્રમાં શુદ્ર માણસને જેવું માંસ રૂધિરનું ખોળિયું મળ્યું છે, તેવું જ ઘડીમાં સડી અને કોહવાય જાય તેવું ખોળિયું આપણને સહુને મળ્યું છે, તેથી સર્વધર્મ એક સમાન માની દરેકના ધર્મને માન આપવું જોઈએ.

પૂ. મુનિશ્રી સંતબાલજીએ કેટલાંક યાદગાર કાવ્યોની પણ રચના કરી છે, જેમાં દરેક ધર્મને સંયોગીકરણ કરવાનો ભાવ જણાય છે, તેમની સાત વારની પ્રાર્થનામાં આપણે બધા ધર્મો માટેનો આદર અને સ્નેહ જોવા મળે છે. સોમવારે-રામ, મંગળવારે-મહાવીર, બુધવાર-બુદ્ધ, ગુરુવારે-કૃષ્ણ, શુક્રવારે-મોહમ્મદ સાહેબ, શનિવારે-અશોજરથુસ્ટ્ર અને રવિવારે-ઇશુ. આમ સાત વારની સાત વારની સમૂહ પ્રાર્થનાનો અનોખા પ્રયોગ સર્વ સ્થળે પૂજ્યશ્રીએ જાહેરમાં કર્યો અને લોકોના હૃદય પર અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું. આ સાત વારની પ્રાર્થના સહુકોઈને આનંદ આપે છે તેમ જ સર્વધર્મ સમભાવથી આદર, માનની ઉત્કટ ભાવના પ્રગટ થાય છે. આ ઉપરાંત તેમને સર્વધર્મના સંસ્થાપકોએ સંક્ષેપમાં સચોટતાથી વંદન કર્યા છે.

આજનાં કોમી તોફાનો તથા અશાંત જગતને શાંતિનો શુભ સંદેશ આપવાની તાકાત આ કાવ્યમાં છે.

આ ઉપરાંત તેમણે આત્મચિંતનમાં લખ્યું છે - હાલમાં આધુનિક અશાંત વિશ્વમાં ધર્મના નામે જે ભયંકર યુદ્ધો ખેલાઈ રહ્યાં છે, માનવ-માનવ વચ્ચે ધર્માંધતાની ઊંડી ખાઈ ખોદાઈ રહી છે અને માનવીની ક્રૂર હિંસા થઈ રહી છે ત્યારે વિશ્વવાત્સલ્યતા જગાડનાર એવા પૂજ્યશ્રીઓનો સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના પરમ શાંતિના માર્ગે જ દોરી જાય છે.

*ધરમાં મંગલ મુક્કિઠ્ઠ, અહિંસા સંજમો તવો*
*દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો*

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ રૂપ છે. તે અહિંસા, સંયમ, તપ એમ ત્રિપુટી રૂપે છે. જેનું મન હંમેશાં ધર્મમાં લીન રહે છે તેને દેવતા તથા બીજા સમૃદ્ધશાળી પુરુષો પણ નમન કરે છે.

(આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયન કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠના અમદાવાદ H.O.D. છે. અનેક રાષ્ટ્રીય પરિસંવાદ અને જ્ઞાનસત્રો સાહિત્ય સમારોહમાં પૂર્ણિમાબહેન અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે).

***સંયમી જીવન એટલે શાંતિમય પાપમુક્ત પવિત્ર જીવન***

# ૨૯ મુનિ સંતબાલજીનું સર્વધર્મ પર ચિંતન

— ડૉ. રસિકભાઈ મહેતા

જૈન સંત સંતબાલજી, જગતસંત તરીકેનું બિરુદ પ્રાપ્ત કરે છે. ગાંધીજીની જેમ તેમને પણ ખૂબ નાની વયથી ઉદારમતવાદ ધર્મસંસ્કાર મળ્યા છે. તેઓનાં માતા મોતીબહેન પાસેથી ધાર્મિક-નૈતિક સંસ્કારો તો મળ્યા પરંતુ ટોળ ગામની મસ્જિદના ઈમામ અલીશાહ અને મંદિરના પૂજારી કરસનજીભાઈ દ્વારા નીતિ અને સદાચારના - ધર્મસહિષ્ણુતાના આદર્શોનું બીજારોપણ પણ થયું.

૧૩ વર્ષની નાની વયે સૌરાષ્ટ્રના નાનકડા ગામને છોડી મુંબઈ કમાવા માટે જવું પડે છે. મુંબઈમાં તેઓનું વ્યક્તિત્વ સરસ રીતે વિકસે છે અને અનેક સંસ્કારો ગ્રહણ કરે છે. જૈન સંત પૂ. સૌભાગ્યમલજી, પૂ. નાનચંદ્રજી મહારાજનાં પ્રવચનોની ઘેરી અસર પડે છે. રાષ્ટ્રીય નેતાઓ લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધીજી આદિની લોકકલ્યાણ અને લોકસેવાની ભાવના પણ ખૂબ પ્રભાવ પાડે છે. 'ધર્માનુબંધી સમાજરચના'નાં કાર્યો આરંભે છે. જગતના બધા મુખ્ય ધર્મોનો અભ્યાસ કરે છે.

''ધર્મ અમારો એકમાત્ર એ - સર્વધર્મ સેવા કરવી''. એવું જીવનભર ગાનાર અને વધુમાં વધુ આચારણમાં મૂકનાર સંતબાલજી કહે છે ધર્મ એક છે, રીત-રિવાજ અનેક છે. જીવમાત્રની પીડા દૂર કરનાર ધર્મ છે, પંથ કે સંપ્રદાય શરીર છે, ધર્મ આત્મા છે. ધર્મ આકાશમાંથી અવનિ પર વરસતું પાણી છે. જેમ વરસાદના પાણીમાં ક્યાંય ભેદ નથી, તેમ આધ્યાત્મિક આનંદરૂપે ધર્મનું દર્શન પણ એક જ છે. ધમને વર્તમાનમાં આપણે સંકુચિત દીવાલોમાં પૂરી દીધો છે. સંકુચિતતા, કટ્ટરતા, ધર્મઝનૂન, ધર્માંધતા આજે ચારેબાજુ જોવા મળે છે.

**સર્વધર્મ - પરધર્મ**

ક્રિયાકાંડના ઉપલક ખોખાં જાળવી રાખવા એ જ જાણે કે સ્વધર્મ છે. પરંપરાગત સંસ્કારોમાં પેસી ગયેલી રૂઢિને જ પોતાનો ધર્મ માનતો હોય અને તેથી ભિન્ન તે પરધર્મ આવો ઊલટો અર્થ, સહુ કોઈને માટે મુશ્કેલીઓ સર્જે છે.

કૂવાના દેડકાં માફક પોતાના સંપ્રદાયમાં જ પૂર્ણધર્મ છે અને તે પણ પોતે જેવો માને છે તેવો જ ધર્મ. આવી માન્યતાવાળા, પોતાના માની લીધેલા ધર્મને જાળવવા માટે કંઈક નિર્દોષ માનવોના સંહાર, અનેક જીવો પર અત્યાચાર કરવા, રાક્ષસોને શરમાવે તેવી નિર્દયતા બતાવવી, પોતાના હઠાગ્રહોને પોષવા માટે હિંસા, ચોરી, મારફાડ - આ બધું આજે તો ગુણમાં ખપે છે. આનાથી કેટલું નુકસાન થઈ રહ્યું છે - માણસ-માણસ વચ્ચે કેવી વિરાટ ખાઈ ખોદાઈ રહી છે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. હકીકતે, આપણે બધાં મનુષ્યો છીએ. મનુષ્યો સર્વ સરખા છે. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયની વ્યક્તિ હોય પરંતુ મનુષ્યને નાતે તેની સાથે પ્રેમ રાખવો જોઈએ. તેના સુખ-દુઃખમાં સહભાગી થવું જોઈએ એ જ આત્મધર્મ છે.

સર્વધર્મ સમન્વય - સર્વધર્મ સમભાવ એ હકીકત સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ધરતી પરના કાઈ પણ માનવને કે પ્રાણીને દુઃખ આપવાથી કોઈને સુખ મળે જ નહીં. લોકકલ્યાણ અને લોકમાંગલ્યની ઉત્તમ પ્રવૃત્તિ કરવાનું ધર્મ શીખવે છે. સંસારના જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થવું હોય તો ઉદારમતવાદી બની, ઇન્સાનમાત્ર 'ખુદાના પુત્ર' છે એવું સમન્વયવાદી વલણ સ્વીકારવું જોઈએ.

વ્યવહારધર્મનો સ્વીકાર કરી, આપણા જીવનને સાર્થક કરવા આપણે ૧) કુટુંબધર્મ ૨) સમાજધર્મ ૩) રાષ્ટ્રધર્મ ૪) વિશ્વધર્મ પણ બજાવીએ અર્થાત્ - કુટુંબ પ્રત્યે સંપૂર્ણ કર્તવ્યપરાણ રહેવું. સમાજની વ્યવસ્થામાં ઉપયોગી થવું અર્થાત્ સમાજના લોકોને સન્માર્ગે દોરવા. દેશપ્રેમ અને દેશકલ્યાણની પ્રવૃત્તિમાં પૂરો રસ

લેવો અહિંસક રીતે બધી પ્રવૃત્તિઓ ચલાવવી, કદી પણ દેશદ્રોહી ન થવું.

આખા વિશ્વનાં પ્રાણીઓ આપણા બંધુઓ છે એવી સતત જાગૃતિ રાખીએ. કોઈને પણ આપણી ક્રિયા, વાણી કે વર્તનથી દુઃખ ન પહોંચે તેની કાળજી રાખી માનવજીવનને સાર્થક કરીએ.

મહાત્મા ગાંધીજીની જેમ સંતબાલજીએ પણ સર્વધર્મ પ્રાર્થના અને સવાર-સાંજની અલગ-અલગ પ્રાર્થના દ્વારા ધર્મઉપાસના કરવાનું દર્શાવે છે. બધા મુખ્ય ધર્મોના મહાન પ્રણેતાને વંદન - 'સાત વારની પ્રાર્થના'માં કર્યું છે. વિશ્વવાત્સલ્ય એમનું જીવનધ્યેય છે.

*''સકલ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું*
*એ જ ભાવનાના અનુયાયી બનવાનું સહુને તેડું''.*

'સર્વજનહિતાય - સર્વજનસુખાય' ધર્મપ્રવૃત્તિ કરવી જોઈએ. સર્વધર્મ પ્રેમીઓ માટે આદર્શરૂપ ઉપાસના માર્ગ તેઓએ દર્શાવ્યો છે. ધાર્મિકતા માણસના વ્યક્તિત્વમાં અખંડ સ્વરૂપે હોવી જોઈએ. નિઃસ્વાર્થતા, અર્પણતા અને પ્રેમ અ ત્રણે પાયા પર જે ક્રિયાથી જીવનનું ચણતર થાય એ ક્રિયાનું નામ ધર્મક્રિયા.

મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબા ભાવે અને સંતબાલજીના સર્વધર્મ સમભાવ અને સર્વધર્મ ઉપાસનાના ત્રણેયના વિચારમાં ખૂબ સામ્ય છે. માનવીના કલ્યાણ માટેની - સેવા માટેની વિશ્વમાંગલ્યની મંગલપ્રવૃત્તિ છે. આજના અશાંત વિશ્વને ધર્મને નામે ખેલાતી અનેકવિધ પ્રપંચલીલામાંથી શુભ માર્ગે દોરી જવાની અનોખી દશા અને દિશા બતાવી છે.

(ડૉ. રસિકભાઈએ મુંબઈ અને અમદાવાદની કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. નિવૃત્તિમાં સાધુ-સંતોને ભણાવવાનું કાર્ય કરતા હતા).

*સાધુજીવન એટલે પુનઃસ્વાર્થી, નિસ્પૃહી, સ્વતંત્ર અને નિર્લેપી જીવન.*

# ૩૦ સંતબાલજીનું ગૃહસ્થ ચિંતન

— નયનબહેન નાનાલાલ મોદી

પરમાકૃપાળુ પરમાત્માની અવિરત કૃપાથી અહોભાગ્ય ધરાવનાર ભૂમિ, શૈલ, સરિતા, સમુદ્ર, અરણ્યરૂપી ભૂમિ, કલા-સ્થાપત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરતી ભૂમિ એટલે સૌરાષ્ટ્ર, જ્યાં આદ્યકવિ નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, પ્રેમાનંદના આખ્યાનો, અખાના છપ્પા અને ચારણોના દોહા-છંદ આજે પણ સૌરાષ્ટ્રની ભૂમિમાં ગુંજી રહ્યાં છે. આવી ગુણવંતી, જયવંતી, શોભાવંતી અનેક રૂપકોને પ્રાપ્ત સૌરાષ્ટ્રની ભૂમિને ગૌરવ અપાવનાર એવો મોરબી તાલુકો, જ્યાં મોરબીના રાજા લખધીરસિંહજી ઠાકોર મોરબીની આન-બાન-શાન વધારી રહ્યા છે. મોરબી તાલુકામાં જન્મ લેનાર મહાપુરુષો ઋષિ દયાનંદ અને શ્રીમદ્ રાજચંદ્ર જાણે મોરબી તાલુકાના મસ્તકનો તાજ હોય એ રીતે શોભા વધારી રહ્યા છ.તો પૂ. સંતબાલજીને મોરબી તાલુકાની હૈયાની ધડકન કહી શકાય. આવા મોરબી તાલુકાની એવી એક જિંદગીના સંસ્મરણોને આજે મારે ઉજાગર કરવા છે, સીંચવા છે.

સ્થાનકવાસી સમાજના જૈન સંત જે જન-જનના સંત બની લોચાહના પ્રાપ્ત કરી છે એવા પ.પૂ. સૌભાગ્યમુનિ મ.સા. ઉર્ફે 'પૂ. સંતબાલજી' એક આદર્શ સાધુ, ક્રાંતિકારી, પરોપકારી, શુદ્ધિપ્રયોગના સફળ સુકાની ધૈર્યવાન, સ્થૈર્યવાન, ભાલ-નળકાંઠાના ભાગ્યવિધાતા એવા પૂ. સંતબાલજીના ''ગૃહસ્થજીવન અંગેના વિશિષ્ટ ચિંતનો''ને આપની સમક્ષ લાવવાનો એક નાનકડો પ્રયત્ન કરીશ. આશા છે એમાં સફળ રહીશ.

મોરબી તાલુકાનું ટોળ ગામ માંડ ૫૦૦ માણસોની વસ્તી ધરાવનાર મુઠ્ઠી જેવડું નાનકડું ગામ. માતા મોતીબહેન - પિતા નાગજીભાઈના ઘરે તા. ૨૬-૮-૧૯૦૪, શ્રાવણ સુદ પૂનમના રોજ શિવલાલનો જન્મ થયો. પાંચ વર્ષની બાલ્યવયમાં પિતાની છત્રછાયા ગુમાવનાર શિવલાલનું બાળપણ ખૂબ ગરીબી અને દરિદ્રતામાં વીત્યું પણ માતા-પિતાએ આપેલ સુસંસ્કારોની અમીરાત ખૂબ મોટી હતી.

મોસાળપક્ષે નાના પ્રાગજીદાદા, નાની ઉજમમા, મણિમાતા-મામીનો લાડકવાયો શિવલાલ મામાના ઘરેથી જ વર્ષીદાન કરતાં સંસારના ભોગવિલાસને ત્યાગીને, સ્વાર્થી સંસારને છ ગજના નમસ્કાર કરીને, રાજા લખધીરસિંહજી ઠાકોરના આમંત્રણને માન આપીને, મોરબી મધ્યેથી જ સંયમના પંથે પ્રયાણ કરે છે. નૂતન નામ પૂ. સૌભાગ્યમુનિ તરીકે જાણીતા થયા, ત્યારબાદ સંતબાલજી તરીકે પોતાની ઓળખ ઊભી કરી. આત્મામાંથી પરમાત્મા બનવા, ગુરુ નાનચંદ્રજી પાસે અનેક આગમોનો અભ્યાસ કર્યો. આગમોનો ગુજરાતીમાં અનુવાદ કરી, લોકો સમક્ષ મૂકે છે. અવધાન પ્રયોગો કરે છે. નાની ઉંમરે બુદ્ધિ-ચાતુર્યને લીધે ખૂબ નામના-પ્રસિદ્ધિ પ્રાપ્ત કરે છે. ગુરુના હૃદયમાં અનેરું સ્થાન પ્રાપ્ત કરી લાડકવાયા શિષ્ય બની રહે છે.

જન્મે કર્મે જૈન હોવા છતાં, જૈન ધર્મની દીક્ષા અંગીકાર કર્યા પછી પણ એમના હૈયે ''સર્વધર્મ સમભાવ''ની ભાવના ખીલેલી હતી, જે તેમના વાત્સલ્યને માણતા, જૈન સમાચારી અનુસાર એક ગામથી બીજે ગામ વિહાર કરતાં, ચાતુર્માસના ચાર માસ પરમકૃપાળુ મહાવીરસ્વામીની આજ્ઞા અનુસાર એક સ્થાને સ્થિર રહેતા, તે દરમ્યાન લોકોને ત્યાં ગોચરી માટે જતા, ત્યારે લોકોની રહેણી-કરણી, વિચાર-વર્તન, ટેવો, અંધશ્રદ્ધા, ઘર કરી ગયેલા કુવ્યસનો, તેની પાછળ થતી ખુવારીને જોઈ તેમનું અંતર રડી ઊઠતું.

ભગવાન મહાવીરસ્વામીએ બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. પ્રથમ છે અણગાર ધર્મ, જેમાં સાધુ-સાધ્વીજીનો સમાવેશ થાય છે અને જેમાં કોઈ પણ પ્રકારની

છૂટછાટ આપવામાં નથી આવતી. બીજો છે આગારધર્મ, જેમાં શ્રાવક-શ્રાવિકાનો સમાવેશ થાય છે, અને જેમાં છૂટછાટ આપેલી છે. જે વ્યક્તિ અણગારધર્મ સ્વીકારવાનો શક્તિમાન નથી તે ગૃહસ્થ અવસ્થામાં રહી ઉત્તમ કોટીનું જીવન જીવી મોક્ષની નજીક જઈ શકે છે, પણ અહીં પૂ. સંતબાલજીએ ''આદર્શ ગૃહસ્થાશ્રમ'' પુસ્તકમાં શ્રાવક એટલે બાર વ્રતધારી, દિવસના બે વખથ આવશ્યક પ્રતિક્રમણ કરનાર કે મહિનામાં બે-ચાર-છ પૌષધ કરનાર નહીં પણ ગૃહસ્થધર્મ એટલે પતિ-પત્નીના વ્યવહારો, માતા-પિતાના સંતાનોના, સંતાનોના માતા-પિતા પ્રત્યેના, સાસુ-સસરા, વેવાઈ, ભાઈ-ભાઈના, ભાઈ-બહેનના, બનેવી-સાળા-સાઢુ સાથેના, કાકા-ફોઇ-ભત્રીજા, મોસાળ પક્ષના, મિત્ર, સમાજ સાથેના વ્યવહારો અને તેમની પ્રત્યેની ફરજોનું વર્ણન કર્યું છે. તેનાથી આગળ વધીને પાડોશી, પત્રકારો, સાહિત્યકારો, ડૉક્ટરો, નેતાઓની દેશ પ્રત્યેની ફરજથી આગળ વધીને સંપૂર્ણ વિશ્વ પ્રત્યેની ફરજોનું આલેખન કરી ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવનાનો ફળીભૂત કરવાની વાતો કરી છે.

વર્ષો પહેલાં લખાયેલ આ પુસ્તક વર્તમાન સંદર્ભને નજર સમક્ષ રાખી લખ્યું હોય એવું લાગ્યા વિના રહેતું નથી.

સંતબાલજીએ જોયું કે પશ્ચિમનો વાયરો વાવાઝોડું બની પૂર્વની સંસ્કૃતિ અને સંસ્કારોનો નાશ કરી રહ્યો છે. ત્યારે અને યોગ્ય સમયે રોક લગાડવા, લોકો સરળ-સાદી વાણીમાં દૃષ્ટાંતો દ્વારા ઉદાહરણો દ્વારા લોકોને સત્ય સમજવવા, જાગૃતિનો શંખનાદ ફૂંક્યો. લોકો પશ્ચિમની કેળવણી પામીને તે સંસ્કૃતિને અપનાવવા દોટ મૂકી રહ્યા છે. પૂર્વની કેળવણીનું લક્ષ 'સા વિદ્યા યા વિમુક્તયે' અર્થાત્ જે મુક્તિ અપાવે તે જ વિદ્યા છે. જ્યારે પશ્ચિમની કેળવણી અપનાવી યુવા પેઢી કુસંસ્કારોમાં ફસાતી જાય છે. તે જોઈ લોકોને, લોકોની ભાષામાં, તળપદી લોકભાષમાં ગૃહસ્થજીવન વિશે લોકો સમજાવ્યા અને પુસ્તક પણ બહાર પાડ્યું.

પશ્ચિમી કેળવણી પામનાર, મુક્ત સહચર્ય, 'Living Relationship' - મૈત્રીકરારને સ્વીકારનાર, મુગ્ધ અવસ્થા, નાદાન બુદ્ધિ, દેહાકર્ષણ, Friend Circleમાં આધુનિકતાનો દંભ ઊભો કરવા, જવાબદારી કે સમાજ તેને સ્વીકારતો નથી, પણ જયારે યુવક તરછોડે છે ત્યારે યુવતી તેની હવસનો ભોગ બની હતી, એ વાત સમજાતા પારાવાર પસ્તાય છે.

યુવા પેઢી સ્વછંદ બની, સાથે ભણતા, કાર્ય કરતાં, મુસાફરી કરતા, યુવતી-યુવતીઓ એકબીજાને મળે છે. યુવાનીના જોશમાં નાત-જાત-જ્ઞાતિની પરવા કર્યા

વિના, ભાવિનો વિચાર કર્યા વિના લગ્ન કરી લે છે. શરૂશરમાં તો આનંદથી રહે છે પણ જેમ જેમ સમય પસાર થાય છે, અવનવા સુખ-દુઃખના અનુભવોમાંથી પસાર થવાનું આવે છે. સંઘર્ષો ઊભા થાય છે અને બન્ને વચ્ચે તૂ-તૂ-મેં-મેં થાય છે અને બન્નેની જિંદગી બગડે છે.

ગૃહસ્થધર્મ એ તો સંસારરથ છે. તેનાં બે પૈડાં એ પતિ-પત્ની છે. જો આ બન્ને વચ્ચે સ્નેહનો સુમેળ સધાય તો એકબીજાને સમજી શકે Understanding હોય તો ગૃહસ્થજીવન નંદનવન બની શકે છે.

યુવક-યુવતી લગ્નગ્રંથિથી જોડાય છે. અનેક અરમાનો અને કોડને હૈયે ભરી યુવતી સાસરે આવે છે. અહીં એણે પારકાંને પોતાના બનાવવાના હોય છે. અનેક નવા સંબંધો બંધાય છે. સંતબાલજીએ અહીં સંબંધોની હારમાળા દ્વારા વિવિધ સંબંધો, તેમાં આવતા સ્વાર્થીપાણને લઈ આવતી કડવાશને નરી વાસ્તવિકતાને પોતાની નરી આંખોથી નિહાળી છે. અનુભવી છે, તેને સરળ શબ્દોમાં રજૂ કરી, એ કડવાશને દૂર કરવાનો અને તેમાં નિકટતા લાવવાનો ખૂબ સુંદર મજાનો મહત્ત્વનો માર્ગ બતાવ્યો છે.

સંયુક્ત કુટુંબમાં રહેનારને સર્વનો સાથ-સહકાર-પ્રેમ-હૂંફ મળી રહે છે, પણ જે સ્ત્રી વિભક્ત કુટુંબને ઇચ્છે છે તે સ્ત્રી રાત પડતાં જ બેડરૂમમાં ધૂમાડો ફૂંકતી થઈ જાય છે. ચૂલાને સળગાવવા ફૂંકણીની જરૂર પડે છે એમ પતિની કાનભંભેરણી કરી, ઘરમાં ફુટ પડાવી, કજિયા-કંકાસ કરાવે છે. પણ એ પતિ સમજદાર અને સંસ્કરી હોય, માતા-પિતા પ્રત્યે સન્માન ધરાવનાર હોય તો તે પત્ની સમજાવીને ઘરને ફરી નંદનવન બનાવી શકે છે.

સંબંધોમાં વધુ પડતી અપેક્ષા કે એકબીજા પ્રત્યેની ઉપેક્ષા સંબંધોમાં તિરાડ પાડે છે. સંબંધોની માવજત અને તેના જતનનો અભાવ સંબંધોને કડવા બનાવે છે. સંતબાલજીએ ખૂબ સરળ વાત કરી છે કે કટાઈ જવુંતેના કરતાં ઘસાઈ જવાની ભાવના હોવી જોઈએ. સામેવાળાની ભૂલને જો ગળતાં આવડી જાય તો સંબંધો સચવાઈ રહે અને સંબંધોમાં તિરાડ ન પડે અવું લક્ષ રાખવામાં આવે તો સ્વર્ગ અહીં જ છે... અહીં જ છે... અહીં જ છે...ની અનુભૂતિ થયા વિના રહે નહીં.

સ્ત્રી ઘરની લક્ષ્મી છે, બે કુળને અજવાળનારી છે. આ ભૂમિ પર જેટલા પણ મહાપુરુષો કે ભગવાનોએ અવતાર લીધો છે તે દરેકને જન્મ આપનાર સ્ત્રી જ છે. તેનું મહત્ત્વ બતાવવા શાસ્ત્રમાં 'માતૃદેવો ભવ' પ્રથમ મૂકેલ છે. એ વખતે સ્ત્રીઓને

શિક્ષણથી વંચિત રાખવામાં આવતી હતી અને તેવે વખતે નારીની સૌથી ખરાબ અન લાચારીભરી અવસ્થા એટલે એને કપાળે ઝીંકાતું વૈધવ્ય. નાની ઉંમરે વિધવા થયેલ સ્ત્રી પતિના પ્રેમથી તો વંચિત રહે જ છે, પણ જ્યારે ઘર પરિવારની જવાબદારી માથે આવે છે ત્યારે વધુ મૂંઝાય છે. અવે વખતે બ્રહ્મચર્ય ટકાવી રાખવું ખૂબ કપરું બને છે. પુરુષપ્રધાન સમાજમાં કામ માટે બહાર નીકળતી સ્ત્રી પુરુષની વિકારી નજરનો તો ક્યારેક બળાત્કારનો પણ ભોગ બને છે. આવું ન બને અને સ્ત્રી સમાજમાં સ્વમાનભેર, સ્વાવલંબી બની ઘરની જવાબદારી પૂરી કરે એ હેતુએ ઠેરઠેર ગૃહદ્યોગોએ માતૃસમાજો ઊભા કર્યા. સ્ત્રીને સન્માન આપવામાં આવે તો ઘર-કુટુંબ-પરિવાર-સમાજ-રાષ્ટ્રની પ્રગતિ નક્કી જ છે. વર્ષા પહેલાં સંતબાલજીએ સ્ત્રી શિક્ષણની હિમાયત કરી હતી અને આપણે આજે લગભગ ૧૦૦ વર્ષ પછી જાગૃત થયા હોઈએ એમ ''બેટી બચાવો, બેટી પઢાઓ''નો ધૂમ પ્રચાર કરી રહ્યા છીએ.

પૂ. સંતબાલજી લોકોની સમક્ષ વિજ્ઞાનને સરળ ભાષામાં રજૂ કરતાં કહે છે કે, ગર્ભાવસ્થા દરમિયાન પતિએ પત્નીની સાથે વિહારી વર્તન-વાણી કે દૃષ્ટિથી જોવું નહીં અને સ્ત્રીઓએ જ આ બાબતમાં જાગૃત થવું પડશે. સ્ત્રી એ કંઈ પુરુષની ગુલામડી નથી અન આવા વખતે સપષ્ટ ના પાડી ધેવાથી પતિધર્મનું કોઈ ઉલ્લંઘન થતું નથી. માતા એ ગર્ભમાં રહેલ બાળક એક જ નાડીથી જોડાયેલ હોય છે. તેથી માતાએ પણ આહાર-વિહારમાં ધ્યાન રાખવું અને જ્યાં સુધી બાળક માતાના દૂધનું સેવન કરતો હોય ત્યાં સુધી પવિત્ર જીવન ગાળવું. કારણ જેવું બીજ હશે એવું જ ફળ મળશે. બાવળ વાવી આંબાના ફળ''ની ઇચ્છા કરવી નિરર્થક છે. જો બાળકોમાં સુસંસ્કારોનું સિંચન નહીં થયુંહોય તો ઘરડાઘરોની સંખ્યા વધશે એમાં કોઈ બેમત નથી.

વર્તમાને ઘરડાઘરોની સંખ્યા વધી છે એમાં કોઈ બેમત નથી. યુવા પેઢી સ્વચ્છંદી અને સ્વતંત્રતાભર્યું જીવન જીવવા માટે થઈને, પોતાના મોજ-શોખને પૂર્ણ કરવા, સમાજની ''ઐસી કી તૈસી'' કરીને મા-બાપને ઘરડાઘરમાં મોકલતાં અચકાતો નતી.

વડીલો અને યુવાનો વચ્ચે ખટરાગ વધ્યા છે. વડીલ તરીકે બધું કાર્ય મને પૂછીને જ કરવાનું, ક્યારેક ઘરના મોભી તરીકેનો અહં, તો મેં દિવાળી વધુ જોઈ છે, અને વડીલ તરીકેનો અધિકાર સંઘર્ષ ઊભો કરે છે. સામે પક્ષે યુવાનો તમારા કરતાં વધારે ભણેલો છું એટલે મને એટલી તો અક્કલ છે. દિવાળી ભલે તમે વધુ જોઈ હોય, ફટાકડા મેં વધુ ફોડ્યા છે, તો ક્યારેક યુવાનીનું ગરમ લોહીને કારણે સંઘર્ષો ઊભા

થાય છે.

વિજ્ઞાનની અવનવી શોધોએ વિશ્વને નાનું કરી દીધું છે. દરેક માહિતી મિનિટોમાં મળી જાય છે, ત્યારે યુવાનોના વિચારો આધુનિક હોવાને કારણે જૂના રીત-રિવાજો-પરંપરાને નામે અંધશ્રદ્ધાનો છેદ ઉડાડે તે પણ એટલું જ સત્ય છે. આધુનિકતાના નામે ફૅશન કરે, વાળ વધારે, ત્યારે વડીલો ''જટિયા શું કામ વધાર્યા છે?'', ''ઝીંથરો બાવો લાગે છે'' કહી ટોકટોક કરે છે. યુવાનોને નથી જ ગમવાનું. આમ બન્ને વચ્ચે સમન્વય સધાય અને બન્ને પક્ષે ધીરજ અને સહિષ્ણુતાને અપનાવવી જ પડશે. વડીલો પાસે અનુભવરૂપી આંખ છે અને 'ઘરડા ગાડા વાળે' એ ન્યાયે એમની સલાહ વગર કાર્ય પાર પાડ શકાશે નહીં અને યુવાનોએ પણ સ્વચ્છંદી વ્યવહાર ન કરતાં વિવેક જાળવવો.

'પ્રથમ સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે સુખી કુટુંબ' એ પંક્તિ જો સાર્થક થતી હોય તો તેઓ એકબીજાના સુખમાં ભાગીદાર બને, દુઃખમાં પડખે ઊભા રહી મદદ કરે અને સામેવાળાનો બોજને હલકો કરે.

ખરું સુખ ધન-સંપત્તિમાં નહીં પણ સુસંસ્કારોમાં છે. તારા-મારાનો ભેદ મિટાવી ''સૌના સુખમાં મારું સુખ'' માનનારા હોય ત્યાં એકતા સદાય જીવંત રહે છે.

પૂ. સંતબાલજીનું ''આદર્શ ગૃહસ્થાશ્રમ'' પુસ્તક એમના જમાનામાં ક્રાંતિકારી કહી શકાય એવું હતું. એમનું માનવું હતું કે, ગૃહસ્થજીવન ઉચ્ચ-વિચારવાળું હોય તો કુટુંબમાં જન્મેલ બામકો સંસ્કારી હોય એમ જે ક્ષેત્રમાં જાય ત્યાં પોતાની સુવાસ ફેલાવે છે.

માતા બાળકને સુમધુર હાલરડા સંભળાવે તો બાળક તરત સુઈ જાય છે, પણ 'બાવો આવ્યો' 'કાગો લઈ જશે' વિગેરે બોલી તેને બીકણ ન બનાવવો. માતા જીજાબાઈ શિવાજીને શૂરવીરતાભર્યું હાલરડું સાંભળાવતાં ...

*''આજ બાલુડાને માત હિંચોળે, ધણણણ ડુંગરા બોલે*
*શિવાજીને નીંદરૂં ન આવે, માતા જીજાબાઈ ઝુલાવે,*
*પેટમાં પોઢીને સાંભળે રે, વીર રામ-લખમણની વાત રે, ... વીર...*

વીરતાભર્યા હાલરડાએ બાળક શિવાજી મોટા થઈને હિંદ રાજ્યન સ્થાપના કરી મુસલમાનોને તગેડી મૂક્યા હતા, એ વાત જગજાહેર છે.

માતાએ બાળકને શૂરવીર, બુદ્ધિશાળી, આવી પડેલ આફતોમાં નાસીપાસ ન થતા, તેનો ઉકેલ શોધી આગળ વધનાર, લક્ષને પામવા પરિશ્રમ કરનાર, માતાની

કૂખને ઉજાળનાર બને એવો યોગ્ય બનાવવાનો છે.

શિવલાલની માતા પણ દળણા દળતી સુમધુર મંદ સ્વરે ભજનો ગાતાં, જે સૂતેલા બાળકના કાનમાં પડતાં, અને એ જ બાળક મોટા થઈ સંયમ અંગીકાર કરી, ક્રાંતિકારી સંત, સુધારક સંત તરીકે અનેક સમાજઉદ્ધારનાં કાર્યો કરી માતા-પિતાના નામની સાથે સમગ્ર કુળને ઉજાળનાર સંતબાલ તરીકે અમર થઈ ગયા.

પૂ. સંતબાલજીએ બાળપણમાં ૭મા માળની હવેલીના સુખ-સમૃદ્ધિને નથી ભોગવ્યા. ખૂબ ગરીબીપણામાં એમનું બાળપણ વીત્યું છે. જિંદગીનાં ચક્રો સતત પીડામય પ્રસંગો વચ્ચે ફતું રહેવું છે. વિધાતાએ મના લલાટે પીડાભરી જિંદગી જ લખી હતી. શ્રમ કરીને જાત ઘસી નાખતા, વિદાય લેતા પિતાને જોયા હતા. તો વિધવા માતાને શ્રમ કરતાં, દળણા દળતાં, પારકા ઘરે કામ કરતાં, સીવણ-ગૂંથણ, ગોદડાં-ગોદડી સીવતાં, ભરબપોરે તડકામાં સીમમાં કામ કરતાં જોયાં હતાં, અને આ સર્વ દુઃખો અને અનુભવોમાંથી પસાર થયા હતા અને તેથી જ તેઓ ક્રાંતિકારી બની શક્યા હતા.

આવા મહાન સંત આ અવનિ પર થયા નથી. આ જ આશ્રમ મધ્યેથી તેમની અંતિમયાત્રા નીકળી હતી. અહીં જ તેમની ઘૂઘવતા સમુદ્રની સામે 'ૐ મૈયા' સમાધિ આવેલી છે. આજે પણ તેમના પરમાણુઓ આપણે સ્પર્શી રહ્યા છે. આટલાં વર્ષો પછી પણ અહીંના લોકો તેમને ભૂલી શક્યા નથી. થિસીસ લખતાં પહેલાં જ્યારે અહીંના લોકોની મુલાકાત લીધી હતી ત્યારે તેઓ ''ઓ દેવ હોતે દેવ''ના શબ્દો એમના મુખે સાંભળવા મળેલા, આંખના ખૂણા ભીના થતા જોયા છે. કેટલાયે માછીમારોએ આ પાપમય વ્યવસાયને તિલાંજલી આપી, અન્ય વ્યવસાયની અંદર જોડાય ગયા છે.

એવા પૂ. સંતબાલજીનાં ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરું છું.

(મુંબઈસ્થિત નયનાબહેન મોદીએ જૈનોલૉજી-લાડનું એમ.એ. લીટરેચર 'મુંબઈ યુનિ.)માં કરેલ છે અને M.Phil.માં 'સંતબાલજી એક અધ્યયન' વિષય પર મુંબઈ યુનિ.માં કરેલ છે).

# ૩૧ વિશ્વવાત્સલ્ય ધ્યેયે અનુબંધ વિચાર તથા કાર્યના દૃષ્ટા મુનિશ્રી સંતબાલજી

— હરજીવનભાઈ મ. મહેતા

૧૯૦૪માં મોરબી રાજ્યના ટોળ ગામમાં જન્મ. ગામની વસ્તી હિંદુ તથા મુસ્લિમની. માતાનું નામ મોતીબહેન, પિતાનું નામ નાગજીભાઇ, મણિબહેન બાલ્યઅવસ્થામાં પિતાનું અવસાન થતાં મા પર પુત્ર-ઉછેરનો ભાર આવેલ. બાળપણનું નામ શિવલાલ હતું. ગામમાં શરૂઆતનો આભ્યાસ કરેલ, ત્યાર બાદ બાલંભા મામા શિક્ષક હોઈ ત્યાં અભ્યાસ કરેલ. નાનપણથી જ ગામના વડીલોના વર્તન તથા માતા તરફથી પરસ્પર ભાતૃભાવના સંસ્કાર મળેલ. તેમાંથી જ સર્વધર્મ સમભાવ તથા પરસ્પરને મદદ કરવાની ભૂમિકાનો વિકાસ થયેલ.

૧૩ વર્ષની ઉંમરે માતાને મદદરૂપ થવા મામા મુંબઈ જતાં નોકરી કરવા ગેયલ. લાકડાની લાતીમાં પ્રામાણિકતાથી, હોંશિયારીથી નોકરી કરતાં આર્થિક રીતે પગભર બની માતાને આર્થિક રીતે પૂરી મદદ કરેલ.

મુંબઈ દેશની સ્વતંત્રતા આંદોલન કેન્દ્ર હોઈ, મહાત્મા ગાંધી તથા અન્ય નેતાઓનાં પ્રવચનો સાંભળેલ - જેણે સાધુનાં વ્યાખ્યાનો પણ સાંભળેલ. પૂર્વના સંસ્કાર જાગ્રત થતાં પ્રણીમાત્રને સુખ-શાંતિ પ્રાપ્ત થાય તેવી ઝંખના વિકસિત થઈ. કવિવર્ય પૂ. શ્રી નાનચંદ્રજી સ્વામીના વ્યાખ્યાનની તેમના પર ઊંડી અસર પડેલ ને તેમની પાસે દીક્ષા લેવાનું નક્કી કરેલ.

માતાજીની હયાતીમાં સગપણ થયેલ તે બહેનના માતાજીના અવસાન બાદ દીક્ષાની ભાવનાથી (તેમની) સંમતિ લઈ તથા કુટુંબના વડીલોની સંમતિ લઈ ૧૯૨૯માં મોરબી મુકામે દીક્ષા લીધી. નામ પડ્યું મુનિશ્રી શોભાગ્યચંદ્રજી.

દીક્ષા પછી પૂ. કવિવર્ય નાનચંદ્રજી સ્વામીના વિશ્વવાત્સલ્યના ભાવોને સમજીને આગમ શાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. આચારાંગ, ઉત્તરાધ્યયન કે દશવૈકાલિક આદિનો અનુવાદ પણ કરેલ. અવધાનશક્તિનો તથા ભાષાનો અભ્યાસ પણ વધારતા રહેલ.

૧૯૩૧માં દિનકર 'માસિક'માં 'સુખનો સાક્ષાત્કાર'ના નામે તેમના લેખોનું સંકલન કરી પુસ્તિકા પ્રકાશિત થયેલ, જેમાં વ્યક્તિગત તથા સમાજગત સુખ માટે બંધારણીય માર્ગે પ્રયાસ કરવાની વિગતો તેમાં દર્શાવેલ. તે જ માર્ગે તેઓ છેવટ સુધી આગળ વધેલ. તેમાંથી ધર્મમય સમાજરચનાનું ચિંતન તથા કાર્ય આગળ વધેલ તથા વિવિધ વિષયના સાહિત્યનું લેખન કરેલ. જૈન દૃષ્ટિએ ગીતા, આદેશ, ગૃહસ્થાશ્રમ, સાધક સહચરી, અનંતની આરાધના, યૌવન વંદિતુ, પ્રતિક્રમણ વગેરે. તેમાંથી જ મહાવીર સાહિત્ય પ્રકાશન સંસ્થા ઊભી થઈ ને તે દ્વારા ચિંતનશીલ સસ્તું સાહિત્ય છપાઈ બહાર પડેલ. અભિનવ રામાયણ, અભિનવ મહાભારત, અભિનવ ભાગવત પણ લખેલ. દેશમાં અજમેરમાં સ્થાનકવાસી સાધુ-સાધ્વીનું સંમેલન જૈનોના દરેક ગચ્છમત ટાળી એકતા કરવાના હેતુથી યોજવામાં આવેલ. તેમાં લીંબડી સંપ્રદાયના પ્રતિનિધિઓમાં પૂ. કવિવર્યશ્રી નાનચંદ્રજી સ્વામીની સાથે મુનિશ્રી સંતબાલને જવાનું થયેલ. ત્યાં વિદ્વાન વયોવૃદ્ધ સાધુ-સાધ્વીઓ તથા નવયુવાન સાધુ-સાધ્વીઓમાં એક બાજુ ચાલુ રૂઢ પરંપરાને વળગી રહેનાર વર્ગ, બીજો યુગ પ્રમાણે ચાલુ પરંપરામાં પરિવર્તન થાય તેવું માનનાર યુવાનવર્ગ પણ હતો. મુનિશ્રીએ ત્યાં જાતે કેટલાય યુવાન સાધુ-સાધ્વીને મળી પરિચય કેળવેલ અને ધર્મમાં પરિવર્તન કરવું જરૂરી છે તેવું તેમને લાગેલ. છ કોટી સ્થાકનવાસી કૉન્ફરન્સની રચના સંમેલનમાં થયેલ.

અજમેર સંમેલનમાં અવધાન પ્રયોગ કરવા બદલ મુનિશ્રી સંતબાલજીને ભારત-રત્નની પદવી મળેલ.

અજમેર સંમેલનના અનુભવ પછી ધર્મક્રાંતિને માર્ગે જવા મુંબઈમાં ધર્મપ્રાણ લોકશાહની લેખમાળા શરૂ કરેલ. માર્ટીન લ્યુથર કિંગની જેમ લોકશાહે ક્રાંતિ કરેલ તેવું નવયુવાનોને તેઓ રજૂઆત કરતા અને લોકશાહને તે રીતે સમાજ સમક્ષ મૂકવા પ્રયત્ન કરેલ. તેમાં એક લેખમાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિ બાબતનું લખાણ છાપામાં છપાયેલુ, તેમાંથી શ્વે. મૂર્તિપૂજક આગેવાનોને તે લખાણ બરાબર ન લાગતાં કવિવર્ય શ્રી નાનચંદ્ર સ્વામીને બતાવેલ. ગુરુને લખાણની પ્રવૃત્તિની ખબર ન હતી. તેમનાથી છાનું લખાણ થતું, તેની ખબર પડતાં ગુરુએ જણાવેલ કે - ''શાસ્ત્રનું જ્ઞાન કોઈની ટીકા કે ધિક્કાર ફેલાવી દિલ તોડવા માટે નથી, પણ દિલ જોડવા માટે છે.'' તેટલું સમજી ગુરુની ટકોરથી તેમને અંતરંગ પશ્ચાત્તાપ થયેલ અને પોતાનું આત્મનિરીક્ષણ કરવા જેવું લાગતાં એક વર્ષ રણાપુરમાં નર્મદા તટે મૌનમાં રહેલ. જૈન-બૌદ્ધ-વૈદિક ધર્મ, ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ ધર્મ, પારસી તથા અન્ય ધર્મનાં પુસ્તકોનો અભ્યાસ કરેલ. તેનું વાંચન કરી ગુરુનું માર્ગદર્શન પણ મેળવતા. છેવટે વ્યક્તિગત સમાજનું સમષ્ટિગત સુખ માટે ધર્મમય સમાજરચના જરૂરી છે તેવો નિર્ણય થયો અને પોતાના માટે સમાચરીનો માર્ગ નક્કી કરી નિવેદન સમાજ સમક્ષ જાહેરાત તૈયાર કરેલ, તે નિવેદન મુંબઈ આવી ગુરુને વંચાવેલ ને મૌન છોડેલ. નિવેદનના કેટલાક મુદ્દાઓ જૈન સાધુની ચાલુ પરંપરામાં વાંધાજનક છે તેવું સંઘના આગેવાનોને લાગતાં તેમણે પૂ. નાનચંદ્રજી સ્વામીને શિષ્ય ન સમજે તો છૂટા કરવા જણાવેલ અને છેવટે તેમને તેઓ પોતાની વાતમાં મક્કમ રહેતાં શિષ્ય તરીકે છૂટા કરેલ.

લીંબડી સંપ્રદાયમાંથી છૂટા થયા બાદ મુનિ સંતબાલ ફરી રણાપુર તરફ જતાં કેટલીક પરિચિત વ્યક્તિઓ તેમને મળેલ અને હરિપુરા કૉંગ્રેસના અધિવેશનમાં તેમની સાથે ગયેલ. ત્યાં મહાત્મા ગાંધીજીની વિરાટ શક્તિનાં દર્શન થયાં અને ભગવાન મહાવીરની તત્ત્વદષ્ટિ તથા રચનાત્મક કાર્યક્રમના જૈન ધર્મની સત્ય-અહિંસાની અહિંસા-સંયમ તપની વિચારની ભાવના તથા કાર્યક્રમ સમાયેલ છે તેવું તેમને અવલોકન કરતાં જણાયેલ અને ત્યાંથી પૂ. રવિશંકર મહારાજ જેવા સેવકો સાથે અમદાવાદ ગયેલા. ત્યાં વાઘજીપુરામાં કુટીરમાં ચાતુર્માસ કરેલ તેવા જ કેટલાક જૈન ધર્મને તથા અન્ય ધર્મને માનનાર ગાંધી સાથે જોડાયેલ ભાઈ-બહેનો

મળેલાં અને અંબાલાલ સારાભાઈએ માણકોલ ચોવીસાના ગામના પછાત વિસ્તારના લોકોને નૈતિક દૃષ્ટિએ તૈયાર કરવા કાર્ય ચાલુ કરેલ. તેમાં મુનિશ્રીએ પ્રેરણા તથા માર્ગદર્શન નૈતિક રીતે આપવા સમજાવ્યા.

માણકોલ ચોવીસીનાં ગામોમાં ફરીને લોકોને ચા-બીડી-દારૂ-જુગાર-માંસાહાર જેવાં વ્યસનો છોડાવવા પ્રયાસ કરેલ ને લોકોની શ્રદ્ધા તેમના પર વધતી ગઈ. પછી ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની સ્થાપના થયેલ, ચોવીસ ગામના લોકોને જ્ઞાતિ સંમેલન કરી જીવન પરિવર્તન માટેના નવા માર્ગો-ઠરાવો કરી બતાવી કાર્ય આગળ વધેલ. ધીમે ધીમે આ ગામડાને ચોખ્ખું પાણી મળે તથા અન્ય ક્ષેત્રોમાં પ્રગતિ થાય, શિકાર બંધ થાય તેવો પુરુષાર્થ ચાલુ થયેલ. પ્રથમ જીવરાજ જલસહાયક સમિતિની રચના થઈ. ગામેગામ સર્વે કરી ચોખ્ખું પાણી મળે તે માટે કૂવા-તળાવ સરખા કરવા, પાઈપ લાઈન દ્વારા પાણી પૂરું પાડવું વગેરે કાર્યમાં ચાલુ થયેલ. ભાતનાં બીજાં ગામો તેમાં ભેળવીને ૨૦૦ ગામમાં અન્ન-વસ્ત્ર, આશરણ, ન્યાય, રક્ષણ, કેળવણી જેવાં ક્ષેત્રોમાં લોકોની નૈતિક સહિત કાર્ય કરવા સહકારી મંડળી, ગ્રામપંચાયત, ખેડૂતમંડળ, ગોપાલક મંડળ જેવી સંસ્થાઓની રચનાની પ્રેરણા તથા માર્ગદર્શન મળેલાં. તેમાં વ્રતબદ્ધ કાર્યકરોને સાથે જોડેલા ને આમજીવનના સર્વાંગી ક્ષેત્રમાં સત્ય-અહિંસાલક્ષી વિશ્વ દૃષ્ટિની નીતિનો અમલ કરવા ધર્મમય સમાજરચનાનું કાર્ય ચાલુ થયેલ. આ ૨૦૦ ગામમાં પોતે સતત સંસ્થાના કાર્યકરો તથા કામ કરતા લોકો સાથે જીવંત સંપર્ક રાખી અસત્ય, અનાચાર, શોષણ દૂર કરવા કાર્યકરોને પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડેલા. એકધારા આ કાર્યને સમય આપેલ. દરમિયાન જ્યાં વ્યક્તિગત કે સમૂહગત શોષણ, અનાચાર થાય ત્યાં વિવાદ દ્વારા નિવેડો લાવવાની સાથે સમાજનાં દૂષણો આગળ ન વધે તે માટે નૈતિક સમાજમાં દબાણ લાવી લોક-જાગૃતિને ટકાવવા ને કાર્યની ગતિ બરાબર જાળવવાનો પુરુષાર્થ કરવા સંસ્થાઓ મારફત પોતે પ્રેરણા આપી. ઉપવાસમય પ્રાર્થનાના સામૂહિક પ્રયોગો કરાયેલ, જેનાં પરિણામો સારાં આવતાં તે શસ્ત્રને શુદ્ધિ-પ્રયોગ રૂપે લોકો અપનાવવા તૈયાર થયેલા, જે તેમની ગાંધીજીના સત્યાગ્રહની જગ્યાએ કાનૂનભંગ કર્યા સિવાય અપનાવી અમલમાં મૂકવાનું લોકમાન્ય વિશેષ કારણ ગણી શકાય તેવું છે. તેના વ્યાપક પ્રયોગો ગૌહત્યાબંધી જેવા વ્યાપક કાર્યમાં પણ થયેલ છે.

ભાલનળકાંઠાના એકધારા ૨૦ વર્ષમાં કાર્યની ધર્મમય સમાજરચનાની

ફલશ્રુતિ રૂપે ચાર પાસાં મજબૂત કરાવવા જણાવેલ, જે નીચે મુજબ છે :

(૧) પ્રાણ-પરિગ્રહ-પ્રતિષ્ઠા હોમી શકે તેવા ક્રાંતિપ્રિય સંતોની પ્રેરણા ને માર્ગદર્શન તેમની સાધનાનું મુખ્ય ધ્યેય બને, ધર્મમય સમાજરચનાના યાર્ય માટે.

(૨) ક્રાંતિપ્રિય સંતના માર્ગદર્શન તથા પ્રેરણા લઈ તૈયાર સાધક-સાધિકા વ્રતબદ્ધ થઈ લોકસંપર્ક જાળવી શિક્ષણ-સંસ્કારનું કાર્ય કરે. આ લોકોની નૈતિકશક્તિ રહે તેવી દોરવણી આપી કામમાં ભાગીદાર બનાવ્યા.

(૩) સેવકોની નૈતિક પ્રેરણા લઈ લોકોની સંસ્થાઓ આર્થિક, સામાજિક કાર્ય તથા અન્ય ગામડાંના જીવનનાં સર્વાંગી ક્ષેત્રના કાર્ય કરે.

(૪) ક્રાંતિકારી સંત તથા સેવકોની ધર્મમય સમાજ રચનાત્મક કાર્ય કરીને સમય તંત્ર દખલ ન કરે પણ નૈતિકતાને લોકશક્તિ સંગઠિત કરી કાર્ય કરે તેમાં કાનૂની રીતે પૂરતી મદદ કરે.

આવું પરસ્પરનું વિશ્વલક્ષી સત્ય-અહિંસાની નીતિનું કાર્ય ઘરથી વિશ્વ સુધી ગોઠવવાના કાર્યને ધર્મમય સમાજરચના અથવા વિશ્વવાત્સલ્ય ધ્યેય અનુબંધ વિચારને કાર્યના સંબોધનથી રજૂ કરવામાં આવે છે.

ભાલપ્રદેશમાં કાર્યનું અસરકારક પરિણામ અનુભવ્યા બાદ તેમણે મુંબઈમાં દિલ્હી, કોલકાતા, ભિલાઈમાં ચાતુર્માસ કરેલ હતા.

પૂ. સંતબાલે મુંબઈમાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની રચના ૧૯૫૮માં કરેલ. તેની મારફતે આંતરરાષ્ટ્રીય કાર્ય કરવાની નેમ હતી. મુંબઈ, કોલકાતામાં માતૃ-સમાજની સ્થાપના કરેલ, તેમાં શહેરમાં બહેનો રોજગારી મેળવી પગભર બને તથા અહિંસક પ્રતિકારના માધ્યમ રૂપ કામ કરવા તૈયાર થઈ શકે. કોલકાતામાં કાલીમાતાના મંદિરમાં પશુવધ બંધ થાય તેવા પ્રયાસો કરવા પશુ-બલિનિષેધક સમિતિની રચના કરી. લોકમત કેળવવા પુરુષાર્થ કરાયેલ હતો. આ બધાં સ્થળે ધર્મમય સમાજરચનાની ભાવના તથા કાર્યની જાણકારી સાધુ-સાધ્વીને આપવા પ્રયાસ થયેલા. છેવટે ૧૯૭૦માં સાધુ-સાધ્વી તથા શ્રાવકોને તૈયાર કરીને દેશકામમાં ચોતરફ વિચાર, પ્રચાર તથા અનુબંધનું રચનાત્મક કાર્ય કરે તે માટે તાલીમ મળે, તે માટે એક સ્થળે તેવી સંસ્થાની રચના જરૂરી લાગેલ. મુંબઈ નજીક ચિંચણીમાં મહાવીરનગર આંતર કેન્દ્રની સ્થાપના કરી સ્થિરવાસ સ્વીકારેલ. ૧૯૬૧માં મુંબઈમાં ચાતુર્માસ દરમિયાન સાધુ-સાધ્વીને શાસ્ત્રોક્ત તેમ જ દેશકાળની સ્થિતિ મુજબ જ્ઞાન મળે અને ધર્મમય સમાજરચના તથા વિશ્વવાત્સલ્યનો અનુબંધ

વિચાર તથા કાર્યની વિસ્તૃત છણાવટ કરવા શિબિરનું આયોજન કરેલ, જેમાંથી ધર્માનુબંધી વિશ્વદર્શનના દશ ભાગ છપાઈ બહાર પડેલ છે. મહાવીરનગરમાં ૧૯૭૨માં દેશમાં જૈન જૈનેતર સાધુ-સાધ્વી સંન્યસ્તને આ કાર્યની તત્ત્વદૃષ્ટિ તથા કાર્યક્રમ-જાણકારી મળે ને વિવિધ સ્થળે કાર્ય ચાલે તે માટે સંત-સેવક સમુદ્યમ પરિષદની રચના કરવામાં આવેલ. શ્રી માનવ મુનિજીના માધ્યમે દેશવ્યાપી આ કાર્ય ચાલેલ છે.

અંતમાં, વ્યક્તિગત સાધનામાં અહિંસા-સંયમ-તપના જોડી વિષય-કષાયને ઉપશમાવી ક્ષય કરવા જેમ પુરુષાર્થ કર્તવ્ય છે, તેમ આત્માના દેહની ભૂમિકા તથા સમાજ તથા સમષ્ટિમાં આત્માઓની દેહની ભૂમિકા કષાયો ઇન્દ્રિયોની ભૂમિકાને ઉપદેશ આપવા માટેનો સામુદાયિક પુરુષાર્થ ગોઠવવાની જે કાર્યપદ્ધતિ શરૂ કરેલ તેને ધર્મદૃષ્ટિએ સમાજરચના અથવા વિશ્વવાત્સલ્ય ધ્યેયે અનુબંધ વિચારને કાર્ય તેવું નામ આપેલ છે. વિશ્વવાત્સલ્યની સાધનાનો વ્યક્તિગત સ્પર્શ તથા સહગત રીતે તેમાં પૂરેપૂરો સમાવેશ છે અને સાધના રૂપે તેમની વિશેષતા ગણવા જેવો અખંડ પુરુષાર્થ છે. એ સાથે તેઓને આ વિચાર કાર્યના દૃષ્ટા ગણવામાં અતિશયોક્તિ નથી.

(સંતબાલ આશ્રમ ચિંચણી સ્થિત લેખક મુનિશ્રી સંતબાલના અંતેવાસી અને સંતબાલ વિચારધારાના અભ્યાસુ હતા).

*જેમ પોતાને સુખ, શાંતિ અને આનંદ પ્રિય છે તે જ રીતે સૌને પ્રિય છે તેમ માની પોતાનું વર્તન અન્યને સુખકારક બનાવવું તે આત્મસમાન વૃત્તિવાળા સાધુનું લક્ષણ છે.*

# ૩૨ પૂ. મુનિશ્રી સંતબાલજીઃ સાક્ષાત્ જૈનત્વ

— ડૉ. કાન્તિભાઈ બી. શાહ

વિશ્વવાત્સલ્યના આરાધક પૂજ્ય મુનિશ્રી સંતબાલજી માટે, આ નિબંધના શીર્ષકમાં મેં 'સાક્ષાત્ જૈનત્વ' શબ્દપ્રયોગ સપ્રયોજન કર્યો છે.

મુનિ સંતબાલજીની સમગ્ર જીવનોપાસના અને વિશ્વવાત્સલ્ય પ્રત્યેની એમની સાચી સમજ અને ગહરી સમર્પિતતા જોતાં એમ જ કહેવું પડે છે કે તેઓ કોઈ સમુદાયને ભલે પરંપરાથી વેગળા થયેલા લાગ્યા હોય પણ જૈનત્વથી તેઓ લેશમાત્ર વિચલિત થયા નથી.

સંતબાલજી મૂળભુત રીતે જૈન સાધુ હતા. કેવળ સાધુ જ નહીં, પણ જૈન આગમગ્રંથોના તે પ્રખર અભ્યાસી અને મર્મજ્ઞ હતા. આચારાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, તત્ત્વાર્થસૂત્ર જેવા ગ્રંથો જેમણે મૌલિક વિવરણો કર્યાં, મહાવીર પ્રભુના સમગ્ર ચરિત્રને આત્મસાત્ કરીને જેમણે પદ્યરચનારૂપે કંડાર્યું - એવા આ જિનશાસનના મરમી શાસ્ત્રજ્ઞએ સાચી સાધુતા સમજવામાં કશીયે કચાશ

રાખી હશે ખરી ?

સંતબાલજી સ્થાનકવાસી જૈન સાધુ હતા. દીક્ષા માટેનો એમનો અભિલાષ એટલો તીવ્ર હતો કે પોતાની વાગદત્તાને પણ બહેન કરીને સાડી ભેટ આપી અને ૧૯૨૯માં ગુરુશ્રી નાનચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લઈ એમના શિષ્ય બન્યા.

૧૯૩૭માં રણાપુર ખાતેની કાષ્ઠ-મૌનની સાધનાએ એમના જીવનમાં મોટો વળાંક આણ્યો. એમની અંતઃસ્ફુરણાએ એમને જે સત્ય સમજાયું તે એમણે મૌન-ત્યાગ પછી નિવેદન સ્વરૂપે પ્રગટ કર્યું.

આ નિવેદનના કેટલાક મુદ્દાઓ આ પ્રમાણે છે

૧. નાતજાતના ભેદભાવ વિના શાકાહારી કુટુંબને ત્યાંથી ગોચરી લેવી.

૨. પોતાને રૂઢિગત ગુરુવંદન નહીં કરવું

૩. સાધુ ભગવંતે સાધ્વીજીને સમાનભાવે સન્માન આપવું

૪. ૐ મૈયાનો મંત્ર-સ્વીકાર

૫. વિહારમાં બહેનોની સામેલગીરી

૬. મુહપત્તી ખાસ પ્રસંગોએ બાંધવી

આ ઉપરાંત સર્વધર્મ પ્રાર્થના, ધર્મમય સમાજરચના અને લોકકલ્યાણનાં કામોમાં જૈન સાધુની સક્રિયતા - આ બધી બાબતો એવી હતી જેમાં જૈન સમાજને સાધુજીવની આચાર-સંહિતાનો વિચ્છેદ થતો લાગ્યો. પરિણામે એમને ગોચરી વહોરાવવી નહિ, વસતિમાં ઉતારો આપવો નહીં જેવાં નિયંત્રણો મુકાયાં અને સમુદાયમાંથી અલગ કરી દેવા માટે ગુરુ નાનચંદ્રજી ઉપર દબાણ થવા લાગ્યું.

ગુરુએ જોકે દબાણવશ થઈને એમને બાહ્ય રીતે ભલે દૂર કર્યા, પણ અંતરમાંથી તો વેગળા ન જ કર્યા. તેથી જ એમણે, જાહેર કર્યું કે 'સંતબાલજી જૈન સાધુ નહીં, જગતસાધુ છે.'

સમુદાયના ઊહાપોહ છતાં સંતબાલજી પોતાને લાધેલા સત્યમાંથી જરાયે વિચલિત થયા નહીં કે છેક સુધી જૈન સાધુ-વેશ પણ ત્યાજ્યો નહીં. જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોથી એ ક્યારેય અળગા થયા નથી. સંતબાલજી એટલે મૂર્તિમંત જૈનત્વ. એમની અંતઃસ્ફૂરણાએ એમની ગાંધી વિચારની દિશામાં ગતિવિધિ રહી હોય એમ માનવું વધુ યોગ્ય ગણાશે.

જૈન દર્શનમાં બાર ભાવનાઓ દર્શાવાઈ છે. એમાંની સાતમી આશ્રવ ભાવના છે. એમાં કષાયો થકી જે કર્મા પ્રવેશ કરે છે એ કષાયોને ચાર ભાવનાઓથી રોકવાની

વાત આવે છે. આ ચાર ભાવના છે - ૧. મૈત્રી, ૨. પ્રમોદ, ૩. કરુણ અને ૪. માધ્યસ્થ્ય.

આ ચાર ભાવનોથી સંતબાલજીનું જીવન કેવું ઓતપ્રોત હતું તે આપણે જોઈશું.

૧. મૈત્રી ભાવનામાં વિશ્વના નાના-મોટા સઘળા જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવાની વાત છે.જૈનોના 'વંદિતુ' સૂત્રમાં પણ કહ્યું છે કે 'મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ' (સર્વ જીવો પ્રત્યે મારી મૈત્રી છે, કોઈ પણ સાથે મારે વૈરભાવ નથી.) સંતબાલજીના જીવનસંદેશને એક જ શબ્દમાં વ્યક્ત કરવો હોય તો એ છે 'વિશ્વવાત્સલ્ય'. એના પ્રતીકરૂપે જ એમણે 'ૐ મૈયા'નો મંત્ર આપ્યો. વાત્સલ્ય એ પ્રેમનું શુદ્ધત્તમ સ્વરૂપ છે અને આ વાત્સલ્યનો સ્રોત છે. જનની-માતા-મૈયા. 'ૐ મૈયા શરણમ્ મમ' દ્વારા સકલ સૃષ્ટિનું પોતાને પ્રાપ્ત થાય એમ ઇચ્છયું, તો બીજી બાજુએ 'સકલ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું' એમ કહી પોતનું હૃદયવાત્સલ્ય સમગ્ર વિશ્વ સુધી વહાવવાની ભાવના વ્યક્ત કરી. અહીં શ્રી ઉમાશંકર જોશીનું 'વિશ્વમાનવી' કાવ્ય યાદ આવે. સંતબાલજી આવી કવિતા જીવ ગયા. એમનો આ મંત્ર જૈન સિદ્ધાંતકથિત મૈત્રી ભાવનાનું જ સ્વરૂપ નથી શું ?

૨. પ્રમોદભાવના એટલે જગતમાં કોઈનો પણ સદ્‌ગુણ, કોઈનું પણ સુકૃત આપણા હૃદયમાં જે હર્ષોલ્લાસ જગવે તે, પણ વ્યવહારમાં આમ ક્યાં બને છે ? અન્યની સિદ્ધિ આપણા હૃદયમાં તો દ્વેષ, ઈર્ષાનો છૂપો ભાવ જગવે છે. કહેવાતા ધર્માનુયાયીઓ પણ આમાંથી ક્યાં બાકાત છે ! જ્યારે સંતબાલજીએ દૈનિ પ્રાર્થનાસભામાં ગાવા માટે સપ્તાહના સાતેય વારની પ્રાર્થના રચી એમાં વિવિધ ધર્મોના સત્-તત્ત્વોનો ગુણાનુરાગ હતો, પણ પરંપરાવાદીઓને તો આ પણ વિરોધનું એક કારણ બન્યું. જૈન મુનિની સભામાં વળી હઝરત મહંમદ અને ઇશુ ખ્રિસ્ત ? પણ ખરેખર તો, આ કે તે ધર્મને સમભાવપૂર્વક યાદ કરીને સંતબાલજીને સદ્‌ગુણોની સત્‌તત્ત્વોની જ અનુમોદના કરવી છે. આમ કરીને એમણે પ્રમોદ ભાવનાને વ્યર્થ સ્વરૂપે પચાવી છે.

૩. નિગોના જીવોથી માંડી સઘળા ત્રસ અને સ્થાવર જીવોની, તિર્યંચ અને મનુષ્યલોકના જીવોની જૈન ધર્મે અત્યંત સૂક્ષ્મ વિચારણા કરી છે. નાના જીવની પણ હિંસા ન થાય અને જયણા પળાય એની કેટલી કાળજી આ ધર્મે રાખી છે ! આ છે કરુણાભાવ. આ કરુણાભાવમાંથી જો નિગોદનો જીવ પણ બાકાત ન હોય તો આપણી આસપાસનો માનવી બાકાત રહી શકે ખરો ?

વિરમગામમાં કૉલેરા ફાટી નીકળ્યો ત્યારે સંતબાલજીએ જોયું કે રોગના ઉપચાર કરતાંયે રોગના કારણરૂપ ગંદકીને હઠાવવાનો ઉપચાર જરૂરી છે. તેઓ જાતે ગામની શેરીઓમાં જઈને મળમૂત્ર અને ગંદકીના થર ઉપર રાખ ભભરાવતા. સ્વયંસેવકોનું દળ ઊભું કરી આખા ગામની ગંદકી દૂર કરવાનો ભગીરથ પ્રયાસ એમણે આદર્યો. ત્યાંયે કેટલાક જૈનોએ વિરોધ કર્યો કે ગંદકી દૂર કરવા જતાં નાનાં જીવજંતુઓની હિંસા થાય છે. એમને કૉલેરાથી મરતા માનવીઓ કરતાં ગંદકી દૂર કરવામાં જીવજંતુઓની ફિકર વધારે હતી.

ભાલ-નળકાંઠાના પ્રદેશમાં પ્રાયોગિક સંઘ દ્વારા જે કામો થયાં, જે શુદ્ધિપ્રયોગ સંતબાલજીએ આદર્યો, લોકોને શિકાર-માંસ-દારૂ-જુગાર-દેવાની ચુંગાલમાંથી મુક્ત કરવા જે પરિશ્રમ એમણે લીધો, દબાયેલી-કચડાયેલી-શોષિત માનવજાત માટે એ મથ્યા, અનુબંધ અને ધર્મમય સમાજ રચવાનું સ્વપ્ન સાકાર કરવા પ્રયત્નશીલ રહ્યા - આ બધું પેલી કરુણાભાવના વિના શક્ય બન્યું ન હોત.

૪. માધ્યસ્થ ભાવનામાં જે અવિનીત છે, જે ખોટું કામ કરે છે તેના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર, ક્રોધ કે વૈરભાવ ન રાખતાં તટસ્થભાવ, ઉદાસીનભાવ કેળવવાની વાત છે. પ્રભુ મહાવીરે ચંડકૌશિક કે ગોશાલકના ઉપસર્ગો સહી લીધા એ આનાં દૃષ્ટાંતો છે.

જૈન શાસનમાં પણ પરંપરા વિચ્છેદનાં દૃષ્ટાંતો ક્યાં નથી ? સ્થૂલિભદ્ર દીક્ષિત થયા પછી પ્રથમ ચાતુર્માસ પૂર્વપ્રેમિકા કોશાને ત્યાં કરે એ ઘટના સાધુજીવનની આચારપરંપરામાં સહ્ય-સ્વીકાર્ય બને ખરી ? છતાં એમ થયું. ચાતુર્માસ પૂર્ણ કરીને પાછા ફરેલા સ્થૂલિભદ્રને ગુરુએ 'દુષ્કર દુષ્કર' ઉદ્‌ગારોથી સન્માનિત કર્યા. સ્ત્રીપરિષહના એક ઉત્તમ દૃષ્ટાંત તરીકે આજે એ કથાનકને આપણે સ્મરીએ છીએ. જૈનોના મંગલાચરણમાં સ્થૂલિભદ્ર ચિરસ્થાન પામ્યા છે.

સંતબાલજીના જીવન-કવનનો, એમના વૈચારિક વિશ્વનો વિવિધ વિદ્યાકીય દૃષ્ટિએ સંશોધનાત્મક અભ્યાસ થવો હજી બાકી છે. એને માટે ઘણો અવકાશ છે ને નવી પેઢીના અભ્યાસીઓએ આ પડકાર ઝીલવા જેવો છે.

(કાંતિભાઈ બી. ડી. આર્ટ્સ કૉલેજ - અમદાવાદના પ્રાધ્યાપક, જ્ઞાનસત્રોમાં અભ્યાસપૂર્ણ શોધપત્રો રજૂ કરનાર, ગુણરત્નાકર છંદ વીરવિજયજી-યશોવિજયજી સ્વાધ્યાય ગ્રંથ ઉપદેશમાળા બાલાવબોધ જેવા મૂલ્યવાન ગ્રંથો ઉપરાંત મધ્યાકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં નોંધનીય કાર્ય કર્યું છે).

# ૩૩ અનુબંધ વિચારધાર

**— યોગેશભાઈ બાવીશી**

**પૂ.** સંતબાલ અટલે બહુમુખી પ્રતિભા ધરાવતા ક્રાંતિકારી સમાજના હિતચિંતક તેમ જ માર્ગદર્શક સંત.

આજે મારે તમારી સાથે તેમની અનુબંધ વિચારધારાનો વિશ્વ માટે શું અભિપ્રાય છે તે બાબતમાં વાતો કરવાની છે. આ આખું વિશ્વ એકબીજા સાથે અતૂટ બંધનોી બંધાયેલું છે. તેની અંદર મનુષ્ય પાણીના એક ટીપા જેટલું પણ અસ્તિત્વ ધરાવતો નથી. તે છતાં આજે અન્ય જીવસૃષ્ટિ કરતાં તેની આગળ વિવેક જ્ઞાન અને વિચાર બીજાં પ્રાણી કરતાં ખૂબ જ ચડિયાતું છે તેવું લાગે છે. તે બાબતને ધ્યાનમાં રાખીને પોતે નિર્ભય બનવાનું છે તથા સૃષ્ટિમાં અન્ય જીવોને પણ ભયમાં ન મૂકીને ફરજ બજાવવાની છે. (અભયદાન) **પરસ્પર ગ્રહાં જીવાનામ્ જીવ દયાણં, અભય દયાણં** ને મધ્યેનજર રાખીને સમ્યક્દૃષ્ટિએ સંતુલીત વ્યવહાર (સમરસતા)

જળવાઈ રહે તે અનુબંધ વિચાર દ્વારા તે માણવાની પવિત્ર ફરજ છે, જે આજે સમાજમાં દેખાતી નથી. પૂ. ગુરુદેવની કેટલી હિતચિંતા આ ધારામાં દેખાઈ રહે છે તેમાં સડો ન પેસી જાય તે જોવાનું રહે છે.

જો વિશ્વજીવનની સમતુલા ન જળવાઈ તો જીવન અશાંત અને અસ્તવ્યસ્ત થઈ જાય. આ વ્યવસ્થાઓ વ્યવસ્થિત રીતે ચાલી શકે તે માટે નીતિ અને ન્યાય આવતા તેને ''ધર્મ'' એવું નામ આપવામાં આવ્યું. તેના માટે સમાજનું ગઠન અને પરિવહન માટે સંગઠીત બળો રચાયાં.

આ બળોને કર્તવ્ય-ભાવનાને વફાદાર રહીને વ્યવસ્થાને યથાયોગ્ય રાખવાની છે, જેમાં વિશ્વવ્યવસ્થાને (કરુણા, અનુકંપા) રેડીને વ્યવસ્થા બનાવવાનું અને જાળવવાનું છે, અને આ ભાવનાને વિશ્વ સાથે સાંકળવાનો જે શબ્ધ છે તે 'અનુબંધ' છે.

અણુ એટલે નાનો (સૂક્ષ્મ) અને બંધ એટલે સંબંધ.

આત્માનું ફળ અને ધ્યેયનું ફળ ને અનુબંધ. (Highest Sprituality in climex) અહીંયા આગળ વ્યક્તિ (પોતે) સમાજ અને સમસ્ત વિશ્વની જીવસૃષ્ટિને વાત્સલ્યની દૃષ્ટિએ એક કરવા તે અનુબંધ વિચારધારા, અનુબંધનું કર્મ (કર્તવ્ય) એ છે કે સમગ્ર વિશ્વની સમતુલા જાળવી રાખવી, સનાતન સત્યમાં ટકાવી રાવખું. ધર્મ અને સંસ્કૃતિમાં સાતત્યને ટકાવી રાખવું અને તેમાં કંઈ પણ ખોટું થાય તો તે વાત્સલ્યથી ભરી દેવું.

વાત્સલ્યને હૃદયમાં રાખીને સત્યની રક્ષા કરવી. ધર્મ અને સત્ય એ વિશ્વના આધારસ્તંભ છે અને તેનું સમતોલન વાત્સલ્યથી ચેતનાનો સંચાર કરાવે છે. આ જીવન-તાર છે (living-wire) છે.

આ પ્રક્રિયા (પ્રોસેસ) થકી ધર્મ સંબંધ જાળવીને જે વિચાર ઉદ્‌ભવે તે અનુબંધ વિચાર છે. સમાજમાં અનિષ્ટોને નાબૂદ કરવા તે કરતાં તે કરતાં કરતાં પાપની શુદ્ધિ પણ સાથે જોઈએ. આ બંનેના અનુબંધથી મુક્તિ થાય છે. ગુરુદેવે પોતાના જીવનકાળમાં ઘણા શુદ્ધિપ્રયોગો કરેલા છે.

ધર્મ એટલે સત્ય + અહિંસા સાથે અનુબંધકારનો અનુબંધ છે. તેનો સમાજકરણ અને રાજકારણમાં પણ ધર્મ અને નીતિનો પ્રયોગ કરાવવો પડશે અને તે માટે સાધક સંસ્થાની જરૂર રહેશે. અહીંયા ગુરુદેવના દીર્ઘદૃષ્ટિ નજરમાં આવે છ. લોકજીવનમાં ઉદ્ધારની વાતોમાં માનવજીવનના કોઈ પણ સૂત્રને અલગ રાખી

શકાતું નથી. આમ કરતાં કરતાં માનવ-સાધુથી જો કોઈ દોષ રહી જાય તેમાં પણ તેને આત્મશુદ્ધિ કરવાનું કહે છે.

ગુરુદેવની પ્રાર્થનામાં ખૂબ જ શ્રદ્ધા હતી. અને તેઓ સવાર-સાંજની પ્રાર્થનાના આગ્રહી હતા. પ્રાર્થના આત્મશુદ્ધિનો સુંદર માર્ગ છે. પ્રાર્થનાથી આત્મબળ મળે છે. સાંજના પ્રાંગણમાં તેઓ અચૂકપણે નીચે પ્રમાણે કરતા -

છતાં થાઈ ગફલત જે કાંઈ તે
ક્ષમા માગી હળવા થઈએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ,
આત્મભાન નહીં વિસ્મરીએ.''

યુગે યુગે અનુબંધકાર થયલ છે. અનુબંધકારની પણ કસોટી થાય છે. અનુબંધકાર સદૈવ જાગૃત હોય છે. ગુરુદેવના જીવનકાળ દરમ્યાન દરેક જણ સાથે ચર્ચા-વિચારણા અને વાર્તાલાપ થતો હતો. તેમાં અનેક પ્રતિષ્ઠિા, તત્ત્વચિંતક, મહાનુભાવોએ પોતાના મંતવ્ય આપેલ હતા.

અનુબંધ વિચાર દ્વાર -

(૧) શુદ્ધિ અને પૃષ્ટી થાય.

(૨) સુસંસ્થાઓ અહીં સંગઠન દ્વારા સમાજ અને વ્યક્તિનું ઘડતર થાય.

આજે આપણે એવી જ સંસ્થાના પ્રતિનિધિઓ અહિંયા એકઠા થયેલ છે. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિ સંઘ ગુરુદેવે સ્થાપેલી અનેક સંસ્થાઓમાંની એક છે.

અનુબંધ વિચારધારાએ શું શું કરવું ?

(૧) સાર બાકી ન રહે (૩) નબળું પ્રવેશે નહીં. (૩) ગતિ અટકે નહીં (૪) વ્યક્ત અને અવ્યકતનો તાળો મેળવવા વિશ્વવાત્સલ્ય સંઘની વાતો કરતાં વિશ્વવાત્સલ્યના સર્વોચ્ચ આરાધકને જગતના પ્રત્યેક જીવો પ્રતિ સતત વાત્સલ્યભાવ રહે અને વાત્સલ્યભાવ રહેવા મારા સંપૂર્ણ સમર્પિત થઈને આખા જગતમાં થઈ જાય તેવી આરાધના કરવી.

અનુબંધ વિચાર દ્વારા ધર્મદષ્ટિએ સમાજરચના કરાવાનું માર્ગદર્શનબળ છે. ગુરુદેવના મૌન એકાંતવાસ બાદ વિશ્વવાત્સલ્યનો વિચાર આવેલ અને ત્યાર બાદ ભાલ-નળકાંઠા વગેરેમાં ધર્મદષ્ટિએ સમાજરચનાનો વિચાર સ્પષ્ટ થયેલ. ગુરુદેવની મૌનસાધના, પોતાના ગુરુદેવ અને સંપ્રદાય તરફથી જાકારો, સમાજમાં મુઠ્ઠીભર લોકોમાં ગેરદોરવણી છતાં પણ પોતાનું કાર્ય અવિરતપણે આગળ ધપાવી અને

એક એવા મુકામ પર પહોંચેલ હતા કે નામાંકિત રાજકારણ તેમનું માર્ગદર્શન લેતા. આ સંસ્થાને વૈશ્વિક સ્તરે ઉચ્ચ શિક્ષણ આપીને એવા સ્વયંસેવકને રાજકારણમાં મોકલવા જેથી કરીને સમાજ અને દરેક ઉચ્ચતમ કક્ષાએ પહોંચે. આ દરમ્યાન તેમણે 'ૐ મૈયા'ના મંત્રજાપ સમાજમાં આપેલ, જેમાં (૧) પોતાના મા-બાપ (૨) પોતાના ગૃહ અને (૩) પોતાની દેશભક્તિ પ્રત્યેના અહોભાવ દેખાય છે.

તેમનું અતિ ક્રાંતિકારી કાર્ય જોઈને તેમના ગુરુએ તેમને ''જગતસાધુ''નું બિરુદ આપેલું.

સ્ત્રી ઉત્થાનનાં ઘણાં જ કાર્યો કરીને, સમાજહિતના કામોને ઉત્તમ બળ આપ્યું અને માતૃસમાજ, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, ભાલનળકાંઠા ખાદી ઉદ્યોગ ભંડાર જેવી અનેક સંસ્થાઓ જેમાં શિક્ષણસંસ્થાની પણ સ્થાપના કરેલી.

ઘણી નાની ઉંમરમાં આદર્શ જીવન જીવીને સમાજને અને સંસ્થાને ઘણી જ સિમાચિહ્નરૂપ ઊંચાઈએ પહોંચાચેલ છે.

એવા ગુરુદેવની પ્રાર્થના સાથે મારું લેખન પૂર્ણ કરીશુ.

*સર્વથા સૌ સુખી થાવો,*
*સમતા સૌ સમચરો;*
*સર્વત્ર દિવ્યતા વ્યાપો,*
*શાંતિ સર્વત્ર વિસ્તરો.*
*ૐ શાંતિઃ શાંતિઃ ૐ શાંતિઃ*

(મુંબઈસ્થિત જૈન દર્શનના અભ્યાસુ યોગેશભાઈ જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ઘાટકોપરના પ્રમુખ, વિ. વા. પ્રા. સંઘના ઉપપ્રમુખ અને સંઘાણી જૈન સંઘના પૂર્વપ્રમુખ છે).



# ૩૪ ગાંધીજી વિચારના અનુસંધાનમાં સંતબાલજીના પ્રયોગ

— ડૉ. શોભના આર. શાહ

વિશ્વવંદનીય મહાત્મા ગાંધીએ દેશને સ્વતંત્રતાની સાથે રચનાત્મક પ્રવૃતિ આપી, જેનાથી દેશના બહુજન સમાજને લાભ થયો. સામાન્ય માનવી, શોષિત, દલિત, આદિવાસીનાં જીવનપરિવર્તનમાં રચનાત્મક પ્રવૃત્તિનો મહામૂલો ફાળો રહ્યો. ગાંધીવિચારમાં સમગ્ર જીવન વિકાસની વાત છે. ગામડું અને શહેરમાં સમતોલ વિકાસ રહેલો છે. ગાંધીવિચાર ક્રાંતિકારી વિચાર છે. તેમણે સત્ય અહિંસાની અણમોલ ભેટ આપી. ગાંધીવિચારથી પ્રેરાઈને અનેક સેવકો અને સંતોએ પોતાના સમગ્ર જીવનને સમર્પિત કરી દીધા.

ગાંધીવિચારની સંતબાલ ઉપર ભારે અસર પડી. તેથી સંતબાલ પ્રયોગના અનુસંધાનમાં શરૂ થયો. ભાલ-નળકાંઠાના પ્રદેશમાં ૨૦૦ ગામમાં પ્રયોગ થયો.

પ્રયોગની પ્રવૃત્તિ જોતાં તે રચનાત્મક કામો જ છે. તેથી ગાંધી અને સંતબાલના વિચારમાં ભારે સામ્ય છે. એક જૈન સાધુ તેના આગાર સાચવીને ગાંધીવિચારનું આટલું મોટું કામ કરે તે નવાઈ પમાડે તેવું છે. બન્નેના કાર્ય અને પ્રવૃત્તિમાં સામ્ય છે. કેન્દ્રમાં ગામડું-ગરીબ વર્ગ છે.

સંતબાલજીનું ધર્મદૃષ્ટિએ સમાજરચના કરવાનું ધ્યેય હતું. ક્રાંતિકારી સાધુ તેના સંઘેડા બહાર પણ મુકાયા. ઘણું સહન કરવાનું આવ્યું. આખરે સંઘોને પણ સમજાયું. વિશ્વવાત્સલ્ય ૐ મૈયા તેમનો મંત્ર હતો. 'પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું' અને 'ધર્મ અમારો એકમાત્ર એ સર્વધર્મ સેવા કરવી' સર્વથા સૌ સુખી થાઓ પ્રાર્થનાની રચના જોતાં સંતબાલજીનું જોડાણ વિશ્વ સાથે હતું. સંતબાલજી નિયમિતતા, સમયપાલન અને ચોકસાઈ પર વિશેષ ભાર મૂકતા.

ગાંધીજીના સત્યાગ્રહનું સ્વરપ સ્વતંત્રતાની સિદ્ધિ માટેનું હતું. સંતબાલ પ્રયોગમાં સ્વતંત્રતા પછી સત્યાગ્રહ સ્વરૂપ શુદ્ધિપ્રયોગના સ્વરૂપે વિકસ્યું. અન્યાના પ્રતિકાર માટે શુદ્ધિપ્રયોગનો વિચાર આપ્યો. જે સાધન, શુદ્ધિ, સત્યને અહિંસાના પાયા પર હતું. હાલ નળકાંઠાના પ્રયોગ સિદ્ધ કરી બતાવ્યું કે ધર્મદૃષ્ટિએ સમાજરચના શક્ય છે. વિનોબા ભાવે જય જગતની સંકલ્પના સમાજ આગળ મૂકે છે.

ગાંધીજીની સર્વધર્મ પ્રાર્થના, વ્રતોની વાત, 'વૈષ્ણવજન તો તેને કહીએ' તેમનું પ્રિય ભજન, સત્ય-અહિંસા-સાધનશુદ્ધિનો આગ્રહ, પ્રાર્થના એ જીવનમંત્ર હતો.

યુગપુરુષ ગાંધની વિચારસરણીના અનુસંધાનમાં જ સંતબાલપ્રયોગ છે. બન્નેની મૂળભૂત બાબત જનકલ્યાણ, વિશ્વવાત્સલ્ય, પ્રેમ, કરુણા, સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ, અન્યાના પ્રતિકાર માટે સત્યાગ્રહ જીવનને સંતુલિત રાખવા માટે વ્રતો, જીવનના આંતરિક વિકાસ માટે પ્રાર્થના, સામૂહિક પ્રાર્થના વિકસાવી.

ગાંધીજી એટલે કર્મયોગી પુરુષ અને સંતબાલજી એટલે વાત્સલ્યની ભરપૂર મૂર્તિ, જે પોતે તરે અને બીજાને તારે. ગાંધીજી અને સંતબાલજીએ તેમની પ્રાર્થનામાં અગિયાર અને બાર વ્રતને વણી લીધાં છે. તે મોટે ભાગે આપણને સમાન જ જોવા મળે છે. બન્ને મહાપુરુષોએ સમાજને આપેલાં આ વ્રત ખૂબ જ જાણીતાં છે.

જૈન સિદ્ધાંત યુક્ત જૈન ધર્મ તો સ્થૂળ શબ્દના અર્થ કરતાં પણ એના સૂક્ષ્મ ભાવ અર્થને વધુ મહત્ત્વ આપીને સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને દૃષ્ટિએ વ્રતનું પાલન કરવામાં માને છે.

(૧) **બ્રહ્મચર્ય** - ગૃહસ્થનું ઉપાસ્ય તો બ્રહ્મચર્ય જ છે.

(૨) **સત્ય શ્રદ્ધા –** મનુષ્ય પોતે પોતાના જીવનમાં પૂર્ણ સત્ય ન પરોવી શકે ત્યાં સુધી તેણે તેના પર અતરની નિષ્ઠા રાખવી. સત્ય પર શ્રદ્ધા રાખનારો માણસ વહેમ અને લાલચથી રહિત હોય છે.

(૩) **સર્વધર્મ ઉપાસના –** જતગના દરેક ધર્મમાં કોઈ ને કોઈ વિશિષ્ટ ગુણ રહેલો હોય છે. આપણા જીવનવિકાસમાં મુખ્યત્વ ત્રણ ભૂમિકાઓ રહેલી છે. નીતિ, ધર્મ અને યોગ.

નીતિ એ માનવજીવન માટે અદ્‌ભુત સામગ્રી છે. જગતના બધા જ ધર્મોનો હેતુ જગતને તેની પાછળ કાર્ય કરી રહેલા સનાતન નિયમને સમજી તેને અનુસરી પોતાના જીવનને સમૃદ્ધ કરવાનો છે. આપણ ધર્મના હાર્દને પકડવાનું ભૂલી ગયા છીએ. બહારના દેખાવને વળગી રહ્યા છીએ.

તેવા સમયે સર્વધર્મ ઉપાસનાની કલ્પના તેમના માં થઈ. તેમણે જગતના બધા ધર્મોના મહાપુરુષોના જીવનમાંથી તેમના ગુણ ગ્રહણ કર્યા છે. હજરત મહંમદ પયગંબર સાહેબના જીવનમાંથી પ્રામાણિકતા અને ભાતૃભાવ, અષોજરથુષ્ટ્ર મહાત્માના જીવનમાંથી પરોપકાર, ઈશુ ખ્રિસ્તના જીવનમાંથી ક્ષમા અને અર્પણતા અને મહાવીરના જીવનમાંથી અહિંસાનું બળ.

આ રીતે જગતના બધા ધર્મોને આપણે સેવીએ છીએ. બિન સાંપ્રદાયિક છીએ. ધર્મ એટલે એટલે વિશુદ્ધ કરનાર ક્રિયા અને યોગ એટલે આત્મપ્રકાશનો અનુભવ. આ રીતે બધા ધર્મોના ગુણ આપણને પ્યારા છે. છતાં આપણે એકનિષ્ઠ રહીએ છીએ.

(૪) **માલિકી હઠની મર્યાદા –** એના માટે પરિગ્રહ શબ્દ પણ વાપરી શકાય છે. સમાજમાં દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ પ્રકારની આસક્તિ રહેલી જ હોય છે. આ માલિકી હકની આસક્તિના પાપથી છોડાવી શકે છે. આ વ્રતમાં પોતાની પાસે હોય તેનાથી વધુ મર્યાદા કરવી તેના કરતાં હોય તેનાથી ઓછી મર્યાદા કરવી એ બાકીનો સદુપયોગ એ ચડતીની નિશાની છે.

(૫) **વ્યવસાય મર્યાદા –** માલિકી હકની મર્યાદાની જેમ વ્યવસાયની ધંધાદારીની પણ મર્યાદા હોવી જોઈએ. સાંજ પડ્યા ફછી નિવૃત્તિમય જીવન ગાળવાનો કુદરતી આદેશ છે.

(૬) **નિંદા-પ્રશંસા ત્યાગ વ્રત –** આ સમાજમાં નિંદા અને પ્રશંસાનો બહુ મોટો રોગ ફેલાયો છે. માટે પોતાની બડાઈ કરવાથી અને પારકાની નિંદા-ટીકાથી દૂર રહેવું એ પણ એક મહાન સેવા છે.

(૭) **વિભૂષા વિજય –** અત્યારનો જમાનો ફેશન અને ટાપ-ટીપનો છે,

જેની પાછળ આપણી અખૂટ શક્તિ અને સાધન-સંપત્તિ વેડફાઈ જાય છે. તેથી કુદરતી રૂપ-રંગ જે મળ્યાં છે તેને સ્વીકારી કૃત્રિમ ટાપ-ટીપનો ત્યાગ કરવો અને આપણી વ્યર્થ ઇચ્છાઓ ઉપર વિજય મેળવવો, જેથી શક્તિ અને સંપત્તિ બન્નેનો સદુપયોગ થાય.

(૮) **વ્યસનત્યાગ** – ચા, તમાકુથી લઈને માંસાહાર, ચોરી, જુગાર, વ્યભિચાર, દારૂ, વેશ્યાગમન, શિકાર, આ બધાં વ્યસનોનો ત્યાગ કરવો જેથી કેન્સર જેવા જીવલેણ રોગમાંથી બચી શકાય છે.

(૯) **ખાનપાન અને શયનમાં વિવેક** – હાલના મોજ-મજાના જમાનામાં લોકો બહારના ખાન-પાન તરફ બહુ રુચિ ધરાવે છે એટને તેનો ત્યાગ કરી સાદગી અપનાવવી.

(૧૦) **ક્ષમાપના** – જૈન ધર્મમાં ક્ષમાને શ્રેષ્ઠ ગુણ ગણવામાં આવે છે. ક્ષમાપના પર્વ પણ ઉજવવામાં આવે છે. આપણે ડગલે ને પગલે ભૂલ કરતાં હોઈએ છીએ એટલે બીજાને માફી આપવી અને આપણે પણ ભૂલ બદલ માફી માગવી, જેથી જીવન સરળ અને શુદ્ધ બને છે, વિપત્તિઓ ઘટે છે.

(૧૧) **રાત્રિભોજન ત્યાગ** – આ વ્રત શ્રેષ્ઠ ગણવામાંઆવ્યું છે. નરકગતિના ચાર દ્વારોમાંનું એક દ્વાર ગણવામાં આવ્યું છે. સૂર્યાસ્ત બાદ ઘણા બધા જીવોની ઉત્પત્તિ થાય છે, જેને કારણે જીવને હિંસાનો દોષ લાગે છે. હલકી યોનિના જીવો રાત્રે ભ્રમણ કરે છે. તેથી જીવોની રક્ષા માટે પણ રાત્રિભોજન ત્યાગ કરવો જોઈએ તેમ જ વૈદકીય દૃષ્ટિએ પણ આ વ્રત ઉપયોગી છે.

આપણે આપણા ધ્યેયને પહોંચી વળવા માટે આ અગિયાર વ્રતનું સાંગોપાંગ પાલન કરવું જોઈએ. આ વ્રતોના પાલનથી વ્યક્તિમાં સદ્‌ભાવ પ્રગટે છે. રાગ-દ્વેષ દૂર થાય છે.

જગતના ઋષિ સમાન ગાંધીજી ને સંતબાલજીએ જે સર્વધર્મ સમભાવ, મનુષ્યના જીવનને ઉપયોગી સિદ્ધાંતો તેમ જ ચિત્તની રાગદ્વેષાદિ મલિનતાઓ પર વિજય મેળવો તે જ સાચો ધર્મ છે તેમ જણાવ્યું છે. સત્ય, અહિંસા, અચૌર્ય, અપરિગ્રહ જેવા ધર્મના સદ્‌ગુણોની કેળવણીને વ્યવહારમાં તેનું પાલન કરવાનું ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમના વિચારો દ્વારા આજની યુવા પેઢીને જીવન જીવવાનો એક નવો માર્ગ મળ્યો છે.

(આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયન કેન્દ્ર - ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના પ્રાધ્યાપક અનેક રાષ્ટ્રીય પરિસંવાદ અને જ્ઞાનસત્રો સાહિત્ય સમારોહમાં શોભનાબહેન અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે).

# ૩૫ સંતબાલજી એક અનોખા સંત

— રમેશભાઈ ગાંધી

મુનિશ્રીનાં પરમભક્ત છબલબા જેઓ મારાં દિવંગત નાની દુધીબેન સંઘવીનાં ખાસ બહેનપણી. તે બંનેના ઘનિષ્ટ સંબંધને કારણે ઘાટકોપર હિંગવાલા લેન ઉપાશ્રમમાં મુનિશ્રી સંતબાલજીના દર્શન-વાણીનો લાભ મળેલો.

મુનિશ્રીના ૧૯૬૪-૬૫ના કલકત્તાના શેષકાળ અને ચાતુર્માસ દરમ્યાન કેટલોક સમય અમારા ઘરની નજીક બેન્ટીક સ્ટ્રીટના એક ફ્લૅટમાં ગુરુદેવે નિવાસ કરેલ ત્યારે પૂ. ગુરુદેવની વાણીનું અમૃતપાન કરેલ. ઉપરાંત તેમની પાવન નિશ્રામાં સાંવત્સરિક પ્રતિક્રમણ બોલાવવાનો જે લાભ મળેલ તે આજે પણ સ્મૃતિમાં અકબંધ જાળેવલ છે.

એ સમયમાં બંગાલમાં કાલીમાતાના મંદિરે પશુઓના વધ દ્વારા ભોગ ચડાવાતો. પૂજ્ય મુનિશ્રીએ આ હિંસા અટકાવવા અહિંસક આંદોલનની ઘોષણા કરેલી. એક

ભાઈએ આ આંદોલનનો તમામ ખર્ચ આપવાની સંઘને વાત કરી. ગુરુદેવે પૂછ્યું કે એ ભાઈનો ધંધો-વેપાર શેનો છે? તપાસ કરતાં જાણવા મળ્યું કે તેનો ધંધો હિંસાત્મક સાધનો પર આધારી હતો જેથી ગુરુદેવે કહ્યું કે હિંસાત્મક સાધનો દ્વારા મેળવાયેલા ધનનો અહિંસાત્મક આંદોલનમાં ઉપયોગ શી રીતે કરી શકાય? ન્યાયસંપન્ન આજીવિકા દ્વારા કમાયેલ ધન દાનમાં મળે તો આપણો હેતુ સરે. ગુરુદેવ આવા સાધનશુદ્ધિના આગ્રહી હતા.

તેમના જીવનના કેટલાક ગુણો આપણને પાવન પ્રેરણા આપે છે.

◎ સાધનશુદ્ધિનું જીવનમાં આચરણ.
◎ સત્યનો આગ્રહ.
◎ પૂજ્યશ્રીએ સત્યને માર્ગે કેટલાક કપરા સંજોગોમાં પણ શુદ્ધિપ્રયોગો કર્યા.
◎ ધર્મ આધારિત સમાજરચના માટે સમન્વયવાદી વિચારધારા.
◎ નિજી જીવનમાં વૈયાવચ્ચનો ઉત્તમ ગુણ પોતાના ગુરુની સેવા કરી ચરિતાર્થ કર્યો.
◎ સામાજિક અને ધાર્મિક સમસ્યાનું ન્યાય અને અહિંસાના માર્ગે સમાધાન.
◎ ગુરુવિચારને ઝીલી ગાંધીવિચારધારાની પુષ્ટિ કરી.
◎ અંતેવાસીઓ અને સાથી-મિત્રો પ્રતિ સૌમ્ય વ્યવહાર પ્રેમભાવ છતાં સચોટ માર્ગદર્શન.
◎ પારદર્શક વિચારધારા.
◎ નીડર અને સ્પષ્ટ પત્રકારત્વ. ૐ મૈયાનો મંત્ર.
◎ જૈનત્વનું આરચણ.
◎ ઉત્કૃષ્ઠ સવા સંસ્થાઓ અને ચિંતનસભર વિપુલ સાહિત્યનું સર્જન કરીને આપણને વારસમાં આપતા ગયા.

આવા અનોખા સંતના એકાદ ગુણનું પણ જો આપણામાં અવતરણ થાય તો આપણું ચોક્કસ કલ્યાણ થઈ જાય તેમાં લેશમાત્ર શંકા નથી. યુગપુરુષ મુનિશ્રીને વંદન.

(વાપીસ્થિત રમેશભાઈ જૈન દર્શનના અભ્યાસુ છે. તેમણે કેટલાક જૈન ગ્રંથોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. નિવૃત્ત બેંક મૅનેજર છે).

# ૩૬ ગાંધીવિચાર ક્ષેત્રે પ્રદાન કરનાર સંત-કવિવર્ય નાનચંદ્રજી

— ડૉ. રતનબહેન ખીમજી છાડવા

ભારત દેશના અનેક મહાપુરુષોની કોટિમાં મહાત્મા ગાંધીજી અવશ્ય ગણાય. ભારત દેશના બે મહાન યુગપુરુષ એ તે ઉત્તમ કોટિના મહાત્મા કે જેમને ગોપાલકૃષ્ણ ગોખલેજીએ પુરુષોત્તમ તરીકે બિરદાવ્યા હતા, એવા મહાત્મા ગાંધીજીના કાર્યને અને ઉપદેશને યથાર્થ રીતે સમજાવનાર જો કોઈ સંત હોય તો તે પૂજ્ય શ્રી નાનચંદ્રજી મહારાજ સાહેબ હતા.

સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં જન્મ લઈ પોતાના જીવન અને વિચારોના આંદોલનો ફેલાવી વિશ્વને વાત્સલ્યના પાઠ શીખવનાર મહાન વિભૂતિ એટલે પૂજ્યશ્રી નાનચંદ્રજી મહારાજ. તેમનો જન્મ ઝાલાવાડ પ્રાંતના સાયલા ગામમાં સંવત ૧૯૩૩ના રોજ થયો હતો. નાનકપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી દેતા નાનકડા

નાગરને માતૃતુલ્ય ભાભી મોંઘીબાઈ અને મોટાભાઈ જેસંગે મોટો કર્યો. મોટાભાઈનું નિધન થતાં ભાઈની મોટી ઓથ જતી રહી અને નાગરના માથે કુટુંબની જવાબદારી આવી. તેમના વિવાહ સંબંધી વાતો ચાલુ થઈ ત્યારે ખબર પડી કે સગાઈમાં કપટ રમાયું છે. બતાવી મોટી કન્યા અને સગપણ થયું નાની કન્યા સાથે. આ બધું જાણી નાગરને સંસાર અસાર લાગ્યો, સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ જાગ્યો. ત્યારે ગુરુ દેવચંદ્રજી સાથે તેમનો પરિચય થયો. ગુરુવાણીથી એમનામાં વૈરાગ્યની ભાવના વધુ પ્રબળ બની. આખરે કુટુંબીજનોની સંમતિ મેળવી સં. ૧૯૫૭માં ગુરુદેવ પાસે દીક્ષા લીધી. સંયમ સ્વીકારતા નાગરમાંથી મુનિ નાનચંદ્રજી બન્યા અને મહામુનિ બનવાની દિશામાં પ્રયાણ આદર્યું.

પૂજ્ય નાનચંદ્રજી મહારાજ ગાંધીયુગના અસિંહક, ક્રાંતિકારી, યુગદૃષ્ટા હતા. તેમણે પોતાના જીવનની એક એક ક્ષણનો ઉપયોગ જનકલ્યાણ માટે કયો હતો. હકીકતમાં તેઓ યુગપુરુષ હતા. યુગપુરુષ કાળને ચલાવી શકે છે – કાળ યુગપુરુષને ચલાવી શકતો નથી. મહાત્મા ગાંધીજી હજી ભારતમાં ચમક્યા ન હતા, તે પહેલાં જ તેમણે પૂજ્ય બાપુને પિછાની લીધા. નહીંતર એક જૈન મુનિ એક ગૃહસ્થ માટે આવું કેમ લખી શકે કે,

**''જાગો ભારતજાયા તમને ભારતવીર જગાડે છે,**
**વિજય તણું વાજું, મનમોહન એ નરવીર વગાડે છે.''**

તે જ પ્રમાણે –

**''જગતને બોધ દેવાને, જરૂરી વાત કહેવાને,**
**લઈ સંદેશ પ્રભુજીનો, અવનિમાં ગાંધીજી આવ્યા.''**

અહીં ધર્મજીવી આ યુગપુરુષે માત્ર યુગવાણી ઉચરી ન હતી, પરંતુ તદ્‌નુરૂપ આચરણ પણ કર્યું અને કરાવ્યું હતું. તેઓ વિચારમાં ગંભીર, વાણીમાં મધુર અને વ્યક્તિત્વમાં મનોહર તથા આચાર પાળવા-પળાવવામાં પ્રખર હતા. માટે જ આવા યુગપુરુષ વ્યાપક પ્રમાણમાં લોકોના જીવનમાં પ્રેરણા, સ્ફૂર્તિ અને ચેતના ભરી શક્યા.

પૂજ્ય નાનચંદ્રજીસ્વામી મહાત્મા ગાંધીજીના વિચારોના સમર્થક હતા. ગાંધી વિચારધારાને રગેરગમાં તેમણે પચાવી હતી, તેમજ એ વિચારોને અનુસરીને ક્રિયામાં પણ મૂક્યા હતા. એટલે જ તેઓ નખશિખ શુદ્ધ, હાથે કાંતેલ સુતરમાંથી જ વણાયેલી ખાદીનાં વસ્ત્રો વાપરતા તેમ જ હાતે દળેલા લોટની જ બનાવેલી ભિયા

લેતા. દરેક વસ્તુનો ઉપયોગ પોતે કરકસરથી કરતા. વળી સ્વચ્છતા, સુઘડતા, નિયમિતતા, વ્યવસ્થિતતા, વચનપાલન, શિસ્તપાલન, નીડરા, સ્પષ્ટવક્તા જેવા નાન-મોટા કેટલાયે સદ્‌ગુણો ગાંધીજીની વિચારસરણીને ઘણે અંશે મળતા આવતા હતા. તેઓ શુદ્ધ ખાદીનાં વસ્ત્રો પહેરતા એટલું જ નહીં પણ એ અંગે અહિંસા ધર્મની સમજૂતી આપતા અને લોકોની આંખો ઉઘાડવાનો પ્રયત્ન કરતા તેમ જ ગ્રામોદ્યોગ જેના મૂળમાં બીજા ઉદ્યોગો કરતાં ઓછી હિંસા છે તેનો પણ પ્રચાર કરતા લોકોને સમજાવતા.

ગાંધીયુગમાં તેઓ જીવ્યા અને ગાંધીજીના શ્રમજીવન, સ્વદેશી વ્રત, અસ્પૃશ્યતા વગેરે સમાજ સુધારોના વિચારોના રંગે રંગાયા હતા. શ્રમથી શરીર સ્વાસ્થ્ય સુંદર રહે તેમજ બહેનો ફરીથી ગૃહસ્થ જીવનમાં શ્રમનું મહત્ત્વ સમજે તે હેતુથી હાથની ઘંટીથી દળેલા લોટના રોટલા-રોટલી જ ગોચરીમાં સ્વીકારતા. પ્રકૃતિને પ્રતિકૂળ તેમજ સાધનામાં બાધક આવે તેવી સરસ મોહક ખાવા-પીવાની ચીજ લેવા માટે ગમે તેટલો કોઈ આગ્રહ કરે તો પણ તેઓ કદી લલચાતા નહીં. તેવી જ રીતે પોતાનું કામ જાતે જ કરતા, શિષ્યોને કરવા આપતા નહીં.

હિન્દુ સમાજમાં રહેલ અસ્પૃશ્યતાના તેઓ કટ્ટર વિરોધી હતા. કહેતા , હિન્દુ સમાજે ગંદકી કરનારને ગંદકી સાફ કરનાર કરતાં ઊંચો ગણ્યો છે, તેનું મેલું ઉપાડનારને અસ્પૃશ્ય કહી તિરસ્કાર્યો છે. એટલું જ નહીં, પણ જો તે અસ્પૃશ્ય હિન્દુ છોડી મુસ્લિમ કે ખ્રિસ્તી બને તો તેની સાથે બોલવા-ઉઠવામાં જરા પણ વાંધો ન આવે અને તે અસ્પૃશ્ય મટી જાય. આ કેવી મૂર્ખાઈ ગણાવી? તેવી જ રીતે યંત્રવાદનો પણ વિરોધ કરતા. તેઓ માનતા કે લાખો શ્રમજીવીઓનાં પેટ પર પાટુ મારી એક પૂંજીપતિ ગણ્યા-ગાંઠ્યા માણસો પાસે યંત્રથી કામ લઈ ધનવાન બને છે અને અનેકોની રોજી-રોટી લૂંટી તેમને બેકાર બનાવે છે. આવો અપ્રમાણિક વ્યવહાર એ હિંસાનો જ એક પ્રકાર છે. જૈન ધર્મ અહિંસા અને સત્ય પર આશ્રિત છે. તે સમાજમાં આવી અપ્રમાણિકતા ન હોવી જોઈએ, એમ તેઓ પોતાના ઉપદેશમાં અવારનવાર કહેતા અને ગ્રામોદ્યોગના વિકાસ માટે પ્રયત્નો કરતા તેમ જ સ્વદેશી એટલે કે દેશમાં જ બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવો એવો ઉપદેશ કટાક્ષરૂપે તેમણે પોતાની કાવ્યપ્રસાદીરૂપે આપ્યો. જેમકે -

**'સુખતણા સ્વદેશી સાધનો બધાં ત્યજ્યાં,**
**વિલાસતણા વિષ સમાન વેશને સજ્યા.'**

દેશકાળ પ્રમાણે વ્યક્તિ કે વર્ગની ઉન્નતિ માટેતેઓની સાથે કઈ રીતે કામ કરવું તેની પૂજ્યશ્રીને અનોખી વ્યવહારિક સૂઝ હતી. બ્રિટિશ શાસનકાળમાં ભગવાન મહાલઈરના મૂળભૂત સિદ્ધાંતોને દઢતાપૂર્વક રાજનૈતિક અને આધ્યાતિમક પદ્ધતિનો સમન્વય કરીને માનસેવાનો વ્યાપક વિચાર જનજનના માનસમાં પાદવિહાર કરીને પહોંચાડ્યો હતો તેમજ આદિવાસી ક્ષેત્રોમાં તો એક ક્રાંતિકારી ચિચાર દ્વારા લોકોને હિંસાની પ્રવૃત્તિથી અહિંસા તરફ વાળવામાં સફળ રહ્યા હતા. તેવી જ રીતે પછાત, નિરાધાર લોકોને ઉપર લાવવામાં તેમનો ફાળો મહત્ત્વનો રહ્યો હતો. હરિજનોને પણ ઊંચે લાવવા તેમણે ખૂબ પ્રયત્નો કર્યા. આજથી લગભગ સો વર્ષ પહેલાં ઉપાશ્રયમાં હરિજનોને વ્યાખ્યાન આપતા હતા. ગાંધીજીની જેમ તેઓ પણ હરિજનોને હરિના જન લેખાવતા અને તેમની સાથેના દરેક પ્રકારના ભેદભાવ દૂર કરાવતા.

પૂજ્યશ્રી નાાંચંદ્રજી મહારાજ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, રાષ્ટ્રીય, આધ્યાત્મિક આદિ ક્ષેત્રોના વિકાસ માટેના પ્રખર પ્રચારક હતા.

સામાજિક કુરૂઢિઓ સામે શાંત છતાં સફળ અને અસરકારક જેહાદ જગાવી. તે સમયે કન્યાવિક્રય ખૂબ થતો. તેમણે પૈસાની આ લેવડ-દેવડ બંધ કરાવી, રડવા-કૂટવાના રિવાજ એવા હતા કે અણસમજુ બહોનો વિધવા થતાં ભીંત સાથે માથું પછાડતી, છાતી કૂટતી. આ બધું જ બંધ કરાવ્યું. મરણ પાછળ જમણ, નાત જમાડવી વગેરે કુરિવાજોથી થતા નુકસાનો સમજાવી ઉપદેશ આપ્યો. આમ, તેમણે કુરૂઢિઓને બંધ કરાવી સદાચાર સ્થાપવા ભગીરથ પ્રયાસો કર્યા.

રાષ્ટ્રપિતા ગાંધીજીએ નારીશક્તિને ચાર દીવલમાંથી બહાર કાઢી સર્વ ક્ષેત્રમાં કામ કરવા પ્રોત્સાહન આપ્યું. તેવી જ રીતે તેમણે પણ સમાજમાં સ્ત્રીઓના સ્થાનને ગૌરવાંકિત કરવા અને નિરાધાર વિધવાઓ સ્વમાનભેર પોતાની રોજી-રાટી મેળવી શકે એવા શુભાશયથી મહિલામંડળ સ્થાપવાની પ્રેરણા આપી. ઠેરઠેર મહિલાપ્રવૃત્તિઓ વિકસાવી અને તેમાં નિર્વધ ઉદ્યોગો તથા સ્ત્રીશિક્ષણનું સંકલન ગોઠવ્યું તેમ જ જીવનનિર્વાહ માટે પોતાના પગ ઉપર ઊભી રહી હકે તે માટે અનેક સ્થાનોમાં શ્રાવિકાશાળાઓ સ્થાપી. આમ, નારી-ઉત્કર્ષના કાર્યમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

નાના નાન ગામડાંઓના જૂથોથી વીંટળાયેલા શહેર-કસબા વિસ્તારમાં છાત્રાલયોની શુભ પ્રવૃત્તિએ વિકસાવી. સ્થાન સ્થાન પર લાયબ્રેરી, પાઠશાળા, બોર્ડિંગ આદિ સંસ્થાઓની સ્થાપના કરી ને માટીમાંથી માનવનું ઘડતર કર્યું. આજે પણ વકીલ, ડૉક્ટર, પ્રોફેસર આદિ અનેક વિદ્યાર્થીઓ એમની સ્થાપેલી સંસ્થામાંથી

શિક્ષણ પ્રાપ્ત રી ઉચ્ચ સ્તર પર પહોંચી સામાજિક સેવા કરી રહ્યા છે.

તેવી જ રીતે ધાર્મિક ક્ષેત્રે પણ અવિવેકમય ક્રિયાકાંડ થતા હતા તેમાં પણ સુધારો કરી તેમણે સત્યમાર્ગની દિશાનો નિર્દેશ કર્યો. તેમની વાણીમાં મીઠો રણકાર અને શબ્દોમાં જાદુ હતો. તેઓ કટાક્ષમાં કહેતા કે,

**''સમજણ વિના તો બાંધે સામાયિક, પડિક્કમણું બોલે પોકારી,**
**પોષો સજે પણ રાસો તજે હીં, વાતો છો ના વિકારી.''**

જૈનદર્શન એ વિશ્વદર્શન છે. અન્ય દર્શનીઓને જૈનદર્શનની સાપેક્ષવાદની વ્યવહારુ પ્રીતતિ થાય એ માટે માત્ર ઉપાશ્રયો અથવા ધર્મસ્થાનોમાં જ વ્યાખ્યાનો આપવાની રૂઢિગત પ્રણાલિકાનો વિસ્તાર કરી અન્ય સ્થળોએ જૈન-જૈનેતર જનતામાં લોકભોગ્ય અને અસરકારક વ્યાખ્યાનો આપવાનો નવો ચીલો ઉપસાવ્યો.

મહાત્મા ગાંધીજીએ સર્વધર્મોના અનુયાયીઓને પ્રાર્થનાના માધ્યમથી પોતાની રાજકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડ્યા હતા. ગાંધીજીની આ સર્વધર્મ પ્રાર્થનામાં તેમને રસ પડ્યો. તેમણે પણ સાંજના સમયે પ્રતિક્રમણ બાદ સર્વધર્મ સન્મવય પ્રાર્થનાઓ અને પ્રવચનોની પ્રક્રિયા શરૂ કરી, જેનાથી જૈન અને જૈનેતરની હાર્દિક એકતાનો ટેકો મળ્યો. આ પ્રવૃત્તિથી તેમણે જૈનતત્ત્વને ગાજતું કર્યું. મહાત્મા ગાંધીના ઉપદેશે ઝીલવા કબિદ્ધ થયેલા અનેક યુવાનોને તેઓ પોતાની આકર્ષક વાણી દ્વારા પ્રોત્સાહન આપતા. યુવાશક્તિમાં પૂરો વિશ્વાસ હોવાથી તેઓએ યુવકોને ઉદ્‌બોધન આપવા યુવક પરિષદોમાં હાજરી આપી, ધર્મ અને નીતિના સંસ્કારોના પ્રેરણાબીજ રોપવા ભગીરથ પુરુષાર્ત કર્યો.

આ સંતપુરુષમાં સાંપ્રદાયિક ભાવનો જરા પણ આગ્રહ ન હતો. તેમની સર્વધર્મ સમન્વયની વાસ્તવિક યથાર્થદૃષ્ટિ પ્રશંસનીય હતી. નયવાદનું રહસ્ય તેમણે બરાબર પચાવ્યું હતું. તેઓએ સર્વ દર્શનોનો અભાયાસ કર્યો હતો. ધર્મમાં ભેદ ન હોય અને ભેદ હોય ત્યાં ધર્મ ન હોય - આવું માત્ર બોલીને જ બેસી ન રહેતા તેમણે આચરીને બતાવ્યું. 'ભાજનભેદ કહાવત નાના એક મૃત્તિકા રૂપરી'. અર્થાત્ ભાજનભેદ જેમ જુદાં જુદાં તેમ ધર્મસ્થાનક ભલે જુદાં પણ માટી બધામાં એક જ હોય તેમ ધર્મના મૂળ સિદ્ધાંતો બધાના સમાન જ હોય. તેઓ દરેક કોમ અને જાતિના લોકો સાથે આત્મીયતાની દૃષ્ટિથી જોતા. માટે જ તેમનાં પ્રવચનો સાંભળી જૈનેતરો પણ આદર્શ જીવન જીવતા શીખ્યા.

માનવતા એ ધર્મનો મૂળભૂત પાયો છે. જેમ જળ વિનાના સરોવરમાં તિરોડો

પડી જાય છે, તેમ માનવતાવિહોણો ધર્મ અસ્ત-વ્યસ્ત બની જાય છે એમ તેઓ માનતા. આથી એમના સર્વ પ્રવચનો, લખાણો, વ્યાખ્યાનો અને ઉપદેશોમાં હંમેશાં માનવતાનો સૂર અવશ્ય પ્રધાનપણે ગૂજતો રહેતો. તેમના મતાનુસાર જૈન ધર્મમાં જેટલું મહત્ત્વ ક્રિયાકાંડ અને તપનું, એટલો જ મહિમા સેવા ધર્મનો વર્ણવાયો છે. પ્રભુ મહાવીરની છેલ્લી દેશના એટલે ઉત્તરાધ્યયન સૂત્રમાં આ જ વાત કહી છે કે, માણસ પહેલા મનુષ્યત્વ પ્રાપ્ત કરે, માનવધર્મ પામે પછી જ યથાર્થ સાંભળનારનાં ઉત્તમ પ્રકારની આત્મશ્રદ્ધા પ્રગટે છે. અવો શ્રદ્ધામય પુરુષ જ મોક્ષમોર્ગ તરફ ગતિ કરી શકે છે. તેથી જ માનવતા આધ્યાત્મિક્તાનો એકડો છ, એવું તેઓ દઢપણે માનતા, કારણ કે સ્વધર્મ-આત્મધર્મનો પાયો માનવધર્મ જ છે. 'માત્ર માનવ માનવ વચ્ચે જ નહીં પણ સમસ્ત વિશ્વ સાથે પ્રેમની સાંકળ સાધે તે ધર્મ' ગાંધીજીના આ વાક્યનો યથાર્થ મર્મ તેઓ બરાબર સમજ્યા હતા.

માનવજાતની સેવા માટે તેમણે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. પ્રાણી માત્ર પ્રત્યે તેઓ અનુકંપા અને કરુણા ધરાવત હતા. તેમને સર્વ પ્રાણીઓમાં પ્રભુ અને પ્રભુમાં પ્રાણીમાત્રનાં દર્શન થતાં હતાં. 'જનસેવા એ જ પ્રભુની સેવા' તેમના જીવનનો મહામંત્ર હતો.

પૂજ્ય શ્રી નાનચંદ્રજી મહારાજે એક મહાન રાષ્ટ્રસંતનું પણ નિર્માણ કર્યું. આધ્યાત્મિક સાધના તથા પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને જીવનમાં સાક્ષાત્ કરનાર ક્રાંતિકારી ગુરુના શિષ્ય પણ ક્રાંતિકારી જ હોય. એવા મુનિશ્રી સંતબાલજી તેમના શિષ્ય હતા. જેણમે રાષ્ટ્રની નાડ પારખી ગાડમાંઓને આધાર માની ગુરુદેવની જે ભાવના હતી તેને સાકાર રૂપ આપલા માટે ધર્મમય સમાજ રચવા કટિબદ્ધ થયા, પરંતુ પૂજ્ય સંતબાલજીની સાધુવેશમાં ક્રાંતિકારી વિચારસરણી સમાજ અપનાવી શક્યો નહિ. પરિણામે તેઓને ગુરુદેવથી અલગ થવું પડ્યું. જૈન સાંપ્રદાયિક વેશધારી સાધુ આવી વિશ્વવ્યાપક કર્તવ્યપ્રેરણા અને ઉપદેશ આપે તે સાંપ્રદાયિક મમત્વવાળો રૂઢિગત પરબિળોમાં ઉહાપોહ જગવે એ નિર્વિવાદ હતું, પરંતુ આવા પ્રચાર અને પ્રયત્નો સામે પૂજ્યશ્રી નાનચંદ્રજી મહારાજે લાક્ષણિક રીતે પ્રેમવર્ષણ કર્યું તેમ જ અંત સુધી સંતબાલજી પ્રત્યે અમીદૃષ્ટિ રાખી. પૂજ્ય સંતબાલજીએ ભાલનળકાંઠા વગરે અનેક સ્થળોએ રચનાત્મક કાર્ય દ્વારા અનેકના હૃદયપરિવર્તન કરી સન્માર્ગે વાળ્યા. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા સમાજોપયોગી કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચાલુ કરી. આજે પણ ચીંચણમાં મહાવીરગનગર આંતરાસ્ટ્રીય કેન્દ્ર સમાજકલ્યાણનો

પ્રેરક સ્થંભ બની માર્ગદર્શન આપી રહ્યું છે.

પૂજ્ય નાનચંદ્રજી એક ક્રાંતિકારી સાધુ હતા. જ્યારે જ્યારે તેમના અંતરમાંથી અનાહત નાદનો રણકો ઊઠે ત્યારે ત્યારે તુરંત તેઓ પ્રયત્નપૂર્વક તેનો અમલ પણ કરતા. વર્તમાન યુગને અનુસારીને આગેકૂચ કરતા. ગ્રામાનુગ્રામ વિચરીને સમાજને માનવતાના પાઠોનું અમૃતપાન કરાવતા. સમાજ અને રાષ્ટ્રના હિત માટે ગાંધીજીની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતા. 'સર્વજન હિતાય' માટે વિવિધ વિષયો પર ગાંધીજી સાથે વાર્તાલાપ, ચર્ચા-વિચારણા કરી એકમેકના વિચારો જાણતા. ગાંધીજી પણ આવા સંતના દર્શનથી ધન્ય થતા, તો પૂજ્યશ્રી પણ સાચા ધાર્મિક, આધ્યાત્મિક અને શુદ્ધિના આગ્રહી એવા ગાંધીજી પ્રત્યે, એમના કાર્યો પ્રત્યે આકર્ષણ ધરાવતા હતા.

વેશથી પૂજ્ય નાનચંદ્રજી જૈન સાધુ ભલે હતા પણ ઉપદેશથી અને પ્રેરણાથી તો તેઓ રાષ્ટ્રીય સંત હતા. રાષ્ટ્રી ગીતો રચી, ખાદીપ્રચાર, ગોપાલન, ચરખો, અસ્પૃશ્યતાનિવારણ, સ્વદેશી પ્રચાર વગેરે અનેક રાષ્ટ્રોત્થાનના કાર્યોમાં પોતાના સાધુત્વની મર્યાદામાં રહીને સુંદર ફાળો આપતા રહેતા.

આમ, ગાંધીવિચાર ક્ષેત્રે પ્રદાન કરનાર જૈન સંત કવિવર્ય પૂજ્ય નાનચંદ્રજી મહારાજે અહિંસા, સ્વધર્મ, સમાજધર્મ, યુગધર્મ, સેવાનો પથ વગેરે બાબતોની છણાવટ કરીને આ ભૌતિક જગતમાં જ દિવ્યતા પ્રગટાવવાનો અને આ ધરતી પર જ સ્વર્ગ સર્જાવવાનો સંદેશ આપ્યો હતો.

ધન્ય છે તે વીરલ વિભૂતિઓને ... વંદન છે તે મહાન વિભૂતિઓને.

અસ્તુ.

**પુસ્તકસૂચિ :**

૧. પૂ. ગુરુદેવ કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજ
જન્મ શતાબ્દી - સ્મૃતિગ્રંથ, સંપાદકઃ મુનિ ચુનીલાલજી (ચિત્તમુનિ)
૨. સંતબાલજી - જીવનકવન અને પ્રેરક પ્રસંગો : ગુણવંત બરવાળિયા
૩. મુનિશ્રી સંતબાલજી જીવનસાધના, દુલેરાય માટલિયા વિવૃત્ત
૪. સત્ય એ જ ઈશ્વર છે - ગાંધીજી

(મુંબઈસ્થિત જૈન ધર્મના અભ્યાસુ ડૉ. રતનબહેને શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'વ્રત વિચાર રાસ' પર સંશોધન કરી Phd. કર્યું છે. જૂની લિપિ ઉકેલવામાં અને હસ્તપ્રતોના સંશોધનમાં રસ છે. મુંબઈ મહાસંઘના ધાર્મિક શિક્ષણબોર્ડમાં પ્રવૃત્ત છે. 'જૈન પ્રકાશ' અને 'જીવદયા'ના તંત્રી છે).

# ૩૭ મુનિશ્રી સંતબાલજી સાથેના પ્રેરક પ્રસંગ :

— પ્રભાબહેન અજમેરા

મારા ગુરુ પૂજ્ય સંતબાલજી સંત તો ખરા જ, પણ મહાસંત હતા. આજના યુગમાં વ્યવહારમાં જે પાંચ મહાવ્રતો સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અચૌર્ય એમ પાળે તેને સાધુ કહેવાય, પણ આવો સાધુ સાધુજીવનની આ બધી મર્યાદાનું પાલન કરીને જો સમાજના પ્રશ્નોમાં રસ લે, માર્ગદર્શન અને પ્રેરણા આપે તો તે સાધુ ન કહેવાય એવી ૭૦ વર્ષ પહેલાં રૂઢ માન્યતા હતી. તે વખતે મુનિશ્રી સંતબાલજી મહારાજે તે કાળે ક્રાંતિકારી કહી શકાય તેવી કેટલીક વાતો કરી એન આચરી પણ, એથી તે વખતના જૈન સમાજે તેમને સંઘબહાર મૂક્યા. તેમ છતાં મુનિશ્રીએ તો કહ્યું કે, જૈન સંપ્રદાયે ભલે મને સંપ્રદાય બહાર મૂક્યો. જ્યાં સુધી સંપ્રદાયનાં મૂળ તત્ત્વો મારી સાધનામાં બાધક નથી બન્યાં ત્યાં સુધી સંપ્રદાય છોડવાનું મારે કારણ નથી. સંઘને ક્યારેક પણ મારી વાત સમજાશે. આમ ધીરજ

રાખીને સંઘને પોતાનો જ માન્યો અને વ્યવહાર પણ એવો જ રાખ્યો. આ એમની મહાનતા હતી.

આનું પરિણામ પણ સુંદર આવ્યું. વીસ વર્ષ પછી ઘાટકોપર સંઘે સામે ચાલીને આમંત્રણ આપી ચાતુર્માસ કરાવ્યા. ૧૯૫૮માં અને બીજાં વીસ વર્ષ પછી મુંબઈના એમના સંપ્રદાયના તમામ જૈન સંઘોના ઉપાશ્રયનાં બારણાં એમના માટે ખૂલ્લાં મુકાઈ ગયાં (૧૯૭૭).

પાંચે મહાવ્રત સ્થૂળ રીતે બહારથી એટલે કે દ્રવ્યથી તો એ પાળતા જ હતા, પણ ભાવથી, અંતરથી પણ પાલન કરતા હતા. એમના જીવનવ્યવહારમાં એ વણાઈ ગયેલાં અમે જોયાં છે. જેમકે પ્રાણાતિપાત એટલે કે કોઈ જીવની સ્થૂળ રીતે હિંસા ન કરવી, કારણ સાધુ તો છ કાયના પાલક કહેવાય, પણ કોઈ વ્યક્તિને વચનથી પણ આઘાત ન લાગે તેનો પૂરેપૂરો એ ખ્યાલ રાખતા અને કોઈ વખત એવું બની જતું તો તરત એ ક્ષમા પણ માગી લેતા. આમ ભાવ અહિંસાનું પણ એ પાલન કરતા.

ઘાટકોરમાં ચાતુર્માસ કરાવવામાં એકાદ-બે વ્યક્તિઓનો વિરોધ હતો. મુનિશ્રીએ કહ્યું : એકનો પણ વિરોધ હોય તો તે જગાએ મારે ચાતુર્માસ નથી કરવા. એથી આ વ્યક્તિઓને સમાધાન થાય એ રીતે બીજા ઉપાશ્રયે રહેવું અને પ્રાર્થના-પ્રવચન આ જૂના ઉપાશ્રયે ગોઠવ્યાં. ત્યાર પછી મારા ઘેર મુનિશ્રી ગોચરી લેવા આવેલા ત્યારે પેલા વિરોધ કરનાર બે વ્યક્તિઓને ઘેર જવું છે એમ એમણે કહ્યું.

મેં કહ્યું : 'વિરોધ કરે છે એમના ઘેર શા માટે જવું ? તે વહોરાવશે કે કેમ એય સવાલ છે.'

ત્યારે મુનિશ્રીએ કહ્યું : 'મારે વહોરવા નથી જવું. બન્ને વૃદ્ધ છે, સાતા પૂછવા, માંગલિક સંભળાવવા અને ક્ષપામના કરવા જવું છે' અને ગયા. આ એમની મહાનતા હતી. વિશ્વવાત્સલ્યની ઝલક હતી.

આવું જ સત્યપાલન માટે ઝીણામાં ઝીણું ધ્યાન રાખતા. જાણે કે એક પળનો પણ એમાં પ્રમાદ નહીં.

એક વખત પ્રવાસમાં હું સાથે હતી. મેં મારા ઘર ઉપર એક ટપાલ રાત્રે લખી એના ઉપર તારી બીજા દિવસની લખી. મુનિશ્રીને એ ટપાલ વાંચવા આપી. અક્ષરેઅક્ષર તેઓ વાંચી ગયા. તારીખ વાંચીને કહે : 'આજે તો આ તારીખ છે,

કાલની તારીખ કેમ નાખી?'

મેં કહ્યું : 'ટપાલ તો હવે કાલે નીકળશે. ઘેર પહોંચે ત્યારે મોડી ટપાલ મળી એમ ન લાગે એટલા માટે આવતી કાલની તારીખ નાખી છે.'

મારો આ ખુલાસો સાંભળીને કહે : 'ના, તારીખ આજની નાખોઅને સાથે લખો કે રાત્રે નવ વાગ્યે એટલે સમજશે કે ટપાલ મોડી નથી મળી અને સમયસર મળી છે.'

આવું ઝીણું સૂક્ષ્મ સત્ય તે અભ્યંતર વ્રત જ કહેવાય. ગમે તેવી કસોટી આવે, સમાજ તરછોડે કે મરણનું જોખમ આવે, અસત્ય કદી બોલ્યા નથી, પણ અડકતરી વાત પણ કરી નથી. આ હતી એમની મહાનતા.

મીરાંબહેન જેવાં બહેન સાથે રહ્યાં. મીરાંબહેન પણ અડગ અને મુનિશ્રી પણ અડગ. સ્ત્રી-પુરુષ સ્પર્શ તથા સાધુજીવનની મર્યાદાનું ચુસ્તપણે પાલન કરીને દ્રવ્ય અને ભાવ થકી નવવાડે. બ્રહ્મચર્યવ્રતના પાલનનો એક ઉત્તમ દાખલો પૂરો પાડ્યો છે.

કોઈ દિવસ કપડાં, પુસ્તકો કે ઉપયોગ સિવાયની એક પણ વસ્તુનો પરિગ્રહ નથી રાખ્યો. ખાદી જ વાપરે.

ગુરુ-શિષ્યની વાત કરતાં કહેતા કે, શિષ્યે ગુરુનું માન્યું નહિ અને અનશન લીધું, પણ પાળ્યું નહિ તો તેનું પ્રાયશ્ચિત્ત ગુરુએ લીધું. એ જ રીતે એમની (મુનિશ્રીની) એક શિષ્યાને તેની ભૂલને કારણે સંસ્થા છોડવી પડી, તો પ્રાયશ્ચિત્ત રૂપે પોતે આઠ ઉપવાસ-અઠ્ઠાઈનું તપ કર્યું. શિષ્યાની ભૂલ તે પોતાની કચાશ માની "તારા સંગનો રંગ ન લાગે તો તું વૈષ્ણવ કાચો" એ વાત તે પોતાની જાતને લાગુ પાડતા. પ્રેમ પણ એટલો જ. શિષ્યા પણ લખે કે ન લખે પણ પોતે દિવાળી ક્ષમાપના અને જન્મતિથિની શુભેચ્છાના પત્ર લખતા. પાતે ગુરુપણું ન છોડ્યું.

કોઈ સાધ્વી દીક્ષા છોડીને કેન્દ્રમાં રહેવા આવે તો ના પાડતા. આવી વાતને ટેકો ન આપતા, તેમ ટીકા પણ ન કરતા. કારણ દીક્ષાજીવનનો મહિમા સાચવવો જોઈએ.

ચિંચણમાં એક વખત એક વ્યક્તિએ મીરાંબહેનનું ખૂબ અપમાન કર્યું. મહારાજશ્રી ખૂબ ચિંતનમાં પડ્યા. ગોચરીનો સમય થયો પણ ગોચરી લેવા ન ગયા. એકાંત-ચિંતન-જાપ. થોડો વખત થયો ને જાણે ગુરુદેવના તપના પ્રભાવે

પેલી વ્યક્તિને પ્રેરણા થઈ હશે. આવીને માફી માગી. મીરાંબહેન અને તે વ્યક્તિ વચ્ચે પછી તો ભાઈ-બહેન જેવો સંબંધ થયો.

મહાવીરનગર ચિંચણના કેન્દ્રમાં કૂતરાં-બિલાડાં સાથે બેસીને ખાતાં.

ગરબી કે તવંગરનો ભેદ એમને મન ન હતો. બધા જ દિલ ખોલીને વાત કરી જતા. જગતજનની જેવા હતા.

વરસાદમાં ગોચરી લેવા ન જતા. સહેજ છાંટા પડતા હોય તોપણ નહિ. વરસાદને કારણે બહાર ગોચરી વહોરાવે તોપણ ન લેતા.

આવા મહાન સંતને અમારા જેવાં ન ઓળખી શક્યાં. એમનું જીવન આવું હતું.

**ખાવું પીવું હરવું ફરવું, સૂવું જાગવું ને વદવું,**
**સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં પાપ વિકારોથી ડરવું.**
**છતાં થાય ગફલત જે કંઈ તે, ક્ષમા માગી હળવાં થઈએ,**
**સર્વક્ષેત્રમાં રહીએ તોપણ, આત્મભાન નવ વિસ્મરીએ.**

આવા મહાન સંતને કોટી કોટી વંદન.

(મુનિશ્રીનાં અંતેવાસી પૂ. પ્રભાબહેન હાલ મહાવીર નગર, ચીંચણી આશ્રમમાં કેન્દ્રમાતા રૂપે બિરાજમાન છે).

*સ્વ પરનું હિત અને શાંતિ જેનાથી સધાય તે ધર્મ. અહિંસામાં સ્વ-પરનું હિત છે, અહિંસાથી સૌ કોઈ શાંતિ પામે છે માટે અહિંસમાં ધર્મ છે.*

# ૩૮ મુનિશ્રી સંતબાલજીના સાથીઓ અને અંતેવાસીઓ

- ચંદ્રકાન્ત લાઠિયા

વાત્સલ્યસભર વિશ્વરચનામાં મુનિશ્રી સંતબાલજીની સાથે પ્રયોગમાં સમાજના વિભિન્ન સ્તરના મહાનુભાવો તેમની સાથે તેમના કાર્ય સાથે તન, મન, ધનથી જોડાયા અને તેમની સાથે ઘડાઈને જે અંતેવાસીઓ તૈયાર થયા તેમનાં કેટલાક પરિચય અહીં શબ્દશઃ કરવાનો પ્રયત્ન કરું છું.

## રવિશંકર મહારાજ

માનવતાના દીવડામાં ખુદ પોતાની જાતને દીવેટરૂપે પ્રજાળી પ્રકાશ પાથરનારા પિતાબંર વિભૂતિ વિરલ હોય છે એવી એક વિભૂતિ એટલે રવિશંકર વ્યાસ - ગુજરાતના બીજા ગાંધી, મૂકસેવક અને મુઠ્ઠી ઊંચેરા માનવી, એ ગુજરાતના સ્વાતંત્ર્યસેનાની અને સમાજ સુધારક હતા. તેમની વાત્સલ્યભરી

સામાજિક સેવા અને સમાજપયોગી સુધારક હતા. તેમની વાત્સલ્યભરી સામાજિક સેવા અને સમાજપયોગી કાર્યોને કારણે તેઓ પૂજ્ય રવિશંકર મહારાજ તરીકે ઓળખાયા. તેઓ પૂ. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના શરૂઆતી કાળના અંતેવાસી તેમનો જન્મ ૨૫ ફેબ્રુઆરી ૧૮૮૪ (વિક્રમસંવત ૧૯૪૦ની મહા વદ ચૌદસના રોજ ખેડા જિલ્લાનાં રઢુગામમાં ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં પિતાંબર શિવરામ વ્યાસ અને નાથીબાને ત્યાં થયો. તેઓ છઠ્ઠા ધોરણ પછી તેમના પિતાને ખેતીમાં મદદ કરવા માટે અભ્યાસ અધૂરો મૂક્યો હતો. તેઓએ આજીવન સમાજસેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું નાની ઉમરથીજ ગાંધીજીના પ્રભાવમાં આવી તેઓ દેશ અને સમાજસેવામાં જોડાયા. વિનોબાભાવેની ભુદાન અને સર્વોદય યોજનાઓમાં પાયાનું કામ કર્યું તેઓએ પોતાના જાનના જોખમે પાપણ, વાડીયા, બારૈયા કોમો અને બહારવટીઓને સુધારવાનું કામ કર્યું. ૭૧ વર્ષની ઉંમરે (૧૯૫૮-૧૯૫૯) ૩વર્ષ દરમ્યાન ભુદાન યજ્ઞ માટે ૬૦૦૦ કિલોમીટર ચાલ્યા હતા. આખી જિંદગી જમવામાં લુખ્ખી ખીચડી લેતા અને એક ટંક જમતા. ૧૯૨૦ થી તેમણે પગરખાંનો આજીવન ત્યાગ કર્યો તેઓ પોતા માટે એક રૂપિયો ન વાપરનાર આ વ્યકિતએ કરોડો રૂપિયા અને કિંમતી જમીનોના દાન મેળવ્યા હતા. અને તેને જ કારણે તેમને કરોડપતિ ભિખારી જેવું ઉપનામ પણ તેમને મળ્યું.

* તેમના પિતા જ તેમના શિક્ષક હતા. તેઓએ જ એમને ભણતર સાથે સાથે ગણતર પણ આપ્યું હતું. તેમને ધાર્મિક સંસ્કાર તેમના તરફથી મળ્યા. કવિ છોટાલાલે મહારાજમાં આર્યસંસ્કૃતિના બીજ વાવ્યાં. વૈદિકસંધ્યા શીખવી તેમના લગ્ન સૂરજબાની સાથે ૧૩ વર્ષની ઉમરે થયા હતા.

રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણીએ મહારાજની વાતો સાંભળી એમણે માણસાઈના દીવાનું સર્જન કર્યું. યશવંત શુક્લ એ મહારાજ ઉપર વાત્સલ્યમૂતિ રવિશંકર મહારાજ લખ્યું. તેમના અંતેવાસી શ્રી મગનભાઈ પટેલે મહારાજશ્રીના મુખે સાંભળેલી વાતોને જીવન નીતરતી વાણી પુસ્તકમાં ઝીલી લીધી છે. શ્રી બબલભાઈ મહેતાએ સ્વતંત્ર ગુજરાતના ઉદ્‌ઘાટક રવિશંકર મહારાજનું જીવનચરિત્ર લખ્યું.

૧૯૨૩માં બોરસદ સત્યાગ્રહ, ૧૯૩૦માં દાંડીકૂચમાં ભાગ લીધો. ૧૯૪૨માં 'ભારત છોડો' ચળવળમાં આગેવાની કરી. આ બધા સત્યાગ્રહો અને

ચળવળમાં તેઓએ જેલવાસ પણ ભોગવ્યો હતો તે દરમ્યાન તેઓ ગામઠી ગીતા સમજાવતા હતા.

૧૯૩૪માં મુનિશ્રી સંતબાલજીની મુલાકાત પૂ. રવિશંકર મહારાજ ને તેમના અમદાવાદના ચાતુર્માસ દરમ્યાન થઈ. અને પછી તો ઉતરોત્તર સંબંધ ગાઢ થતો ગયો.

૧૯૪૭માં ભાલ નળકાંઠાનો પ્રયોગિક સંઘની સ્થાપનામાં મહારાજશ્રીને પ્રથમ પ્રમુખ બનાવ્યા. બંન્ને સંતો ના હૃદય એક ગુજરાતના જાહેર પ્રશ્નો વિશે સાથે મળીને પ્રજાજોગ નિવેદન કરે. સંઘની બેઠકોમાં સભા સંમેલનોમાં, પરિષદોમાં, દુષ્કાળમાં રેલસંકટમાં મહારાજ સાથે જ હોય. ૧૯૪૭થી ૧૯૫૬ સુધી મહારાજ સંઘના કામોમાં પ્રમુખ રહી માર્ગદર્શન કરાવતા રહ્યા.

પૂ. મુનિશ્રી સંતબાલજી સ્થિરવાસ - મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચિંચણી જેની સ્થાપના ૭ જૂન ૧૯૭૦ના દિવસે થઈ, તેનું ઉદ્દ્ઘાટન રવિશંકર મહારાજે કર્યું. પૂ. મુનિસંતબાલજી તેમને મહર્ષિથી સંબોધતા. સંઘના દરેક સભ્યોને મહારાજનો પરિચય હતો. તેઓ કેવળ સંઘના પ્રમુખ જ નહીં પણ સંતબાલજી પરિવારના એક સ્નેહી, વડીલ તરીકે સર્વેને પોતાના આત્મીય ગણતા. ગુજરાત રાજ્યની સ્થાપના ૧લી મે, ૧૯૬૦ના રોજ થઈ તે પ્રસંગે ઉદ્દ્ઘાટન પ્રવચન કરીને આર્શીવચન આપ્યા હતા.

ભારત સરકારે તેમના સન્માનમાં ટપાલટિકિટ બહાર પાડી છે.

સમગ્ર જીવન દર્શનના નિસ્તારરૂપે એમણે કહ્યું કે શ્રમ કર્યા વિના જીવે એ હિંસા કરે છે. અહિંસક એ કહેવાય કે જે કોઈનું લોહી ન લે. પરસેવો પણ લોહીનો પ્રતિનિધિ છે. આપણા માટે કોઈ પરસેવો પાડે તે પણ પાપ છે. એમણે મંત્ર આપ્યો - ઘસાઈને ઉજળા થાઓ!

## સાધક શ્રી છોટુભાઈ મહેતા

શ્રી છોટુભાઈ મહેતાનો જન્મ ૧૮૮૬માં થયો. મૂળ ગોંડલના વતની પરંતુ તેમના દાદા ભાઈચંદભાઈ જેતપુર તાલુકા કોર્ટના અધિકારી તરીકે જેતપુર આવ્યા અને ત્યારથી તેઓ જેતપુરવાસી બની ગયા. તેમના લગ્ન ૧૫મે વર્ષે સમરતબેન સાથે થયા. તેઓ પાંચ ધોરણ સુધી ભણ્યા હતા પણ તેઓની હૈયાઉકેલત અને ગણતરી પાકી. પોતાની પ્રમાણિકતા અને આત્મવિશ્વાસથી તેઓ જે પેઢીમાં કામ કરતાં હતાં ત્યાં ભાગીદાર જેટલી સાહેબી ભોગવેલી તેમની પેઢીએ ખામગાંવ

મહારાષ્ટ્રમાં શાખા ખોલતા તેમને ખાંમગાંવની પૂર્ણ જવાબદારી મળી. તેઓના નસીબથી તેઓ ખૂબ નામ કમાયા. તેઓ ખામગાંવમાં કોંગ્રેસના પ્રમુખ બન્યા. પોતાની વાત્સલ્યભર્યા સ્વભાવને લીધે તેઓ પાસે લોકો ઝઘડાઓનું નિરાકરણ કરતા. તેઓ મહારાષ્ટ્રના લોકસેવક સાને ગુરુજીના સંપર્કમાં આવ્યા અને સાને ગુરુજી પ્રેરણાથી તેઓ સમાજસેવા તરફ પૂર્ણપણે વ્યસ્ત થયા. વેપારધંધામાં અપારદર્શકતા અને અપ્રામાણિકતાને હિસાબે તેઓ ખૂબ જ વ્યવથિત રહેતા. તેમના અમદાવાદ ખાતેના મિત્ર બુધાભાઈએ તેમને વેપાર છોડીને અમદાવાદ આવી જવા જણાવ્યું તેમણે ખામગાંવ છોડીને ન્યાયપૂર્ણ આજીવિકા આપે તેવા વ્યાપારની શોધ અર્થે અમદાવાદ આવી ગયા.

શંકરલાલ બેંકરની ખાદીભંડાર ખોલવાની પ્રેરણાથી અને વડોદરાના જાણીતા અગ્રણીઓ શ્રી વેલચંદ બેંકર, મગનભાઈ ઈ.શ. પટેલ, છોટુભાઈ સુતરિયા, ચુનીભાઈ શાહ વગેરેની મદદથી ૧૯૩૭માં ખાદી ભંડારની સ્થાપના કરી. યોગાનુયોગ તેમનો પરિચય મુનિશ્રી સંતબાલજી સાથે તેઓ તેમના ગુરુદેવથી છૂટા પડી રણાપૂર (નર્મદાકાંઠે) એક વર્ષના મૌનની સાધના કરી રહ્યા હતા ત્યારે થઈ. મુનિશ્રીના દર્શન થતાં એમણે એક અગમ્ય પરમ શાંતી અને આનંદની અનુભૂતી થઈ અને એમને નક્કી થઈ ગયું કે મારી ગુરુને શોધવાની પ્રતિક્ષાનો હવે અંત આવી ગયો. બીજી વખત ૧૯૩૮ હરિપુરા મહાસભા વખતે ભાલનાળકાંઠા પ્રાયોગિક સંઘ સંસ્થાના રવિશંકર મહારાજ પ્રમુખ બન્યા. (૧૯૪૭) અને છોટુભાઈ અને પરીક્ષિતભાઈ મજમુદાર જોડીયા મંત્રી બન્યા.

મુનિશ્રી સાથેનો તેમનો પરિચય અને સત્સંગ ૧૯૩૭ થી જ હતો પરંતુ ભાલપ્રદેશની પ્રવૃત્તિઓ, લોકપાલ પટેલોનાં સંમેલનો, જળ સહાયક સમિતિ. વિશ્વ વત્સલ ચિંતકવર્ગમાં તેઓ રસ લઈ પૂર્ણ યોગદાન આપતા. તેમના ખાદી ભંડારની પ્રવૃત્તિ નિરસ લાગતી હતી અને પૂ. મુનિશ્રી સંતબાલજી ગ્રામ્યલક્ષી પ્રવૃત્તિ એમને ગાંધીજીના સર્વોદય સમાજની કલ્પનાની અંગરૂપ લાગતી.

તેમણે જીવનના ૫૧માં વર્ષે વાનપ્રસ્થ દીક્ષા લઈ તેઓ ભાલના નાનકડા શિયાળ નામના ગામમાં આવીને સ્થાયી થયા અને તેમણે આ ગામને ૨૫ વર્ષ જેટલી મહામૂલી સેવા આપી.

૧૯૫૩માં ભાલનળકાંઠા પ્રદેશનું મિશન નવલભાઈ અને લલિતાબહેન, છોટુભાઈ અને કાશીબહેન તેમની આગેવાનીમાં મુનિશ્રીનો ''પ્રાર્થના સફાઈ અને

કતાઈ તમારા જીવનમાં વણી લેજો'' એવો સંદેશો લઈને આફ્રિકા ગયું. ત્યાંથી તેઓ માતબર ૨,૪૦,૨૩૭ શિલિંગનો ફાળો ૩૬૬૨ દાતાઓ પાસેથી એકઠો કર્યો.

છોટુભાઈ સંઘના મંત્રીના નાતે જ્યારે જ્યારે સંઘની વિવિધ યોજનાઓ માટે જરૂર પડતી તો તે પોતે ભેગો કરતા પણ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે ચિંચણની વાડી માટે ફાળો ઉઘરાવ્યો.

લોકપાલ પટેલના સંમેલનનું પ્રથમ અધિવેશન માણકોલમાં તા. ૫-૧-૧૯૩૯માં ભરાયું. આ સંમેલનમાં છોટુભાઈ મંત્રી હતા. અધિવેશનમાં સફળતાથી લોકો અચરજ પામી ગયા અને સૌએ છોટુભાઈને નળકાંઠાના સિંહે અને નળકાંઠાના સરદારનું બિરુદ આપીને વધાવી લીધા.

છોટુભાઈના જીવનમાં ધર્મ, વ્રતનિષ્ઠા, સંત્સંગ અને સાધુ સંતોની વૈયાવચ્ચ સૌવથી અગ્રેસર હતા. તેમણે મુનિશ્રી સંતબાલજીના ગુરુ નાનચંદ્રજી મહારાજ પાસે તેમણે લોચ કરાવેલો. પોતે કર્મયોગ, પૂર્ણપણે સ્વાવલંબી જીવન જીવવામાં માનતા હતા, પોતાના કપડા, વાસણ પોતેજ સાફ કરતાં. સ્વદેશી ગ્રામોદ્યોગની ચીજો વાપરવાના આગ્રહી હતા. મુનિશ્રી સંતબાલજીના ચાતુર્માસ પૂર્વે તેઓ પૂરેપૂરી તૈયારી કરતા.

છોટુભાઈએ પોતનાં સંતાનોનાં લગ્ન એકદમ સાદાઈથી કોઈપણ જાતના ચીલાચાલુ રીત-રિવાજના બંધન વગર કરેલા.

૮૪માં વર્ષ જ્યારે એમને લાગ્યું કે હવે આ દેહ છોડવાનો સમય આવી ગયો છે. ત્યારે તેમણે સૌ સ્નેહી-મિત્રાને અંતઃકરણપૂર્વક સાચા દિલથી નમ્રતાપૂર્વક ખમાવ્યા હતા.

છેલ્લે વડોદરામાં પોતાની કર્મભૂમિમાં સર્વ સ્નેહીજનોની હાજરીમાં આયુષ્ય પૂર્ણ કરતાં અરિહંત શરણ પામ્યા.

## ગુલામરસૂલ કુરેશી - પ્રયોગનું ગૌરવ શિખર

કુરેશીભાઈનો જન્મ ધંધૂકામાં ૨૩-૦૮-૧૮૯૮ના દિવસે થયો હતો. તેમના પિતાશ્રી મિયાંસાહેબ અને માતા સુજાનબુ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ધંધૂકામાં લીધા પછી અમદાવાદમાં સ્તાનકનો અભ્યાસ કર્યો.

તેઓ નિયમિતાના આગ્રહી હતા. તેઓ દરેક કામ ચોકસાઈ અને વ્યવસ્થિત કરવાના આગ્રહી હતા. તેઓ સ્વભાવે નમ્ર પણ મક્કમ અને ગંભીરતાવાળા હતા.

તેઓ સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી હતા. સફેદ ખાદીના કપડા ક્યાંય પણ ન કરચલી કે ન (ડાઘડૂઘ). તેમના લગ્ન અમિનાબીબી સાથે થયા હતા. તેમની લગ્નની કંકોતરીમાં નિમંત્રક તરીકે ગાંધીજી હતા અને ઉર્દૂ લિપિમાં લખેલી હતી. તેમનું રહેવાનું ગાંધીઆશ્રમ જ હતું. તેમણે સ્વાંતત્રસંગ્રામમાં વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. તેઓ ૧૯૨૨માં અમદાવાદ જિલ્લા ખિલાફત કમિટિના મંત્રીપદે તેમજ ઓલ ઈન્ડિયા ખિલાફત કમિટીના મદદનીશ સેવક તરીકે સેવા આપી હતી. ૧૯૨૫માં મજૂર મહાજન સંઘ તેમજ ગુજરાત વિદ્યાપીઠમાં ગ્રંથપાલ, ૧૯૩૦માં દાંડીકૂચની અરુણ ટુકડીના નાયક ૧૯૩૨થી ૧૯૩૪ અને ૧૯૩૯થી ૧૯૪૫ દરમિયાન તેઓ એ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૩-૫૨ અમદાવાદ શહેર સમિતિના પ્રમુખ ૧૯૪૫ મુનિશ્રી સંતબાલજી ના ભાલનળકાંઠા પ્રયોગમાં સક્રિય રસ ધરાવી માર્ગદર્શન કરાવ્યું. ૧૯૪૮માં તેમણે 'એકતા' સાપ્તાહિક શરૂ કર્યું. ૧૯૫૨માં તેઓ ધંધુકા તાલુકામાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા.

કુરેશીભાઈના ત્રણે બાળકો બે દીકરા, હમીદભાઈ, વહીદભાઈ અને દીકરી સુલતાન બહેનની ઉછેર આ કામમાં જ થયો હતો. હમીદભાઈએ આશ્રમ ઉપર ૧૯૬૯માં જે કોમી હુમલા થયા તે અંગે 'અગ્નિપરીક્ષા' નામનું પુસ્ત લખ્યું. મહાગુજરાત ખાદીમંડળ જેની સ્થાપના સરદારશ્રીના પ્રમુખપદે થઈ હતી તેમાં કુરેશીભાઈ મંત્રી પદે હતાં.

તેમણે ઘણા મહત્ત્વના કાર્યો કર્યા તેમાં મુખ્યે ભાલ પાઈપલાઈન યોજના મુંબઈ સરકારમાં ૧૯૪૫માં રૂા. એક કરોડ ચાર લાખ રૂા. મંજૂર કરવી ભાલપ્રદેશના ૭૮ ગામોને પીવાનું પાણીની યોજના તેમણે ૧૯૫૨માં ખેડૂતોનું જિન શરૂ કર્યું. ધંધુકા કોટન સેલ જિનિંગ પ્રેસિંગ સહકારી મં. લિ.ની સ્થાપના કરી ઊની ખાદી કેન્દ્ર, રાણપુરની સ્થાપના ૧૯૫૮માં કરી. જેનો સીધો ફાયદો ૩૦૦ જેટલા કારીગરોને પગભર થવામાં થયો જેમાં ૯૦% જેટલા મહિલા કર્મચારી હતા. હરિવલ્લભભાઈએ એમાં વિધિવતા ઉમેરી ઊની ખાદી કેન્દ્રને ગુજરાતમાં જાણીતું કર્યું. ધંધુકા તાલુકા માતૃસમાજ કે જ્યાં બહેનોને સ્વાવલંબનની તાલીમ મળે અને અને રોજીરોટી મળે એટલા માટે તેમણે, તેમનું ઘર માતૃસમાજના કાર્યને અર્પણ કરી દીધું. એમણે રાષ્ટ્રીય અને રચનાત્મક કોમોને કેન્દ્રમાં રાખીને સાપ્તાહિક શરૂ કરેલ.

માતૃભાષા ગુજરાતીની અસ્મીતા કાયમ રહે અને અંગ્રેજી ભાષાનું બિનજરૂરી

પ્રભુત્વ ન વધે તે માટે ભાષાશુદ્ધિ પ્રયોગમાં નવ ઉપવાસની તપશ્ચર્યા કરેલી.

ગોરક્ષા માટે ખૂબ જ પ્રયત્ન કરેલા. ગૌવધ બંધી અંગે સ્વામી જ્ઞાનચંદ્રજીની ઉપવાસની સાંકળમાં અનુમોદના કરેલ.

સાધનશુદ્ધિ, સર્વધર્મ ઉપાસના, બિન સાંપ્રદાયિક વલણ, કોમી એકતા, રાજકારણી શુદ્ધિ અને સંગીનતા સાથેનું રાજકારણ. ભાલનળકાંઠા પ્રયોગમાં કામ કરવાની કેટલીક કસોટીઓ અને માંપદંડો છે અને તેમની આ બધી પાયાની બાબતોના આગ્રહ અને કટીબદ્ધતા તેઓ હંમેશા પ્રયોગતા સાથીદારોને પ્રેરણારૂપ બન્યા હતા.

તેઓ ઈસ્લામ ધર્મનું ચુસ્ત પાલન કરતાં. અને રાષ્ટ્રવાદી મુસ્લિમ તરીકે રાષ્ટ્રીયતાને પુષ્ટિ આપવી, દરેક સંસ્થાઓમાં ચાવીરૂપ હોદ્દાઉપર રહીને ચુસ્ત શિસ્તનું પાલન કરવું અને રાજકારણની સામે પૂ. મુનિશ્રી સંતબાલજીની સાથે તેઓ મજબુત, અડીખમ આધારસ્તંભ રહ્યા.

તેમની ઉતરાવસ્થામાં શારીરિક મુશ્કેલીઓ એમણે સ્વસ્થ અને પ્રસન્નચિતે સહન કરી એમની શૂશ્રુષા તેમના દીકરી સુલતાનાબહેન અને અમુનબહેને કરી.

તેમની નિતીનીયમિતા, નિસ્વાર્થ માતૃપ્રેમ, બિન સાંપ્રદાયિક તથા કોમી એકતા, સાધન અને રાજકારણની શુદ્ધિ, ધર્મનો પ્રભાવ તેમની પ્રતિભાના પાયામાં હતા. તેમનું અવસાન થયું ત્યારે તેમને પ્રયોગનું ગૌરવ શિખર-કુરેશી એ શીર્ષક શ્રદ્ધાંજલી અર્પણ કરેલ.

### હરિજનબંધુ પદ્મશ્રી પરીક્ષિતલાલ મજમુદાર

પરીક્ષિતલલ મજમુદાર હરિજન આશ્રમના અગ્રણી કાર્યકર્તા, બાપુના પ્રિય અંતેવાસીઓમાંના એક હતા. તેઓ ગાંધીજીના પ્રભાવથી દેશને મળેલા આજીવન સેવાર્થીઓમાંના એક યુવાન શિક્ષિત ચુનંદા વ્યક્તિ હતા. જૈન પરંપરા અને ગાંધી પ્રવૃત્તિના સમન્વયે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘમાં ગુજરાતમાં ભાલનળકાંઠા પ્રવૃત્તિઓ આરંભાઈ ત્યારથી તેઓ તેમાં સક્રિય જોડાયા અને જીવનપર્યંત સેવા આપી.

પરીક્ષિતભાઈનો જન્મ પાલિતાણામાં તા. ૮-૦૧-૧૯૦૧; વૈશાખ વદ અગિયારસને રોજ ભારદ્વાજ ગોત્રમાં કાયસ્થ જાતિમાં થયો હતો. તેમના પિતાશ્રી લલ્લુભાઈ અને માતાશ્રી ચંદનબા હતા. ચંદનબાનું અવસાન ખૂબ જ નાની વયમાં થયું હતું.

તેઓ નાનપણથી જ સેવાવૃત્તિ ધરાવતાં અને એકબીજાને મદદગાર થતા.

તેમણે પાલિતાણાની હેરિસ હાઈસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા સારી રીતે ઉતીર્ણ કરી, મુંબઈ પ્રખ્યાત ગોકળદાસ તેજપાલ બોર્ડિંગમાં પ્રવેશ લીધો. ત્યારબાદ બે વર્ષ વિલ્સન કોલેજમાં અભ્યાસ કર્યો. ગાંધીજીના અસહકાર આંદોલન વખતે તેઓ અભ્યાસ વચ્ચેથી છોડી તેમાં જોડાયા ત્યારબાદ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઈ અર્થશાસ્ત્રના વિષય સાથે ઝળકતી ફતેહ મેળવી સ્નાતક થયા.

તા. ૧૩-૧૦-૧૯૩૨ના રોજ શ્રી અનસૂયાબહેનનાં બંગલામાં હરિજન સેવકસંઘની સ્થાપના કરવામાં આવી. જેનો મુખ્ય ઉદેશ- અસ્પૃશ્યતા નિવારણની હતી. પરીક્ષિતભાઈને મંત્રી બનાવવામાં આવ્યા ત્યારથી એમણે હરિજન સેવા કાર્યને પોતાનું જીવન મિશન બનાવી અને હરિજનસેવામાં પોતાની જાત સમર્પિત કરી.

ગાંધીજીની દાંડીકૂચ કર્યા પછી, સત્યાગ્રહ આશ્રમને હરિજન સેવાની પ્રવૃત્તિ માટે મુખ્ય કેન્દ્ર બની ગયો અને ગુજરાતનું એ વડુંમથક બન્યું. દરેક ગામોગામ હરિજન સેવાની પ્રવૃત્તિ ખીલી ઉઠી, દરેક ઠેકાણે જાહેરસાધનો, જાહેરવાહનોનો ઉપયોગ શરૂ અને સરળ બન્યો. માનવતાને હીણપત લગાડે એવાં કાર્યોમાંથી મુક્તિની શરૂઆત થઈ અને ગાંધી જન્મશતાબ્દી નિમિતે ગુજરાત રાજ્યમાંથી લગભગ થઈ ગઈ.

મુનિશ્રી સંતબાલજીને ભાલનળકાંઠા પ્રદેશની લોકોની પાણીની સમસ્યા, હાડમારી હૃદયને સ્પર્શી ગઈ હતી. આ પાણીની સમસ્યા માટેની જલસહાયક સમિતિની રચના પહેલા થઈ ચૂકી હતી. એના પ્રમુખ શ્રી ગુલામરસૂલ કુરેશી હતા અને તેઓ હરિજન આશ્રમ સાબરમતિ ખાતે રહેતા હતા. ૧૫ જૂન ૧૯૪૭ને દિવસે બાવળા મુકામે ભરાયેલ સભામાં મુનિશ્રી સંતબાલજીએ પ્રાયોગિક સંઘની રચના પાછળની પોતાની દૃષ્ટિ સમજાવી હતી. ત્યારે પૂ. મુનિશ્રીએ કાર્યકર્તા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. ત્યારે પરીક્ષિતભાઈને તેના મંત્રીની જવાબદારી ઉપાડવા વિનંતી કરી જણાવ્યું. જે તેમણે સ્વીકારી અને તેઓ પ્રાયોગિક સંઘના પ્રધાનમંત્રી બન્યા. અને સંઘના મંત્રી પદે ૧૯૪૭ થી ૧૯૬૫ સુધી રહ્યા હતા.

પરીક્ષિતભાઈએ પોતાના જીવનની એક એક પળ દીનહીનની સેવામાં ગાળી દીન-હીનની સેવાના કાર્યો કરતા પરીક્ષિતભાઈને સેંકડો અપમાનો તથા માર પણ સહન કર્યો. અનેક અપમાનોના ઘુંટડા તેમણે પીધા, માનસિક અને શારીરિક તકલીફો, સાબરમતી આશ્રમમાં તદ્દ્ન નાની ઓરડીમાં નિવાસ, ત્રીજા વર્ગની સતત

મુસાફરી અને ભારતના ખૂણે હરિજનનો પ્રશ્નોનો ન્યાય આપવા એમણે એમની જાતને સમર્પણ કરી દીધી.

૧૨મી સપ્ટેમ્બરે ૬૫ વર્ષની ઉંમરે હૃદયરોગનાં હુમલાએ એમનાં પ્રાણ હરી લીધા. તેમણે સામાન્યજનની જેમ આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. ૧૯૫૯માં ભારત સરકારે તેમની અવર્ણીય હરિજન સેવાબદલ પદ્મશ્રીથી નવાજ્યા.

**કેન્દ્રમાતા - સંત શિશુશ્રી મીરાંબહેન**

ૐ મૈયા, અખંડિત નદીના વહેણ જેવું વાત્સલ્ય, વાત્સલ્યમૂર્તિ એવા મીરાંબહેન જેમનું મૂળ નામ. મૂળીબહેનનો જન્મ તેમના મોસાળ નાપામાં ભાદરવા સુદ ધરોઆઠમને દિવસે સંવત ૧૯૭૩ના દિવસે થયો હતો. તેમના પિતાનું ગામ પાદરા હતુ. તેમને ચાર ભાઈઓ અને એક બહેન હતા. તેઓના લગ્ન એમની મોટી બહેનના લગ્ન સાથે, આઠ વર્ષની ઉંમરે ૩૧મે ૧૯૨૫ના દિવસે થયા. ત્યારે ઓ બીજા ધોરણમાં ભણતાં હતાં તેમના પિતાનું નામ રમણભાઈ હતું. તેઓ ખૂબ જ નાની ઉંમરે અવસાન પામ્યા અને મૂળીબહેન વિધવા થઈ ગયા.

મૂળીબહેન યુવાન થયાં તેઓ પોતાના સાસરે બાવળા આવ્યાં. ત્યાં તેઓ તેમના સાસુમા સાથે રહેતા. યોગાનુયોગ સંતઆશ્રમમાં એજ વખતે મુનિશ્રી સંતબાલજીનું ચાતુર્માસ હતું. મુંબઈથી એક પરિવાર જે મુનિશ્રી સંતબાલજીના સત્સંગ માટે આવ્યો હતો. તેઓ મૂળીબહેનના મકાનમાં ભાડે રહેતાં તેમની સાથે મૂળીબહેન પણ પૂ. મુનિશ્રીના સત્સંગમાં જવા લાગ્યા અને કાલાંતરે તેમની રૂચી ધર્મ આરાધનામાં પ્રબળ થઈ. મૂળીબહેન સારું ગાતાં અને ભક્તિ કરતાં એટલે એમનું નામ મૂળી બહેનમાંથી મીરાંબહેન થઈ ત્યારથી તેઓ મૂળીબહેનમાંથી મીરાંબહેન બન્યાં. છોટુભાઈ મહેતાએ મીરાંબહેનને રેંટિયો આપ્યો તેઓ નિયમિત કાંતતા અને ખાદીધારી બની ગયા. ચાતુર્માસ પૂરો થતા મુનિશ્રી સંતબાલજીએ વિહાર કર્યો.

૧૯૪૭માં મુનિશ્રીનું ચાતુર્માસ સાણંદમાં હતું ત્યારે મીરાંબહેન ચાતુર્માસિક વર્ગમાં જોડાયા. ચાતુર્માસ પછી વિહારમાં જોડાયા અને તેમની પ્રબળભક્તિને જોઈને મુનિશ્રીએ તેમને વિહારમાં આવવાની સંમતિ પણ આપી દીધી. આમ ત્યારથી ૩૫ વર્ષ સુધી મીરાંબહેન મુનિશ્રી સંતબાલજીની સાથે વિહાર કર્યો.

મીરાંબહેનમાં ચીવટ, ચોકસાઈ, કરકસર, સાદાઈ, સ્વચ્છતા, સુઘડત, ઉપયોગિતા નિયમિતતા વ્યવસ્થિતતાના ગુણ હતા અને તેના ચુસ્ત પાલનના

આગ્રહી હતી.

૧૯૭૫ જે યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષ તરીકે મનાવવાનો અનુરોધ કર્યો હતો. આ વિશ્વનારીના ગૌરવમાં મુંબઈ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ અને માતુસમાજોએ નારીગૌરવદિન ઉજવીને મીરાંબહેનનું બહુમાન કર્યું અને કેન્દ્રના માતાજીનું બિરુદ આપ્યું.

મીરાંબહેન ખાદીધારી તો હતા જ પણ તેઓનો કાંતવાનો નિત્યક્રમ હતો. પ્રવાસમાં પોતે પોતાનો પેટી રેંટિયો માથે ઉપાડી લે. તેઓ નિયમિત કાંતતા અને નિયમિત દરોજ સવારે ૧૦ વાગ્યા સુધી મૌન પાળતા. તેઓના મધુરકંઠે ભક્તિ ગુંજી ઉઠતી. તેમનો મધુર સ્વર સત્સંગમાં પ્રાણ પૂરી દેતો. આશ્રમની દરેક પ્રવૃતિનો પ્રારંભ મીરાંબહેનના મધુરકંઠી મંગલમય ભજનથી જ થાય.

પૂ. મુનિશ્રીની ભિક્ષાચારી, ગોચરી, વૈયાવચ્ચ, ભક્તોની અને મુલાકાતીઓની સારસંભાળ બધું જ મીરાંબહેન ધ્યાન રાખતા.

વિહારમાં મીરાંબહેનને ઘણી તકલીફો સહન કરતાં અજાણ્યાં પ્રદેશમાં આહાર, વિહારની તકલીફ, પગપાળા પ્રવાસ, રાતવાસો રહેવાની તકલીફ આ રીતે મીરાંબહેને હજારો ગામડાંની યાત્રા કરી છે. સંતબાલ મારી માં મીરાબેને લખેલુ સુંદર પુસ્તકમાં તેમણે પોતાના સ્વાનુભાવો, મુનિશ્રીએ લખેલા એમના ઘડતર માટેના લખેલાં પત્રો અને એમણે અનુભવેલા પ્રસંગોનું રસમય બયાન છે.

મીરાંબહેનની સંતબાલજી માટે અન્ય ભક્તિ હતી. સંતબાલજીની જેટલામી જન્મતિથિ હોય, તેટલા તાર કાંતીને તેઓ એની આંટી બનાવી. મુનિશ્રી સંતબાલજીના આશિર્વાદ લેતાં. શતાયુ મીરાંબેનની શ્રદ્ધાંજલિ સભા મોરારિબાપુની નિશ્રામાં વિશ્વવાત્સલ્ય સંઘે તેજપાલ હૉલ-મુંબઈમાં યોજેલ.

**સંત સમર્પિત મણિભાઈ**

મણિભાઈનો જન્મ ૧૯૧૨ના આઠમા મહિનાની બારમી તારીખે ખેડા જિલ્લાના બોરસદ તાલુકા આંકલાવ ગામમાં થયો હતો. તેમની માતાનું નામ લક્ષ્મીબા અને પિતાનું નામ બાપુભાઈ મણિભાઈએ ગામમાં પોતાની કરિયાણાની દુકાન કરેલી. પ્રામાણિકતાથી ધીમે ધીમે તેઓ આગળગ વધ્યા. નામ કમાયા. ગામમાં મણિભાઈ બાપુભાઈની પેઢી પ્રખ્યાત થઈ.

શેષકાળના વિહાર દરમ્યાન સન ૧૯૪૨ - ૪૩માં પૂ. મુનિશ્રી સંતબાલજીની ખેડા જિલ્લાના આંકવાલ ખાતે ત્રણ દિવસ માટે સ્થિરતા થઈ.

એટલે કે માનવતાનો સંદેશા લોકોને સમજાવે છે. મનુષ્યદેહ દુર્લભ છે અને દરેક દેહધારીએ પ્રથમ માનવ બનવુ જોઈએ, અને માનવ બનવા માટે કેટલીક પાયાની આચારસંહિતાઓ પાળવી જોઈએ. મણિભાઈ યુવાન અવસ્થાએ ધંધામાં હમણાં જ ઠરીઠામ થયેલા. તે મુનિશ્રીના વચનોથી ભીંજાય છે. અને ચિંતવન, મનન કરે છે અને અપૂર્વ ચમત્કારોથી ભરેલો માનવદેહ જે મળ્યો છે તેનો પરમાર્થ ઉપયોગ થાય તે જ યોગ્ય છે અને તેનો પોતાને માટે ઉપયોગ એ તો નર્યો સ્વાર્થ જ છે. બસ આજ નવનિતની પ્રાપ્તિ સાથે તે નિર્ણય કરે છે કે જો મારે આ અમૂલ્ય મનુષ્યભવનો યથાર્થ ઉપયોગ કરવો હોય તો તે માનવધર્મ જ છે. મુનિશ્રીના ત્રણ દિવસના વ્યાઆત મણિભાઈનો ભવ પાર કરી જાય છે. એક દિવસમાં પૂરી માનસિક તૈયારી સાથે ૧૯૪૪માં તે મુનિશ્રીના શરણે જાય છે. પૂ. મુનિશ્રી મણિભાઈ ને આચારસંહિતા વિશે ખૂબ જ ગંભીરતાથી સમજાવે છે અને તેને આચરણમાં મૂકયું એ કેટલું કઠીન છે તેની પણ સમજ આપે છે અને તેના માટે તેમની કસોટી પણ કરે છે. મણિભાઈ એ તો એક વર્ષ પહેલા જ નક્કી કરી લીધું હતું અને એમના મનમાં સર્વો જીવોનો શાસન રસિક કરું એવી ભાવના પ્રબળ થઈ ગઈ. એમને તો મુનિશ્રીના સેવક બની માનવધર્મના ફેલાવામાં શુભ નિમિત બનવાના ઉત્કુષ્ઠ ભાવ હતા. મુનિશ્રી સંતબાલજીએ મણિભાઈની વિનંતીનો સ્વીકાર કર્યો.

૧૯૭૦ સુધીમાં મણિભાઈએ ૧૨,૬૨૭ માઈલનો પગપાળા પ્રવાસ કરી ૩૪૭૬ ગામડાંને સંતનો સંદેશ સંભળાવામાં મદદરૂપ થયા એમને પૂછવામાં આવ્યું કે સંત સાથે રહેવાથી શું ચમત્મકાર ? તેના ઉત્તરમાં તેઓ જણાવ્યું કે જે કોઈ સગા નથી કે સંબંધી નથી તેવા સેંકડો સ્ત્રીપુરુષો ઘરના માણસો કરતાં વધુ પ્રેમ અને આદર બતાવે તે ઓછો ચમત્કાર છે? તેઓ પૂ. મુનિશ્રીની છાયા બની, તેમનામાં સમરસ થઈ સમર્પિત થયા.

મણિભાઈ એ મુનિશ્રી સંતબાલજીના ખરેખરા મણિ હતા. તેમણે સાધુતાની પગદંડીના છ ભાગમાં વિહાર યાત્રાના જીવંત શબ્દચિત્રો આલેખ્યાં છે.

**કેળવણીકાર આર્ષદષ્ટા નવલભાઈ શાહ**

શ્રી નવલભાઈ વિજ્ઞાનના વિદ્યાર્થી અને આજીવન કેવળણીકાર હતા. જ્યારથી તેઓ સેવાર્થી બન્યા ત્યાર પછી એમણે અંબરરેંટિયો, રેંટિયો, ગેસપ્લાન્ટ, ખેતી અને જળસંરક્ષણ, ગોપાલન, ગોરક્ષણ, ભૂમિ સંરક્ષણ એમ જાતજાતના

જીવનભર પ્રયોગો કરતા રહ્યા. તેમણે બનારસ યુનિવર્સિટીમાંથી રબ્બર ટેક્નોલૉજીમાં સ્નાતકનો અભ્યાસક્રમ કરેલ. તેમણે ધ્રુવપદને ગુરુપદે સ્થાપી જીવનની બધી ગ્રંથિઓ છોડીનાખી તેમણે ગૂંદી આશ્રમમાં હરિજન પ્રવૃત્તિના શરૂઆત કરેલ. તેમણે તેમના ૭૫ વર્ષ પૂરાં થતાં અમૃતપ્રવેશે - આત્મકથા લખી. ૧૯૪૨માં તેઓ આઝાદીની લડતમાં જોડયા. અને દોઢ વરસનો જેલવાસ ભોગવ્યો. પૂ. મુનિશ્રીના અમદાવાદના ચાતુર્માસ વખતે વાડીભાઈની ભલામણથી 'વિશ્વવાત્સલ્ય' પત્રિકાનું લેખન સંપાદનનું કાર્ય સ્વીકાર્યું. તેઓ મુનિશ્રીના લેખો ભેગા કરી વિશ્વવાત્સલ્યની પૂરેપૂરી જવાબદારીથી બધું જ કામ તેઓ કરતા.

વૈચારિક મતભેદને કારણે ગુંદી આશ્રમનું કામ તેમણે છોડયું. પછી તેઓ એ ગુજરાત વિદ્યાપીઠમાં વર્ષો સુધી કારોબારી સમિતિમાં કામ કર્યું અને કુલપતિના પદ સુધી પહોંચ્યા, તેમણે ધોલેરા-ભાલ સમિતિમાં ખૂબ જ મહત્વનું યોગદાન આપ્યું. તેઓ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી બન્યા.

તેમના મત પ્રમાણે માણસની અંદર માણસાઈ જગાડનાર મુખ્ય તત્વ સમજ છે, જેવી સમજ તેવો માણસ, જેવો માણસ તેવો સમાજ, સાચી સમજ એ જ છે સાચું જીવન - તેમણે 'સમજ' નામે નવલકથા લખેલી.

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદે તેઓ ખૂબજ પ્રસન્ન રહેતા. અને એ પ્રસન્નતા સાથે એમણે દેહ છોડયો.

**ગોભક્ત સ્વામી જ્ઞાનચંદ્રજી**

સ્વામી જ્ઞાનચંદ્રજીની ગોસેવા અને ગોભક્તિ અવર્ણીય છે. તેઓ ગુજરાતના પરમ ગોસેવક તરીખે પ્રખ્યાત હતા.

તેઓએ પોતાના અંતરાત્માની સાક્ષી રૂપે સંન્યાસ ગ્રહણ કર્યો. તેમણે કોઈપણ પરંપરાગત સાંપ્રદાયિક સંન્યાસ, ક્રિયાકાંડ કે બાહ્યસ્વરૂપની દીક્ષા લીધી નથી. તેમનું સંસારી નામ મૂળચંદ હતું. તેઓ શિક્ષક તરીકે કામ કર્યા પછી સ્વતંત્ર વેપાર ધંધો કર્યો. તેઓના જીવનમાં પરિવર્તન આવ્યું. અને ગોવર્ધનનાથ અને દ્વારકાધીશની હવેલીઓના વહીવટદાર તરીકે તેમની પસંદગી થઈ.

ડૉ. રસિકલાલ શાહના શુભ નિમિતે તેમનો ગુરુને મળવાનો યોગ આવ્યો. સાણંદમાં ચાતુર્માસ કરી રહેલ મુનિશ્રી સંતબાલજીના દર્શન, સાંનિધ્યનો લાભ થયો અને તેમના પ્રભાવથી તેઓ મનોમન ઈશ્વર સાક્ષીએ મુનિશ્રીને ગુરુ તરીકે સ્વીકાર્યા.

તેમણે તેમની હવેલી અને છાત્રાલયની પ્રવૃતિ છોડી ભા. ન. પ્રા સંઘના સભ્ય બની દુષ્કાળમાં પશુરાહતની કામગીરી ઉપાડી લીધી. તેઓ ગોવંશવધ પ્રતિબંધ માટે મથુરા, દિલ્હી ગાંધીનગર જેવાં મહામથકો ઉપર સફળ શુદ્ધિપ્રયોગ આંદોલન કરી દેખાડ્યા. ગોસેવાથી ગોભક્તિ પરિપુષ્ટ બની.

સ્વામી જ્ઞાનચંદ્રજીએ સાણંદમાં સૌથી પ્રથમ પ્રાર્થના સેવા મંડળની સ્થાપના કરી. તેઓ સાણંદમાં નિયમિત પ્રભાતફેરી કાઢતા. સાણંદમાં સુંદર ગૌશાળા બંધાવી.

તેમના અવસાન પછી સાણંદમાં તેમનું સ્મારક રચાયું છે.

## જગતાત પ્રતીક શ્રી ફલજીભાઈ ડાભી

મુનિશ્રી સંતબાલજીએ ભાલનળકાંઠા પ્રયોગનો ધર્મદ્રષ્ટિએ સમાજ રચનાનો જે પ્રયોગ કર્યો તેના કેન્દ્રમાં ખેડૂતના શ્રમનું મૂલ્ય એની પ્રતિષ્ઠા જળવાય એ રહ્યું છે. માટે મુનિશ્રી સંતબાલજી ખેડૂતને જગતાતથી સંબોધતા.

ધોળકા તાલુકાના નાનકડા ગામ જવારજમાં ફલજીભાઈનો તદ્દન સામાન્ય ખેડૂત માતા-પિતાને ત્યાં તેમનો જન્મ થયો હતો. પોતાની જાત મહેનતે તેઓ કુટુમ્બને સધ્ધર બનાવ્યું. પૂ. મુનિશ્રી સંતબાલજી પ્રેરીત ગુંદીમાં ચાલતી પ્રવૃત્તિઓની સંપર્કમાં આવ્યા. ફલજીભાઈ ડાભીને ખેડૂત મંડળના પ્રારંભથી જ એમને પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે રાજકીય અને રાષ્ટ્રીય ફલકના કામો સાથે સાથે ખેડૂતની આર્થિક સુધારણા માટે સહકારી પ્રવૃત્તિનાં કામોમાં પણ અનન્ય યોગદાન આપ્યું અને જવાંમર્દીથી જીવનભર ઝઝૂમ્યા હતા.

તેમની ધીર-ગંભીર કુનેહ, સમયસૂચકતા અને હૈયાસૂઝ કોઈપણ અત્યંત ગૂંચવાયેલ મામલાઓમાં વહેવારુ રસ્તો કાઢી આવતી.

મુનિશ્રી સંતબાલજી સાથેના પચ્ચીસ વર્ષના ગ્રંથમાં તેમની મૌલિક અને લાક્ષણિક પ્રતિભા જોવા મળે છે. તેઓ તદ્દન ઓછું ભણેલા, અને સામાન્ય શ્રમજીવી વર્ગના ગણોતિયા ખેડૂત હતા, તેમની કર્તવ્યનિષ્ઠા, ગરીબો પ્રત્યેની દાઝ, કોઠાડહાપણ, સ્પષ્ટ વક્તવ્ય અને વ્યવહારકુશળતા ઉચ્ચકોટીના હતા.

ફલજીભાઈના અવસાનથી સંતબાલજી પ્રયોગમાં ચાલતું ખેડૂતમંડળ ખરેખર રાંક બની ગયું.

## જીવન સાધક શ્રી દુલેરાય માટલિયા

શ્રી દુલેરાય પ્રભુદાસ માટલિયા સૌરાષ્ટ્રમાં આવેલ બાલાંભા ગામના, પિતા વેપારી અને માતા જૈન સાધ્વીજી - મૂળમાં જૈન કુળના પરંપરાગત સંસ્કાર.

મુનિશ્રી સંતબાલજીનું પ્રાથમિક શિક્ષણ તેમના મોસાળના ગામ બાલંભામાં દુલેરાય ભાઈના પિતાશ્રી પ્રભુદાસભાઈ મુનિશ્રી સંતબાલજીના સમકાલીનનું દુલેરાયભાઈને નાનપણમાં દિક્ષા લેવાના ભાવ હતા.

તેઓ મોરબીમાં શ્રી ફુલચંદભાઈએ વિદેશી કાપડના બહિષ્કાર અંગેના આંદોલન વખતે, ત્યારે તેમની અસર નીચે આવ્યા. હિંદ છોડીને લડત વખતે નવ માસ જેલવાસ ભોગવ્યો. તેમનું વિલક્ષણ વ્યક્તિત્વ. તેઓ ગાંધી વિચારથી ખૂબજ પ્રભાવિત થયા.

માલપરામાં તેમણે ઘણી પ્રવૃત્તિઓ કરી અને ખૂબ જ અદ્‌ભૂત યોગદાન આપ્યું અને માલપરા છોડી મુનિશ્રી સંતબાલજીની પ્રવૃત્તિમાં અને તેમની છાયામાં ગાળવા લાગ્યાં તેમણે પોતાની જાત મુનિશ્રી સંતબાલજીને સમર્પિત કરી હતી.

ભાલ-નળકાંઠા પ્રાયોગિકના ધોરણે સૌરાષ્ટ્રમાં શેત્રુંજી કાંઠા પ્રાયોગિક સંઘની રચના કરી એમણે ગોપાલકો, શ્રીમજીવી અને ખેડૂતોના પ્રશ્ન હલ કર્યો.

ભુદાન સંકલ્પ પૂરો કરવામાં તેમનો અગ્રીમ ફાળો રહેલો છે.

દુલેરાયભાઈએ વિવિધ પુસ્તકો લેખનનું સુંદર કાર્ય કર્યું તેમણે મુનિશ્રી સંતબાલજીનું બૃહદ ચરિત્રલેખન કર્યું તેઓએ જૈનશાસ્ત્રોને સમન્વિત કરવાનું ભગીરથ કાર્ય ''સંતબાલજી જીવનસાધના'' દ્વારા કર્યું.

તેમની પ્રકૃતિ શાંતિ સૈનિક જેવી હતી તેઓએ પોતાને સંતસાથી તરીકે જાહેર કરેલા અને જ્યાં સંતોને જરૂર પડે તેઓ ત્યાં પહોંચી જતા, તેઓ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા.

મુનિશ્રી સંતબાલજીના કાળધર્મ પછી તેઓ તેમનાં દીક્ષાગુરુ વિમલાતાઈની આજ્ઞા પ્રમાણે વર્તતા.

તેઓ સર્વ શ્રેય ગુરુકૃપાને આપતા.

### ભરવાડ કેસરી સુરાભાઈ ભરવાડ

નવાવાડજ, અમદાવાદમાં જન્મેલા સુરાભાઈના પિતા પુનાભાઈ અને માતા કલીબા હતા. તેમના બાળ લગ્ન થયેલા. પ્રાથમિક શાળાના અભ્યાસ બાદ તેઓએ મિલમાં મિલમજદૂર તરીકે અને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ટોલનાકા કારકૂન તરીકે નોકરી કરી.

સાબરમતી આશ્રમ નજીક હોવાથી વારંવાર તેઓ આઝાદીના સંગ્રામ અનુભવતા. સૂરતના ૧૯૩૮ના અધિવેશનથી તેમને દેશભક્તિની ચિનગારી

જાગી ઊઠી.

તેઓ મુનીશ્રી સંતબાલજીના પરિચયમાં બકરાણા ગામમાં વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ વખતે આવ્યાં. અને મુનિશ્રી અને અન્ય ચાહકો વચ્ચે સ્નેહસંબંધ બંધાયો. તેઓ ખાદી પહેરવાનું ચાલુ કર્યું. 'ગોપાલબંધુ' નામે સામયિક પ્રગટ કરતા.

ભાન.ન. પ્રા સંઘને પોતાની સેવા આપવાનો તેમણે સંકલ્પ જાહેર કર્યો.

મુનિશ્રીના સંપર્કમાં આવતા એમણે પોતાની ભરવાડ જ્ઞાતિની સુધારણાનો ઝંડો હાથ ધર્યો. તેઓ કામ કર્યે સૂરા હતા અને તેમની સંગઠન શક્તિ અદ્‌ભૂત હતી.

તેમના ષષ્ટિપૂર્તિના સન્માન વખતે તેમને (ભરવાડરત્ન) અને ભરવાડ કેસરી તરીકે તેમને નવાજ્યા.

૧૯૮૦માં ગુજરાત રાજ્યા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષ તરીકે એમની નિમણૂક થઈ હતી.

તેમણે 'મારી જીવન સાધના' નામે આશરે ૪૦૦ પાનાનો બૃહદ ગ્રંથ આત્મકથારૂપ લખી ગુરુ સંતબાલજીને અર્પણ કરેલ.

### વિરલ સેવક બબલભાઈ મહેતા

કાકા સાહેબનું એક પુસ્તક 'કાલેલકરના લેખો' પુસ્તકના વાચનથી બબલભાઈ મહેતાના જીવનમાં એક નવું દૃષ્ટિબિંદુ આવ્યું.

દેશને ગુલામીની જંજીરથી છોડાવવો છે. આ પુસ્તકે તેમને દેશની પૂર્ણ માહિતી આપી અને વસ્તુ સ્થિતિથી વાકેફ કર્યો. ભારત ગામડામાં છે, અને ગામડામાં બેહાલ છે તેનો પૂર્ણ ખ્યાલ તેમને આવ્યો.

બબલભાઈએ કાકાસાહેબના આદર્શ અને આદર્શ પાલન કરનારા વિદ્યાર્થી, તેઓ સ્વભાવે શાંત અને મધુરું હાસ્ય ધરાવતા. બાહ્ય-આંતર સફાઈને શુદ્ધિની લગન, નખશિખ શુચિતા.

બીજું પુસ્તક જેનાથી બબલભાઈ ખૂબજ પ્રભાવિત થયા તે 'રાજારામ મોહનરાય'નું પુસ્તક વાચ્યાં પછી તેમણે નક્કી કર્યું કે સુધારો કરવો હોય તો પોતાની જાતથી જ કરવો જોઈએ. બાળલગ્ન, વૃદ્ધલજ્જા, મરણ પાછળ જમણવારના કુરિવાજોમાં બિલકુલ ભાગ ના લેવાનો એમણે બાર વર્ષની ઉંમરે નિર્ણય કરી લીધો.

જેલવાસ દરમ્યાન ઘણા કેદીઓ બીમાર થતાં હતાં. બબલદાસે સૂત્ર આપ્યું

'કમ બાના, ઔર ગમ ગાના, તબકટેણા જેલબાના.

તેમણે ગામડાંમાં વર્ષો રહીને ખૂબ ગ્રામ્ય સેવા કરી.

બબલભાઈ ગુજરાતના મહાન લોકશિક્ષક હતા. તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે.

**ખાદીપ્રેમી હરિવલ્લભ મહેતા**

મુનિશ્રીના ભાલનળકાંઠા પ્રયોગમાં પ્રદેશની પ્રજા સ્વાવલંબી થાય એ એક મુખ્ય કાર્યક્રમનો ભાગ હતો. જેને આપણે સપ્ત સ્વાવલંબન કહેવાય તે ખોરાક, વસ્ત્ર, મકાન, શિક્ષણ, આરોગ્ય, ન્યાય અને ગ્રામ રક્ષણમાં સ્વાવલંબી ગામડું હોવું જોઈએ. ૧૯૪૮માં પ્રદેશમાં સર્વોદય યોજના શરૂ થઈ, ત્યાર પછીના બે-ચાર વર્ષમાં સઘન યોજના દાખલ થઈ. ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપી ગામડાની રોજી-રોટી વધારી ગામડાંઓને સ્વાવલંબી કરવાનો પ્રયોગ હતો.

આ કાર્યમાં કુશળ કાર્યકર્તા તરીકે પાટણના શ્રી હરિવલ્લભ મહેતાની સેવા મળી. તેઓ સાબરમતી આશ્રમ સાથે જોડાયેલા હતા. હરિવલ્લભભાઈ ૧૯૫૬થી તેમના પત્ની સાથે ગૂંદી આશ્રમમાં રહેવા આવ્યાં. તેમણે આજુબાજુના ગામોમાં અંબરતાલીમના વર્ગો શરૂ કર્યા.

સર્વોદય આશ્રમ ગુંદીમાં ૧૯૫૮માં સીવણ વર્ગ શરૂ થયો અને મોટે ભાગે લોકો રોજીરોટી મેળવતાં.

હરિવલ્લભભાઈમાં વેપારી કુનેહપણું પૂરેપૂરું. ઉત્પાદનની સાથે સાથે વેચાણનું પણ ધ્યાન રાખે.

રાજકારણ અથવા સત્તાસ્થાને વ્યક્તિ હોય તો જ કામગીરી થઈ શકે તેવી માન્યતાને હરિવલ્લભભાઈએ ખોટી ઠરાવી તેમની સેવાની કદરરૂપે સંસ્થાએ ત્યાંનાં પ્રાર્થના મંદિરને એમના નામ સાથે જોડી એમની કાયમી યાદ તાજી રહે એવું સંભારણુ મૂક્યું છે.

**શ્રી ત્રયંબકલાલ ઉમેદચંદ મહેતા (શ્રી ટી. યુ. મહેતા)**

શ્રી ત્રયંબકલાલ ઉમેચંદ મહેતા એમના ટૂંકા હુલામણાં નામ ટી.યુ. મહેતાથી વધુ પરિચિત છે.

ટી. યુ. મહેતાનું વતન વાંકાનેર. નાનચંદજી મહારાજ સાહેબ એમના કૌટુંબિક ધર્મગુરુ ટી. યુ. મહેતા ક્રાંતિકારી વિચારો ધરાવતા તેઓ મુનિશ્રી સંતબાલજીના ક્રાંતિકારી વિચારધારાને સહમત હતા.

તેઓએ ન્યાયતંત્રમાં વિવિધ ક્ષેત્ર પોતાની સેવા આપી છે. નિવૃતિ બાદ તેઓએ દિલ્હીમાં સુપ્રીમ કોર્ટમાં સિનિયર એડ્વોકેટ તરીકે વકીલાત કરી.

૧૯૮૭માં સંઘે ભા.ન. પ્રા. સંઘના પ્રમુખ બનાવ્યાં તેઓ મુનિશ્રીના ધર્મદૃષ્ટિએ સમાજ રચનાના ખ્યાલોથી ખૂબજ પ્રભાવિત થયા હતા. તેમણે સંઘની સુશુપ્ત પ્રવૃત્તિઓ સજીવન કરવામાં સફળ થયા.

તેમણ વિવિધ ક્ષેત્રે સાહિત્ય, ઈતિહાસ, ધર્મ, તત્ત્વજ્ઞાન જેવા વિષયોનું સાહિત્ય સમાજને અર્પણ કર્યું છે.

પોતાની આગવી પ્રતિભા અને ન્યાયતંત્રના બહોળા અનુભવને લીધે સંઘને એમનો ખૂબ જ ફાયદો થયો છે. તેમણે સંઘના કાર્યને દીપાવ્યું.

## પ્રયોગના દૃષ્ટા અંબુભાઈ શાહ

શ્રી અંબુભાઈ એટલે મુનિશ્રીના પ્રયોગદૃષ્ટા.

શ્રી અંબુભાઈ શાહ મુનિશ્રી સંતબાલજીના આધારસ્થંભ ગણી શકાય એવા અગ્રણી સાથી. તેઓનું ૫૦ વર્ષ સુધી સતત સમર્પણતાથી અને અનન્ય નિષ્ઠાથી ભાલનળકાંઠા પ્રયોગમાં યોગદાન પૂ. મુનિશ્રીની ધર્મદૃષ્ટિએ સમાજરચનાના પ્રયોગી વિચારધારાને આત્મસાત કરી. તેમણે વ્યવહારિકપણે ગુજરાતની જનતા સમક્ષ મૂકવાનો અક્ષય પ્રયત્ન તેમના જીવન અંત સુધી કર્યો.

ગુજરાતીનું સાવ સામાન્ય ભણતર પણ મુનિશ્રીએ તેમને સીધી તાલીમ લોકસંપર્ક અને લોકકેળવણીથી આપી.

સમ્યાંતરે અંબુભાઈ ઊંડો લોકસંપર્ક અને ખેડૂત પરિવારો સાથે આત્મીયતાભર્યો સંબંધ કેળવ્યો. તેમણે ખેડૂતોની આર્થિક શક્તિ ખીલવવા તેમજ શોષણમાંથી મુક્તિ મેળવવા ગામેગામ સહકાર મંડળીઓ ઊભી કરી અને લોકઘડતરનું કામ કર્યું.

શ્રી યશવન્તભાઈ શુક્લે એમને બોંતેર કોઠે દીવા છે એવી સંપૂર્ણ વ્યક્તિ તરીકે ઓળખાવ્યા છે.

એમનો અમૂલ્ય બોધ - 'જીવનસાધના એટલે ગુરુબોધ - ગુરુની આજ્ઞા'.

એમનો વિશેષ પરિચય 'શુદ્ધિપ્રયોગર્ના સફળ ચિત્રો' લેખમાંથી પ્રાપ્ત થશે.

## પરમસેવામૂર્તિ કાશીબા મહેતા

કાશીબહેનનો મહારાષ્ટ્રના ખામગાંવમાં પ્રાથમિક અભ્યાસ ગુજરાતી અને મરાઠીમાં થયો. તેમને નાનપણથી જ સંયમ અને વૈરાગ્ય તરફ ખૂબ જ ખેંચાણ

હતું અને તેમણે પોતાના મનને નાનપણથી તે જ પ્રમાણે ઘડ્યું. પૂ. મુનિશ્રીના માર્ગદર્શનથી તેમણે સેવાઅર્થે નર્સિંગની તાલીમ લીધી. શુદ્ધ શાકાહારી ભોજન અને ખાદીનો પહેરવેશનો આગ્રહ રાખતાં.

કાશીબેને પૂ. મુનિશ્રીના ''વિશ્વવાત્સલ્ય'' મિશનમાં પૂ. મુનિશ્રી સંતબાલજીને ગુરુપદે સ્થાપી તેમની આજ્ઞામાં અને માર્ગદર્શનથી કામ કરવાનો સંકલ્પ કર્યો. એમણે ધર્મ એટલે માનવધર્મ''ને પોતાના જીવનમાં મહામંત્ર બનાવી દીધો.

તેમને 'ગુજરાતના મધર ટેસરા'થી નવાજવામાં આવ્યાં.

સંતબાલજીના અભિનવ દીક્ષિત ''સેવામૂર્તિ કાશીબા'' લેખમાંથી વિશેષ પરિચય પ્રાપ્ત થઈ શકશે.

**મનુભાઈ પંડિત**

મનુભાઈ પંડિતે વર્ષો સુધી મુનિશ્રીના વિવિધ મિશનમાં કામ કર્યું. મહાવીર સાહિત્ય મંદિર દ્વારા અનેક પુસ્તકોના સંપાદનનું કાર્ય ઉપરાંત 'વિશ્વવાત્સલ્ય' અને 'પ્રયોગદર્શન'ના તંત્રીમંડળમાં રહી મુનિશ્રીના કાર્યને આગળ ધપાવાનું ઉમદા કાર્ય કર્યું.

**ગ્રંથ સંદર્ભ :**

સંતબાલ સાથી સોરભ - મનુપંડિત

(શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્ત્વ રીચર્સ સેન્ટર-પર્લી સાથે સંકળાયેલા ચંદ્રકાન્ત લાઠીયા વ્યવસાયે ચાર્ટર્ડ એન્જિનીયર છે. તેમણે (MA philosophy) મુંબઈ યુનિવર્સિટીમાં કર્યું છે અને તેઓ જૈનદર્શનના અભ્યાસુ અને જિજ્ઞાસુ છે).





# ૩૯ શુદ્ધિપ્રયોગના સફળ ચિત્રો અહિંસક પ્રતિકાર શક્તિનું દર્શન

— ગુણવંત બરવાળિયા

ભાલનળકાંઠા વિસ્તારમાં મુનિશ્રીએ પ્રાયોગિક ધોરણે સમાજસુધારણાના કાર્યોની શરૂઆત કરી. તબીબી ક્ષેત્રે જે દવા માટે સંશોધન થાય તે વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો તેની ચકાસણી કરવા દેડકા કે સસલા જેવાં નિર્દોષ પ્રાણીઓ પર પ્રયોગ કરી તેનું જીવન જોખમમાં મૂકે. કેટલાક જીવો મરણને શરણ થાય પછી જ એ દવાનો પ્રયોગ માનવી પર થાય છે. જ્યારે સંતો સમાજશુધ્ધિ માટે જે પ્રયોગો કરે તે પોતાની જાત પર કરે છે. મુનિશ્રી સંતબાલજીએ જે શુદ્ધિ પ્રયોગો કર્યા તેમાં તેમણે પોતાની જાતને કષ્ટ આપ્યું. માનસિક વ્યથા સહી ઉગ્ર વિહાર કર્યા, ઉપવાસ કર્યા અને રાતોના ઉજાગરા પણ વેઠચા.

અંબુભાઈ સહિત મુનિશ્રીના અનેક અંતેવાસીઓ અને સાથીઓ આ

શુદ્ધિ પ્રયોગમાં અગલ અલગ જગ્યાએ સાથે હતા. અંબાભાઈએ 'શુદ્ધિ પ્રયોગના સફળ ચિત્રો' પુસ્તક દ્વારા મુનિશ્રીની આ તપોભૂમિમાં પૂજ્યશ્રીની તપશ્ચર્યાના પાવન દર્શન કરાવ્યું છે.

આ પ્રયોગો વિશે નવલભાઈ શાહ લખે છે, વ્યક્તિગત શુદ્ધિ તો અનિવાર્ય છે જ. એ શુદ્ધિ તે જીવનનો પાયો છે, પણ માણસ પોતે સારો હોય ને એકલો સારો રહે એટલેથી ચાલવાનું નથી. સમાજમાં ચારે બાજુએ જો અનિષ્ટનું વર્ચસ્વ હશે, એની જ પ્રતિષ્ઠા હશે તો સજ્જનતા ઝાંખી થશે ને છેવટે કરમાઈ જશે એટલે જ સજ્જનતાને સક્રિય બનાવવાની પ્રકિયા હવે ચાલુ કરવી જ રહી. આ છે શુદ્ધિ પ્રયોગો.

હું શુદ્ધ બનું - વધારો ને વધારે શુદ્ધ બનું; એટલું જ નહીં, જે સમાજમાં હું જીવું છું. - માનવજાત જીવે છે, વિકસે છે ને એમાંથી બળ મેળવે છે એ સમાજને પણ વધારે ને વધારે શુદ્ધ બનાવવાને માટે મારા અંતરાત્માને કામે લગાડું છું. આ છે શુદ્ધિપ્રયોગનું તત્ત્વ.

આ ગ્રંથની પ્રસ્તાવના લખતાં બબલભાઈ મહેતા આ પ્રયોગને અહિંસક શક્તિ ગણાવે છે.

મુનિશ્રી સંતબાલજી એક ક્રાન્તિકારી, પવિત્ર જૈન મુનિ છે તેઓ બહુ વ્યાપક દૃષ્ટિવાળા એક સાધુપુરુષ છે. ધર્મ દૃષ્ટિએ સમાજરચના કરવી એ એમની આકાંક્ષા છે. ધર્મ એટલે કાઈ સંપ્રદાય કે વાડો નહીં પરંતુ ધર્મ, માનવ કર્તવ્યના અર્થમાં તેઓ ધર્મને ઘટાવે છે. સ્વસ્થ સમાજમાં જ માનવધર્મ વિકસી શકે અને સમાજ જો સત્ય, પ્રેમ અને ન્યાયના પાયા ઉપર ઊભો હોય તો જ સ્વસ્થ રહી શકે એ એમની સ્વીકૃત માન્યતા છે.

આથી સ્વસ્થ સમાજની રચના માટે જરૂરી એવા સત્ય, અહિંસા અને ન્યાયનાં મૂલ્યોને તેઓ જીવનના એક એક ક્ષેત્રમાં પ્રસ્થાપિત કરવા માગે છે અને જ્યાં જ્યાં એ મૂલ્યોની અવહેલના થતી હોય ત્યાં સત્ય અને અહિંસાના માર્ગે તેઓએનો પ્રતિકાર કરવામાં માને છે.

આ હેતુ નજર સમક્ષ રાખીને એમણે ભાલનળકાંઠા ચાર તાલુકાઓની ધર્મદૃષ્ટિએ સમાજરચના ઊભી કરવાના પ્રયોગ ક્ષેત્ર રૂપે પસંદગી કરી છે અને એ હેતુ બર લાવવા માટે ભાલનળકાંટા પ્રાયોગિક સંઘ, ખેડૂત મંડળ આદિ સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા આપીને તેઓએ એ ક્ષેત્રમાં સેવા દ્વારા લોકશક્તિ તેમજ

લોકજાગૃતિ નિર્માણ કરવાના પ્રયાસ આદર્યા છે.

જેમ ગાંધીજીએ અન્યાયનો અહિંસક રીતે પ્રતિકાર કરવા માટે સત્યાગ્રહ અને અસહકાર રૂપી શસ્ત્રો સમાજ સમક્ષ ધર્યાં હતાં એમ મુનિશ્રીએ અન્યાયનો અહિંસક પ્રતિકાર કરવા માટે શુદ્ધિપ્રયોગ રૂપી શસ્ત્રો આપ્યાં છે. આ શુદ્ધિપ્રયોગોનું મુખ્ય લક્ષણ છે શુદ્ધિ અને સંગઠન દ્વારા લોકશક્તિ જાગૃત કરવાનું અને અન્યાય કરનાર પ્રત્યે પણ પ્રેમ રાખીને કષ્ટ સહન કરતાં કરતાં એ અન્યાયનો પ્રતિકાર કરવાનો. ગાંધીજીએ જેમ સેવા માટે શુદ્ધ સાધનો જ વાપરવાનો આગ્રહ રાખ્યો હતો એમ મુનિશ્રી પણ સેવા અને પ્રતિકાર માટે શુદ્ધ સાધનો જ વાપરવાના આગ્રહી છે.

ભાઈ અંબુભાઈ શાહ મુનિશ્રીના અનન્ય ભક્ત છે. શુદ્ધ સાધનો જ વાપરવાના આગ્રહી છે એ મુનિશ્રીની વિચારસરણી પ્રમાણે સમાજરચના પેદા કરવા માટે વર્ષોથી નિષ્ઠાપૂર્વક ભાલનળકાંઠા વિસ્તારમાં કામ કરી રહ્યા છે.

એમણ એમના ક્ષેત્રમાં કામ કરતાં કરતાં ખોટાં મૂલ્યોને તોડવા માટે તથા સાચાં મૂલ્યોને સ્થાપવા માટે જે જે શુદ્ધિપ્રયોગો કર્યા એમાંના કેટલાકના સફળ પરિણામો તથા પ્રક્રિયાઓ કાર્યકરોને તેમજ સામાન્ય સમાજને જોવા મળે એ દૃષ્ટિએ એનું રોચક શૈલીમાં એક કથારૂપે 'શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો' પુસ્તિકામાં એમણે નિરૂપણ કર્યું છે.

આજકાલ સમાજમાં ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. ખોટાં મૂલ્યો વકરી રહ્યાં છે અને પ્રજા એક પ્રકારની નિરાધારતા અનુભવીને નીચે પડતી જાય છે. એણે વખતે આ અનુભવો અંધકાર વચ્ચે પ્રકાશની જેમ સામાન્ય જન પણ સંગઠિત થઈને અહિંસક માર્ગે અન્યાયનો પ્રતિકાર કરવાની શક્તિ દાખવી શકે છે એવી પ્રેરણા આપશે એમ કહું તો તે અતિશયોક્તિ નહીં ગણાય.

ભાઈ અંબુભાઈ કહે છે કે, તેઓ લેખક નથી એટલે આ લખાણમાં અનેક દોષો રહી જવા પામ્યા હશે, પરંતુ માણસ કોઈ પણ કાર્યમાં નિષ્ઠાપૂર્વક તન્મય થઈ જાય છે ત્યારે એના અનુભવો સાથે એ એટલો આત્મસાત થઈ ગયો હોય છે કે એ અનુભવો જ જીવતા થઈને બોલવા લાગે છે એવે વખતે ભાષાના અન્ય દોષો ઓગળી જાય છે.

ભાઈ અંબુભાઈએ એમના અનુભવોનું તારણ સમાજ સમક્ષ રજૂ કરીને સમાજની સેવા કરી છે એ બદલ એમને અભિનંદન ઘટે છે.''

આ પુસ્તકને સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કરેલ, શુદ્ધિ પ્રયોગ દ્વારા મુનિશ્રીએ ગણોતધારાના પ્રશ્નો, ખેડૂતોની જમીનના હક્કના પ્રશ્નો, ખેતી માટેના બીયારણ અને ખાતરના પ્રશ્નો, ખેત સહકારી મંડળીઓના પ્રશ્નો, સ્થાપિત હિતો, મંદિરો કે જમીનદારો દ્વારા ખેડૂતોના થતા શોષણના પ્રશ્નો સરકારી વહીવટીતંત્ર દ્વારા થતા વિલંબ અને અન્યાયના પ્રશ્નો ઉકેલવાનો સમ્યક પુરુષાર્થ કર્યો છે.

વળી સેવા ક્ષેત્રમાં અનાયાસે આકસ્મિક રીતે સર્જાયેલ વિકટ પરિસ્થિતિનો હલ પણ પૂ. મુનિશ્રીએ વિવેક પ્રજ્ઞાને આધારે કર્યા છે.

વ્યસનમુક્તિ, ચોરી, લૂંટ, પાણીચોરી, કન્યાવિક્રય, સ્ત્રીચોરી અને નારીશોષણ જેવા પ્રશ્નો શુદ્ધિપ્રયોગ દ્વારા ઉકેલ્યા છે.

ગાંધીજીની હૈયાતીના સમય ખંડમાં ગાંધીચિંધ્યા સત્યાગ્રહ માર્ગે જ્યારે આવા પ્રયોગો થાય ત્યારે તેનું મૂલ્ય ઘણું વધી જાય છે.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે પૂ. સંતબાલજીનું જીવન જ એક પ્રયોગશાળા સમાન હતું. શુદ્ધિપ્રયોગના આ સફળ ચિત્રો, ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થઓના સુધારણા કાર્યક્રમોમાં ખૂબ જ પ્રેરક બળ પૂરું પાડશે. શુદ્ધિપ્રયોગના આ જિવંત શબ્દચિત્રો વાંચતા મુનિશ્રીમાં આપણને અહિંસક યોદ્ધાઓના પાવન પ્રતિનિધિ રૂપે દર્શન થાય છે.

*અંતઃકરણ અને પ્રવૃત્તિની વિશુદ્ધિ તે તપ. પ્રવૃત્તિની શુદ્ધિ સારુ જેટલી ભાવશુદ્ધિની આવશ્યકતા છે તેટલી જ વચનશુદ્ધિની પણ છે.*



# ૪૦ મુનિશ્રી સંતબાલજીની વિશિષ્ટ રચનાઓ

મુનિશ્રીની કેટલીક કાવ્ય રચનાઓ ગાંધીજીની આશ્રમ ભજનાવલીમાં સ્થાન પામી છે અને કેટલીક રચનાઓ શાળાની ટેક્ષબુકમાં અભ્યાસક્રમમાં સ્થાન પામી છે તેમાંની કેટલીક રચના અહીં પ્રસ્તુત છે.

## કૂચગીત

પગલે પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવ્યે જા,
અંતરના અજવાળે વીરા પંથ તારો કાપ્યે જા,
તું દુર્ગમ પંથ કાપ્યે જા,
પંથ તારો કાપ્યે જા... (પગલે)
કાંટા આવે કંકર આવે ધોમધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે ધૈર્ય ધારી ચાલ્યો જા,
તું ભેખધારી ચાલ્યો જા,
તું શૌર્યધારી ચાલ્યો જા... (પગલે)

હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના
શિસ્ત શાંતિ ને સુલેહનો પાઠ
સૌને આપ્યે જા
તું દુર્ગમ પંથ કાપ્યે જા... (પગલે)

## સાત વારની પ્રાર્થના

**(૧) સોમવાર : રામ**

પવિત્ર ફરજે સત્તા ત્યાગી, આદર્શો સુંદર આપ્યા,
જ્ઞાનશૌર્યની પ્રાપ્તિ સાથે, સ્ત્રીશૂદ્રો પશુઓ તાર્યા;
એકપત્નીવ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં,
એવા રામનું સ્મરણ કરીએ, જે ભારતભરમાં વ્યાપ્યા.

**(૨) મંગળવાર : મહાવીર**

ચંડકોશી ઝેર વમે ત્યાં, વીરે તો અમૃત પીરસ્યું,
યુવા નારીના સ્પર્શો જીરવી, શુચિવાત્સલ્ય પ્રભુનું વિકસ્યું.
શૂળો બે કાને ભોંકાણી, તોપણ મહાવીર શાંત રહ્યા,
ગજસુકુમાર શિર આગ ચંપાઈ, તોય ક્રોધી ન લગાર બન્યા,
એવો નિર્ભય અભય બનીને, પ્રેમી અક્રોધી વીર બનું
નમ્રપણે વીતરાગ પ્રભુના ચરણે સમતા ક્ષમા ગ્રહું.

**(૩) બુધવારે : બુદ્ધ**

પ્રાણીમાત્રમાં વેર તજીને કરુણા હૃદયે ધરનાર,
રોગ જરા ને મૃત્યુ જોઈ, સુતવિત દ્વારા તજનારા;
મોહમાયાનો ત્યાગ કરીને, સન્યસ્તને આચારનારા,
મધ્યમાર્ગી બુદ્ધ પ્રભુજી, સ્વીકાર જો વંદન પ્યારા.

**(૪) ગુરુવારે : કૃષ્ણ**

સમતા કાર્યકુળશતા સેવી આસકિત ફળની ત્યાગી,
અન્યાયે પડકાર કરાવી, ન્યાયપ્રતિષ્ઠા અર્પાવી;
કુરુક્ષેમાં ગીતા સુણાવી, સર્વજીવોને હિતકારી,
એવા યોગી કૃષ્ણ પ્રભુના, ચરણો જાઉં જીવન વારી.

**(૫) શુક્રવાર : મહમ્મદસાહેબ**

માતુચરણે સ્વર્ગ વસે છે, ગુલામને મુક્તિ દેજો,
વ્યાજ ત્યાગ કરી માનવકષ્ટે, સહાયનો લહાવો લેજો;
ભ્રાતૃભાવે ઈમાનદારીથી વિશ્વાસુ સહુના બનજો,
હજરત મહંમદ પયગંબરની, આ શિખામણ ઉર ધરજો.

**(૬) શનિવાર : અશો જરથુષ્ટ્ર**

શસ્ત્રો છોડીને એક મંચ પર, રાષ્ટ્રે રાષ્ટ્રે એક થજો,
રાષ્ટ્રભક્તિના પાઠ ભણો ને વિશ્વશાંતિતું ધ્યેય હજો;
પવિત્ર વિચાર વાણી વર્તને ગુપ્ત સખાવત દિલ ભરજો,
જરથોસ્તીના ધર્મગુરુની આ શીખ સૌ હૈયે ધરજો.

**(૭) રવિવાર - ઈશુ**

મૃત્યુ સમયે પણ માફી પ્રાર્થી પતિતાને પાવન થાવા,
ધર્મમૂળ નીતિને ચીંધી, વિશ્વજનો ભેગા મળવા,
પ્રેમપ્રભુના પુત્ર બનીને નૈતિક બ્રહ્મચર્યને વરવા,
એવા ઈશુને સ્મરીએ સ્નેહે સેવાભાવ જગે ભરવા.

## સર્વધર્મ સંસ્થાપકો

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સહુને,
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.
જનસેવાના પાઠ શિખવ્યા, મધ્યમમાર્ગ બતાવીને,
સન્યાસીનો ધર્મ ઉજાળ્યો, વંદન કરીએ બુદ્ધ તને
એકપત્ની વ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં,
ન્યાયનીતિમય રામ રહેજો સદા અમારા અંતરમાં.
સઘળાં કામો કર્યા છતાં જે રહ્યા હંમેશાં નિર્લેપી,
એવા યોગી કૃષ્ણપ્રભુમાં રહેજો અમ મનડા ખૂંપી.
પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈશુ જે, ક્ષમાસિંધુને વંદન હો,
રહમનેકીના પરમપ્રચારક હજરત મહમ્મદ દિલે રહે.
જરથોષ્ટ્રીના ધર્મગુરુની પવિત્રતા ઘટમાં જાગો,
સર્વધર્મ સંસ્થાપક સ્મરણો વિશ્વશાંતિમાં ખપ લાગો.

# આત્મચિંતન

## (રવૈયા એકત્રીસા)

ધર્મ અમારો એકમાત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા વિશ્વમહીં એને ભરવી.
'સકળ જગતની બની જનેતા વત્સલતા સુહમાં રેડું'
એ જ ભાવના અનુયાયી બનવાનું સહુને તેડું. - ૧
નાતજાતના ભેદ અમોને લેશ નથી કંઈ આભડતા,
દેશ-દેશના શિષ્ટાચારો વિકાસ માટે નહીં નડતા.
નિર્ભય બનીને જાનમાલની પરવા કદીએ નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરિહરીએ. -૨
બ્રહ્મચર્યની જ્યોત જગાવી, સત્ય પ્રભુની મંદિરીએ,
જગસેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીએ.
સદ્ગુણ સ્તુતિ કરીએ સહુની નિંદાથી ન્યારા રહીએ,
વ્યસનો તજીએ સદ્ગુણ સજીએ ટાપટીપ ખોટી તજીએ. - ૩
ખાવું પીવું હરવું ફરવું સૂવું જાગવું ને વદવું,
સર્વક્રયાઓ કરતાં પહેલાં પાપવિકારોથી ડરવું.
છતાંય થાય ગફલત જે કંઈ ક્ષમા માગી હળવા થઈએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નહીં વિસ્મરીએ. -૪

સર્વથા સૌ સુખી થાઓ,
સમતા સૌ સમાચરો
સર્વત્ર દિવ્યતા વ્યાપો,
સર્વત્ર શાંતિ વિસ્તારો.

# ૪૧ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ

— મગનલાલ હરિલાલ દોશી (પ્રમુખ)

ભાલનળકાંઠા પ્રયોગના સંદર્ભમાં જ વિશ્વવાત્સલ્ય પ્રયોગિક સંઘ ઘાટકોપરમાંથી ઊભો થયો છે. ભાલનળકાંઠા પ્રયોગિક સંઘ જેવા સંઘો ખાસ કરીને ગામડાં, ગ્રામલક્ષી રચનાત્મક કાર્યકરો અને ગામડાંને મુખ્ય બનાવી ચાલનારા સંતો-ભક્તોની વધુ સક્રિય સહાનુભૂતિનાં પાત્ર બનશે. તેને લીધે તથા ભારતીય સંસ્કૃતિનાં મૂળતત્ત્વો ગામડાં વગેરેમાં હોઈ તેમની મદદ વિના વિ. વા. પ્રા. સંઘ શૂન્યવત બની રહેશે. એમ છતાં આજના સંયોગોમાં વિ. વા. પ્રા. સંઘની અગત્ય ઘણી મોટી છે, કારણ કે આજના મુખ્ય સવાલો ઘણા વિશાળ અને વ્યાપક છે; એટલું જ નહીં, એ બધાને અહિંસક ઢબે ઉકેલવાના છે. તેના બંધારણ અને સંઘ અંગે વિશ્વવાત્સલ્યમાં મુનિશ્રી સંતબાલજીએ કેટલીક છણાવટ કરી છે તે જોઈએ.

તેના બંધારણના ધ્યેય ગર્ભમાં રહેલા નીચેના પાંચ મુદ્દાઓ એની ખાતરી ઉચ્ચારે છે :

૧. માનવી કે જીવસૃષ્ટિનું સર્વોત્તમ અંગ છે એનો અને જીવસૃષ્ટિનો ઉત્તરોત્તર વિકાસ થાય.
૨. ધન અને સત્તાને બદલે સર્વત્ર શ્રમ, પ્રેમની પ્રતિષ્ઠા થાય તથા વિશ્વભરમાં વાત્સલ્યની ભાવનાનો ફેલાવો થાય અને સમાજમાં ધર્મદૃષ્ટિનું પ્રાધાન્ય થાય.
૩. વ્યક્તિગત એ સામાજિક જીવનમાં સત્ય, પ્રેમ અને ન્યાયની ત્રિપુટી પ્રતિષ્ઠિત થાય.
૪. જનતાને જવાબદાર એવાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે નૈતિક પાયા ઉપરાંત લોકશાહી સંગઠનો ઊભાં થાય.
૫. લોકશાહી સમાજરચના અહિંસક સમાજરચનાનો પાયો છે. એ દૃષ્ટિએ વિશ્વનાં તમામ રાષ્ટ્રોમાં લોકશાહી વ્યવસ્થા સ્થપાય અને એનો વિકાસ થાય.

કોઈ કહેશે કે જો આ ધ્યેય સિદ્ધ થાય તો તો વ્યકિતગત નહીં, આખા જગતનો મોક્ષ સિદ્ધ થઈ જાય. જેઓ જૈન ધર્મને અસલી રૂપમાં સમજ્યા છે તેઓને વ્યક્તિ ચૈતન્ય અને એકતા વિશે તલભાર શંકા નહીં હોય, કારણ કે - ''સિદ્ધગતિ પામેલા જીવો પણ પ્રાણીમાત્રના મન-મનની અને ઘટઘટની વાત જાણી રહ્યા છે'' એમ તેઓ પ્રતિક્રમણ ખામણાંમાં રોજ બોલે છે.

**'સવ્વે જીવ કરું શાસન રસી ઐસી ભાવદયા મન ઉલસી'** એ જૈન ધર્મનો આચારમંત્ર છે.

ભગવાન બુદ્ધે તો જ્યાં લગી જગમોક્ષ ન થાય ત્યાં લગી પોતાને વ્યક્તિગત નિર્વાણ નથી જોઈતું એમ સાફ કહ્યું છે. વૈષ્ણવભક્તો પણ કહે છે : 'હરિના ભક્તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવાતર રે.' ગાંધીજીએ એથી જ માગ્યું : 'હરિજનને ત્યાં જન્મ મળે અને રહું ત્યાં લગી જનતાજનાર્દનની સેવા કરતો રહું.' મનુષ્યસેવાની પ્રથમ અનિવાર્ય જરૂર એટલા માટે કે જો મનુષ્ય સાચો મનુષ્ય બનશે તો બીજા જીવોને તે અભયદાન આપ્યા વિના રહી નહીં શકે. એટલે વ્યક્તિગત મોક્ષ સાથે હંમેશાં સમુદાયગત મોક્ષ સંકળાયેલ જ છે, પણ આ તો આજે ઘણી ગણી દૂરની વાત રહી. આજે તો -

૧. સમાજમાં ધર્મદૃષ્ટિનું પ્રાધાન્ય કેમ થાય ?
૨. વ્યક્તિગત અને સામાજિક જીવનમાં સત્ય, પ્રેમ અને ન્યાયની ત્રિપુટીની પ્રતિષ્ઠા કેમ પામે ?
૩ ઠેરઠેર જનસંગઠનો થઈ શિક્ષણ અને સંસ્કૃતિનાં ક્ષેત્રો કેમ સંભાળી લે ? તથા

૪. વિશ્વનાં તમામ રાષ્ટ્રોના રાજ્યક્ષેત્રે લોકશાહી કેમ સ્થપાય ? એ જ નજીકની વાત છે એમ મને લાગે છે. પ્રથમની બે વાતો પણ ત્રીજી, ચોથી બાબત અમલમાં આવે તો જ પાર પડશે. માટે અત્યારે તો ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના અને એનાં નૈતિક ગ્રામ સંગઠનોના વિશાળ વ્યાપક જનસહકારના પાયા પર વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ આગેકૂચ કરવાની ધારણા રાખી રહ્યો છે.

**પ્રાયોગિક સંઘની રચના અને માતૃસમાજ**

'વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ' એ નામની સંસ્થા સ્થાપવાની પ્રથમ વિચારણા કરવા માટેની એક સભા તા. ૧-૬-૧૯૫૮ના રવિવારના રોજ શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીના પ્રમુખસ્થાને ચાંદીવલી ફાર્મમાં કવિવર્ય પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી નાનચંદ્રજીસ્વામી તેમ જ મુનિશ્રી સંતબાલજીના સાંનિધ્યમાં મળી હતી.

સમાજમાં સત્ય, ન્યાય અને પ્રેમ મારફતે જવાબદાર લોકશાહીના માર્ગે સમાજકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાના ઇરાદાથી આ સંસ્થાની ઉત્પત્તિ વિચારાઈ અને તા. ૩-૮-૫૮ની સભામાં સંઘનું બંધારણ ઘાટકોપરના જ ઐતિહાસિક સ્થળે મંજૂર કરવામાં આવ્યું.

ઇસ્વીસન ૧૯૫૮ના ઑગષ્ટ માસમાં અમદાવદમાં જે હિંસક તોફાનો ફાટી નીકળ્યું ત્યારે શ્રી સંઘ તરફથી શાંતિ માટેની એક વિજ્ઞપ્તિ બહાર પાડવામાં આવી હતી અને એ અંગેના ઠરાવો તેમ જ પ્રક્રિયારૂપે ઉપવાસનો સામુદાયિક પ્રયોગ પણ કરવામાં આવ્યો હતો.

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ તરફથી મુનિશ્રી સંતબાલજીની ૫૫ (પંચાવન)મી જન્મજયંતી ઉજવવાનું નક્કી કરી, રૂા. એક લાખ એકઠા કરવામાં આવ્યા હતા અને તેમાંથી રૂા. ૫૫,૫૫૫ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘને તેમની પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવ્યા અને બાકીની રકમ શ્રીસંઘ હસ્તક બહેનોની પ્રવૃત્તિ માટે ગ્રામઉદ્યોગ, ગૃહઉદ્યોગના (નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર) ઉપયોગ માટે વાપરવાનું નક્કી થયું અને એ અનુસાર ઘાટકોપર ખાતે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા મહિલા ગૃહઉદ્યોગ જે અત્યારે 'માતૃસમાજ' તરકે જાણીતું છે તે માટે ઉપયોગ કરવામાં આવ્યો અને કામાગલીમાં ૧૫૦૦ વારના પ્લોટમાં મકાન સાથે આશરે રૂા. ૩૫,૦૦૦મા લેવાયું, અને જેમ`મ માતૃસમાજનું કામ વિકસતું ગયું તેમ મકાનમાં વધારો કરવામાં આવ્યો જેનું ખર્ચ રૂા. ૬૦,૦૦૦ થયુ. ઘાટકોપરના 'માતૃસમાજ'ની ઉદ્ઘાટન વિધિ જાણીતાં સેવિકા બહેન જયશ્રીબેન રાયજીના હાથે કરવામાં આવી. આ રીતે જેના

પાયાની શરૂઆત પવિત્ર હાથે કરવામાં આવી તેનો દિન પર દિન વિકાસ થતો જ રહ્યો છે. આ કામકાજમાં પ્રાણરૂપે બહેન લલિતાબેન લાલાભાઈ શાહ, બહેન છબલબેન અમૃતલાલ દડિયા તેમ જ અન્ય બહેનો રહ્યાં જ છે. તેમની પ્રારંભિક તબક્કાની સેવાને ભૂલી શકાય તેમ નથી.

ત્યાર બાદ 'સાયન' મુકામે માતૃસમાજ'ની શરૂઆત કરવામાં આવી અને ઓનરશિપની જગ્યા રૂા. ૧૯૫૦૦માં લેવાણી. સાયનમાં કે માટુંગામાં સામાન્યતઃ સાધારણ સુખી કુટુંબો રહેતાં હોવાથી, ઘાટકોપર જેટલું કામ થઈ ન શકે તો પણ ઠીક ઠીક વિકાસ થયા છે. વેચાણને માટેનું સારું ક્ષેત્ર ગણી શકાય.

બાદમાં મુંબઈનું મુનિશ્રીનું ચાતુર્માસ થયું અને ત્યાં પણ 'માતૃસમાજ'ની નાની જગ્યામાં શરૂઆત કરી અને આજે ગૌરવભેર કહી શકીએ કે આ પ્રવૃત્તિઓ સારા પ્રમાણમાં વિકસી અને મુંબઈ સી. પી. ટેંક, માધવબાગમાં માતૃસમાજ માટે પણ સ્વતંત્ર મકાન ખરીદાયું. આ મિલકત ણ રૂા. ૧,૪૧,૦૦૦ની છે. આ મકાનનું ઉદ્ઘાટન બહેન શ્રીમતી વિજયાબેનના હાથે (શ્રી અરવિંદભાઈ મફતલાલનાં માતુશ્રી) થયું અને સાધ્વી જેવાં જેમના જીવનમાંથી ઘણું ઘણું શીખવાનું મે છે એવાં બહેન મણિબેન નાણાવટીના પ્રમુખપણા નીચે આ ઉત્સવ ઉજવાયો હતો.

ચંચળબા અને વીરચંદભાઈ ઘેલાણીની સેવા ભૂલી શકાય તેમ નથી. હાલમાં ઘાટકોપર અને મુંબઈ-સી.પી. ટેંકનું માતૃસમાજ સારું કામ કરી રહ્યું છે.

કલકત્તા મુકામે મુનિશ્રી સંતબાલજીનું ચાતુર્માસ સંવત ૨૦૨૦માં થયું, તે સમયે કલકત્તા મુકામે કલકત્તા પ્રયોગિક સંઘની રચના થઈ ત્યાં પણ 'માતૃસમાજ' સ્થપાયું હતું જે માતૃસમાજ બહેન પ્રાણકુંવર હેમાણીની દેખરેખ નીચે ચાલ્યું હતુ. એ ઉપરાંત પશુ નિષેધક સમિતિની પણ સ્થાપના થઈ અને એ અંગે પણ ઠીક ઠીક કાર્ય થયું હતું.

આ ઉપરાંત મુંબઈ ખાતે બોરીવલીમાં અને દિલ્હીમાં પણ માતૃસમાજો સ્થપાયા અને ચારિત્ર શુદ્ધિ સમિતિ રચાઈ પરંતુ સારા કાયર્કરોને અભાવે એની પ્રગતિ થઈ શકી નહીં.

૧૯૬૮ના સપ્ટેમ્બર માસમાં પૂજ્ય મુનિશ્રીને સ્થિરવાસ કરવાની વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ તરફથી વિનંતી કરવામાં આવી. મુનિશ્રીએ આ વિનંતીનો સ્વીકાર કર્યા અને ૧૯૬૯ની સાલમાં ચિંચણી મુકામે 'મહાવીર નગર' - આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરવામાં આવી અને પૂજ્ય મુનિશ્રીનો સ્થિરવાસ ત્યાં નિશ્ચિત થયો.

આંતરાષ્ટ્રીય કેન્દ્રના સ્થળને 'મહાવીર નગર'નામ આપવામાં આવ્યું. સમાજની રચના ધર્મદૃષ્ટિએ શક્ય તો જ બને જ્યારે તેના બધા વ્યવહારોનો પાયો અહિંસા હોય, જગતના ધર્મોમાં પરમધર્મ અહિંસાને ગણ્યો હોય તો તે જૈન ધર્મે.

અહિંસા વિષે ઊંડાણથી અને વ્યાપક ચિંતન પણ જૈન ધર્મે કર્યું છે. આ જૈન ધર્મના છેલ્લા મહાપુરુષ તીર્થંકર ભગવાન મહાવીરનું નામ આ કેન્દ્ર સાથે જોડવું આ દૃષ્ટિએ ઉચિત ગણ્યું છે.

## સ્વદેશ અંગે સંઘની કાર્યવાહી

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની સ્થાપના થઈ ત્યારથી દેશના અનેક પ્રસંગોએ જેવા કે - તિબેટના નિર્વાસિતો અંગે, દલાઈ લામાના સ્વાગત અંગે, કેરળની પરિસ્થિતિ અંગે, મુંબઈ દ્વિભાષી રાજ્ય અંગેના આંદોલન વખતે, ભારતની સરહદ સાચવણીના આંદોલન અંગે, કચ્છ-સુરતના રેલ પ્રસંગોએ, ભાષાકીય આંદોલન અંગે, પંડિત જવાહરલાલ નેહરુએ યુનોમાં વિશ્વશાંતિનો ઠરાવ પાસ કરાવ્યો એ અંગે, રેલ્વે, પોસ્ટ તથા એવાં જરૂરી સરકારી સેવાઓનાં ખાતાંઓના કર્મચારીઓની હડતાલ અંગે, દેવનાર કતલખાના અંગે, પંજાબી સૂબાની માગણી અંગે, પ્રાંતીય ભાષાકીય પ્રશ્નો અંગે - આવા આવા અનેક દેશના પ્રશ્નો વખતે શ્રી સંઘે યોગ્ય ઠરાવો - આંદોલનો કરી પોતાનો ફાળો આપ્યો છે.

૧૯૫૮થી ૧૮૬૫ સુધી શ્રી સંઘના પ્રમુખ તરીકે શ્રી રતિલાલ બેચરદાસ મહેતાએ શ્રી સંઘની પ્રગતિને આગળ વધારવામાં સાથ આપ્યો હતો. તેમના અવસાનથી શ્રીસંઘ એક ઉમદા અને દિગ્દર્શક કાર્યકરી ખોટ અનુભવે છે.

શ્રીસંઘનાં કાર્યામાં સતત સાથ આપનાર કાન્તાબેન રતિલાલ દીપચંદ, રતિલાલ દીપચંદ, શાંતિલાલ કાનજી શાહ, ભોગીલાલ રાયંચદ તુરખિયા, લાલભાઈ શાહ, ચીમનલાલ કપુરચંદ દલાલ, શ્રીમતી રૂક્ષ્મણીબેન અમૃતલાલ શેઠ વગેરેનાં અવસાનથી કાર્યકરોની જે ખોટ શ્રીસઘને પડી છે તે હંમેશાં સાલતી રહી છે.

૧૯૬૬ની સાલથી રતિલાલ બેચરદાસ મહેતાના અવસાન બાદ શ્રી હરિલાલ જેચંદ દોશી શ્રીસંઘના પ્રમુખ તરીકે રહી ગોગ્ય દિશાસૂચન આપતા રહ્યા. તેમના અવસાન બાદ વર્તમાનમાં તેમના પુત્ર મગનલાલ હરિલાલ દોશી આ પ્રવૃત્તિને પોતાની ગણી માર્ગદર્શન આપતા રહ્યા છે.

શ્રીસંઘની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સધી મુનિશ્રી સંતબાલજી, મુનિશ્રી નેમિચંદ્ર અને મુનિશ્રી જનકવિજયજીએ જે પ્રેરણા આપી છે અને અનુબંધ વિચારધારાના

સહયોગી રહ્યા છે તેની શ્રી સંઘ આ તકે હાર્દિક નોંધ લે છે.

આ ઉપરાંત મનુભાઈ અમૃતલાલ શેઠ, કચ્છના દેવસીભાઈ, નંદલાલભાઈ અને સવિતાબેન પ્રહ્લાદભાઈ પટેલ, રમણીકભાઈ હેમાણી, બહેન સુશીલાબેન, અરવિંદભાઈ મફતલાલ, શ્રીમતી વિજયાબેન પરમાણંદ કાપડિયા, ગણપતિશંકર દેસાઈ, શ્રીમતી મણિબેન નાણાવટી, શ્રી ઉત્તમલાલ, પ્રહ્લાદભાઈ, મહેન્દ્ર શ્રોફ અને સંઘની મધ્યસ્થ સમિતિ શ્રી પુરુષોત્તમ કાનજી (કાકુભાઈ), ગીરધરલાલ દફતરી, ચીમનલાલ ચકુભાઈ વગેરે અનેક ભાઈ-બહેનોનો જે અમૂલ્ય સાથ આપી, સંઘને પોતાનો માની જે સેવા અપી છે તેની સંઘ નોંધ લે છે.

**સંતબાલજી સાહિત્ય પ્રકાશન**

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય અને પ્રયોગ દર્શન બે પાક્ષિક અમદાવાદથી પ્રસિદ્ધ થથાં હતાં. પાછળથી પ્રયોગ દર્શન વિશ્વવાત્સલ્યમાં જોડી દેવામાં આવ્યું અને ૨૦૦૪થી વિશ્વવાત્સલ્ય, માસિક વિશ્વવાત્સલ્ય સંઘ મુંબઈ દ્વારા પ્રગટ કરવામાં આવે છે. શતાબ્દી સમયે અમેરિકાના જૈના કૉન્ફેડરેશનમાં સંતબાલ સાહિત્યનાં બે હજાર પુસ્તકો વિના મૂલ્યે ''સંતબાલ શોપી'' દ્વારા વિતરણ કરવામાં આવેલ છે.

મુનિશ્રી સંતબાલજીની જન્મશતાબ્દી નિમિત્તે એ એક વર્ષ માટે પ્રતિ માસ ગુણવંતભાઈ બરવાળિયાના તંત્રીપદ હેઠળ 'વિશ્વવાત્સલ્ય'ની પંદર હજાર પ્રત પ્રકાશિત કરવામાં આવેલ જે ગુજરાતનાં પુસ્તકાલકો અને શાળાઓમાં વિના મૂલ્યે મોકલવામાં આવેલ. ઉપરાંત મુનિશ્રીની પરિચય પુસ્તિકા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી ભાષામાં પ્રગટ થઈ. મુનિશ્રી લિખિત 'શ્રી આચારાંગ સૂત્ર', 'શ્રી ભગવતી સૂત્ર' 'જીવનસાધના ભાગ-૩' અને સાધક સહચરી પણ પ્રગટ કરવામાં આવેલ.

**વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં સંઘનો સહયોગ**

મહાવીરનગર, ચીંચણીમાં ચાલતી શિબિરો, આયુર્વેદ દવાખાનું, કુદરતી ઉપચાર કેન્દ્ર, ગૌશાળા, માનવરાહત જેવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ સંપૂર્ણ સહયોગ આપી રહેલ છે. ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ અને વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવૉર્ડ ફાઉન્ડેશનની પ્રવૃત્તિમાં પણ વિ. વા. પ્રા. સંઘ સક્રિય રહેલ છે.

*આત્મા દ્વારા નિરીક્ષણ એટલે આલોચના. ભૂલ સુધારે ને તે ફરી ભૂલ થવા ન પામે તેવો સંકલ્પ તે પ્રાયશ્ચિત્ત તપ.*

## ૪૨ શ્રી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ સંચાલિત

# મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર - ચિંચણી

— ટ્રસ્ટી-ઉપપ્રમુખ - **રામજીભાઈ ડાહ્યાલાલ ગાલા**

મુનિશ્રી સંતબાલજીએ ધર્મમય સમાજરચનાનો પ્રયોગ ભાલનળકાંઠા વિસ્તારમાં ૨૫ વર્ષ સુધી કર્યો. ભારતના અન્ય ભાગોમાં પણ વિચરણ કર્યું અને છેલ્લે એમણે સ્થિરત્વ માટે વિચાર્યું ત્યારે મુંબઈ શહેરથી નજીક અને ગામડું હોય તેવો વિચાર કરીને શ્રી સંઘે ચિંચણીના દરિયાકાંઠે આ ૧૨ એકરની વાડી જેમાં વચ્ચે બંગલો હતો અને બાજુમાં ભોજનશાળા માટે ૧ રૂમ અને વાત્સલ્ય સદન છે તે નાનો બંગલો અને કર્મચારીઓને રહેવા માટે ૩ રૂમો, આમ શ્રી સંઘે આ વાડી વેચાતી લઈને મહારાજશ્રીનું પહેલું આગમન પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે મહાવીરનગરને ખુલ્લું મૂકવામાં આવ્યું. ત્યાર બાદ ૧૯૭૨માં શ્રી સંત સેવક સમુદ્યમ પરિષદની સ્થાપના શ્રી ઉછરંગભાઈ ઢેબરના પ્રમુખપદે કરવામાં આવી ત્યારે સંતો અને સેવકો આખા ભારતમાંથી આવેલા હતા અને તેને સંકલન માટે માનવ મુનિશ્રીની નિમણૂંક કરેલ

હતી. મહારાજશ્રીને અહીં ૪ વિભાગની કલ્પના હતી. (૧) જવાહરલાલ નહેરુ વિભાગ જે શુદ્ધ રાજકારણ માટે નેતા - સેવકો તૈયાર કરવા (૨) ગાંધી વિભાગ જેમાં માનવોમાં શુદ્ધ નૈતીક્તા વધારવી (૩) પૂ નાનચંદ્રજી વિભાગ - સાધુ-સંતોને નૈતીક ગ્રામ સંગઠનની તાલીમ આપવી (૪) શ્રીમદ્ વિભાગ કે આધ્યાત્મિક રીતે ભાઈઓ - બહેનો તૈયાર કરીને તેઓ પોતાના જીવનમાં રાગ-દ્વેષનો ત્યાગ રીને છેલ્લે અનાસક્ત ભાવમાં રહી શકે તે માટેનો વિભાગ કરવો. આ બધું તૈયાર કરવા માટે પૈસાની જરૂર પડે. એકવાર તેમને મળવા લાલજીભાઈ કાપડિયા હૈદરાબાદવાળા આવેલ. તેઓ મહારાજશ્રીના ભક્ત. તેમણે પૂછયું, આ ચાર વિભાગ માટે મકાનો વગેરે બનાવવાના રહેશે, ખર્ચ શું છે? ત્યારે ૧૦ લાખ રૂપિયાના ખર્ચની વાત હતી. તેમણે કહ્યું કે, હું ૧૦ લાખ રૂપિયા મોકલી આપું છું. ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે, પૈસા તો આપ મોકલશો પણ સમય કેટલો આપશો ? ત્યારે લાલજીભાઈએ હાથ જોડીને કહ્યું કે, સમય તો હું ન આપી શકું. ત્યારે મહારાજશ્રી સંતબાલજીએ પ્રેમથી કહ્યું, તો પૈસા નથી જોઈતા, કારણકે મકાનો બનાવીએ અને પછી સંચાલન માટે વ્યક્તિઓ ન હોય તો એ મકાનોનો કોઈ અર્થ નથી. એના ઉપરથી નક્કી થાય કે તેમને પૈસા પ્રત્યે પણ મોહ ન હતો. આમ જે રીતે ભાલનળકાંઠામાં કાર્યકર્તાઓ મળ્યા તેવા કાર્યકર્તાઓ અહીં મળી શક્યા નહીં, કારણકે મોહમયી નગરી મુંબઈ છોડીને આવવા જલ્દી તૈયાર કોણ થાય? તેમની સાથે મીરાંબેન અને મણિભાઈ પટેલ તો હતાં જ. મણિભાઈ વિહાર પ્રવાસમાં હતા ત્યારે ડાયરી કરેલ. રોજેરોજની નોંધ તેમની ડાયરી ઉપરથી મળી શકે. મહારાજશ્રી ૧૨ વર્ષ મહાવીરનગરમાં રહ્યા તે દરમ્યાન ગામમાં ગોચરીએ જતા. જે શાકાહારી ઘર હોય ત્યાંથી વહેરાત હતા તેથી કેટલાક અજૈન લોકોને પણ ભાવ થઈ ગયો હોય તેઓ માંસાહાર છોડવા બાધા લેતા હતા અને ત્યાં વહોરવા મહારાજશ્રી જતા. સાંજે ફક્ત દૂધ લેતા અને સમાધિસ્થળ આવેલું ત્યાં દરિયાકિનારે ૧ કલક બેસતા. દરિયાની લહેરો અને કુદરત સાથે મનથી વાતો કરતા. અને ત્યાર બાદ ચાર કુટિરો બનાવવામાં આવી જ્યાં અવારનવાર તેમને મળવા આવતા સેવકો રોકાઈ શકે જ્યાં હાલ નેચરોપથી સેન્ટર ચાલી રહ્યું છે. મહાવીરનગરમાં મુનિશ્રીની હયાતીમાં અને ત્યાર બાદ દર વર્ષે નેત્રયજ્ઞ કરવામાં આવતો. પૂ. કાશીબેહન હતાં ત્યાં સુધી તેઓ દર વર્ષે નેત્રયજ્ઞમાં આવીને દર્દીઓની સારસંભાળ લેતાં કારણ પહેલા પાંચ દિવસ દર્દીને રાખવામાં આવતા. દર્દીઓ આદિવાસી તથા પછાત વિસ્તારમાંથી આવતા. ૧૦૦થી ૧૨૫ ઓપરેશનો અમદાવાદથી ડો. વિનોદ પટેલ અને તેમની ટીમ આવીને કરતી જેમાં ૧૦૦% રિઝલ્ટ આવતું. તકલીફવાળા

પેશન્ટને અમદાવાદ તેમના ટ્રસ્ટની હોસ્પિટલમાં બોલાવીને ફ્રી ઓપરેશન કરી આપતા. અવારનવાર મેડિકલ કૅમ્પો પણ યોજવામાં આવી રહ્યા છે અને આયુર્વેદ દવાખાનું અને નેચરોપથી સેન્ટર પણ ચાલી રહેલ છે. ગૌશાળા પણ ખૂબ જ સરસ છે. હાલે ૫૦ જેટલાં નાના-મોટાં ગાય-વાછરડાં છે. મહાવીરનગરનું સંચાલન હાલે શ્રી ગંગારામભાઈ ઓઝા સંભાળી રહ્યા છે. અહીં અવારનવાર અલગ અલગ ફીરકા, અલગ અલગ ધાર્મિક શિબિરો થાય છે. સવારમાં મેગા ક્લાસ નિયમિત ચાલે છે. ગૌશાળા માટે લીલો ઘાસચારો અહીં જ ઊગાડવામાં આવે છે જેથી ગૌશાળા માટે તાજો ઘાસચારો મળી રહે. સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓ પણ અહીં આવી શિબિરો કરતા હોય છે. તેઓ સર્વેનો એવો અનુભવ રહ્યો છે કે અહીં સેન્ટરમાં આવતાં જ શાંતિનો અનુભવ થવા માંડે છે. અહીં સાધુ-સંતો ચાતુર્માસ પણ કરી ગયા છે. પૂ. બાપજી મહારાજ, પૂ. તરુલતાજી, પૂ. દમયંતીજી મ.સ., પૂ. રાષ્ટ્રસંત નમ્રમુનિજી મ.સા., પૂ. નિરંજનમુનિ મ.સા., પૂ. પારસમુનિ મ.સા. આદિ પૂ. દેરાવાસી મહારજશ્રી પંજાબકેસરીએ પણ ચાતુર્માસ કરેલ હતું અને તેઓ મુનિશ્રીના વિચારને પુષ્ટિ આપનાર હતા. પૂ. નમ્રમુનિના ચાતુર્માસ દરમ્યાન વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંગ અને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના કાર્યકરોની ત્રિ-દિવસીય શિબિરનું આયોજન થયેલ અને મહારાજશ્રીના કાર્યને વેગ મળે તે માટે ચર્ચા-વિચારણા થયેલ હતી. શ્રી મગનભાઈ દોશીના પ્રમુખપદે પાંચ જણનું ટ્રસ્ટીમંડળ જેમાં (૧) શ્રી મગનભાઈ દોશી (૨) શ્રી રામજીભાઈ ગાલા (૩) શ્રી ગુણવંતભાઈ બરવાળિયા (૪) શ્રી ચંદ્રવદનભાઈ શાહ (૫) શ્રી મહેન્દ્રભાઈ ટીંબડીઆ, ઉપ-પ્રમુખ શ્રી યોગેશભાઈ બાવીશી, મંત્રીશ્રી અનિલભાઈ પારેખ, સહમંત્રી શ્રી પ્રકાશભાઈ વગેરે અને કારોબારી સભ્યો સારો રસ લે છે. નેચરોપથી કમિટીમાં શ્રી રામજીભાઈ ગાલા, શ્રી ગુણવંતભાઈ બરવાળિયા, શ્રીમતી દર્શના દફતરી છે. કેન્દ્ર સંચાલન તરીકે શ્રી ગંગારામભાઈ ઓઝા ખૂબ જ સારું સંચાલન કરી રહ્યા છે. તે પહેલાં શ્રી રમણીકભાઈ, શ્રી જ્યંતીભાઈ, શ્રી હરજીવનભાઈ વગેરેએ સંચાલન કરેલ હતું. હાલે ત્યાં પ્રભાબેન અજમેરા સ્થાયી છે. કેન્દ્રમાં ભોજનાલયની વ્યવસ્થા છે. કોઈ પણ ભાઈ-બહેન આવવા માગે તો રહેવા અને જમવાની વ્યવસ્થા છે. વિશેષ આ રીતે પૂ. મુનિશ્રી સંતબાલજી મહારાજશ્રીનાં વિચારબીજને સારવેલ છે. આશા છે કે મુનિશ્રી સંતબાલજીના વિચારોને આગળ વધારવા કોઈ સંતની આગેવાનીથી તેમની વિચારધારા આગળ વધારશે. વિશેષ આ તપોભૂમિમાં આપ સર્વે વિદ્વાનો મળી રહ્યા છે ત્યારે આપ પણ મુનિશ્રીના વિચારનો આપની કલમ દ્વારા સારાએ સંસારમાં ફેલાવો એવી આશા સાથે વિરમું છું. ▣

# ૪૩ ભાલનળકાંઠ પ્રાયોગિક સંઘ

— દાજીભાઈ ફલજીભાઈ ડાભી

ભાલ નળકાંઠામાં કાર્ય કરતા અને કામમાં સક્રિય રસ ધરાવતાં ભાઈ-બહેનોની એક સભા શ્રી છોટુભાઈ મહેતા તથા જયંતીભાઈ શાહના આમંત્રણથી તા. ૧૫-૬-૧૯૪૭ના રોજ બાવળા મુકામે ભરવામાં આવી હતી. આ સભામાં કુલ ૫૨ (બાવન) ભાઈ-બહેનોએ હાજરી આપી હતી, જેમાં શહેર, ગામડાં તેમ જ સમાજનાં બધાં અંગોનું પ્રતિનિધિત્વ હતું.

શ્રી કુરેશીભાઈના પ્રવચનથી વિચારણાની શરૂઆત થઈ. તેમણે કહ્યું :

''મહારાજશ્રી છેલ્લાં આઠ વર્ષથી આ પ્રદેશમાં ધર્મદૃષ્ટિએ સમાજરચના અથવા બાપુજીના શબ્દોમાં સર્વોદયની ભાવના લઈ ઘૂમી રહ્યા છે અને એમની સાધનાથી આકર્ષાઈ હવે બીજા ઘણા ભાઈઓ પણ ખેંચાઈ રહ્યા છે. મહારાજશ્રીની અધ્યાત્મિક સાધનાનો પ્રવાહ અહીં સતત વહી રહ્યો છે. એ પવિત્ર ગંગાનું નીર નિરર્થક ન જાય તે માટે યોજનાપૂર્વકના પ્રયત્નની જરૂર છે. જુદી જુદી સમિતિ નીચે

તો ભાલ નળકાંઠામાં પ્રવૃત્તિઓ ચાલે જ છે, પણ જો એને કેન્દ્રિત કરી કાર્ય કરવામાં આવે તો એક સુંદર સમૂહબદ્ધ કાર્ય થઈ શકે અને માટે જ આપણે બધા ભા. ન. પ્રાયોગિક સંઘ અને તેનું બંધારણ વ. વિચારવાને એકઠા થયા છીએ.''

આ પ્રસંગે મુનિશ્રી સંતબાલજીએ પોતાની પ્રાયોગિક સંઘની કલ્પનાને વધુ સ્પષ્ટ કરતાં કહ્યું :

''શ્રી કુરેશીભાઈએ ટૂંકમાં લગભગ બધું ક કહી દીધું છે છતાં તે ખુલાસા કરી દઉં.

૧. સંઘનું બંધારણ ગયા ચાતુર્માસ દરમિયાન વિચારાઈ ગયું છે. આજે તે તમારા ઘણાં સમક્ષ મુકાઈ રહ્યું છે. બહારના જિલ્લાઓના પણ કેટલાક ભાઈઓ આ કામમાં રસ લઈ રહ્યા છે અને જ્યાં કેન્દ્રીકરણ થાય ત્યાં લોકો તો આકર્ષાઇને આવવાના જ, પણ આપણે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, આપણે બીજાં ક્ષેત્રોમાં કામે લાગેલાઓને ખેંચવા ઇચ્છતા નથી. તેઓ ભવિષ્યમાં ત્યાં જ કામ કરે એ અભિલાષા છે.

૨. આજે આખી સમાજવ્યવસ્થા ઊલટી થઈ ગઈ છે. ધનને સમાજમાં ખૂબ ઊંચું સ્થાન અપાઈ રહ્યું છે. આજે એની સામે અહિંસા અને પ્રેમથી આપણે ક્રાંતિ કરવાની છે. તેવી ક્રાંતિ માટે કેવા કાર્યકરો જોઈએ તેનો પણ તમારે વિચાર કરવો જોઈએ.

**ઉદ્દેશ :** માણસ એ જીવસૃષ્ટિનું અવિભાજ્ય અંગ છે, એટલે એનું જીવન એવું હોવું જોઈએ કે જીવસૃષ્ટિને વિકસાવીને વિકસે. આ ઉદ્દેશ લક્ષમાં રાખઈને સદરહુ પ્રદેશમાં તેમ જ પ્રસંગોપાત બીજાં ક્ષેત્રોમાં સંઘે જરૂરી પ્રવૃત્તિઓ કરવી અને કરાવવી. સંઘની પ્રવૃત્તિઓને નૈતિક રીતે પહોંચી વળવા વૈજ્ઞાનિક સભ્યો અને કાર્યકર્તાઓ રોકવા. આવા જૂથના રોકાણને લીધે થતા ખર્ચને પહોંચી વળવા ફાળો ઉઘરાવવો. ધનને ગૌણ ગણીને તન અને મનથી કાર્ય આપનારનું સ્થાન ઊંચું ગણવામાં આવશે.

**સભ્યો :** ઉપરના ઉદ્દેશોને સામે રાખીને શહેરો ને ગામડાં તરફ વાળવાવાળા ચોવીસે કલાક કામ આપનાર હશે. ઉંમર ૧૮થી ૬૦.

બ્રહ્મચર્યમાં માનનાર અને પાળનાર અને સંતાનની મર્યાદા સંયમથી સાચાવનાર.

શુદ્ધ ખાદી અપનાવનાર અને કાંતનાર.

ઊંચ-નીચના તથા કોમભેદને નહીં માનનાર.

સર્વધર્મના સત્યંઅશોને સ્વીકારનાર અને ચેપી દરદો વગરના આ સંઘના

સભ્યો થઈ શકશે.

આખી પસંદગી મહારાજશ્રીની રહેશે.

સંઘના સભ્યો જે બંધારણ ઘડે તેને અમલમાં મૂકતો હોય, પગારની મર્યાદા જરૂરિયાત અને લાયકાત મુજબ હશે.

શ્રી પરીક્ષિતલાલ મજમુદારે કહ્યું : જ્યાં સુધી મૂંગી સેવા આપનાર આદર્શ સેવકો ન હોય ત્યાં સુધી કોઈ પણ સંગીન કાર્ય ન થઈ શકે. આમાંથી જ સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા અને એવી જ બીજી સંસ્થાઓનો જન્મ થયેલો. આજે ભાલ નળકાંઠાના કાર્યને માટે પણ એવા જ સેવકોની આશા રખાઈ છે.

ત્યાર બાદ શ્રી વૈદભા, ડૉ. શાંતિભાઈ પટેલ, શ્રી નાનચંદભાઈ અને ધારશીભાઈ વગેરેએ બંધારણ અંગે વિચારો રજૂ કર્યા હતા. તેનો ખુલાસો કતાં મહારાજશ્રીએ જણાવ્યું કે, ''આ નિયામકમંડળ માત્ર નિયામક મંડળ નહીં, પણ ઉપરાંત સેવક અને સાધક મંડળ હશે. આ સંઘની જુદી જુદી સમિતિઓ ઉપર સ્વેચ્છાપૂર્વકની નૈતિક સત્તા હશે, ઔષધાલય પાછળ તો આ સંચાલન પહેલેથી જ કલ્પાયેલું છે.''

અંતમાં ઉપસંહાર કરતાં મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, ''આ ધાર્મિક દૃષ્ટિએ સમાજરચનાના કાર્યને એટલે કે અર્થ તરફ દૃષ્ટિ અને શહેર તરફ વળેલા આ સંપૂર્ણ સમાજને આ પ્રયોગ દ્વારા ગામડાં તરફ વળેલો બનાવવા સૌ અંગોને પોતપોતાના અવ્યવસ્થિત થયેલા સ્થાને ઠેકાણે વ્યવસ્થિત અને સાચું સ્થાન આપવાના કાર્યને વધુ દીપાવજો.''

સંઘના પ્રથમ પ્રમુખશ્રી રવિશંકર મહારાજ અને મંત્રી તરીકે શ્રી પરીક્ષિતલાલ મજમુદાર તથા છોટુભાઈ વસનજી મહેતાએ સેવાઓ આપવી શરૂ કરી અને સંઘે વ્યવસ્થિત રતી સર્વોદય આશ્રમ ગુંદીમાં પોતાનું કાર્યાલય શરૂ કરી વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન હાથ ધર્યું. જે પ્રવૃત્તિઓ ચાલતી હતી તેને સંઘ સાથે સાંકળી લીધી.

સંઘની સ્થાપના પૂર્વે અને ત્યાર બાદ સંઘે હાથ ધેરી પ્રવૃત્તિઓ માટે ઊભી કરેલી સંસ્થાઓમાંથી નીચેની કેટલીક પાયાની ગણાવી શકાય.

| | **સંસ્થાનું નામ** | **સ્થાપના વર્ષ** |
|---|---|---|
| ૧. | વિશ્વવાત્સલ્ય ઔષધાલય સાણંદ-શિયાળ, ગુંદી | ૧૯૪૪ |
| ૨. | ઋષિ બાલમંદિર, સાણંદ | ૧૯૪૭ |
| ૩. | મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર | ૧૯૪૭ |
| ૪. | વિશ્વવાત્સલ્ય (પાક્ષિક) | ૧૯૪૭ |

| | | |
|---|---|---|
| ૫. | ભાલ નળકાંઠા ખેડૂત મંડળ | ૧૯૪૮ |
| ૬. | ભાલ નળકાંઠા ગોપાલક મંડળ | ૧૯૫૦ |
| ૭. | દુષ્કાળ કર્તવ્ય સમિતિ | ૧૯૪૮ |
| ૮. | સઘન ક્ષેત્ર સમિતિ ગુંદી (ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ) | ૧૯૫૪ |
| ૯. | ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર | ૧૯૫૬ |
| ૧૦. | શિક્ષણ સંસ્કાર સમિતિ, ગુંદી | ૧૯૫૭ |
| ૧૧. | શ્રમજીવી મજૂર મંડળ | ૧૯૭૨ |

હાલમાં દાજીભાઈ ડાભીના પ્રમુખપણા હેઠળ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ - ગુંદીમાં નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

જ્ઞાનચંદ્રજી ગોશાળા ગૌવંશ ... ...(૨૪)
કન્યા છાત્રાલય (દીકરીઓ માટે ) ...૯૯
કુમાર છાત્રાલય (દીકરાઓ માટે) ...૪૦
ઉચ્ચતર વિદ્યાલય (૫૦૦ બાળકો) તથા

ભાલનળકાંઠા ખેડૂત મંડળ કાર્યરત છે.

સંસ્થા દ્વારા શિક્ષણ અને ખેતીને લગતી શિબિરોનું આયેજન થતું હોય છે.

સંકલન : ધીરુભાઈ ડાભી





# ૪૪ વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવૉર્ડ ફાઉન્ડેશન

— ચંદ્રવદન અંબુભાઈ શાહ - મંત્રી

મુનિશ્રી સંતબાલજીની પ્રેરણા અને માર્ગદર્શનથી ભાલનળકાંઠા વિસ્તારમાં ૧૯૪૭થી અનેકવિધ પ્રવૃત્તિઓ કરતી સંસ્થા ભાલનળકાંઠા પ્રયોગિક સંઘને ૧૯૯૪ના વર્ષ માટે દર્શક ફાઉન્ડેશન તરફથી રૂા. ૧,૦૦,૦૦/-નો દર્શક એવૉર્ડ મળ્યો. આ એવૉર્ડ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં નોંધપાત્ર પ્રવૃત્તિઓ કરવા બદલ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવૉર્ડ સ્વીકારતી વખતે પ્રતિભાવ આપતાં સંસ્થાના પ્રમુખશ્રી ટી. યુ. મહેતા અને મંત્રીશ્રી અંબુભાઈ શાહે જણાવ્યું હતું કે, ભવે આ એવૉર્ડ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘને મળે છે, પરંતુ સંસ્થાના પ્રેરક મુનિશ્રી સંતબાલજીના વિચારો-કાર્ય અને પ્રેરણા થકી જ સસ્થાની પસંદગી એવૉર્ડ માટે થઈ છે. એ સંદર્ભમાં સંસ્થા સામાજિક, ગ્રામોત્થાન અને ધર્મમય સમાજરચના માટે કામ કરતી સંસ્થા-

વ્યક્તિઓને સન્માનીત કરવા - પ્રોત્સાહિત કરવાના હેતુથી આ એવૉર્ડની રકમને બી (Seed money) ગણીને એવૉર્ડ આપવાનું આયોજન કરશે. આ વિચારીને અનુમોદના આપવા માટે મુનિશ્રી સંતબાલજી પ્રેરિત બન્ને મુખ્ય સંસ્થાઓ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ - ગુંદી અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ - મુંબઈએ સાથે મળીને ''વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવૉર્ડ ફાઉન્ડેશન''ની સ્થાપના શ્રી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ હેઠળ કરી. આ ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટીઓ નીચે મુજબ હતા.

(૧) શ્રી ટી. યુ. મહેતા - (નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ - હિમાચલ પ્રદેશ-હાઇ કોર્ટ)
(૨) શ્રી ચંદ્રશેખર ધર્માધિકારીશ્રી - (નિવૃત્ત ન્યાયાધીશ - મુંબઇ હાઈ કોર્ટ)
(૩) શ્રી અંબુભાઈ શાહ - સામાજક કાર્યકર - ગુંદી
(૪) શ્રી મણિભાઈ મહેતા - સામાજિક કાર્યકર - મુંબઈ
(૫) ડૉ. ઉષાબહેન મહેતા - સામાજિક કાર્યકર - મુંબઈ
(૬) શ્રી હરિવલ્લભભાઈ મહેતા - સામાજિક કાર્યકર - મુંબઈ
(૭) શ્રી મગનલાલ દોશી - સામાજિક કાર્યકર - મુંબઈ
(૮) શ્રી જગદીશભાઈ દાશી - સામાજિક કાર્યકર - મુંબઈ

શ્રી ટી. યુ. મહેતાએ આ ફાઉન્ડેશનના પ્રથમ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી હતી.

**હાલમાં નીચે મુજબ ટ્રસ્ટીઓ જવાબદારી સંભાળે છે.**

(૧) શ્રી મગનભાઈ દોશી - મુંબઈ (પ્રમુખ)
(૨) શ્રી રામજીાઈ ગાલા - મુંબઈ (ઉપપ્રમુખ)
(૩) શ્રી ચંદ્રવદન શાહ - અમદાવાદ (મંત્રી)
(૪) શ્રી ગુણવંતભાઈ બરવાળિયા - મુંબઈ (ટ્રસ્ટી)
(૫) શ્રી ઉષાબહેન ગોકાણી - મુંબઈ
(૬) શ્રી મહેરૂબહેન મહેતા - અમદાવાદ
(૭) શ્રી ગંગારામભાઈ ઓઝા - જવારજ
(૮) શ્રી ગોવિંદભાઈ ડાભી - રાણપુર

આ સમયગાળા દરમ્યાન સર્વશ્રી દિવાનસંઘભાઈ ચૌહાણ - કોઠ,

શ્રી વાડીલાલભાઈ કામદાર - અમદાવાદ તથા શ્રી કલ્યાણભાઈ શાહ - અમદાવાદ પણ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે.

સંસ્થાએ સ્થાપનાના ઉદ્દેશના ભાગરૂપે નીચે મુજબ એવૉર્ડ આપવાનું ઠરાવ્યું હતું.

**(૧) સંતબાલ એવૉર્ડ :**

સંતબાલ એવૉર્ડ રૂા. ૧,૦૦,૦૦૦/-નો આપવાનું નક્કી કરવામાં આવેલ અને એવૉર્ડની પસંદગી માટે માર્ગદર્શક સૂચનો નીચે મુજબ હતાં.

- પક્ષીય અને સત્તાલક્ષી-સત્તાકીય રાજનીતિવાળી સંસ્થા કે વ્યક્તિની પસંદગી કરવાથી દૂર રહેવું. રાષ્ટ્રીયતાને મહત્ત્વ આપવું.
- કોમી અને સાંપ્રદાયિક વિચારો કે કાર્યક્ષેત્ર ધરાવનાર સંસ્થા-વ્યક્તિની પસંદગી ન કરવી.
- લોકશક્તિથી સર્વાંગી અને સમગ્ર રચનાત્મક કાર્ય કરતી સંસ્થા - વ્યક્તિની પસંદગી કરવાનું લક્ષ્ય રાખવું.

**(૨) યુવાજાગૃતિ એવૉર્ડ :**

યુવા જાગૃતિ એવૉર્ડ રૂા. ૨૫,૦૦૦/-નો આપવાનું નક્કી કરવામાં આવેલ અને એવૉર્ડની પસંદગી માટે માર્ગદર્શક સૂચન નીચે મુજબ -

- ૧૮થી ૪૦ વર્ષ સુધીની વયનાં યુવા-યુવતીઓમાંથી રચનાત્મક અને બિનરાજકીય તેમ જ રાજકારણના પરોક્ષ વર્ચસ્વથી મુક્ત એવી યુવાજાગૃતિની પ્રવૃત્તિ ચલાવતી કોઈ પણ વ્યક્તિને એવૉર્ડ આપવો.

**(૩) મહિલા જાગૃત એવૉર્ડ :**

મહિલા જાગૃતિ એવૉર્ડ રૂા. ૨૫,૦૦૦/-નો આપવાનું નક્કી કરવામાંઆવેલ અને એવૉર્ડની પસંદગી માટે માર્ગદર્શક સૂચન નીચે મુજબ -

મહિલાઓની સર્વાંગી જાગૃતિને માટે રચનાત્મક અને બિનરાજકીય તેમ જ રાજકારણના પ્રત્યક્ષ-પરોક્ષ વર્ચસ્વથી મુક્ત એવી દેશભરની કોઈ પણ સ્ત્રીસંસ્થા અથવા વ્યક્તિને એવૉર્ડ આપવો.

ઉપરોક્ત એવૉર્ડની પસંદગીની એવૉર્ડ પારદર્શક રહે અને ગુણવત્તાને આધારે જ પસંદગી થાય તે હેતુથી ટ્રસ્ટીમંડળે સ્વતંત્ર રીતે વિચારી અને એવૉર્ડના હાર્દને ધ્યાનમાં રાખી નિર્ણય થાય તેવા શુભ હેતુથી **'પરામર્શ સમિતિ'**ની નિમણૂક કરેલ અને

'પરામર્શ સમિતિ'ની ભલામણને સર્વાનુમતે સ્વીકારવાની પ્રણાલિકા રાખી હતી. 'પરામર્શ સમિતિ'માં વખતોવખત નીચે જણાવેલ મહાનુભાવોએ પોતાની સેવાઓ આપેલ છે.

(૧) જસ્ટીસ પ્રબોધભાઈ દેસાઈ (નિવૃત્ત ન્યાયાધીશ)
(૨) શ્રી ચુનીલાલ વૈદ્ય
(૩) શ્રી યશવંતભાઈ શુક્લ
(૪) શ્રી રતિલાલભાઈ ગોંધિયા
(૫) શ્રી યાસીન દલાલ
(૬) શ્રી ઈન્દુકુમાર જાની
(૭) શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
(૮) શ્રીમતી ઈલાબહેન પાઠક
(૯) શ્રીમતી મહેરૂબહેન મહેતા
(૧૦) જસ્ટીસ એન. બી. પટેલ (નિવૃત્ત ન્યાયાધીશ)
(૧૧) જસ્ટીસ બી. જે. દિવાન (નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ-ગુજરાત)

'પરામર્શ સમિતિ'ની ભલામણોને આધારે નીચે મુજબ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

**(૧) સંતબાલ એવૉર્ડ રૂા. ૧,૦૦,૦૦૦/-**

| | **એવૉર્ડ વિજેતાની વિગત** | **વર્ષ** |
|---|---|---|
| (૧) | સેવા રૂરલ - ઝઘડિયા | ૧૯૯૫ |
| (૨) | સ્વરાજ આશ્રમ - બારડોલી | ૧૧૯૬ |
| (૩) | શ્રી અન્ના હજારે - રાણેગણ સિધ્ધી-મહારાષ્ટ્ર) | ૧૯૯૭ |
| (૪) | વિરાયતન - રાજગીરી - બિહાર | ૧૯૯૮ |
| (૫) | સહયોગ કૃષ્ટયજ્ઞ ટ્રસ્ટ - રાજેન્દ્રનગર | ૧૯૯૯ |
| (૬) | વનસ્થલી વિદ્યાપીઠ - રાજસ્થાન | ૨૦૦૦ |
| (૭) | પ્રેમજીભાઈ પટેલ - ઉપલેટા | ૨૦૦૧ |
| (૮) | શ્રમમંદિર ટ્રસ્ટ - સિંધરોટ અને શ્રી આનંદ દિનકર કર્વે - પૂના | ૨૦૦૨ |

**(૨) યુવાજાગૃતિ એવૉર્ડ - રૂા. ૨૫,૦૦૦/-**

| એવૉર્ડ વિજેતાની વિગત | વર્ષ |
|---|---|
| (૧) શ્રી અશોકભાઈ રાઠી - વડોદરા | ૧૯૯૬ |
| (૨) શ્રી સંજીવભાઈ શાહ (OSIS) - વડોદરા | ૧૯૯૯ |
| (૩) ડૉ. અભય બંગ - ગઢચિરોલી (મહારાષ્ટ્ર) | ૧૯૯૮ |
| (૪) વિશ્વગ્રામ - મહેસાણા | ૧૯૯૯ |
| (૫) માનવ સાધના | ૨૦૦૦ |

**(૩) મહિલા જાગૃતિ એવૉર્ડ - રૂા. ૨૫,૦૦૦/-**

| એવૉર્ડ વિજેતાની વિગત | વર્ષ |
|---|---|
| (૧) સૂરજબહેન કામદાર - રાજકોટ | ૧૯૯૬ |
| (૨) રાધાબહેન ભટ્ટ - કોશાભ - ઉત્તર પ્રદેશ | ૧૯૯૭ |
| (૩) સત્યબાલ તપાલ - નાગરૂપ | ૧૯૯૮ |
| (૪) નિર્મળાબહેન રાવલ - હાજીપુરા | ૧૯૯૯ |
| (૫) કચ્છ મહિલા વિકાસ સંગઠન - ભુજ | ૨૦૦૦ |
| (૬) શ્રીમતી ઈન્દુમતીબહેન પરીખ - માટુંગા (મુંબઈ) | ૨૦૦૧ |
| (૭) આનંદ સંસ્થા - દેવગઢબારિયા - ગુજરાત | ૨૦૦૨ |

**એવૉર્ડ વિતરણ ઉપરાંત ફાઉન્ડેશનના અન્ય ઉદ્દેશો નીચે મુજબ છે.**

(૧) સંતબાલ સાહિત્યનો પ્રચાર-પ્રસાર

(૨) આધ્યાત્મિક, સામાજિક અને નૈતિક શક્તિ સત્તાના પ્રભાવ સિવાયની કામ કરે તેવા પ્રયત્નો કરવા

(૩) ભારતમાં શુભ બળો અને સામાજિક સંગઠનો વચ્ચે મજબૂત સેતુ બને તેવી પ્રવૃત્તિઓ કરવી

(૪) લોકજાગૃતિ અને લોકશક્તિ ચેતનવંતી બને તેવા પ્રયત્નો કરવા

(૫) સંતબાલ વિચાર જે ગાંધીવિચારથી પ્રભાવિત હતા અને જે સંતબાલના માર્ગદર્શનથી અમલ કરવાનો પ્રયત્ન થયો તેને આગળ ધપાવવા પ્રયત્ન કરવો.

વિશ્વવાત્સલ્ય અને સંતબાલ અવૉર્ડ ફાઉન્ડેશન એવૉર્ડ વિતરણથી આગળ વધીને હવે સંતબાલ સાહિત્યના પ્રચાર-પ્રસારની કામગીરી શરૂ કરી રહી છે અને ટ્રસ્ટના વિશાળ ઉદ્દેશો જોતાં ખૂબ લાંબી મંઝીલ કાપવાની બાકી છે. આજે મહાવીરનગર ચીંચણી મધ્યે 'સંતબાલજી શ્રુત સેવા દર્શન' પરિસંવાદની પાવન ક્ષણે શુભ બળોનો સહયોગ અને મુનિશ્રી સંતબાલજીની પ્રેરણા, શક્તિ મળશે તેવો ટ્રસ્ટીમંડળને વિશ્વાસ છે. ◙

# ૪૫ ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગમંડળ-રાણપુર

**છેલ્લાં ૬૦ વર્ષથી કાર્યરત ઉની ખાદી કેન્દ્ર-રાણપુર, જિ.બોટાદ**

— ગોવિંદસંગ દાજીભાઈ ડાભી (પ્રમુખ)

**ભા**લનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ રાણપુર સંસ્થાનું પ્રેરકબળ એક જૈન સંત પરંતુ સર્વધર્મ સમભાવના હિમાયતી તથા ક્રાંતિકારી સંતબાલજી દ્વારા ભાલ પ્રદેશને પોતાના પ્રયોગ ધર્મદષ્ટિએ સમાજરચના માટે વૈયક્તિક મોક્ષની જગ્યાએ સમાજના મોક્ષની સાધના દ્વારા ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ગુંદી આશ્રમ દ્વારા કરી જેના સૌપ્રથમ ૪૭મા રવિશંકર મહારાજ હતા અ ને મંત્રી તરીકે પરીક્ષિતલાલ મજમુદારે સેવા આપેલી. મંડળના ત્યારના નિષ્ઠાવાન કાર્યરો સ્વ. હરિવલ્લભ મહેતા, દાજીભાઈ ડાભી રાણપુરમાં ધુણી ધખાવી બેઠા અને ''દિવંગત અંબુભાઈના શબ્દોમાં કહીએ - ખાદીકાર્ય એ ક્રાંતિકાર્ય થતું ગયું.''

આજે અહીં પરંપરાગત વણકરો સિવાય મોલેસલામ દરબાર, ભડવાડ, અન્ય

પછાત વર્ગો ઉપરાંત મુસ્લિમ સમાજનાં જરૂરતમંદ બહેનો સ્વમાનભેર રોજી રળતાં રહ્યાં છે. એમાં વિધવા, ત્યક્તા, અપંગ વગેરનો સમાવેશ થાય છે.

ઉનની ખાદી ઉત્પાદન સ્થાનિક સંસ્થાન કૅમ્પસમાં કરવું તથા વીજળી વગર ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તથા ખાદી ગ્રામોદ્યોગ આયોગના વિવિધ નિયમો પાલન સામે ઉનની કંતાઈ માટે સુધારા-વધારા પ્રયોગોના અંતે ઝીણા કાઉન્ટમાં ઉનની સુતર કાંતી શકાયું. ચરખા ઉપર સહેલાઈથી રોજ ૨૫૦થી ૩૬૦ સુધીનું કામ થઈ શકે તેથી ઓસ્ટ્રેલિયાનું જાણીતું મેરીનો વુલ અહીં વાપરવામાં આવે છે.

ઉનની બનેલી ચીજવસ્તુઓ અટીરા ટેસ્ટ રિપોર્ટ સાથે ગુણવત્તાવાળી હોવાથી જ્યાં ખૂબ જ ઠંડી પડે છે તેવા ઉત્તર ભારતના વિસ્તારોમાં રાણપુરના ઉત્પાદનનું વેચાણ છે. કાનપુર, દિલ્હી, લખનઊ, વારાણસી, ચંદીગઢ વગેરે શહેરોમાં અમારી મંકીકેપ, મફલર, બાંધણી, શાલ વગેરે વસ્તુની સારી માંગ છે. KVC ભવન-ભંડારોમાં ઉપલબ્ધ હોય છે.

ઔદ્યોગિક દૃષ્ટિએ પછાત વર્ગ ગણાતા આ વિસ્તારમાં એક નાકડો વીજ વગરના ગ્રામોદ્યોગને ફૅક્ટરી-એક્ટ, લેબર-લોમાં મૂકી ગ્રામોદ્યોગને ભીંસમા ન મૂકવો જોઈએ. 'નફો નહીં નુકસાન નહીં' ધોરણે' સંસ્થા ખાદી ગ્રામોદ્યોગ કોષ્ટ ચાર્ટ ઉપરાંત અંદર કામ કરતા કારીગરોને KVC રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા ડાયરેક્ટ બેનિફીટ MDA વિગેરે લાભો કાયદેસર ચૂકવવાની જવાબદારી સ્વેચ્છિક રીતે સ્વીકારી અન્ય આવકો ઊભી કરી રોજગારી કાર્ય નિભાવી રહેલ છે.

સંસ્થાનાં શ્રમજીવીઓને ૧૯૯૨માં ટોકનભાડે વાર્ષિક ૧૦ હજાર ચોરસવાર જમીન આપીને વર્ષનો ૧ રૂા. ભાડું તેમ ૫૦ વર્ષના ફક્ત રૂા. ૫૦ ભાડેથી ૧૦૦ ચોરસવાર જમીન મફત આપી એચડીએફસી દ્વારા ૭% વ્યાજથી ૧૯૯૦-૯૧માં ૬૬ ધાબાબંધ મકાનો, રસ્તા-ગટર, લાઈટની સુવિધા સાથે કરી આપેલ છે, જે હપ્તાની દરેક રકમ હાલમાં HDFC બૅંકમાં ભરપાઈ થઈ ગઈ છે.

સંસ્થાએ ૨૦૧૭-૧૮માં ૨૧૩.૮૧ લાખ ઉત્પાદન તથા વેચાણ ૨૯૩.૮૫ લાખ તેમ જ ૨૦૧૮-૧૯માં ૧૫૮.૧૯ લાખનું ઉત્પાદન તેમ જ વેચાણ ૨૪૫.૦૬ લાખનું કર્યું હતું અને ૨૧૦થી વધારે લોકોને ત્યાં રોજી મળે છે. મોટા ભાગના સાધકોને એમનાં ઘેર જ કાચો માલ પૂરો પાડી રોજી કતાઈ આપવામાં આવે છે.

ઉની કતાઈનું કામ સંસ્થા બહાર થાય છે. કતાઈને આવતી ઉની અહીંની (ઉનનું સુતર) દ્વારા સંસ્થા કામ કરતાં ઉની હોઝયરી, ઉની વણાટ, સિલાઈ વિભાગમાં કુલ ૧૫૧ બહેનો તથા ૩૮ ભાઈઓને કામ મળે છે. ૮૦% ઉપર બહેનોનું પ્રમાણ છે. સંસા આરોગ્ય કેમ્પ, મફત છાસ વિતરણ, નેત્રનિદાન કેમ્પ, સફાઈ વિદ્યાલય દ્વારા ગ્રામવિકાસ એજન્સી, સુલભ શૌચાલય બનાવવાનું, રાજકારણમાં પ્રચાર-પ્રસાર દ્વારા લોકજાગૃતિ, મહિલા-સંમેલનો, વ્યાખ્યાનમાળા વિગેરે યોજાય છે.

સરકારી બોર્ડ નિગમોમાં સંસ્થાનો ઉની માલ અટીરા ટેસ્ટ રિપોર્ટ સાથે છેલ્લાં ૨૦૦ વર્ષથી ગુજરાત સરકારના GUVNL દ્વારા વિવિધ કંપનીઓ GETCO, MGVCL, GSECL, DGVCL, ગુજરાત મેરીટાઇમ બોર્ડ વિગરેમાં સંસ્થાની ઉત્પાદનની વુલન જર્શી-ગરમ કોટીંગનું ઉત્પાદન કરી માલ સપ્લાય કરી રોજગારી પૂરી પાડી રહી છે.

સંસથા આખરે પોતાના કારીગરો, કર્મચારી, સ્ટાફમિત્રો સંસ્થાના હોદ્દેદારો, એમાંય ઓડિટરો તથા ખાદી કમિશન, ખાદી બોર્ડની વિવિધ યોજનાઓ, એમાંય હાલની સરકાર ખાદીને વધુમાં વધુ પ્રગતિ થાય તથા પ્રચાર-પ્રસાર માટે સતત પ્રયત્નશીલ છે. ગ્રાહકની પસંદગીને ધ્યાનમાં રાખીને ડિઝાઈનરો ગ્રાહકની જરૂરિયાતને સંતોષ આપે એવી ડિઝાઈન બનાવી રહ્યા છે. સંસ્થા પોતાના કારીગરો, કર્મચારી, હોદ્દેદારો, ઓડિટરો, બૅન્કર્સ અને અમારા માનવંતા ગ્રહાકોનો આભાર વ્યક્ત કરીએ છીએ અને અમારી સંસ્થા દિન-પ્રતિદિન વિકાસના પંથે આગળ વધતી જાય તે માટે સતત પ્રયત્નશીલ છીએ.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષ અને સદસ્ય સચિવશ્રી નોંધે છે તેમ ''સંસ્થાના પ્રેરકબળ તથા ગાંધીવિચાર'' સાથે સંસ્થાએ આ વિસ્તારમાં ઉની ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ દ્વારા વિશેષ રોજગારીની તકો ઊભી કરી છે.

આ સંસ્થાનું ધ્રુવબિંદુ શ્રમ અને શ્રમજીવી બહેનો છે. તેમનાં સર્જનનું ગૌરવ બધી રીતે સચવાય તેવી ખાતરી ઉચ્ચારી છે.

સંસ્થાએ એના પ્રેરક પૂ. મુનિશ્રી સંતબાલજીની અનુબંધ વિચારધારાને પાયામાં રાખી નારીજાતિ, પછાતવર્ગ અને ગામડાંની ત્રિપુટીને કેન્દ્રમાં રાખી સંઘની પ્રવૃત્તિ વિકસાવવાનો જે કલ્પ આદર્યો છે તે બધી રીતે આપણને જોવા મળે છે.

આ સંસ્થામાં મહાત્મા ગાંધીજીની વિચારધારા મુજબ ટ્રસ્ટીશીપ બાબતે

અમલીકરણ કરવા માટે સંસ્થામાં સ્થાનિક સાધનો, સ્થાનિક કાર્યકર્તાઓ તથા મુનિશ્રી સંતબાલજીની પરિકલ્પના મુજબ સંસ્થાની કાર્યવાહક કમિટી તથા સંસ્થાનું સંચાલન ટ્રસ્ટીશીપની ભાવના મુબ ૧૯૯૫ બાદ સંસ્થાના કાર્યકરોમાંથી પ્રમુખ તથા મંત્રી તથા દરેક વિભાગનાં બહોનો કમિટી, સભ્યપદ સૌપ્રથમ વાર આ સંસ્થા દ્વારા અમલીકરણ કરવામાં આવ્યું.

હાલમાં સંસ્થાના પ્રમુખ તરીકે સંસ્થામાં સેલ્સમૅન તરીકે કામગીરી કરતા મૅનેજર, મંત્રી તથા વિભાગીય ઉત્પાદન વેચાણનું કામ અનુભવોના આધારે કામ કરતા પ્રમુખ તરીકે જવાબદારી ગોવિંદસંગભાઈ ડાભી નિભાવી રહ્યા છે તથા મંત્રી તરીકે સંસ્થાના જ કાર્યકર હરદેવસિંહ રાણા તથા સંસ્થાનાં વિભાગીય બહેનો કંતાઈ વિભાગ, વણાટ વિભાગ, સિલાઈ વિભાગમાંથી કારોબારીમાં પ્રતિનિધિત્વ આપવાની કાર્યવાહી તથા ભાગીદારી નિભાવી રહ્યા છે.

આ સંસ્થા ઉની કાયમાં વર્ષોથી સીધી નજર નીચે કૅમ્પસમાં જ કામ કરી રહે છે. ફક્ત વેચાણ માટેના સ્રોત તથા શિયાળાની ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કરતી હોવાથી માર્કેટિંગ માટે શહેરોમાં ભવન વેચાણ માટે, માર્કેટિંગ માટે જરૂરિયાત હોવાથી તે દિશામાં કામગીરી કરવા સંસ્થા કાર્યવાહી કરી રહી છે જેથી વધુ ઉત્પાદન દ્વારા રોજગારી આપી વેચાણ શહેરોમાં થઈ શકે તે પ્રયાસ કરવા કટીબદ્ધ છે.

પૂ. મુનિશ્રીની કલ્પના તો સમગ્ર પ્રદેશ - ખોરાક, વસ્ત્ર, મકાન, શિક્ષણ, આરોગ્ય, ન્યાય અને ગ્રામરક્ષણમાં સ્વાવલંબી હોય તપ્તસ્વાવલંબી હોય એ હતી, અને પાયામાં અનુબંધ વિચારધારા હોય એ ભુલાવું જોઈએ. એ માટે તેઓ કહેતા : ''મારે ત્રણ વસ્તુ જોઈએ છે, સમય આવ્યા પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા છોડનાર મરજીવા મળી આવે.'' ભૂતકાળમાં આ સંસ્થાઓ એવા સેવકો આપ્યા છે.

સંસ્થાના વિકાસ પાછળ, તેમાં પડેલા આજીન સેવકોની સેવાને બિરદાવી છે.

*અહિંસા એટલે જીવમાત્ર સાથે નિર્વૈર, મૈત્રીભાવ એટલે શુદ્ધ પ્રેમ, દયા અને અનુકંપાથી છલકાતા હૃદયનું સર્વના સુખ હિતાર્થે વહેતું અમૃત.*

# ૪૬ મુનિશ્રી સંતબાલજીના ચાતુર્માસની નોંધ

| અ.નં. | સ્થળનું નામ | વર્ષ |
|---|---|---|
| ૧. | મોરબી (સૌરાષ્ટ્ર) | ૧૨૨૯ |
| ૨. | રામાણિયા (કચ્છ) | ૧૯૩૦ |
| ૩. | બિદડા (કચ્છ) | ૧૯૩૧ |
| ૪. | લીંબડી (સૌરાષ્ટ્ર) | ૧૯૩૨ |
| ૫. | આગ્રા | ૧૯૩૩ |
| ૬. | અમદવાદ | ૧૯૩૪ |
| ૭. | ઘાટકોપર (મુંબઈ) | ૧૯૩૫ |
| ૮. | ચિંચપોકલી (કાંદાવાડી) મુંબઈ | ૧૯૩૬ |
| ૯. | રણાપુર (નર્મદા તીરે) | ૧૯૩૭ |
| ૧૦. | વાઘજીપુર (જિ. અમદાવાદ) | ૧૯૩૮* |
| ૧૧. | માણકોલ (જિ. અમદાવાદ) | ૧૯૩૯* |
| ૧૨. | જામનગર (સૌરાષ્ટ્ર) | ૧૯૪૦ |

| | | |
|---|---|---|
| ૧૩. | બાવળા (જિ. અમદાવાદ) | ૧૯૪૧* |
| ૧૪. | રણાપુર (જિ. વડોદરા) | ૧૯૪૨ |
| ૧૫. | બાલંભા (સૌરાષ્ટ્ર) | ૧૯૪૩ |
| ૧૬. | સાણંદ (જિ. અમદાવાદ) | ૧૯૪૪* |
| ૧૭. | વિરમગામ (જિ. અમદાવાદ) | ૧૯૪૫* |
| ૧૮. | અમદાવાદ | ૧૯૪૬ |
| ૧૯. | સાણંદ (જિ. અમદાવાદ) | ૧૯૪૭* |
| ૨૦. | રાજકોટ (સૌરાષ્ટ્ર) | ૧૯૪૮ |
| ૨૧. | ગુંદી (જિ. અમદાવાદ) | ૧૯૪૯* |
| ૨૨. | કોઠ (જિ. અમદાવાદ) | ૧૯૫૦* |
| ૨૩. | ભડિયાદ (જિ. અમદાવાદ) | ૧૯૫૧ |
| ૨૪. | ખસ (જિ. અમદાવાદ) | ૧૯૫૨* |
| ૨૫. | સાવરકુંડલા (સૌરાષ્ટ્ર) | ૧૯૫૩ |
| ૨૬. | લાઠી (સૌરાષ્ટ્ર) | ૧૯૫૪ |
| ૨૭. | પાલનપુર (ઉ. ગુ.) | ૧૯૫૫ |
| ૨૮. | ધોળકા (જિ. અમદાવાદ) | ૧૯૫૬* |
| ૨૯. | આદ રોડા (જિ. અમદાવાદ) | ૧૯૫૭* |
| ૩૦. | ઘાટકોપર (મુંબઈ) | ૧૯૫૮ |
| ૩૧. | સાયન (શિવ) મુંબઈ | ૧૯૫૯ |
| ૩૨. | કપોળવાડી (મુંબઈ) | ૧૯૬૦ |
| ૩૩. | માટુંગા (મુંબઈ) | ૧૯૬૧ |
| ૩૪. | જવારજ (જિ. અમદાવાદ) | ૧૯૬૨ |
| ૩૫. | દિલ્હી | ૧૯૬૩ |
| ૩૬. | કલકત્તા | ૧૯૬૪ |
| ૩૭. | કકત્તા | ૧૯૬૫ |
| ૩૮. | ભીલાઈ | ૧૯૬૬ |
| ૩૯. | શિયાળ (જિ. અમદાવાદ) | ૧૯૬૭* |
| ૪૦. | ચિંચણી | ૧૯૬૮ |
| ૪૧. | વાનગાંવ (મહારાષ્ટ્ર) | ૧૯૬૯ |
| ૪૨. | સ્થિરવાસ - ચિંચણી | ૧૯૭૦ |

**નોંધ** : * નિશાનીવાળાં સ્થાળો ભાલનળકાંઠા પ્રયોગક્ષેત્રમાં આવેલાં છે.

સંદર્ભ : સંતબાલ સ્મૃતિ ગ્રંથ : ભાગ-૧માંથી.

# ૪૭ મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી સ્થાપવામાં આવેલી સંસ્થાઓની માહિતી

| અ.નં | સ્થળનું નામ | સ્થાપના વર્ષ | નોંધ |
|---|---|---|---|
| ૧. | ભાલનળકાંઠા જલ સહાયક સમિતિ | ૧૯૪૩ | વિસર્જન સને ૧૯૫૭ |
| ૨. | વિશ્વવાત્સલ્ય ઔષધાલય - સાણંદ | ૧૯૪૪ | ઉદ્‌ઘાટન દાદા સાહેબ માવળંકર, મુંબઈ ધારાસભા સ્પીકર |
| ૩. | વિશ્વાત્સલ્ય ઔષધાલય-શિયાળ | ૧૯૪૬ | ઉદ્‌ઘાટન શ્રી મોરારજી દેસાઈ |
| ૪. | ઋષિ બાલમંદિર - સાણંદ | ૧૯૪૭ | હરિજનના બાળકો માટે |
| ૫. | ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ-ગુંદી | ૧૯૪૭ | શ્રી રવિશંકર મહારાજ પ્રથમ પ્રમુખ, પરીક્ષિતલાલ મજમુદાર પ્રથમ મંત્રી |

| | | | |
|---|---|---|---|
| ૬. | મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર | ૧૯૪૭ | મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે સને ૧૯૩૪માં સ્થાપના અમદાવાદના ચાતુર્માસ વખતે કરેલી. |
| ૭. | વિશ્વવાત્સલ્ય (પાક્ષિક) | ૧૯૪૭ | |
| ૮. | ભાલ નળકાંઠા ખેડૂત મંડળ | ૧૯૪૮ | |
| ૯. | દુષ્કાળ કર્તવ્ય સમિતિ | ૧૯૪૮ | |
| ૧૦. | સર્વોદય યોજના - ગુંદી | ૧૯૪૯ | ત. ૩૦-૧-૪૮ના રોજ ગાંધીજી શહીદ થવાથી મુંબઈ રાજ્ય સરકારે ગાંધીજીની સ્મૃતિમાં સર્વોદય યોજનાનો આરંભ કર્યો. |
| ૧૧. | ભાલ નળકાંઠા ગોપાલક મંડળ | ૧૯૫૦ | |
| ૧૨. | સઘન ક્ષેત્ર સમિતિ-ગુંદી | ૧૯૫૪ | |
| | (ખાદી ગામોદ્યોગ પ્રવૃત્તિ) | | |
| ૧૩. | શિક્ષણસંસ્કાર સમિતિ - ગુંદી | ૧૯૫૭ | સર્વોદય આશ્રમ ગુંદીમાં શાળા અને છાત્રાલયનો પ્રારંભ મીરાંબેનના હસ્તે તારીખ ૧૦-૫-૪૯ |
| ૧૪. | ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ રાણપુર | ૧૯૫૮ | |
| ૧૫. | વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ - મુંબઈ | ૧૯૫૮ | ભાલ નળકાંઠામાં જે પ્રયોગ પ્રવૃત્તિઓ ચાલે છે તેને પૂરક અને પોષક બને તે હેતુથી આ સંઘની સ્થાપના |
| ૧૬. | માતૃ સમાજ - મુંબઈ | | |
| | (૧) ઘાટકોપર - મુંબઈ | ૧૯૫૮ | |
| | (૨) શિવ - મુંબઈ | ૧૯૫૯ | |
| | (૩) સી.પી. ટેન્ક - મુંબઈ | ૧૯૬૦ | |
| | (૪) અમદાવાદ (ઉસ્માનપુરા) | ૧૯૬૩ | |
| | (૫) કલકત્તા | ૧૯૬૪ | |
| ૧૭. | પશુબલી નિષેધક સમિતિ-કલકત્તા | ૧૯૬૪ | |
| ૧૮. | મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર-ચિંચણી | ૧૯૭૦ | |
| ૧૯. | અખિલ ભારત સંત સેવક સમુધમ પરિષદ | ૧૯૭૨ | |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | શ્રમવીર મજૂર મંડળ | ૧૯૭૨ | |
| ૨૧. | વિશ્વવાત્સલ્ય ઔષધાલય - ગુંદી | ૧૯૭૭ | ઉદ્‌ઘાટન ડૉ. ચંદાબેન શાહ -મુંબઈ |
| ૨૨. | આદિજાતિ પઢાર વિકાસ સમિતિ | ૧૯૭૮ | |
| ૨૩. | ફેમિલી હેલ્પર પ્રોજેક્ટ (સી.સી.એફ.) | ૧૯૮૨ | |

## મુનિશ્રી સંતબાલજી તા. ૨૬-૩-૧૯૮૨ના રોજ કાળધર્મ પામ્યા બાદ સ્થપાયેલી સંસ્થાઓની નોંધ

| અ.નં. | સંસ્થાનું નામ | સ્થપના વર્ષ | નોંધ |
|---|---|---|---|
| ૧. | વિશ્વવાત્સલ્ય અને સંતપાલ એવૉર્ડ ફાઉન્ડેશન | | દર્શક ફાઉન્ડેશન મુનિશ્રી સંત-બાલજીના ભાલનળકાંઠા એવોર્ડ પાત્ર ગણીને ગ્રામોત્થાનનો રૂપિયા ૧/- લાખનો એવોર્ડ ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘને આપ્યો. આ રકમનો ઉપયોગ કરવા માટે ટ્રસ્ટી મંડળે વિચાર કરીને અલગ ટ્રસ્ટની રચના કરી. સને ૧૯૯૬, ૧૯૯૭ અને ૧૯૯૮માં આ એવોર્ડ આપવામાં આવ્યા. |
| ૨. | ચુંવાળ પ્રદેશ સર્વોદય યોજના રામપુરા - ભંકોડા તા. દેત્રોજ, જિ. અમદાવાદ. | ૧૯૯૫ | ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ-ગુંદી દ્વારા આ યોજનની શરૂ-આત કરવામાં આવી. |







# વિવિધ ધર્મોનાં પ્રતીકો


હિન્દુ ધર્મ



જૈન ધર્મ


બૌધ ધર્મ


ઈસ્લામ ધર્મ


શીખ ધર્મ


પારસી ધર્મ


ખ્રિસ્તી ધર્મ


તાઓ ધર્મ


જ્યુડો ધર્મ


શિન્ટો ધર્મ



કોન્ફ્યુશિયસ ધર્મ

**તા. ૨૪-૨૫ માર્ચ, ૨૦૨૦ના** મહાવીર નગર, આંતરરાષ્ટ્રીય કેન્દ્ર - ચીંચણીમાં મુનિશ્રી સંતબાલજીની **૩૮મી** સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે **''સંતબાલજી શ્રુતસેવા દર્શન''** જ્ઞાનસત્ર યોજાનાર હતું તે હાલની પરિસ્થિતિ કોરોના વાઈરસ ન ફેલાય તેની સાવચેતીરૂપે જાહેર કાર્યક્રમો ન યોજવા, જેથી જ્ઞાનસત્ર યોજી શક્યા નથી.

**લિ. વિશ્વવાત્સલ્ય અને સંતબાલજી**
**ઍવોર્ડ ફાઉન્ડેશન**

## સમાજમાં પ્રવૃત્તિ–નિવૃત્તિ સમન્વય

પ્રશ્ન : વિવિધ ક્ષેત્રોમાં તમારી પ્રવૃત્તિ ચાલે છે. આપ જ પ્રવૃત્તિના પ્રાણ છો. છતાં એક પણ સમિતિના સભ્ય કે પ્રમુખ આપ નથી. આવા પ્રકારની અલિપ્તતા શા માટે ?

ઉત્તર : હું સાધુ છું. સાધુધર્મની મર્યાદામાં રહીને હું સમાજને જેટલો ઉપયોગી થઈ શકું એટલો થવા મથું છું. મારી સામે બે વર્ગો પડેલા છે : (૧) સમાજ પર જીવતો સાધુવર્ગ અને (૨) પ્રવૃત્તિમાં પડેલો વર્ગ.

હું બંનેનો સમન્વય સાધવા માગું છું. સાધુઓની નિવૃત્તિ માર્ગની પ્રવૃત્તિ એમને એટલે દૂર સુધી લઈ ગઈ છે કે પરિણામે એમાં જડતા આવી ગઈ છે. નિવૃત્તિમાંથી જે ચૈતન્યનો વિકાસ થવો જોઈએ તેને સ્થાને મોટે ભાગે સાધુઓમાં આળસ અને જડતા ઘૂસી ગયાં છે. એ વર્ગમાં મારે ક્રાંતિ લાવવી છે.

જ્યારે મારી સામે જે બીજો વર્ગ છે તે એકલો પ્રવૃત્તિમાં તણાઈ રહ્યો છે, તેનું સુદ્ધાં તેને ભાન નથી. સવારથી સાંજ સુધી એક જ ધૂન – 'ભજકલદારમ્' આ બંને વર્ગ જ્યાં સુધી ફરીથી પોતપોતાનું સ્થાન નક્કી ન કરી લે ત્યાં સુધી ધર્મદષ્ટિએ સમાજરચના ન થઈ શકે. એટલે જ હું પ્રવૃત્તિના અને નિવૃત્તિના સમન્વયવયમાં માનું છું. જેઓ માત્ર નિવૃત્તિમાર્ગી છે તેમને સમાજનું ધારણ, પોષણ અને સત્ત્વસંશોધન થાય એવી પ્રવૃત્તિ તરફ ખેંચવા ચાહું છું. એ વર્ગ આજે પોતાનું સ્થાન ચૂક્યો છે. ધર્મનાં સ્થાનોમાં પણ ધન, પ્રતિષ્ઠા પામી ચૂક્યું છે. બીજો વર્ગ ધર્મનો ધનને માટે વિમુખ થઈ રહ્યો છે. એ પ્રવૃત્તિમાં પડેલા વર્ગના જીવનમાં રસ રહ્યો નથી. આટલી પ્રવૃત્તિ છતાં તેને સુખ મળતું નથી. આ વર્ગને હું નિવૃત્તિ તરફ ખેંચવા ચાહું છું. આ બંને વર્ગનો જો સમન્વય થાય તો જ ધર્મ જીવનના એક–એક ક્ષેત્રમાં પ્રેરણા આપી શકે.

– મુનિશ્રી સંતબાલજી